# હવે તો ઉત્તર આપો કૃષ્ણ !

- પ્રકાશ પંડ્યા




લક્ષ્મણાનો વલોપાત - ૧, ૨



# 1

# હવે તો ઊત્તર આપો, કૃષ્ણ !

## ( દુર્યોધનની પુત્રી - કૃષ્ણની પુત્રવધૂ લક્ષ્મણાનાં પ્રશ્નો)

ઃ લેખક ઃ

**પ્રકાશ પંડયા**

# લેખકનું નિવેદન...

પ્રિય વાચકમિત્રો,

મહાભારત આપણું પ્રસિદ્ધ મહાકાવ્ય છે. તેમાંથી જીવન જીવવા માટેના અનેક રસ્તા મળે છે. તેમાં જીવનને લગતા પ્રશ્નો અપરંપાર છે અને તેમાંથી આપણને અનેક પ્રશ્નોના જવાબો પણ મળે છે.

મહાભારતની પૂરી વાત કદાચ બહુ ઓછા લોકોને ખબર હશે અને તેથી યે ઓછા લોકોને ખબર ન હોય તેવી અગણિત બાબતો તેમાં જણાવવામાં આવી છે. તેનું કારણ મોટાભાગના લોકોએ મહાભારતનો ઊંડાણપૂર્વક તલસ્પર્શી અભ્યાસ નથી કર્યો તે છે. મહાભારત એક કાલ્પનિક મહાકાવ્ય છે.

મારી પાસે પૂરતો સમય હતો અને મહાભારતના કથાવસ્તુમાં ઊંડા ઉતારવામાં મને રસ પણ હતો. હું તેમાં ઊતરતો ગયો. ત્યારે મારા મનમાં ઘણા પ્રશ્નો ઉદભવ્યા. આ પ્રશ્નોને મેં મહાભારતના સશક્ત પાત્રો દ્વારા રજૂ કર્યા છે. મારી પ્રસ્તુતિમાં એક-બે પાત્રો સિવાયના લગભગ બધા પાત્રો મહાભારતમાં દર્શાવવામાં આવેલા પાત્રો જ છે. આ તમામ પાત્રો મહાભારતમાં આવતા પ્રસંગોમાં ક્યાંક ને ક્યાંક અવશ્ય જોવા મળે છે.

આજે પણ આવાં પાત્રો અસ્તિત્વ ધરાવે છે. મેં એવાં અનોખા પાત્રોને આ કથા  દ્વારા તમારી સમક્ષ રજૂ કર્યા છે.

સુજ્ઞ પાઠકો સમક્ષ વિનમ્રભાવે એક સ્પષ્ટતા કરવાની કે મારા આ લખાણ પાછળનો આશય કોઈની ધાર્મિક લાગણીને દૂભવવાનો કે કોઈપણ પાત્રની ટીકા કરવાનો અથવા તેને નિમ્ન કક્ષાની બતાવવાનો બિલકુલ નથી. મારી ભાવના એ છે કે આપણી સંસ્કૃતિનો આ મહાન વારસો જળવાઈ રહે અને લોકો યુગો યુગો સુધી તેમાંથી પ્રેરણા મેળવી પોતાના જીવનને સુખમય બનાવી તેને ઉન્નત કરતા રહે.

'કૃષ્ણ' મહાભારતનું અદભુત, દિવ્ય અને પ્રજ્ઞાવાન પાત્ર છે. કૃષ્ણ વિષ્ણુનો આઠમો અવતાર છે. તેઓ જાણે મારી સામે જ છે એમ માનીને મારા પરમ મિત્ર કૃષ્ણ પાસે જિજ્ઞાસાભાવે મેં મારી દ્વિધા, સંશયો અને પ્રશ્નો તેમની આસપાસના વિવિધ પાત્રોના માધ્યમથી રજૂ કર્યા છે. નિખાલસપણે કહું તો કેવળ જિજ્ઞાસાથી મનમાં ઉદભવેલા પ્રશ્નોને હું શબ્દદેહ આપી શક્યો તે તેમની જ કૃપા છે. મને આશા છે કે વાચકો પણ મારી સાથે આ પ્રશ્નયાત્રામાં જોડાશે.

નવાઈ લાગે એવી વાત એ છે કે ભારતવર્ષની એ પ્રાચીન ધાર્મિક સંસ્કૃતિ વિશેની અનેકાનેક બાબતો વિષે આજની પેઢી બિલકુલ અજાણ છે. તેમને પૂછીએ તો તેઓ બી.આર.ચોપરાનાં મહાભારતની વાત કરે છે. વ્યાસજી

કોણ હતા તેની પણ તેમને  ખબર નથી. તેઓ મહાભારતના છૂટાછવાયા પ્રસંગોને ટીવી દ્વારા જ જાણે છે! દુનિયાનાં શ્રેષ્ઠ મહાકાવ્યની આ કેવી દશા કહેવાય કે જે મહાકાવ્ય આપણે જ વિશ્વને તે આપ્યું છે તે આપણી પેઢી સુધી જ પૂરું પહોંચ્યું નથી!

ઘણા વાચકો મને પ્રશ્ન પૂછે છે: 'શું લક્ષ્મણા ખરેખર દુર્યોધનની પુત્રી અને કૃષ્ણની પુત્રવધૂ હતી?' મારી કથાની નાયિકા 'લક્ષ્મણા' છે. કૃષ્ણને તે જ સહુથી વધારે પ્રશ્નો પૂછે છે. મારા પ્રશ્નોને વાચા આપતા મહાભારતના સ્ત્રી-પાત્રો લક્ષ્મણા અને રાધા, દ્રૌપદી, રુક્ષ્મણી વગેરેનો હાર્દિક આભાર! કૃષ્ણને પ્રશ્નો પૂછ્યા બાદ કૃષ્ણ મંદ મધુર સ્મિત કરતા મૌન જ રહે છે. છેવટે કહેવું જ પડે કે 'હવે તો ઉત્તર આપો કૃષ્ણ!'. વેદના-વ્યથાનો સાદ્યંત પ્રવાહ પાઠકોને મારી જેમ વ્યથિત કરી દે તો નવાઈ નહીં.

'નાયક' હોય ત્યાં 'પ્રતિનાયક' હોય જ. 'પ્રતિનાયક' નું પાત્ર કથાનકમાં એટલું જ મહત્વનું હોય છે. કથામાં એવાં પાત્રો હોવાં જરૂરી હોય છે. આપણે તેમને પણ યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજવા જોઈએ. મારા તજજ્ઞ સાહિત્યકાર વડીલ મિત્ર શ્રી દિનકરભાઈ જોશીએ મને સૂચવ્યું કે લક્ષ્મણા કરતા પણ વધુ અન્યાય દ્રૌપદીને થયો છે. અને તેથી જ તેના પ્રશ્નોને પણ મેં રજૂ કર્યા છે. ખરું કહું તો કૃષ્ણની જેમ 'દ્રૌપદી' મારી પણ સ્વપ્નસુંદરી છે. 'ગૂગલ' પરથી અથાગ પ્રયાસે મેળવેલી માહિતીને મેં પુસ્તકને અંતે

પરિશિષ્ટમાં દર્શાવી છે જે વિશેષ અભ્યાસ કરવા ઈચ્છતા લોકોને સહાયક બનશે. આ આપણો ભવ્ય વારસો છે અને તે સચવાવો જોઈએ. જો આપણે તેને નહીં સાચવીએ તો બીજું કોણ સાચવશે?

વાચકો જયારે મને પ્રશ્નો પૂછે, તર્ક રજૂ કરે કે કુતૂહલ દર્શાવે ત્યારે મને તેથી આનંદ થાય છે કે ચાલો, પ્રશ્નો દ્વારા થતી મારી અભ્યાસ-યાત્રામાં તેઓ સહર્ષ જોડાય તો છે! મિત્રો સાથે ચર્ચા કરતા તેમનાં તરફથી ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. એટલે તેમના સૂચનોને માન્ય રાખી આ કથાને ગ્રંથસ્થ કરી.

આ પુસ્તક લખવામાં મારા મિત્રો સર્વશ્રી જયંતી ચૌહાણ, વસ્તુપાલ શાહ, પ્રશાંત ચૌહાણ વગેરેનો સાથ મળ્યો છે. તે જ પ્રમાણે સર્વશ્રી જીતુ પંડ્યા, રાજુભાઈ પાઠક, પંકજ જાની, રાજેન્દ્ર વ્યાસ તરફથી પણ મને સતત પ્રોત્સાહન મળતું રહ્યું છે. તે સહુએ આ કથા વાંચી તેનો આનંદ તો હોય જ પરંતુ તેમની પ્રેરણાથી જ આ ગ્રંથ-ત્રિવેણી રચાઈ છે તેનો મને વિશેષ આનંદ છે. હું આ સહુનો ઋણી છું.

મારા વડીલ મિત્ર શ્રી હર્ષદભાઈ દવેએ આ પુસ્તકની હસ્તપ્રતમાં રહેલી તમામ ભાષાકીય ક્ષતિઓને દૂર કરી તેને સુગમ્ય બનાવ્યું છે જે માટે હું તેમનો આભારી છું.

મારા ગુરુબંધુ ડૉ. પ્રદીપભાઈ પંડ્યા, ડો. ભરત મહેતા, ડો.ગુણવંત વ્યાસ, શ્રી અશ્વિન મહેતા, અને વિશેષપણે શ્રી દિનકરભાઈ જોશી તથા સ્વામી શ્રી સચ્ચીદાનંદજી પ્રત્યે હું હૃદયપૂર્વક કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. આ સહુમાં મેં ગુરુ 'દ્રોણ'ને જોયા છે. તેમની મૂર્તિ મનમાં સ્થાપી હું સંકલ્પબળે એકલવ્યની જેમ શીખતો રહ્યો, જાણતો રહ્યો અને અનુભવતો રહ્યો! મેં તેમને ગુરુ દ્રોણ કરતા પણ એક વેંત ઊંચા આસને એટલા માટે સ્થાપ્યા છે કે તેમનામાંથી કોઈએ મારી પાસે ગુરુ-દક્ષિણારૂપે 'અંગૂઠો' માંગ્યો નથી!

સહુને મારા જય શ્રીકૃષ્ણ!

વડોદરા. **-પ્રકાશ પંડ્યા.**

## ડૉ. પ્રદીપ પંડ્યા

### ‘હવે તો ઉત્તર આપો. કૃષ્ણ!’

પ્રકાશ પંડ્યાએ આ નવલક્થા લખીને આપણને સૌને વિચાર કરતા કરી દીધા છે. મહાભારતમાં કેટલાય એવા પ્રશ્નો છે જેના ઉત્તર સંતોષકારક રીતે મળતા નથી, મહાભારતમાં ધર્મ કોને પક્ષે હતો તેના વિષે કેટલીય ચર્ચાઓ થઇ છે. મોટાભાગને વ્યક્તિઓ માને છે કે શ્રી કૃષ્ણ પાંડવોના પક્ષે હતા એટલે ધર્મ પાંડવ પક્ષે હતો, પણ આપણે મહાભારત યુદ્ધ વિષે વાંચીઓ તો ખબર પડે કે કૌરવોએ ધર્મથી યુદ્ધ કર્યું હતું, (તેમણે એક માત્ર અભિમન્યુનો વધ અધર્મથી કર્યો હતો) જ્યારે પાંડવોએ તો ભિષ્મ, દ્રોણ, કર્ણ અને બીજાઓની હત્યા અધર્મથી કરી હતી. તેમ છતાં પાંડવો પ્રત્યે બધાને સહાનુભુતિ છે.

આ નવલકથામાં પ્રકાશ પંડ્યાએ, દૂર્યોધનની એક માત્ર પુત્રી લક્ષ્મણા, જે શ્રી કૃષ્ણના પુત્ર શાંબની પત્ની છે તેની મારફતે પ્રશ્નો પુછ્યા છે અને કેટલીય વખત કૃષ્ણે કહેવું પડ્યું છે કે: 'મને ઉત્તર ખબર નથી', અને તેઓ વિચારે છે કે કદાચ તેમની કોઇ ભૂલ થઇ હશે. લક્ષ્મણાના પ્રશ્નો એટલા વેધક અને સચોટ છે કે નવલકથા પૂરી થાય ત્યારે તે આપણા વિચારોને જડમૂળથી બદલી નાખે તે શક્ય છે, અને આ જ વાત નવલકથાને રસપ્રદ બનાવે છે. લેખકે એક પછી એક પાત્રને એવી રીતે રજૂ  કર્યા છે અને છણાવટ કરી છે અને તેમને ન્યાય આપવાના પ્રયત્નો કર્યા છે, ભલે તે પછી કર્ણ હોય, દ્રોપદી હોય કે એકલવ્ય હોય.

**બધી જ રીતે અલગ દેખાતી આ નવલકથા ગુજરાતી સાહિત્યમાં એક ન ભુલાય એવી છાપ મૂકી જશે તેમાં તો કોઇ શક નથી.**
**પ્રકાશ પંડ્યાને અભિનંદન.**

ડો.પ્રદીપ પંડ્યા.

રેસકોર્સ સર્કલ, દક્ષિણ

વડોદરા.390007

09376216246

ડૉ. ગુણવંત વ્યાસ

'કૃષ્ણ ૧૦૦ વર્ષના થયા' મળ્યું. એકી બેઠકે વાંચી ગયો. પુરાણો કે મહાભારતમાં કૃષ્ણનો આવો શતાયુ જન્મોત્સવનો ઉલ્લેખ નથી; પણ આપની આ કલ્પના ભવ્ય છે, તેમ નવ્ય પણ છે. આવો ઉત્સવ ઉજવાયો જ હશે ; કૃષ્ણે નહીં તોયે સમાજે કૃષ્ણનાં કાર્યોની કદર અર્થેય આવો ઉત્સવ ઉજવ્યો હશે. એ પ્રસંગે સુદામા, એકલવ્ય અને રાધાના પતિ આયનને પણ આપે ઉપસ્થિત રાખ્યા છે. આ ત્રણેય થયેલાં અન્યાય ઉપરાંત, દુર્યોધનની પુત્રી અને કૃષ્ણના પુત્ર શામ્બની પત્ની લક્ષ્મણાના વેધક પ્રશ્નો નિમિત્તે આપે મહામાનવ કૃષ્ણના ચારિત્ર્યને, મહામના વ્યક્તિત્વને પડકાર્યું છે ; હિંમતભેર, સાહસભેર, નિ િભકતાથી.

'આમ તો હું નાસ્તિક, ઇશ્વરનો ઇન્કાર કરનાર' કહેનાર આપે વાક્યના પ્રારંભે 'આમ તો' મૂકીને જ બીજી દિશા (અનોખી આસ્તિકતા)નો સંકેત કરી આપ્યો છે. એ સંકેત જ અનેક સંભાવનાઓ/શક્યતાઓ તરફ તમને લઇ ગયો છે. એ સંકેતે જ તમને મહાભારતમાં રસ લેતા કર્યાં છે, એ સંકેતે જ તમને કૃષ્ણના જીવનમાં / અંગત જીવનમાં ડોકિયું કરવા પ્રેર્યા છે. પરિણામે, આ પુસ્તક પ્રાપ્ત થયું છે; અનેક પ્રશ્નો કરતું, અનેક પ્રશ્નો જન્માવતું, અનેક ગૂંચો ઉકેલવા મથતું ને ગૂંચવતું.

આપે સાહિત્યનું કોઇ ચોક્કસ સ્વરૂપ નથી સ્વીકાર્યું, નવલકથા, નાટક કે નવલિકા જેવું; આપને જરૂર પણ નથી વર્તાઇ. જે લાગ્યું તે સીધું જ ભાવક સુધી પહોંચાડયુ ં છે. આથી, કથાનું માધ્યમ આપને અનુકૂળ આવ્યું છે. નિમિત્ત તો કશુંક જોઇએ ને! આપે લક્ષ્મણાને નિમિત્ત બનાવી.

કૃષ્ણને પ્રિય એવા પાંડવોને સૌથી વધુ પરેશાન કરનાર દુર્યોધનની પુત્રી! પિતાને થયેલા અન્યાયની વાત શ્રોતીય બ્રાહ્મણ - કે જેને સાંભળેલું તમામ યાદ રહેવાના આશીર્વાદ પ્રાપ્ત થયા છે - પાસે સાંભળીને લક્ષ્મણા કૃષ્ણને જે વેધક સવાલો કરે છે તે મૂળે તો આપના મનમાં ઉદ્ભવેલા પ્રશ્નો જ છે ! લાગ્યું તેવું લખ્યું - એ આપની પ્રકૃતિ છે, જે અહીં, આ પ્રશ્નોમાં પ્રતિબિંબિત થઇ છે. રાજસૂર્ય યજ્ઞામાં દુર્યોધનનું અપમાન કરતી દ્રૌપદીને કેમ કોઇએ ન વારી? શા માટે ક્ષમા માગવા ન પ્રેરી? શા માટે યુધિષ્ઠિરે દ્રૌપદીને જુગારમાં મૂકી? શા માટે દ્રૌપદીને પાંચ પતિ સાથે વરવા મજબૂર થવું પડયું? - વગેરે વગેરે પ્રશ્નો કૃષ્ણ સામે બેધડક કરતી લક્ષ્મણા અહીં એક સ્ત્રી તરીકે, ને વિશેષે પુત્રી તરીકે પ્રગટી છે. પિતા પ્રત્યેનો અનહદ પ્રેમ આ પ્રશ્નોમાં છલકે છે. આઘાતગ્રસ્ત કૃષ્ણનું મનોમંથન/ આંતરમંથન પણ આપે આલેખ્યું છે. લક્ષ્મણાએ પૂછેલા કેટલાક પ્રશ્નો સનાતન છે, કેટલાક નવા છે ને કેટલાક વિવાદાસ્પદ પણ! મહાભારતમાંથી જન્મતા પ્રશ્નોના જવાબ મહાભારતમાં જ મળી રહે/મળી શકે એ જોવું રહ્યું. કોઇ- કોઇ પ્રશ્નો સંભવિત કે કલ્પિત છે; તોયે વાચકને તો જરૂર એ દિશામાં વિચારતા કરી શકે એટલા તાજા ને વેધક છે. વેદવ્યાસે જે કહ્યું તેનાથી જરા જુદું વિચારવું ને જરા જુદી રીતે રજૂ કરવું - લોકોને ય વિચારતા કરી દે એ રીતે રજૂ કરવું એ આ પુસ્તકની વિશેષતા છે. રાધા કે દ્રૌપદી સાથેના કૃષ્ણ સંબંધોને ય, થોડો પુરાણીય/મહાભારતીય આધાર લઇ, આપે નોખી રીતે રજૂ કર્યા છે. એમાં કૃષ્ણનું માનવીય રૂપ તો ભાગ ભજવે જ છે ; પરિસ્થિતિની બીજી બાજુને જોવા-તપાસવાની આપની શોધવૃત્તિ પણ નિમિત્ત બને છે ; ને

એમાં ભળે છે પેલો ઇશ્વરીય-તત્વનો ઇન્કાર ! પરિણામે કૃષ્ણ અહીં કલ્યાણકારી પરમપિતા પરમાત્મા રૂપે નહીં; પણ નિર્બળતા અને મર્યાદામુક્ત સામાન્ય માણસ રૂપે પ્રગટયા છે. આથી, એ વ્યથા-ચિંતાથી ઘેરાયેલા છે, હતાશા-નિરાશાયુક્ત છે, આંચકા-આઘાત-પ્રત્યાઘાત ઝીલતાં થાકેલાં છે. ગીતાજ્ઞાાન વીસરી ગયેલા છે; ને છતાં, ફરીને વિશ્વ રૂપ દેખાડવાના સામર્થ્યવાળા પણ છે! બધાની વિનંતીથી એ બધાની હાજરીમાં ફરી વિરાટરૂપ પણ ધરે એમાં કૃષ્ણના વિરોધ પછીયે સ્વીકારનો ભાવ સમાયેલો છે.

એક વિગતદોષ તરફ ધ્યાન દોરું તો, આપે કૃષ્ણના ત્રણ વિશ્વદર્શનનો ઉલ્લેખ કર્યો છે: જશોદા માતાને, કુરુસભામાં અને કુરુક્ષેત્ર મધ્યે. બે રહી ગયા- કૃષ્ણને મથુરા તેડી જતા અક્રૂરને જળમધ્યે અને યુદ્ધ પછી દ્વારકા જતા ઉત્તુંક ઋષિને રણમધ્યે.

એકલવ્ય અને અંતે આવતા કરશનના પ્રશ્નો વેધક, એટલા જ વાસ્તવિકતાની નિકટના છે. કલ્પના ત્યાં કલાનું રૂપ ધરીને આવી છે, માટે આવકાર્ય પણ છે. જોકે, 'ધર્મ કૌરવપક્ષે હતો' કહેતો એકલવ્ય એકાંગી બની રહે છે.

અંતે, 'હવે તો ઉત્તર આપો, કૃષ્ણ' માં આપની આરત, કૃષ્ણઝંખના બનીને પ્રગટી છે. ધર્માંધ જનતાને છેતરતા/લૂંટતા ભગવાધારી વર્તમાન લૂંટારા/ધુતારાઓને પાઠ ભણાવવા પણ કૃષ્ણને ઝંખતા આપની કહેવાતી પેલી 'નાસ્તિકતા' આપના આંતરમનને ઉઘાડી આપી 'આસ્તિકતા'નું જ દર્શન કરાવે છે. નારિયેલ પાક જેવા આપના વ્યક્તિત્વનો અહીં જુદો જ

પરિચય થાય છે. ઉપરથી બરછટ, રુક્ષ, જડને સખત જણાતું નારિયેલ અંદર તો મધુ, મૃદુ, મીઠું ફળ છુપાવી બેઠું હોય છે એવું જ આપનું વ્યક્તિત્વ આ પ્રકરણથી પમાય છે. આપનો આક્રોશ વાજબી પણ છે આવા આક્રોશમાંથી જ જન્મેલી પેલી 'નાસ્કિતકતા' આપને નવા અર્થમાં ફળો એવી શુભકામના.

-ગુણવંતવ્યાસ.

આણંદ.

તા. ૧૯-૧૦-૨૦૧૪

મો. ૯૪૨૬૩૧૭૯૧૩

## ॥ વક્ર દૃષ્ટિનો માણસ, પ્રકાશ ! ॥

મહાભારતના અનેક પાત્રો પૈકી શ્રીકૃષ્ણનું પાત્ર રંગરુપછટાઓની વિશાળ શ્રેણિ ધરાવનારું છે. એક પૂર્ણ પુરુષમાં જે જે લક્ષણો હોવાં ઘટે તે સર્વ ધરાવતાં બહુરુપી, બહુરંગી, બહુઆયામી વ્યક્તિત્વના સ્વામી શ્રીકૃષ્ણ પૂર્ણ પુરુષોત્તમ કહેવાયા. તેમનો સમગ્ર જીવનકાળ કૃષ્ણલીલા તરીકે વિધવિધ પ્રકારે રુપે - સ્વરુપે કહેવાયો, લખાયો, ગવાયો, ચીતરાયો... . તેમણે જે કંઇ કર્યું કે તેમને જે કંઇ કરવું પડયું તે સર્વથા યોગ્ય ગણાયું. ને તે કેવળ ને કેવળ ધર્મની રક્ષા હેતુ જ તેમણે કર્યું તેવી પ્રબળ માન્યતા આજે પણ જનમાનસ દ્રઢપણે ધરાવે છે. પ્રાચીન ગ્રંથકારોથી માંડી અર્વાચીન સાહિત્યકારો, કલાકારો, કથાકારોએ આ માન્યતાને પુષ્ટિ આપી છે.

કૃષ્ણકર્મને તો સંપૂર્ણ શરણગતિના ભાવ સહિત નતમસ્તકે સ્વીકારવાનું જ હોય તે આપણા સંસ્કાર છે. પૂર્ણાવતારનાં સર્વ કર્મોનો એક જ હેતુ હોય, ને તે ધર્મની સંસ્થાપનાનો. એટલે ક્યારેક માનવબુદ્ધિ દ્વારા ન સમજી શકાતાં તેમનાં કર્મો આસ્થા-શ્રધ્ધાના ટેકે સ્વીકારી લેવાયાં. પણ ધર્મસ્થાપના હેતુની પૂર્તતા માટે કૃષ્ણ દ્વારા મહાભારતના યુધ્ધપૂર્વે કે યુધ્ધક્ષેત્રે જે કંઇ થયું તે શું સર્વથા યોગ્ય હતું તેવો પ્રશ્ન કોઇ વિચારશીલ મનમાં ક્યારેક ઉદ્ભવે ખરો.

આ એક જ પ્રશ્નથી કૃષ્ણના વિરાટ વ્યક્તિત્વ સામે એક ટચૂકડીશી આંગળી ચીંધાય છે. ત્યાર બાદ ઉદ્ધવે છે એક પછી સંતોષજનક ઉત્તર તેમની પાસે ન હતા.

પ્રકાશ પંડયાએ મહાભારતમાંથી પોતાની પસંદગીનું કથાવસ્તુ લઇ તેમાં મનના તરંગોનું મેળવણ નાખી  એક અલગ અંદાજમાં આગવી રીતે કથાની જે જમાવટ કરી છે તેનો ખ્યાલ તેને પૂરેપૂરી વાંચ્યા વગર આવે જ નહિ. વ્યાસરચિત  મહાભારતનાં કેટલાંક ઉદાત્ત પાત્રોને પ્રકાશ પંડયા જે રીતે મૂલવે છે તે એક સામાન્ય, સંવેદનશીલ, શ્રધ્ધાવાન, આસ્થાળુ ભાવકના સમગ્ર ચિત્તતંત્રને ખળભળાવી મૂકે તેવું છે. તેનાં બે જ પરિણામ આવે. ક્યાં તો બૌદ્ધિક, વિચારશીલ વાચકને મહાભારતનું એક અલગ નવા પરિપ્રેક્ષ્યમાં દર્શન થાય. ક્યાં તો શ્રધ્ધાવાન કૃષ્ણભક્ત ભાવકના મનમાં આવી વિકૃત (તેમની દ્દષ્ટિએઃ પ્રકાશની દ્દષ્ટિએ નહિ!) ચેષ્ટા બદલ શ્રધ્ધાભંજક પ્રકાશ માટે ભયંકર આક્રોશ પેદા થાય.

તેમ છતાં એટલું તો કહેવું જ ઘટે કે બુદ્ધિના પ્રદેશને પ્રકંપિત કરી, મનને અલગ રીતે વિચારવા પ્રેરે તેવું ઘણું બધું આ કથામાં આરપાર નીકળતાં, મહાભારત કથામાં વણાયેલી, આપણી જાણીતી ઘણી બધી ઘટનાઓનું પુનઃમૂલ્યાંકન કરવાનું પણ મન થાય.

ભારતીય સમૂહચેતના સાથે જડાઇ ગયેલાં મહાભારતમાં કેટલાંક પાત્રોનું ચિત્રણ એ રીતે થયું છે કે તેમના પ્રત્યે સદૈવ ધૃણાનો જ ભાવ રહે. વ્યક્તિમાં રહેલી દુષ્ટતા ક્યારેય આદરને પાત્ર ન ગણાય. પણ

દ્રષ્ટિકોણને જરાક જ બદલવામાં આવે તો તરત જ તે દુષ્ટતા પાછળનાં કારણો-પરિણામો નજરે પડે. પરિણામે દુષ્ટતા માટે કેવળ વ્યક્તિને કે તેના ચરિત્રને જ જવાબદાર ન ગણાય તેવું સાદું ગણિત મંડાય. દુષ્ટતા પ્રત્યે ક્રોધ પ્રગટવાને બદલે સહાનુભૂતિ પેદા થાય તેવું પણ બને. પ્રકાશનું પાત્રચિત્રણ કંઇક એવી રીતે થયું છે કે તેનાથી વીરનાયકોની મર્યાદાઓ પ્રત્યે તો અંગુલિનિર્દેશ થયો જ, સાથે સાથે પ્રતિનાયકોના પક્ષે રહેલ ઉજળી બાજુઓ પણ ઉજાગર થઇ છે.

આ કથા લક્ષ્મણાની છે એટલે તેના પિતા દુર્યોધનની વાત કરવી ઘટે. આપણે જે કથા જાણીએ છીએ તે મુજબ તેના દ્વારા સદાય અધર્મ આચરી પાંડવોને અન્યાય કરવામાં આવ્યો. સામે પાંડવપક્ષે ધર્મ-ન્યાય હોઇ તેમને ન્યાય મળે તે માટે મહાભારતનું યુદ્ધ થયું. જેમાં દુર્યોધન, તેના વીર યોધ્ધાઓ તથા સમગ્ર સેનાનો નાશ થયો. કૌરવવંશનું નિકંદન નીકળી ગયું. અત્યંત મહત્વની વાત હવે આવે છે. જે યુધ્ધ થયું તે ખરેખર ધર્મયુધ્ધ હતું - અને જે કોઇ હણાયા તે સંપૂર્ણપણે ધર્માચરણથી જ હણાયા - તેવો લક્ષ્મણાનો પ્રશ્ન કથાને અંતે વાચકનો પણ બની રહે છે તે પ્રકાશ પંડયાની કલમની કમાલ છે. ભાવક એક વાર તો વિચારતો જરૂર થઇ જાયકે ભલે કૃષ્ણે ધર્મસંસ્થાપના અર્થે અવતાર લીધો હોય, પણ જે રીતે અવતારકાર્ય સિધ્ધ થયું, તેમાં અનેકવાર સ્વયં તેમના દ્વારા જ ધર્મનું ઉલ્લંઘન થયું છે.

લક્ષ્મણા પોતાના પિતાને થયેલ અન્યાયની સાથે સાથે કર્ણને થયેલ અન્યાયની વાત પણ કરે છે. કુંતિના કર્ણ પ્રત્યેના વર્તન માટે તેના મનમાં ભારોભાર ભય છે. માતા સત્યવતીને પરાશરમુનિ સાથેના સંબંધથી કોમાર્યાવસ્થામાં જન્મેલ પોતાના પુત્ર દ્વૈપાયન વ્યાસની વાત કરવામાં કુલધર્મ લજ્જા આડે ન આવ્યાં. તો કુંતિએ કર્ણજન્મની વાત શા માટે ન કરી ? સત્યવતીની વાતનો સ્વીકાર થયો તો કુંતિની વાતનો સ્વીકાર પણ થયો જ હોત. કર્ણ દ્રૌપદીના સ્વયંવરમાં વિજયી નિવડવા માટે સંપૂર્ણપણે સક્ષમ હતો તેમ છતાં, તે સૂતપુત્ર તરીકે અપમાનીત થયો. ભલે દ્રૌપદીએ"આંધળાના આંધળા" કહી પોતાના પિતા દુર્યોધનનું અપમાન કર્યું પણ એક સ્ત્રી તરીકે તેને થયેલ અન્યાય પણ લક્ષ્મણાને પીડે છે. એક ધધકતી અગ્નિશિખા જેવી તેજસ્વી સ્ત્રીનું તેજ રાજસભામાં પાંચ પાંચ પતિઓની ઉપસ્થિતિ હોવા છતાં ઝંખવાઇ ગયું. વસ્તુની જેમ પાંચ પતિઓ વચ્ચે તે આજીવન વહેંચાતી રહી. વહેરાતી રહી.

એક લવ્યના પાત્રને થયેલ અન્યાયની વાત કરવાનું પણ લક્ષ્મણા ચૂકતી નથી. પાંડવો સિવાય પણ અનેક પાત્રોને અન્યાય થયો હોવા છતાં કૃષ્ણ તેમને ન્યાય આપવા ઉત્સુક દેખાતા નથી. યુધ્ધ પછી જયેષ્ઠ પાંડુપુત્ર કર્ણનો જીવિત પુત્ર વૃષતેતું જ ગાદીનો ઉત્તરાધિકારી ગણાય. તેમ છતાં ગાંદી અભિમન્યુના પુત્ર પરિક્ષિતને પ્રાપ્ત થઇ. કારણ લક્ષ્મણાના મતે એટલું જ કે તે અર્જુન અને તેમની બહેન સુભદ્રાનો પૌત્ર તથા તેમનો ભાણેજ હતો. લક્ષ્મણા પૂછે છે -

ધૃતરાષ્ટ્રના મામકા ગણાયા તો હે કૃષ્ણ આ તમારા કોણ ગણાય ! લક્ષ્મણાના તર્કમાં વીંધી નાખે તેવી ધાર છે.

પ્રકાશના પાત્રચિત્રણમાં નિશ્ચિત પ્રસંગને ટાંકીને પૂછાતા લક્ષ્મણાના પ્રશ્નનો કોઇ કૃષ્ણ પાસે કોઇ ઉત્તર નથી. કૃષ્ણ તટસ્થ રહી શક્યા નથી. અને પાંડવો પ્રત્યેની વિશેષ લાગણી તથા પક્ષપાતના કારણે જ તેમણે કૌરવોને - દુર્યોધનને અન્યાય કર્યો છે તે વાત લક્ષ્મણાએ વારંવાર સિધ્ધ કરી છે. જે કૃષ્ણે પ્રત્યુત્તર આપ્યા વગર સ્વીકારી છે.

પ્રકાશે અચંબિત કરે તેવા કાલ્પનિક પાત્રો સર્જી મહાભારતની કથામાં ઉમેરો કરવાની હિંમત (કે ધૃષ્ટતા-ઉદ્દંડતા) પણ કરી છે. આમ તો રાધાના પાત્રને પણ મહાભારતનું સમર્થન નથી. તેમ છતાં પ્રક્ષેપિત આ પાત્ર કૃષ્ણના જીવન સાથે એવું જડાઇ જાય કે કૃષ્ણ સાથે સંકળાયેલી તમામ સ્ત્રીઓને વળોટી તે મંદિરોમાં કૃષ્ણની સાથે જ નહિ, કૃષ્ણભક્તોના હૃદય પર પણ આસનસ્થ થાય તે ભારતીય રૂઢિચુસ્ત સમાજમાં કઇ રીતે શક્ય બન્યું હશે! કોઇ પણ સમીકરણથી તે સમજવું શક્ય નથી. આ જ વાતનો આધાર લઇ એમ કહી શકાય કે જે રીતે એક કલ્પિત પાત્રની મંદિરોમાં પૂજા થાય, આરાધના થાય, નામસંકિર્તન થાય. તો પ્રકાશે સર્જેલ કૃષ્ણ-રાધાના સંબંધથી જન્મેલ પુત્રી ઉષાને પણ ભવિષ્યમાં સામાજિક સ્વીકૃતિ મળી રહે. જે સમાજે કૃષ્ણ રાધાનો સહજ સ્વીકાર કર્યો તે જ સમાજ એક એવા જ પ્રકાશ પંડયા રચિત કાલ્પનિક પાત્ર રાધા-કૃષ્ણ પુત્રી ઉષાનો સહજ સ્વીકાર

કરશે જ એવું માનવું કે તેમ કહેવું તે માટેનો સમય પાક્યો નથી. પણ કથાપ્રવાહ સ-રસ વહેતો રહે તે માટે સાહિત્યસર્જકો કોઇ વિશેષ પાત્રોનું સર્જન કરે તે સ્વાભાવિક ગણાય. એટલે પ્રકાશને પણ તે અધિકારથી વંચિત રાખી શકાય નહિ.

એવું જ નવર્સિજત એક પાત્ર છે. કરસનનું. જેના દ્વારા યુધ્ધની વિભિષિકાનું અત્યંત હૃદયદ્રાવક ચિત્રણ થયું છે. છિન્નભિન્ન થઇ જતા યુધ્ધોત્તર સમાજની કમકમાટીભરી રજૂઆત કરસન દ્વારા થઇ છે.

એક નિશ્ચિત અવતારકાર્ય-ધર્મની સંસ્થાપના  અર્થે અવતાર ધારણ કરેલ અવતારી પુરુષ કૃષ્ણના અંતને મહાભારતનું સમર્થન હોવા છતાં ભાવકો માટે તેનો સ્વીકાર કરવો કઠિન છે. જરા નામના પારધીને હાથે મૃત્યુ પામેલા કૃષ્ણનો મૃતદેહ ચાળીસ ચાળીસ દિવસો સુધી ભૂમિ પર અસંરક્ષિત પડયો રહે. તેને ગીધ, સમડી જંગલી પશુઓથી બચાવવા પથ્થરની વાડ કરવી પડે. પાંિથવ શરીર ગળી જાય. તેમાંથી દુર્ગંધ ઉત્પન્ન થાય. કાણા પડી ગયેલા દેહમાંથી હાડકાં દેખાતાં હોય તે વાત જ ગળે ઉતરે તેવી નથી. અવતારી પુરુષનો આવો કરુણ અંત! પણ જે સત્ય છે તે સત્ય જ છે. પ્રકાશે તો તેને કલમનું માધ્યમ જ આપ્યું છે.

પ્રકાશે નિરૂપેલ કૃષ્ણની અંતિમ વિદાયના પ્રસંગ પર અછડતી નજર કરીએ. કૃષ્ણના ગિલત દેહને અગ્નિદાહ દેવાયો ત્યારે તેમની પટરાણીઓ, રાણીઓ, સાથે દ્રૌપદી-રાધા, રાધાકૃષ્ણની પુત્રી ઉષા, રાધાનો પતિ આયન ઉપસ્થિત હતાં. કૃષ્ણના પ્રપૌત્ર વજ્ર તથા

રાધાકૃષ્ણની પુત્રી ઉષા દ્વારા મુખાગ્નિ અપાયો. ત્યાં જ રાધાનું પણ મૃત્યુ થયું. કૃષ્ણની ચિતાની બાજુમાં જ ચિતા રચાઇ. તેને પણ વજ્ર અને ઉષા દ્વારા મુખાગ્નિ અપાયો.

દ્વારિકાના અંત સાથે પ્રકાશ રચિત કથાનો અંત આવે છે પણ એ અંત અનેક પ્રશ્નોનો જન્મદાતા બની રહ્યો છે. એ પ્રશ્નોના પડઘા આજે પણ પડી રહ્યા છે. યોગ્ય-અયોગ્ય, ધર્મ-અધર્મ, ન્યાય-અન્યાય સામ સામે ઝૂલતાં આ બંને પલ્લાં પ્રશ્નો અને ઉત્તરોથી ઉપર નીચે થયા જ કરે છે. આજે પ્રકાશના પ્રશ્નો લક્ષ્મણાના મુખે પૂછાયા છે. કાલે કોઇ અન્ય પૂછનાર હશે. કોઇ અન્ય લખનાર હશે. પણ કૃષ્ણને પૂછાનારા પ્રશ્નો તો અનંતકાળ સુધી રહેશે જ.

આમ તો મારું કથન અહીં પુરું થાય. પણ પ્રકાશ વિષે કશું ન કહું તો તે અધુરું લાગે. પ્રકાશના પરિવાર સાથેનો સંબંધ દાયકાઓથી છે. મારો જન્મ ઉછેર છોટાઉદેપુરમાં અને મોસાળપક્ષે પંડયા પરિવારના તંતુ પણ ત્યાં સુધી લંબાયેલા એટલે પરિચય ઘણો જૂનો ગણાય. સુરેન સાથે કમળાશંકરકાકાને મળવાનું મારે પણ અવાર-નવાર બનતું. બાળપણમાં ગીતાનો અભ્યાસ છોટાઉદેપુરમાં થયેલો એટલે ગીતા પ્રદીપ સાથે પણ સંબંધ.

૧૯૭૫માં અમે છોટાઉદેપુરથી વડોદરા આવ્યાં ત્યાર પછી અમારા ફતેગંજના ઘરમાં પ્રકાશ પંડયા અને પ્રકાશ બ્રહ્મભટ્ટ(કોકો)ની અવરજવર શરુ થઇ. બંને તરવરતા તોખાર. ને તે પણ લગામ વગરના. અમારે ઘેર ગમે ત્યારે તેઓ આવી શકતા. એમનાં

તોફાનોનો પાર નહિ. તોફાનોને લીધે તેમની "નામના" પણ ઘણી. વઢ નહિ તો વઢનાર દે. પણ સુરેન સાથે એમને સારું ફાવતું. એને માનતા. સાંભળતા.

સમયના વહેણમાં ઘણું બધું વહી ગયું. કોકો ન રહ્યો. સુરેને પણ અણધારી વિદાય લીધી. પ્રકાશને કયારેક પ્રસંગોપાત મળવાનું બનતું. પ્રતિવર્ષ યોજાતી સુરેન ચોક્સી સ્મૃતિ વ્યાખ્યાનમાળા માટે સ્વામી શ્રી સચ્ચિદાનંદજીને મળવા માટે તેની સાથે જવાનું થયું ત્યારે તેના શબ્દપ્રેમ તથા વાંચનપ્રીતિનો પ્રથમવાર પરિચય થયો. પ્રકાશના આ પાસા વિષે ત્યાં સુધી કશી ખબર ન હતી. કમળાશંકર પંડયા પરિવારમાં શબ્દ ઠર્યો છે. કમળાશંકર કાકા (વેરાન જીવન), ડૉ. પ્રદીપ પંડયા અને હવે પ્રકાશ પંડયા.

પ્રકાશકોનો ગુણધર્મ સીધી લીટીમાં ગતિ કરવાનો છે. પણ આ પ્રકાશ ક્યારેય સીધી લીટીમાં ચાલનારો નથી. એને કોઇએ આંકેલ રસ્તે ચાલવાનું ફાવ્યું નથી. ફાવતું પણ નથી. ભવિષ્યમાં એ બદલાય એવી કોઇ સંભાવના- શક્યતા નથી. એ તેની પ્રકૃતિ જ નથી. એને જે પ્રસ્થાપિત છે, સર્વ સ્વીકૃત છે, સર્વમાન્ય છે, તે સ્વીકારવાનું કબૂલ નથી. આંખ મીંચીને કોઇને અનુસરવું. એ આ પ્રકાશના રંગસૂત્રો કે કુંડળીમાં જ નહિ. એ કોઇથી ડરતો કે અંજાતો નથી.

ભલભલાની ભલભલી માન્યતાઓનું ખંડન કરતાં એનું રૂવાડું ફરકતું નથી. એને મંડન કરવું ગમે પણ ખંડન કરવાની પૂર્વશરતે! "હવે તો ઉત્તર આપો, કૃષ્ણ!" માં તેણે એ જ કર્યું છે. આપણાં

મહાકાવ્યો રામાયણ - મહાભારતનાં કેટલાંક ઉપેક્ષિત - તિરસ્કૃત પાત્રો વિશેષ કરીને સ્ત્રીપાત્રો પ્રત્યે એને ખાસ પક્ષપાત છે. તેના હૃદયનો એક ખૂણો તેમને માટે હંમેશા આરક્ષિત રહ્યો છે. મહાભારતનું એક એવું જ પાત્ર લક્ષ્મણા. દુર્યોધનપુત્રી લક્ષ્મણાને ન્યાય મળે તે માટે એણે લક્ષ્મણા નામની સ્ત્રીમાં કાયાપ્રવેશ કરી એના મનમાં ઘોળાતો સઘળો આક્રોશ કૃષ્ણને પૂછેલા પ્રશ્નોરૂપે ઉલેચી નાંખ્યો છે.

તેની આંખો કદાચ સહેજ સાજ આછું - ઓછું ભાળતી હશે. પણ તેની દ્રષ્ટિ સોંસરી ભૂતકાળને વીંધી વક્રકોણે ભવિષ્યને ભાળનારી- તાગનારી છે. જે પ્રજા યોગ્ય સમયે, યોગ્ય રીતે, યોગ્ય વ્યક્તિને, યોગ્ય પ્રશ્ન પૂછતી નથી તે પ્રજાની ચેતના બધિર-બંધિયાર થઇ જાય છે. આંખ મીંચીને સ્વીકારી લેતી, વિચાર કર્યા વગર જ ઘેટાવૃત્તિનું અનુસરણ કરતી પ્રજાને આ કથા વાંચતા, વીજળીના જીવંત તારને અડયાની અનુભૂતિ થશે. પણ "ઝટકો" જરૂરી છે.

**- અરુણા ચોકસી**

૨, પીતંબર સોસાયટી,
જુના પાદરા રોડ, વડોદરા - ૩૯૦ ૦૨૦
ફોન ઃ (૦૨૬૫) ૨૩૧૨૨૦૭
મોબાઇલ ઃ ૯૮૨૫૦ ૩૧૫૨૦

## પ્રકાશ પંડયાના પુસ્તકના કેન્દ્રમાં છે...

## અશ્વિન મેહતા

વેદવ્યાસ રચિત મહાભારત, મહાભારતનાં પાત્રો, મહાભારતમાં આકાર લેતી ઘટનાઓ - પ્રસંગો- સંવાદોના કેન્દ્રમાં માણસ છે, માનવ છે. લોકમાનસમાં કૃષ્ણ ભલે અવતાર હોય, પણ કૃષ્ણ કહે છે: દરેક પોતાના કર્મફળ ભોગવે છે, મારે પણ ભોગવવાનું છે.

કારણ, કૃષ્ણે માનવદેહ ધારણ કર્યો છે - માટે.

ભાગવત ગીતા સમજાવતાં સ્વામી પરમહંસ યોગાનંદે વૈયક્તિક કર્મ અને સામૂહિક કર્મને સમજાવતાં લખ્યું -

The word Karma signifies any intelligent qulitity issuing out of the cosmic vibraing being or of any intelligent gesture in cosmos. Each cosmic or human entity according to its specific nature produces good, worldy or evil Results.

પ્રકાશે જે લખ્યું તેને આ સમજણથી જોઇએ તો પ્રકાશનું આ કર્મ, આ ર્કાિમક યાત્રા આપણને તેની યાત્રામાં જોડાઇ જવા, સામૂહિક કર્મમાં જોડાઇ જવાનું ભાવભીનું ઇજન માત્ર છે.

વેદવ્યાસે મહાભારતના શબ્દે શબ્દે ઘટનાઓ પ્રસંગોની કરેલી ગૂંથણીના કેન્દ્રમાં તે સમયના સમાજ અને તે સમયનાં માનવમનનાં વિવિધ સ્વરૂપો માત્ર છે. અને છતાં આંતરપ્રવાહ તો કર્મના અક્રૂર નિયમ માત્રનો છે. માનવદેહ ધારણ કર્યો અને કર્મ સાથે જોડાણ. એમાં કર્મમાં

પસંદગીનો વિકલ્પ હોવા છતાં માનવપ્રકૃત્તિ કે ગુણ પ્રમાણે એ સારા-નરસા કર્મમાં પડી જાય છે અને અંતે ભોગવે છે.

ફરી પ્રકાશના પુસ્તકમાં જે લખાયું છે તેને જોઇએ એ કર્મ માત્ર છે, વળગણ નથી. એક સારૂં કર્મ છે. મહાભારતના કેટલાક પાત્રો અવાજ ઉઠાવે છે. અન્યાયની વાત કરે છે. લોકમાનસમાં સમગ્ર ગ્રંથે ન્યાયના પક્ષે કોણ અને અન્યાયને માટે જવાબદાર કોણ તેની ચોક્કસ છાપ ઊભી કરી છે તેમ છતાં મહાભારતના જ લક્ષ્મણા, દ્રૌપદી, ઉધ્ધવ, આયન જેવાં પાત્રો પોતાની ન્યાય-અન્યાયની સમજ કૃષ્ણને વળતાં સવાલો કરી જુદી રીતે રજૂ કરે છે.

પ્રકાશે પોતાના પુસ્તકમાં, પુસ્તકના ભાગોમાં 'કૃષ્ણ જવાબ આપો-ન્યાય ક્યાં?' એ વાતને પાત્રોના પ્રશ્નો દ્વારા છતી કરી છે. વિવેક છે, છતાં સવાલ અણીયાળા છે.

બસ, આવું જ ત્યારે ચાલતું અને આજના સમાજમાં પણ ચાલે છે. જે દેખાય છે તે તે નથી અને જે છે તે દેખાતું નથી. મહાભારત ત્યારે પણ સમાજના વિરોધાભાસને રજૂ કરે છે તેમ એજ મહાભારત આપણી ચોતરફ આકાર લેતા રોજે રોજના મહાભારતને પણ છતું કરે છે.

જાણે અજાણે પ્રકાશે એક સત્ય છતું કર્યું છે અને તે છે માનવદેહ પોતે જ કુરૂક્ષેત્ર છે અને સૌની ભીતરમાં એક દ્વંદ્વ ચાલતું જ રહે છે. કર્મથી આપણે મુક્ત નથી, પણ તેને 'પોઝિટિવ' બનાવવા શક્ય છે.

વેદવ્યાસે આ રહસ્ય છતું કર્યું છે. ગીતા ઊકેલ છે, માસ્ટર કી છે, પણ અંતે તો નિર્ણય કરવાનો અધિકાર દરેકનો પોતાનો છે.

ફરી પ્રકાશના પુસ્તકને જોઇએ. તેણે પાત્રો અને પ્રસંગોને સરસ રીતે પસંદ કરી સૌને વળતો સવાલ કર્યો છે. મહાભારત વાંચો છો. વિચારો છો ખરા? પ્રકાશે લક્ષ્મણાની, દ્રૌપદીની વ્યથામાં જે જોયું તે આપણને સવાલ કરી જાય છે. આપણે કેમ ન જોયું ? કૃષ્ણ અવતાર હોઇ શકે પણ માનવદેહ ધારણ કર્યો એટલે કર્મ સાથે જોડાયા, સામૂહિક કર્મમાં જોડાયા. પણ વળગણ નહોતું આ વાત પ્રકાશ દોહરાવે છે. લક્ષ્મણાનું દુર્યોધનની પુત્રી હોવું એ પણ... આયાનનું રાધાના પતિ હોવું એ પણ... દ્રૌપદીના જીવનમાં પાંચ પતિ હોવા... શું વેદવ્યાસ નિયતિની વાતને વાર્તામાં સપાટી પર લાવ્યા છે?

અને અંતે કૃષ્ણનો દેહત્યાગ - નિમિત્ત શ્રાપ, પણ તીરથી દેહનો અંત આવે છે. એ તીર તો કર્મના વળગણને છેદતું નિમિત્ત માત્ર... અને એટલે જ અંતે આત્મા છૂટો પડયો અને તેજલિસોટો ઊઠયો અને સમી ગયો, આત્મા પરમમાં...

પ્રકાશને અભિનંદન આપવા જોઇએ. એણે આપણને સંકેત કર્યો. વિચારો, વિચારીને સત્વને કેન્દ્રમાં રાખી કર્મ કરો, કર્મ અનિવાર્ય છે, પણ તેને પ્રકાશમાં ફેરવો અંધકારમાં નહીં, નહીંતર ગોથા ખાતા રહીશું. પ્રકાશ તો એમ પણ સંકેત આપે છે કે આપણી આજુબાજુ વસ્ત્રાહરણ થાય , થતું રહે અને આપણે ભીષ્મ બનીને જોતા રહેવું છે? ક્યાં સુધી? આ સવાલ સાંપ્રત છે, આપણા માનસને દેખાડતો, છતો કરતો અરીસો છે....

# હવે તો ઉત્તર આપો કૃષ્ણ !

## પ્રકાશ પંડ્યા

### ૧

સહુના આરાધ્ય, તેમના રક્ષક, દેવ, સહુના તારણહાર આજે ૧૦૦ વર્ષના થયા. પાછલા એક અઠવાડિયાથી દ્વારકામાં ઉત્સવ ચાલતો હતો. ચારે બાજુ ઉત્સાહ, ઉમંગ, ઉલ્લાસ, આખું દ્વારકા શણગારથી સજ્જ હતું. ઘેર - ઘેર આસોપાલવ, આંબાના પાનનાં તોરણો લટકતાં જોવા મળતાં હતાં. આજે કૃષ્ણને ૧૦૦ વર્ષ પૂરા થયાં. આજે કૃષ્ણ શતાબ્દી મહોત્સવ છે.

આખું દ્વારકા આજ સવારથી જ ઘેલું બન્યું છે.

દરેક દરવાજા પર રંગીન તોરણો લટકતાં હતાં, આંગણે રંગોળી અને ઘરનાં પશુઓ પણ રંગબેરંગી ચિતર્યાં હતાં. ગાયના ગળામાં નવી ઘંટડી, શિંગડામાં કોતરેલી ખોલી, અને આખા શરીર પર શણગાર, ઘોડા આંગણામાં થનગનતા હતા. આવતા જતા લોકોને જોઇને ગેલમાં આવતા હતા. ઘરના આંગણે પાણી, છાસ અને સોમરસના માટલાં સર્વ નાગરિકો માટે ખુલ્લાં હતા. કેટલાકે સરસ મજાનાં વ્યંજનો પણ રાહદારીઓ માટે ગોઠવ્યા હતાં. દ્વારકાના પંથકના આજુબાજુના ગામના લોકો પણ જાણે

તહેવાર હોય તેમ નવા વસ્ત્રો પહેરી પોતાના કુટુંબ સાથે, પગપાળા કે ગાડામાં દ્વારકા તરફ આવતા હતા.

ગાડામાં ઘરડા, જુવાનિયા ઘોડા ઉપર, શ્રીમંતો રથમાં કે હાથી ઉપર, હતા. દરેકના મોં પર કૃષ્ણના જન્મ દિવસનો આનંદ હતો. ચારે બાજુ વનરાજી, વિશાળ રાજમાર્ગ, બંને બાજુ ઘટાદાર વૃક્ષો, વિશાળ નાળિયેરના ઝુંડ, ઘૂઘવતો દરિયા સામે સહુએ ઠેર ઠેર તંબુ બાંધ્યા હતા. વિશાળ જગ્યાનો કિનારો નાનો પડતો હતો.

જેને જ્યાં જગ્યા મળી ત્યાં ધામા નાખ્યા હતા. દ્વારકામાં બધાને તો ઉતારી ન શકાય. દ્વારકા ભરચક થઇ ગયું હતું. માટે નગર બહાર આ વ્યવસ્થા ગોઠવાઇ હતી અને દ્વારકાની તમામ પ્રજાએ બધા જ મહેમાનની જમવાની વ્યવસ્થા સ્વેચ્છાએ ઉપાડી લીધી હતી. નાની મોટી તકલીફને કોઇ ગણકારતું નહોતું. તેમના ઉધ્ધારક યુગપુરૂષ કૃષ્ણ વાસુદેવને ૧૦૦ વર્ષ પૂરા થવાના હતા. તેમને સોનાથી તોલવાના હતા અને તેટલું જ બીજું સોનું ઉમેરીને ગરીબોને અને બ્રાહ્મણને વહેંચવાના હતા. દેશ-દેશાવરથી બ્રાહ્મણો અને યાચકો આવતા હતા. જાણે પૃથ્વીની બધી જ વસ્તી દ્વારકામાં ઠલવાઇ ગઇ હતી. જ્યાં જુઓ ત્યાં માનવ મહેરામણ ઉભરાતો હતો.

કૃષ્ણના કુલ ૮૦ પુત્રો, બલરામ, પાંડવો, યુયુત્સુ, પરીક્ષિત, નાનો જન્મેજય બધાએ જ પોતપોતાની જવાબદારી લઇને મહેમાનોને સાચવતા હતા અને અચાનક ગગનભેદી અવાજ થવા માંડયો. દુંદુભિ વાગવા માંડી,

ચાર બળદ જોડેલા ભવ્ય ગાડાનું આગમન થયું. આવું સાધન સજ્જ ચાર બળદવાળું ભવ્યસ્ ગાડુ કોઇએ જોયું નહોતું. કૃષ્ણને પણ નવાઇ લાગી. પડદા પાછળથી ધીરે રહીને ગાડામાંથી એક વૃધ્ધ દંપતિ એકબીજાનો હાથ પકડી એકબીજાને ટેકો આપતું નીચે ઉતર્યું અને તેમને જોતાં જ કૃષ્ણે દોટ મૂકી પીતાંબર સરખું કરવા પણ ન રોકાયા માંડ-માંડ પડતા પડતા રોકાયા. પ્રદ્યુમ્ન પાછળ હતો તેણે ટેકો આપ્યો એટલે શ્રી ક્રષ્ણ પડતા બચ્યા અને જઇને આવનાર આગંતુકને ભેટયા આંખમાં ચર આસું ગદ્ગદિત ચહેરો મોં પર આશ્ચર્ય ભાવવિભોર થઇ ગયા. ગળગળા થઇ ગયા, બોલી ન શક્યા ગળે ડૂમો બાઝી ગયો સામે પક્ષે પણ આ જ સ્થિતિ હતી. બાજુમાં ઊભેલા બધા અવાચક થઇને આ મિલનને જોયા કરતા હતા. કૃષ્ણ બોલ્યા 'મિત્ર, મને માફ કર મેં તારી બહુ કાળજી ન રાખી'.

તો સામે પક્ષે પણ એ સ્થિતિ હતી, તે પણ બોલ્યા 'આટલા નજીક હોવા છતાં કેટલા દૂર'.

કૃષ્ણે પાછળ જોયું તો રૃક્ષ્મણી, સત્યભામા સાથે બીજી પટરાણી આવી. બધા આવનાર વૃધ્ધને પગે લાગવા માંડયા, તે બધી પણ ચકિત હતી, પોતાના ભરથારનો આ પ્રેમ, આ સત્કાર, સામેવાળો ચોધાર આંસુ રડતો હતો, રડતાં-રડતાં બોલતો હતો, 'સખા બહુ થયું. હું એને લાયક નથી, આ બ્રહ્માંડ તારી કૃપાથી જ જીવે છે'

એટલામાં ભીડ ચીરતી એક અઘેડ જાજરમાન મહિલાએ પ્રવેશ કર્યો. આવીને કૃષ્ણને પ્રણામ કર્યા અને કહ્યું: 'પિતાશ્રી, મને આવતા મોડું થયું. માફ કરશો.'

કૃષ્ણ કશું બોલી ના શક્યા. આ ઘડી તેમને બોલવાની નહોતી, તે તેમની ૮૦ પુત્રોની વચ્ચે એકમાત્ર, રૃકમણીથી જન્મેલી પુત્રી ચારૃમતી હતી, તે જમાઇ અને પોતાના બાળકો સાથે આ પ્રસંગમાં ભાગ લેવા આવી હતી. કૃષ્ણે આશીર્વાદ આપ્યા. ભાણા,ભાણીને ઉંચકીને ખૂબ વ્હાલ કર્યું. અને પછી ફરીથી તે વૃધ્ધ તરફ જોયું. તે સુદામા હતા. સુદામા તેમના પરમ મિત્ર બાળ સખા, સુખ-દુઃખનો ભેરૃ. તે પણ તેના કુટુંબ બાળકો પૌત્ર સાથે આવ્યા હતા.

આજે તેમની પાસે બધું હતું. કૃષ્ણની કૃપા તેમની સાથે હતી. કૃષ્ણ બોલ્યા, 'મને ખાત્રી જ હતી કે તું આવીશ. મિત્રને આમંત્રણ ન હોય. તું ન આવ્યો હોત તો મારો ભવ બગડત. શું લાવ્યો મારે માટે ?'

જ્યાં ચારે બાજુ લક્ષ્મી, વૈભવ, અન્નપૂર્ણા જાતે જ હાજર હોય. દ્વારકાના બધા જ બધાથી તૃપ્ત હોય ત્યાં કૃષ્ણ ભાવના ભૂખ્યા હતા. બધું જ હોવા છતાં રંક હતા. અને સુદામાએ  જ પોટલીમાંથી પૌંઆ કાઢયા અને કૃષ્ણ સંકોચ વગર મુઠ્ઠીવાળી મોં ભરવા લાગ્યા. ખાધા પછી એક સંતોષનો મોટો ઓડકાર ખાધો અને ગગનભેદી ગર્જનાથી આકાશ સામે જોઇને બોલ્યા,' આજે ૧૦૦ મા વર્ષે હું દેવો પાસે ઇન્દ્ર પાસે માગું છું. મને જે મળ્યું તે આર્યાવર્તની પ્રજાને મળતું રહે.' અને ચમત્કાર થયો હોય એમ હવા થંભી ગઇ. વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઇ, સુગંધિત લહેર આવવા

લાગી અને દેવોએ આ વિનંતી સ્વીકારી હોય તેમ બ્રહ્માંડમાંથી તથાસ્તુ, તથાસ્તુના પડઘા પડવા લાગ્યા. દેવદૂત, દક્ષો, વસુઓ પૃથ્વી પર ઊતરી આવ્યા. સાથે સ્વર્ગની અપ્સરા પણ હતી. અને તેમની માંગણીને અનુમોદન મળ્યું હોય તેમ તેઓએ પુષ્પવૃષ્ટિ કરી. દ્વારકા ચકિત થઇ ગયું. નીરવ શાંતિ, ડઘાયેલું, દ્વારકા, કૃષ્ણ વાસુદેવનો જયજયકાર કરવા લાગ્યું. અને કૃષ્ણે પ્રદ્યુમ્ન, શમ્બ, ચારૂમતી અને જમાઇને સુદામા કાકાને શાહી ઉતારામાં લઇ જવા આજ્ઞા કરી.

તેઓ ત્રણે આદર, સત્કાર વિવેકથી સુદામા અને તેમના પરિવારને લઇને ચાલવા લાગ્યા.

આજે આશ્ચર્યનો દિવસ હતો. સો મી વર્ષગાંઠે કશું પણ બાકી નહોતું. પણ કૃષ્ણના મનમાં કંઇ ખૂટતું હતં. તેમને રંજ હતો, તે વારંવાર વિચારોમાં ખોવાઇ જતા હતા. આજુબાજુનું કાંઇ ભાન ન રહેતું. કોઇ આવીને ખલેલ પહોંચાડે ત્યારે તે તંદ્રામાંથી જાગતા. એક મીઠો છતાં વિરહનો વસમો નિસાસો નીકળી જતો શું નહોતું ....? વસુદેવ-દેવકી, ચૌદ-પંદર અપર માતા, સો ઉપરાંત ભાઇ-બહેનો બલરામ સુભદ્રા બાળકો પુત્ર-પુત્રવધૂ પૌત્ર-પૌત્રી તેમની ઘેર પુત્ર-પુત્રી મિત્ર ઉધ્ધવ સાસુ-સસરા સાળા-સાળી તેમનો પરિવાર. આર્યાવર્તનું સૌથી મોટો વિશાળ પરિવાર અને તેમ છતાં તેના અધિપતિ મોભીને, એક પ્રકારનો રંજ કોરી ખાતો હતો. ઉંમરને લીધે દીર્ઘદ્રષ્ટિ ઓછી થતી જતી હતી પણ કોઇને આજે તે શોધતી હતી અને તે હતી, દ્રૌપદી અને રાધા, બંનેનું પોતાની જિંદગીમાં આગવું સ્થાન ધરાવતી હતી તેવી બે સ્ત્રીઓ, જેના વગર તેમની જિંદગી અધૂરી હતી,

બન્ને પારકી હતી. બન્નેની સાથે પોતાના સંબંધ એક મર્યાદામાં,તેમ છતાં પણ મર્યાદાની બહાર ન હતા. બંનેને પોતાના વગર નહોતું ચાલતું તેવી જ પોતાની પણ તે જ સ્થિતિ હતી. બન્ને વગર પોતે અધૂરા હતા, અને તેઓ પણ અધૂરા હતાં. એકની સાથે શુધ્ધ અને સૂક્ષ્મ પ્રેમ, બીજાની સાથે લગ્નેતર સંબંધ, આજે પાછળ જોતાં પોતાની જિંદગીમાં આવેલી ૧૦ સ્ત્રીઓ વગર પોતે કેટલા વામણાં છે તેનો અનુભવ થયો. રૂક્ષ્મણી, સત્યભામા, કાલિન્દી, જામવતી, લક્ષ્મણા, ભદ્રા, નાગવતી, વિશાખા, રાધા અને દ્રૌપદી.

આજે આ સ્ત્રીઓ હાજર હતી, બે નહોતી. દ્રૌપદી પાંડવ સાથે આવી નહોતી શકી. તેના સાસુ, કાકા વિદુર, ધૃતરાષ્ટ્ર ગાંધારી વનમાં જવાની તૈયારી કરતા હતા. તેમની વ્યવસ્થા, વિદાય માટે તેની હાજરી જરૃરી હતી.

બીજી હતી રાધા તે તો રીસાઇને બેઠી હતી, કૃષ્ણે ખાસ ઉધ્ધવને વૃન્દ્રાવન સમજાવવા મોકલ્યો હતો, પણ તે ટસ ની મસ ન થઇ. તેણે તો કૃષ્ણનો જ આગ્રહ રાખ્યો, રાધાએ કહ્યું: " તે આવે તો જ હું આવું, તે મને મનાવે, મને વીનવે, મને ખુશ કરે, મારી માફી માંગે તો હું વિચારું. મારો શું વાંક, મને છોડી ગયા પછી ન કોઇ વખત મળવાનો પ્રયાસ, ન બોલાવી, ન સંદેશ, ન ખબર, આખું ગામ મને ગાંડી ઘેલી કહી, તરછોડી હાંસી ઉડાવતું હતું. મારી દીકરીને પણ બોલાવતા નહોતા, મેં શું ગુન્હો કર્યો હતો ? મેં તો મારું તન-મન સર્વસ્વ તેને અર્પણ કર્યું હતું. અર્પણ કરતી

વખતે મેં આગળ-પાછળનો વિચાર પણ નહોતો કર્યો, લોકોએ નિંદા કરી, ટીકા કરી.

તે કુંવારો હતો પણ હું તો પરણેલી હતી. હિંમત મેં કરી કહેવાય, તેણે નહીં, જ્યાં સુધી તે વૃંદાવનમાં રહ્યા ત્યાં સુધી હું તેની, પછી નહીં,કેમ? મેં મારી આખી યુવાની, મારું આયખું તેની રાહ જોવામાં વીતાવી દીધું. મારા પર મારા સમાજનું ખૂબ દબાણ હતું કે મારે સાસરે પાછા જવું જોઇએ. ફરી પાછો સંસાર માંડવો જોઇએ, પણ જ્યારે એક ભવમાં જ બીજો ભવ કર્યો હતો, સર્મિપત થઇ હતી અને તું ! ગયો તે ગયો તે જ્યારે નંદગાવ, વૃંદાવન છોડયું ત્યારે આખું ગામ તને વળાવવા પાદરે આવ્યું હતું. ફક્ત હું જ નહોતી, ગોપીઓ ગાય ગોવાળ નગરજનો બધાને તું જાય એનું દુઃખ હતું. પણ તું એક ધ્યેય લઇને જતો હતો, બધાની આંખ તારા તરફ હતી. તું સમાજના ભલા માટે જતો હતો. બધાને એવું હતું કે કામ પતશે એટલે તું પાછો આવીશ, પણ તે બધા ભ્રમમાં હતા. મને એકલીને જ ખબર હતી કે તું કદાપિ પાછો નહીં આવે, તારી સાથેના સંબંધ સહવાસ પ્રેમ, તારા આચાર-વિચાર, તારી આંખની ચમક, તારી પ્રતિભા, તારી દૈવી શક્તિ, તારૂં વ્યક્તિત્વ, લોભામણું સ્મિત, તારો વાન, ધગશ, હિંમત, બળ બધું જ અનેરૂં હતું. તારા માટે કશું અશક્ય નહોતું. તું ગોવર્ધન ઊંચકી શક્યો, તેં પૂતનાનો વધ કર્યો, કીચકનો નાશ કર્યો, પ્રજામાં એક નવો જોમ જુસ્સો લાવ્યો. તારી પાછળ ગોપીઓ વૃંદાવનની સ્ત્રીઓ, પરણેલી હોવા છતાં બધું સર્મિપત કરવા તૈયાર થતી. તું વાંસળી વગાડતો અને તેઓ પતિને મૂકીને તારો સહવાસ માણવા, રાસલીલા કરવા દોડી આવતી હું પણ તેમાં

બાકાત નહોતી. પણ મેં તો તમને સર્મિપત હતી. મેં તો ઘર-કંકાસથી કંટાળીને યમુનામાં ઝંપલાવ્યું જ હતું. કોઇ જિજીવિષા નહોતી. કોઇ આશ ન હતી. કોના માટે જીવવું? શા માટે જીવવું ? હું તો અભાગણ હતી. તેં મને બચાવી, છાતી-સરસી ચાંપી. હું તો બેભાન હતી, ભાનમાં તું લાવ્યો. જ્યારે આંખ ઉઘાડી ત્યારે સામે તારો ચહેરો જોયો. તારી આંખમાં શું હતું તેની સમજ મને હજુ સુધી નથી પડી. પણ એ ચમક જોઇને જ મને ફરી જીવવાની ઇચ્છા થઇ, તેં મને ખભો આપ્યો. હું તારી થઇને રહી.

તે દિવસે તું જ્યારે મથુરા જઇ રહ્યો હતો ત્યારે મારે તને વિચલિત નહતો કરવો. મને જોઇને તું કદાચ રોકાઇ જાત પણ મારે એવું નહોતું કરવું. જ્યારે ગામ પાછું વળ્યું, ત્યારે હું બહાર નીકળી. તારાં પગલાં આગળ અટકી ગઇ. અને સામે તું હતો. હું તારા પગમાં ઢળી પડી. મને ખબર હતી કે તું પાછા નથી આવવાનો અને મારે તને મન ભરીને જોઇ લેવા હતા. મારું હૃદય ફાટ-ફાટ થતું હતું. શ્વાસ ફૂલેલો હતો. મારી આંખમાં ચોધાર આંસુ હતા. હું મનમાં ને મનમાં બબડતી હતી. મને શા માટે જીવાડી, મરવા દીધી હોત તો આ દિવસ જોવા ન પડત."

આ દ્દશ્ય જોવા પક્ષીઓ પણ શાંત થઇ ગયેલાં. મિલનમાં ખલેલ ન પડે તે માટે હવા પણ મૌન થઇ ગયેલી. પાંદડાં પણ સ્થિર થઇ ગયેલાં. તેમણે ખરવાનું પણ સ્થગિત રાખેલું. કદાચ તેમના અવાજથી વિક્ષેપ પડે.

‘મને યાદ છે કે તમે મને આલિંગનમાં લઇને એક ગાઢ ચુંબન કર્યું હતું અને ક્યાંય સુધી મારા કેશને પર હાથ ફેરવતા રહ્યા હતા. તમે કહ્યું હતું:’ "તારા વગર હું પણ જીવી નથી શકવાનો પણ હું એક યુગદ્રષ્ટા

તરીકે, યુગનું નિર્માણ કરવા જઇ રહ્યો છું. તું મને તારા મોહમાંથી જવા દે. નહિ તો હું જઇ નહીં શકું."

સંધ્યા ઢળી ચૂકી હતી. તે દિવસે મેં બળજબરીથી તને મારી સોડમાં લઇ લીધો હતો અને બબડી હતી :"મને જીવવા માટે કોઇક નિશાની તો આપી જા. જેથી હું તારા વગર જીવી શકું."

અને કૃષ્ણે તેની માંગણી પૂરી કરી હતી. ઘડીઓ વીતી ગઇ. સવારે કોયલે ટહુકો કર્યો. રાધા અને કૃષ્ણ જાગી ગયા. કૃષ્ણે જવાની તૈયારી કરી. રાધા કૃષ્ણને પગે લાગી અને કૃષ્ણે રાધાને વચન આપ્યું કે, "આજથી મારા નામની આગળ તારું નામ બોલાશે. જેને ભવ-સાગર તરવો હશે, વૈકુંઠમાં મારી પાસે આવવું હશે, તેઓએ મારા અને તારામાં લીન થવું પડશે. તારો જન્મ ભાદરવા સુદ આઠમ અને મારો જન્મ શ્રાવણની આઠમ. મારો જન્મ જન્માષ્ટમી તરીકે અને તારો જન્મ રાધા અષ્ટમી તરીકે ઓળખાશે. જે જન આ લોકમાં આપણો જય કરશે તેને હું ચોક્કસ મળીશ."

"જીવશું પણ સાથે અને મરીશું પણ સાથે.જિંદગીમાં એક વખત મળવાનો પ્રયત્ન કરશું. તને અનુભૂતિ થશે કે જે ગઇ રાતની ઘટના તારામાં મારું બીજ રોપાઇ ચૂકયું છે, તેને ઉછેરજે, તે હું જ છું. સમય જતા હું તને વારેઘડીએ મારી અનુભૂતિ કરાવતો રહીશ. કદાચ હું તારા કરતા વહેલો જઉં તો જ્યાં હોઉ ત્યાં મને યમુના પીવડાવજે."

અને ઉધ્ધવે કહ્યું, "રાધા ન આવી. એણે તમને ફરીથી જોવાની આશ ગુમાવી દીધી છે. પળ-પળ એક જ શબ્દ વર્ષોથી તેના મોઢામાંથી નીકળ્યા

કરે છે. હે કૃષ્ણ, હે વાસુદેવ, હરે મુરારી, મને તું તારા ચરણોમાં સમાવી લે."

કૃષ્ણની આંખમાંથી પણ ચોધાર આંસુ પડયા.

' મને ખબર જ હતી કે તે નહીં આવે.જિંદગીમાં એકવાર ઉધ્ધવ આપણે બંને એને મળશું. મારે મારો અંશ પણ જોવો છે. ઉધ્ધવ તું રાધાને લેવા ગયો ત્યારે ઘરમાં કોણ હતું.?" ઉધ્ધવ બોલ્યા કોઇ નહીં.

"તમારા વગર શુધ-બુધ ગુમાવેલી રાધા જડ ચેતન હીન બબડતી સૂતી હતી. બાજુમાં પૂછતાં ખબર પડી, તમારી દિકરી ઉષા સાસરે રહે છે. તેને પણ બાળકો છે. આબેહૂબ તમારું અને રાધાનું મિશ્રણ છે. ખૂબ સુખી છે. તેને ખબર છે કે તમે તેના પિતા છો. પણ રાધાએ તમને મળવાની ના પાડી છે. તમે આવશો તો તમને મળશે. કૃષ્ણ વિચલિત થઇ ગયા. પોતાની આઠ રાણીઓ થકી ૮૦ પુત્રો, રૂકમણીથી ચારૂમતી અને રાધાથી ઉષા. ચંદ્ર ઊગી ચૂક્યો હતો અને પોતે ગવાક્ષમાં ઊભેલા હતા. દ્વા રકા ધીરે ધીરે ઠેકાણે પડતું જતું હતું અને અચાનક ક્યાંકથી બસો-પાંચસોનું મશાલધારી ટોળું  સામે આવીને ઊભું રહી ગયું. ટોળું બૂમો પાડતું હતું : "કૃષ્ણ નીચે આવો " ચાકરે આવીને સમાચાર આપ્યા કે, નીચે જે ટોળું આવ્યું છે તે આદિવાસી જન-જાતિનું ટોળું છે તમારા ૧૦૦મા જન્મ દિવસે તમને પોંખવા આવ્યું છે. તેમની સાથે ગાડાં ભરીને જંગલી પેદાશ-આડ પેદાશ જડી-બુટ્ટીઓ અને ઢોર-ગાયો તમને અર્પણ કરવા માંગે છે. તમે તેનો સ્વીકાર કરો તેવી તેમની ઇચ્છા છે."

કૃષ્ણને નવાઇ લાગી કે દ્વારકા કે આજુબાજુના પંથકમાં કોઇ આવી આદિવાસી વસાહત ન હતી? તો આ આવ્યા ક્યાંથી. કૃષ્ણ નીચે ઉતર્યા. ટોળાનો સરદાર આગળ આવ્યો. એક મોટી ફૂલમાળા, કૃષ્ણને પહેરાવી. કૃષ્ણ ચોંકી ગયા. તેના જમણા હાથનો એક અંગુઠો ન હતો. મનમાં વિચાર્યું કે આ એકલવ્ય તો નથી ને ? અને તેમનું મન વાંચતો હોય તેમ સામાવાળા આગંતુકે કહ્યું:" હા દેવ, હું એકલવ્ય છું. તમારા ૧૦૦મા જન્મદિવસની શુભેચ્છા આપવા મારા કબીલા સાથે આવ્યો છું. મારી ભેટ સ્વીકારશો'

કૃષ્ણે કહ્યું, "આપ આટલે દૂરથી આવ્યા છો, જમો, આરામ કરો, કાલે વધુ વાત કરશું." તેમણે ઉધ્ધવને બધી વ્યવસ્થા કરવા કહ્યું અને બધા વિખરાયા. બે દિવસ પછી અષ્ટમી, કૃષ્ણ પક્ષની અષ્ટમી, કૃષ્ણનો જન્મ, ૧૦૦ વર્ષ ક્યાં થઇ ગયા તે ખબર જ ન પડી, પોતાના કક્ષમાં આવ્યા. લોકોનો પ્રેમ, આદર, સત્કાર જોઇ તેઓ ગભરાઇ ગયા હતા. મેં શું કર્યું છે? તેઓ આટલો બધા કેમ ગભરાઇ ગયા તેની સમજ પડતી ન હતી. હજુ ઘણીવાર તે પિતા-વાસુદેવ, માતા દેવકી પાસે જઈને ખોળામાં માથું મૂકી સૂઈ જતા. ઘણીવાર દેવકી માથે તેલ પણ ઘસી આપતી, ત્રણ જણ ભૂતકાળની ખૂબ વાત કરતા થાકતા નહીં. પાલક માતા-પિતા નંદ-જશોદા, અક્રૂર કાકા, મામા કંસ, નાના ઉગ્રસેન, રાજાભોજ, પિતા વસુદેવના માનેલા બેન કુંતી, વગેરે, પાંડવો, દ્રૌપદી સાથેનો સમય, કુરુક્ષેત્ર યુદ્ધ, ગાંધારીનો શ્રાપ યુધ્ધ પૂરું થયું તેને ૧૦ વર્ષ વીતી ગયા હતા અને તેના ખરાબ દૂરોગામી પરિણામોમાંથી આર્યાવર્ત ધીરે ધીરે સ્વસ્થ થતું હતું. સમાજમાં

આજે પણ પુરુષોની સંખ્યા ઓછી હતી. સ્ત્રીઓ વધારે હતી. આ અસમતોલ પ્રમાણને લીધે વિકટ પ્રશ્નો ઊભા થતા હતા. જાણે આર્યાવર્તનો તમામ ભાર, ચિંતા તેઓ પર ન હોય, અને કેમ ન હોય, તે તો યુગ પુરૃષ હતા. યુગદ્દષ્ટા હતા. આર્યાવર્ત તેઓને ભગવાન માનતું, સહુને તેમની ઉપર અપાર શ્રધ્ધા પ્રેમ અને ભરોસો હતો. તે છે ત્યાં સુધી વસુ સલામત હતી. છેલ્લાં ૧૦ વર્ષથી એક પણ યુધ્ધ થયું નહોતું. થાય પણ ક્યાંથી, લડવાવાળા રહ્યા જ ક્યાં હતા ?

થોડીવારમાં જ રૃક્ષ્મણી કક્ષમાં આવી. કમાડ બંધ કર્યા. તેના આવવાથી કૃષ્ણને હાશ થઇ. એક શાંતિ મનમાં વ્યાપી ગઇ. એક શીતળતા અનુભવવા લાગ્યા.  તેમને જાણે તેનું વ્યસન થઇ ગયું હતું. વ્યસન તો ભદ્રા, મિત્રાવૃંદ, નાગવન્તીનું પણ હતું. પણ તે જ્યારે રૃક્ષ્મણી કે સત્યભામા સાથે હોય ત્યારે સવિશેષ રાહત અનુભવતા, સત્યભામા ઘણી નાની હતી. હજુ તેનામાં ચંચલતા હતી. જે તેને બહુ ગમતી. આમ તો તે ચારૃમતી કરતાં પણ નાની હતી. અને પ્રદ્યુમ્ન, પૌત્ર અનિરૃધ્ધ કરતાં પણ ઘણી નાની. પણ તેની જિંદગીમાં તે આગવું સ્થાન ધરાવતી હતી. તેની સામે કોઇ ફરિયાદ ન કરે પણ તે  બધાની ફરીયાદ હક્કથી કરે, માંગે પણ ખરી અને રીસાય પણ ખરી, અને કહી પણ દે કે ' આ તમે ખોટું કરો છો.' અને માટે જ તે ગમતી. બધા તેની પૂજા કરતા ત્યારે તે એકલી જ હક્ક કરતી. અને ખરેખર તે અધિકાર જમાવતી. તે તેટલી પ્રેમાળ અને વાચાળ હતી કે આટલા મોટા વિશાળ કુટુંબમાં સૌને પ્રિય થઇ પડી હતી. તે દેવકી-વસુદેવ, બલરામ અને બીજાની પણ વ્હાલી થઇ ગઇ હતી.

રૂક્ષ્મણી આવીને કૃષ્ણ પાસે બેઠી, તેમને માથે હાથ ફેરવ્યો અને કહ્યું: " કેશવ થાકી ગયા છો? ઉંમર-ઉંમરનું કામ કરે. બધું જ જાતે કરવાનું છોડી દો. થોડી જવાબદારી ઉધ્ધવને પણ આપો. આટલા બધા પુત્ર-પૌત્ર તે આખો દિવસ દ્વારકામાં રખડયા કરે છે. તેમની જિંદગીમાં તોફાન-મસ્તી સિવાય કશું નથી વ્યસની થઇ ગયા છે. કેટલાક તમારું માનતા પણ નથી. શમ્બની સૌથી વધુ ફરિયાદ આવે છે. તમે તેને કશું કહેતા નથી. તે ફાટીને ધુમાડે ગયો છે સારું છે કે લક્ષ્મણા જેવી સુશીલ પત્ની તેને મળી છે. ભાનુમતીએ તેને બરાબર કેળવી છે. સારા સંસ્કાર આપ્યા છે. ઘરની બધી જ જવાબદારી અને રસોડું તેણે સંભાળી લીધું છે. આટલા મોટા અન્નક્ષેત્રને તે એકલે હાથે સંભાળે છે. તેના અને બાકીના બધાના પૌત્રના શિક્ષણની પણ પૂરતી કાળજી રાખે છે. મને તે સૌથી પ્રિય છે. વિવેકી છે. ડાહી છે. કહેતા પહેલાં સમજી જાય છે. કહેવાની જરૂર જ નથી પડતી, આખા કુટુંબને પોતાના કરી રાખ્યા છે. તે બધાંની વહાલી થઇ પડી છે. શમ્બ જેવો છે તેને લીધે તે આજ સુધી તે પિયર પણ ગઇ નથી. તેના પિતાનું જે રીતે મૃત્યુ થયું તેનાથી તે વિચલિત છે પણ તે વિશે કદીય બોલી નથી. તેના પિતા દુર્યોધન, ભાનુમતી તેની માતા,તેઓ વિષે પણ કંઇ નહિ'

કૃષ્ણ તેની વાત એકચિત્તે, સાંભળતા હતા. આ રોજનું હતું. રોજ રાત્રે રૂક્ષ્મણી કુટુંબનો અહેવાલ તેને આપતી. તેને પણ સંતોષ થતો અને પોતાને પણ બધું બરાબર લાગતું હતું. "અચ્યુત" રૂક્ષ્મણી બોલી,"પરમ

દિવસ તમને ૧૦૦ પૂરા થવાના. કેટલો લાંબો સાથ, કે કેવું અતુટ બંધન !
"

મોં પર સ્મિત લાવી રૂક્ષ્મણી થોડી શરમાઇ. કૃષ્ણે તે સ્મિત જોયું અને પૂછયું, "તે બધી ભેટ સોગાદ તૈયાર કરી રાખી છે ને ? બધાને છૂટા હાથે ભેટ, દાન, દક્ષિણા આપવાની છે. જે કોઇ જે માંગે તે આપજે, કંજૂસાઇ ન કરતી. આ બધું તેમના જ પ્રતાપે છે. દ્વારકાની સંપત્તિ સહેજ પણ ઓછી થવાની નથી. તને તો ખબર છે કે આપણી પાસે પારસમણિ છે. તે મારા સસરા જાંબુવાને મને ભેટ આપેલો છે."

"અને હા કાલે સવારે બધાને સતર્ક કરી રાખજે. દૂતે સંદેશો આપ્યો છે. હિમાલયથી અને દેશ-દેશાવરથી બધા જ ઋષિઓ કાલે ભૃગુ ઋષિના નેતૃત્વમાં અહીં આવે છે. સર્પ્તિર્ષ તો ખરા, અને હા દુર્વાસાનું ખાસ ધ્યાન રાખજે, અત્રી પુત્ર દુર્વાસા પહેલેથી જ દ્વારકા પર નારાજ છે. અને ખાસ કરીને શમ્બને દૂર જ રાખજે. તેનું નવું તોફાન હવે પોષાય તેમ નથી. તું તો જાણે છે કે દુર્વાસા કેવા ક્રોધી છે. પ્રેમાળ પણ છે, માયાળુ પણ છે. મારી સાથે તારી પણ કેટલી કાળજી રાખે છે ?"

બન્યું એવું હતું કે દુર્વાસા દ્વારકા આવ્યા હતા. રુક્ષ્મણીની સેવાથી પ્રસન્ન થઇને તેમણે બીજે દિવસે આજ્ઞા કરી કે તું અને કૃષ્ણ સંપૂર્ણ નિર્વસ્ત્ર થઇને ઘી ચોપડીને મારી પાસે આવજો, આ મારી આજ્ઞા છે. કૃષ્ણ સમજી ગયા હતા કે ઋષિના મનમાં શું હતું. રૂક્ષ્મણી સમજી ન શકી, સવારે રુક્ષ્મણી ન આવી પણ તેને કૃષ્ણને આખા શરીરે ઘી ચોપડી આપ્યું. હા, તેને કૃષ્ણના પગના તળિયે ઘી લગાડવાની જરૂર ન લાગી. કૃષ્ણ તો

ચાલતા જવાના હતા. ઘી તો જમીન પી જશે, અને અહીં જ તેની ભૂલ થઇ, કૃષ્ણને જોઇ દુર્વાસાએ વરદાન આપ્યું : "જ્યાં તે ઘી ચોપડયું છે ત્યાં તું અવધ્ય થઇશ." તે દિવસે જ કૃષ્ણ પોતાનું ભાવિ સમજી ગયા હતા.

કૃષ્ણ થાકેલા હતા. આજે આખો દિવસ આરામ નહોતો મળ્યો પણ આજે રુક્ષ્મણી નક્કી કરી બેઠી હતી કે તેમને સૂવા નથી દેવા.

જિંદગીના ઘણા ખુલાસા કરવાના બાકી હતા. વર્ષોથી દબાવી રાખેલ લાગણી આજે વાચા બનીને બહાર નીકળતી હતી. તે અચાનક ધ્રૂસકે ચઢી. કૃષ્ણને નવાઇ લાગી, શું થયું અચાનક, વાત તો સરસ ચાલતી હતી. કુટુંબમાં શું કલહ થયો ? આટલા મોટા વિશાળ સંયુક્ત કુટુંબમાં નાનું મોટું કંઇને કંઇ રોજ થયા કરે. પણ રૃક્ષ્મણી ધ્રૂસકે ચઢે તેવું બન્યું નહોતું. કૃષ્ણને નવાઇ લાગી, ઊભા થઇને તેમણે તેને છાતી સરસી ચાંપી તેની પીઠ પર હાથ ફેરવવા માંડયા. ‘શું થયું ? આમ કેમ ? શું લાગી આવ્યું ?

"ગોવિંદ આજે મારે મારું હૃદય હળવું કરવું છે, તમારી પાસે નહીં કરું તો બીજા કોની પાસે કરીશ?

‘હા, હા બોલ’

કૃષ્ણની ઊંઘ ઊડી ગઇ. ઉંમરની ઢળતી સંધ્યાએ તે કોઇને દુભાવવા માંગતા નહોતા. અને આ તો પટરાણી, પોતાની પ્રિય, પોતાની અર્ધાંગિની તેને બરડે હાથ ફેરવતા જાય ને તેને શાંત કરતા રહે.

"ગોવિંદ  આજે રાત ટૂંકી પડશે. જિંદગી ટૂંકી થાય તે પહેલાં મને થોડા જવાબ આપો."

‘બોલ શું પુછવું છે, તારાથી કશું છૂપું નથી અને મારું જીવન તો જગજાહેર છે. મારી સાથે મારો પડછાયા જેવા દારૂક અને ઉધ્ધવ મારી સાથે જ હોય છે. અને મારી કાંઇ ભૂલ થઇ હશે તો હું માફી પણ માંગી લઇશ. પોતાના પાસે ભૂલ સ્વીકારવી તેમાં કંઇ ખોટું નથી. બોલ-બોલ શું કહેવું છે. તારી વાત છે, કે કુટુંબની, કે પછી બાકીની રાણીઓ વતી તારે વાત કરવી છે ?"

"ના,ના, ગોવિંદ મારે મારી જ વાત કરવી છે. હું આજે તમારો આભાર માનવા માંગું છું અને ફરિયાદ પણ કરવા માગું છું. ખોટું ન લગાડતા. હું તમારી પત્ની છું, તમે તો ભગવાન છો. તમે માનવથી ઉપર એવા મહામાનવ છો, પણ હું નથી. મારામાં સામાન્ય સ્ત્રીની માફક ઇર્ષા, લાગણી, અદેખાઇ, કંકાસ, કકળાટ, કામ, ઇચ્છા, અભિમાન, સ્વમાન, શુધ્ધ ચારિત્ર, માની લાગણી, વફાદારી, ચાપલુસી, બધા જ ગુણ અને અવગુણ છે.અને 'કેશવ, જિંદગીમાં તમે ફક્ત મારી બે વાત માની છે."

કૃષ્ણે પૂછયું "કઇ,કઇ ?"

રુક્ષ્મણી બોલી. "મારા પિતાશ્રી અને ભાઇ મારા લગ્ન બળજબરીથી શીશુપાલ સાથે કરાવતા હતા પણ મારે નહોતા કરવા. વાસુદેવ તમારા ગુણ, તમારા ચમત્કાર, તમારી વાતો મેં સાંભળેલી, અછડતા મેં તમને જોયા હતા. ત્યારથી જ હું તમને વરી ચુકી હતી, માટે જ મેં અબળાએ શીશુપાલ અને મારા કુટુંબથી બચવા તમને મેં પ્રેમપત્ર લખ્યો અને મને બચાવી લેવા વિનંતી કરી હતી. જેનો તમે સ્વીકાર કર્યો અને મારું પાણિ ગ્રહણ કર્યું, મારો ઉધ્ધાર કર્યો."

"હા, રૂક્ષ્મણી, આર્યાવર્તમાં આ પહેલાં સ્વયંવર થતા, બળિયો જીતતો અને વિજેતા બની પાત્રને સ્વીકારતો પણ આર્યાવર્તમાં એક રાજકુમારીને પોતાના મનગમતા પતિને પસંદ કરી ખુલ્લામાં પ્રેમનો એકરાર કરી પ્રેમપત્ર લખી આહ્વાન આપી પોતાને લઇ જવા, ઉપાડી જવા, અપહરણ કરી લઇ જવાનું કહેવાની હિંમત તેં જ કરી. આ પહેલાં જગતમાં આવો કોઇ પ્રેમપત્ર લખાયો હોય તેવું મને યાદ નથી, અને તેં શું શું લખ્યું હતું તે તને યાદ છે?"

"હા,મને પણ યાદ છે." રૂક્ષ્મણી બોલી,

"તું આટલી હિંમતવાળી હોઇશ તે મને ખબર નહોતી,અને અંતે બધું સારું થયું. શીશુપાલ પણ ગયો, ભલે આજે પણ તારા પિતાશ્રી અને ભાઇ મારો સ્વીકાર ન કરે, વાંધો નહીં. બોલ બીજું મેં શું માન્યું તારું?" કૃષ્ણ બોલ્યા અને ઉમેર્યું "મને યાદ નથી."

"હા કદાચ ભૂલી ગયા હશો, પણ પાંડવો વનવાસમાંથી બહાર આવ્યા ત્યારે યુધ્ધના નગારા વાગતા હતા. તમારી હાજરી ત્યાં જરૂરી હતી. તમે ચિંતામાં હતા. તમે વેવાઇ દુર્યોધનનો સ્વભાવ જાણતા હતા. યુધ્ધ અનિવાર્ય હતુ તેવું તમે સ્વીકારી લીધું, તમે તો તમારી નારાયણી સેના તેમને આપી દીધી હતી. તમે હસ્તીનાપુર જવા નીકળ્યા ત્યારે મને બીક હતી. તમને કશું ના થાય તેની. મને મારા ભાઇ પર વિશ્વાસ નહોતો, તે તેના અપમાનનો બદલો લેવાનો પ્રયત્ન કરશે, તેણે આજ સુધી મને માફ નથી કરી કે નથી તમારો સ્વીકાર કર્યો."

બીજી બીક તમારા જૂના દુશ્મન જરાસંઘના પુત્ર સહદેવની હતી, તે પણ બળિયો, પાંડવોનો વિરોધી. ત્રીજી બીક હતી શીશુપાલના પુત્ર તરફથી. આ ત્રણે તમારા લોહી તરસ્યા હતા. મને બીક લાગતી હતી. કદાચ તમને કંઇ થઇ જાય તો, અમારું શું ? તે કલ્પનાથી જ હું ધ્રૂજી જતી હતી. જ્યારે તમે પ્રયાણ કરતા હતા ત્યારે મને મળવા આવ્યા હતા અને મેં તમારી પાસે એક ખાત્રી માંગી હતી કે તમે યુધ્ધથી અલિપ્ત રહેશો. હથિયાર નહીં ઉપાડો, તટસ્થ રહેશો. ફક્ત સ્વબચાવમાં જ હથિયાર ઉપાડશો, અને તમે મારું લાચાર મોં જોઇ મારી માંગણી માની મને વચન આપ્યું અને તે પ્રમાણે તમે વર્ત્યા "

તે દિવસ કૃષ્ણને યાદ હતો, જ્યારે તેઓ કપિધ્વજ પર ચઢયા ત્યારે દૂર ખૂણામાં લક્ષ્મણા ઊભી હતી. તેને જોઇ કૃષ્ણે રથ ઊભો રાખ્યો. તેને કંઇક કહેવું હતું. તે નજીક આવી કૃષ્ણે તેની સામે આદરથી જોયું. તેની આંખમાં ચમક હતી અને તેની એક માંગણી હતી કે:"શ્વસુરજી આર્યાવર્તમાં યુધ્ધના ભણકારા વાગે છે. સમગ્ર ભારત વર્ષમાંથી લશ્કરો હસ્તીનાપુર તરફ પ્રયાણ કરી રહ્યા છે. આપણી નારાયણી સેના પણ હસ્તીનાપુર જવા નીકળી ગઇ. દ્વારકામાં હવે જુજ પુરુષો રહ્યા છે. મને લાગે છે કે ભીષણ યુદ્ધ થશે. મને બીક છે કે સર્વનાશ ના થાય. શ્વસુરજી તમે ધારો તો તેને અટકાવી શકશો. પાંડવો તમારું માને છે. તેમનું આંતરિક બળ તમે છો. તમારા વગર તેઓ અધૂરા છે. તમારા વગર તેમની કોઇ તાકાત નથી કે તેઓ યુધ્ધ કરી શકે. તમે સાથે હો તો જ તેમનો આત્મવિશ્વાસ વધે. તમારી ગેરહાજરીમાં તેઓ લાચાર છે. ફરી, હું વિનંતી કરું છું કે યુધ્ધ

અટકાવી દો. એક પુત્રવધૂ તરીકે મેં તમને મારા બાપ ગણ્યા છે. હું તમને વિનંતી કરું છું મારા પિતાશ્રી દુર્યોધનનું અહિત ના થવા દેતા. અને તેમનું રક્ષણ કરશો. તેઓ ભોળા છે. સામેવાળાના પ્રપંચ તેઓ સમજી શકતા નથી. આવેગમાં આવી નિર્ણયો લે છે. મારો જ દાખલો લો. તમારો પુત્ર શમ્બ હસ્તીનાપુર આવીને મારું અપહરણ કરી ગયો. હું તેના પ્રેમમાં પડી હતી.પિતાની ઇચ્છા ન હતી તેમ છતાં તેઓ મારા લગ્ન થવા દીધા હતા. હવે મને ખબર છે કે શમ્બ યદુવંશ માટે જોખમી છે. હું ઘણું સમજાવું છું પણ તે સમજતો નથી. તેવું જ મારા પિતાજીનું છે. ફરીથી મારા પિતાશ્રીનું રક્ષણ કરશો. આટલું કહીને લક્ષ્મણા કૃષ્ણને પગે લાગીને ડૂસકું ભરીને હવેલી તરફ દોડી ગઇ."

કૃષ્ણ ચકિત થઇને જોઇ રહ્યા છે. મોટું ધર્મ સંકટ આવી પડયું અને દારૂકને કહ્યું. ચાલ હસ્તીનાપુર તરફ. વાતાવરણમાં પડઘા પડવા લાગ્યા.

યદા યદા હી ધર્મસ્ય,

યદા યદા હી ધર્મસ્ય,

પરિત્રાણા સાધુ ભવઃ

આ પ્રસંગ રૃક્ષ્મણીએ કૃષ્ણ સામે આભારવશ થઇ વાગોળ્યો.

"હે નાથ તમે મારી બે વાત માની. હવે છેલ્લી ત્રીજી બાકીની હું માંગણી કરું છું. મારે તમારી પાસે કંઇ જ જોઇતું નથી. તમે તો જગતનું ભલું કરવા અવતર્યા છો. પરમ દિવસે અષ્ટમી છે. ભારત વર્ષમાંથી હજારો લોકો તમારો ૧૦૦મો જન્મ દિવસ ઉજવવા દ્વારકા આવ્યા છે. સાંભળ્યું છે

કે વેદ-મુની વ્યાસજી, નારદ મુની, અને દેવો પણ હિમાલયમાંથી આવવાના છે. આ બધાની સેવા અને પ્રસંગથી મારો ભવ તો સુધરી જ ગયો. પહેલો ભવ તમે સુધાર્યો. બાકીનો ભવ મારી આ છેલ્લી માંગણી પૂરી કરી સ્વીકારશો. તમે અત્યાર સુધી ગંગાધર શ્રોતિ બ્રાહ્મણના કહ્યા પ્રમાણે પાંચ વખત બ્રહ્માંડના દર્શન કરાવ્યા. પહેલું જશોદા માને, બીજું જ્યારે અક્રુર તમને લેવા વૃદાવન આવ્યા હતા ત્યારે,ત્રીજું કુરુસભામાં, ચોથું કુરુક્ષેત્રમાં અને પાંચમું તમે અમને કરાવો, અમે શું ગુનો કર્યો છે ? પહેલો હક્ક તો મારો લાગે. તમારા જન્મની અષ્ટમીને દિવસે દ્વારકામાં જે કોઇ હાજર હોય તેની સામે તમે અમને સ્વેચ્છાએ બ્રહ્માંડના દર્શન કરાવશો તો અમે ધન્ય ધન્ય થઇ જઇશું."

અને કૃષ્ણએ હા પાડવી પડી:" રૂક્ષ્મણી, હું યોગી, હું ભોગી, હું ત્યાગી, હું યોગેશ્વર છું  મેં જ ગીતા કહી હતી અને આજે તેમાંનું મને કશું જ યાદ નથી. આજે હું સંપૂર્ણ રીતે તારા પર અવલંબિત છું. ધન્ય છે દેવી તમે."

રુક્ષ્મણીને થોડી રાહત મળી, પણ તે આજે નક્કી કરીને બેઠી હતી કે કશું બાકી નથી રાખવું. વર્ષોથી લાગણી કાબૂમાં રાખી હતી. "હે અચ્યુત, મારે હજુ બે સવાલ પૂછવા છે. એક તમારા અને રાધાના પ્રેમ સંબંધ વિશે. તમે મારી સાથે હોવ, હું નિદ્રામાં હોઉં તો પણ ઘણી વખત રાત્રે તમે નિદ્રામાં પણ 'રાધા-રાધા' એમ બબડો છો. અને ઊંઘમાં ફક્ત મારી સાથે નહીં પણ બાકીની બધી રાણીઓ સાથે પણ આવું જ થતું હોય છે."

રુક્ષ્મણીના આ ખુલાસાથી કૃષ્ણ ચોંકી ગયા, શું હું રાત્રે ઊંઘમાં રાધા - રાધા બબડું છું અને બાકીની રાત્રિ જ્યાં હોઉં છું ત્યાં પણ આ જ દશા. તેમણે રુક્ષ્મણીને પૂછયું "શું ખરેખર આ વાત સાચી છે?"

"હા, અમે બધા આ જાણીએ છીએ. તમને ખબર નહીં હોય, આ વાત ઉધ્ધવ ને દારૂક પણ જાણે છે. તેમણે જ મને આ વાત કરી હતી." કૃષ્ણ ડઘાઇ ગયા. રાધાને છોડયાને વર્ષો વીતી ગયા, કેટલીયે વખત તો તેની યાદ પણ નહોતી આવતી, શું પોતાના મનના સુષુપ્ત ખૂણામાં તે ઘર કરી ગઇ હતી ? હા, કેમ ન કરે? આનંદએ અલગ વાત છે, પણ આ ભાવ ? જેની સાથે આત્મીયતાની વાત હતી. વૃંદાવન છોડયું ત્યારે ગોપીઓ આવી પણ રાધા ના આવી. પાછળથી તે આવી અને અચાનક !

ઉધ્ધવે આવીને રાધાને પોતાની દિકરીના સમાચાર આપ્યા ત્યારે તેઓ ભાવવિભોર થઇ ગયા હતા. તે બોલી, "આખું આર્યવર્ત તમારા અને રાધાના પ્રેમની ચર્ચા કરે છે. હું તમને વિનંતી કરવાની હતી કે તમારી ૧૦૦મી અષ્ટમીને દિવસે તેને બોલાવો, હું તેનો સ્વીકાર કરીશ. મેં તો બાકીની સાતનો પણ સ્વીકાર કર્યો છે ને ?"

"જ્યારે ઉધ્ધવે મને કહ્યું કે તે રાધાને બોલાવવા વૃંદાવન જાય છે ત્યારે મને ખૂબ આનંદ થયો. મેં કહ્યું કે,' મારા વતી પણ તેને આગ્રહ કરજે,' ઉધ્ધવે કહ્યું, 'હું બે કામે વૃંદાવન જાઉં છું.' બીજું કારણ મને તેણે કહ્યું નહીં. શું હતું ? તે તમને ખબર જ હશે પણ મારે તે જાણવાની ઇચ્છા નથી. ઉધ્ધવ આવી ગયા પણ તે ના આવી, મને ખાતરી હતી કે તે નહીં આવે, તેણે તમને ખૂબ અન્યાય કર્યો છે. આવી હોત તો તમારા વતી હું

માફી માંગી લેત. અમારા બધાને લીધે તમે તેને વીસરી ગયાને ? તમે છેલ્લે ક્યારે મળ્યા હતા? તેના પછી તેણે તમને મળવાની કોશિશ જ ના કરી, ઉધ્ધવે આવીને મને બધી વાત કરી, તે ઉષાને સાથે લાવ્યો હોત તો સારું થાત તે તેના પિતાશ્રીને જુએ તો ખરીને? તમે કોઇ દિવસ તેને પણ મળવા ન ગયા."

કૃષ્ણ, રુક્ષ્મણીની આ વાત સાંભળી ચોંકી ગયા, રુક્ષ્મણી બધું સમજતી અને જાણીતી હતી. ઉધ્ધવ પોતાનો મિત્ર, સખો, વિશ્વાસુ, બાળ સખો, શું પોતાની બધી જ વાત તે રુક્ષ્મણીને કરતો હશે? ભલે કરી. હવે ૧૦૦ વર્ષે શું છાનું? અને આ તો આર્યાવર્તની જાણીતી વાત છે. કૃષ્ણને રુક્ષ્મણીની ઉદારતા, તેની લાગણી, તેની ભલાઇ માટે માન થયું. ખરેખર રુક્ષ્મણીએ તેની સાથે લગ્ન કરી તેની ઉપર ઉપકાર કર્યો હતો. તે તેની સામે અહોભાવથી જોતો રહ્યો, રુક્ષ્મણી તું મહાન છે. તેં મને નભાવી લીધો. મને સાચવી લીધો, મારું જીવન સાર્થક કર્યું. હું તારો ઋણી છું. કૃષ્ણ રુક્ષ્મણીનું આ રુપ પહેલીવાર જોઇ રહ્યા હતા. અને તે પણ જીવનકાળની સંધ્યાએ અને વાતનો અંત આવે તે પહેલાં તે બોલી:

" કેશવ વાત ચાલી છે તો તમે હા પાડતા હો તો એક વાત સત્યભામા તરફથી પણ કરવી છે. સત્યભામા  અમારા આઠેયમાં સૌથી નાની છે. હજુ પણ મુગ્ધા છે. તોફાની છે. હજુ તે પરિપક્વ નથી થઇ. ભલે તે તમારા સંતાનોની માતા બની હોય અને હા મને પણ તે આ સ્વરૂપે જ ગમે છે. તે બદલાવી પણ ન જોઇએ, તે ખૂબ ભોળી છે. તેનો તમારી તરફનો હક્ક બીજા કોઇ લે તો તેનાથી સહન નથી થતું."

"પાછું શું થયું ?" કૃષ્ણે પૂછયું, "શું સત્યા નારાજ છે?"

'ના "મેં તેને સમજાવી લીધી તે સમજી ગઇ અને માની પણ ગઇ, પણ એવું શું થયેલું તેને? કુરુક્ષેત્રનું યુધ્ધ પૂરું થઇ ગયું હતું. અશ્વથામાએ બ્રહ્માસ્ત્ર ઉત્તરાના ગર્ભ પર છોડયું, ઉત્તરાનો ગર્ભ મૃત પેદા થયો, તમે ઉત્તરાને વચન આપ્યું હતું કે તમે પરિક્ષિતને જીવિત કરશો, તમારા બોલ ઉપર બધાને વિશ્વાસ હતો કે પરિક્ષિત જીવિત થશે જ. અને તમે જ્યારે છેલ્લો મંત્ર બોલ્યા ત્યારે દ્રૌપદી સિવાય બધા જ ચોંકી ગયા હતા. તમે કહ્યું કે હું આજીવન બ્રહ્મચારી હોઉં તો પરિક્ષિતનો ગર્ભ સજીવ થાય. અને ગર્ભ સજીવ થયો, સત્યભામા ત્યાં હાજર હતી તે ચોંકી ગઇ, તે આજુબાજુ જોવા લાગી. આઠ પત્નીઓ, તેના થકી ૮૦ પુત્રો, એક પુત્રી, રાધાથી લઇને સત્યભામા. શું બોલતા હતા તમે. તેના મનમાં ગડમથલ ચાલતી હતી. જો આ મંત્રથી ગર્ભ સજીવ થતો હોય તો તેઓ સાચા હતા. તો અમે બધા કેવી રીતે તમારી સાથે સંસાર માંડયો, નિભાવ્યો, બાળકો જન્મ્યા? શું બધા હવામાંથી આવ્યા હતા ? તમારા સાથેના દેહ સંબંધથી જ આવ્યા હતા અને એક નહીં પૂરા ૮૧, અને છતાં આ ભગવાન તેમના ચારિત્ર ઉપર ઘા કરે છે. અને પોતે બ્રહ્મચારી હોવાનો દાવો કરે છે. આ તો બધાનું અપમાન ગણાય ને, તેણે તમારી સખી દ્રૌપદી સામે જોયું. દ્રૌપદીને તો ગર્ભ જીવંત થયો તેનો આનંદ હતો. તે અને કૃષ્ણ આ ખબર આપવા ઉત્તરાની પાસે ગયા. દ્રૌપદીએ તમને ઉંબરા પાસે રોકી એકલી અંદર જઇને તમારા ચમત્કારની વાત કરી. બંને બહાર આવ્યા અને દ્રૌપદી સત્યભામાની મૂંઝવણ સમજી હોય તેમ તેની નજીક આવી સત્યાને ખભે હાથ મૂકી બાજુ

ઉપર લઇ ગઇ. સત્યાનો ગુસ્સો સાતમા આસમાને હતો, તે ધ્રૂજતી હતી. આંખમાં આંસુ હતા. તેના સ્ત્રીત્વ ઉપર ઘા વાગ્યો હતો. તે તમને સમજી શકતી નહોતી એવું નહોતું કે તે નાની હતી. સ્વભાવે ચંચળ પણ ગંભીર પણ હતી. તે કશું ના બોલી, પણ દ્રૌપદીની એક વાતથી તે ચોંકી ગઇ. દ્રૌપદી બોલી 'તમારી સાથે તેમણે દેહથી લગ્ન કર્યાં હતાં. આત્માથી નહીં,'

‘ આ શું કહેતી હતી દ્રૌપદી ? આ દેહનો પ્રેમ, સૂક્ષ્મ પ્રેમ નહીં બંનેનો તફાવત આત્મા અને શરીરનો પ્રેમ તેને સમજ ના પડી, તે મૂંઝાઇ ગઇ, ડઘાઇ ગઇ, તે તો આઠેની સાથે સંપીને રહેતી હતી, કોઇ એ વધુ હક્ક કર્યો નહોતો’

કૃષ્ણ પોતે જ સંતુલન જાળવી આઠેય પત્નીઓની જરૂરિયાત, તેમનો સ્વભાવ, તેમની અનુકૂળતા મુજબ બધીને વહેંચી આપ્યું હતું. કોઇને તેની ફરિયાદ નહોતી, અને આમ પણ કૃષ્ણ ક્યાં વધુ સમય દ્વારકામાં રહેતા હતા? જ્યારથી પાંડવો દ્રૌપદીને પરણ્યા ત્યારથી તેઓ હસ્તીનાપુર વધારે રહેતા હતા. સત્યભામા ઘણી વખત પૂછતી કે," એવું તો શું છે હસ્તીનાપુરમાં કે ગોવિંદ તમારે ત્યાં વધુ રહેવું પડે છે? અને શું તમે ત્યાં નહીં હોવ તો ખરેખર આર્યવર્તમાં અધર્મ ફેલાઇ જશે ? અને અધર્મ એટલે શું ? આ તો કુટુંબનો તેમનો પ્રશ્ન છે ? તો મધ્યસ્થી થઇને પ્રશ્ન ઉકેલી આપોને અને મિલકતના ઝઘડામાં કોઇને વધુ, કોઇને ઓછું મળે તેમાં અનીતિ હોઇ શકે, અધર્મ ક્યાંથી ?"

ગોવિંદ જવાબ ન આપતા. રુક્ષ્મણીની આ વાતથી કૃષ્ણને એવું લાગ્યું કે સત્યાને તેના અને દ્રૌપદીના સખા-સખીના સંબંધોથી આગળ તે

વિચારતી હતી, તેની શંકાને સમર્થન પણ મળતું હતું. દ્રૌપદી માટે તેમને અને દ્રૌપદીને પોતા માટે વિશેષ લાગણી હતી જ,પણ તે લાગણીની એક મર્યાદા રેખા હતી, બંને એ નક્કી નહોતી કરી તે આપોઆપ આવી ગઇ હતી. કૃષ્ણ વિચારોમાં ખોવાઇ ગયા. રુક્ષ્મણીએ ઉઠાવેલો સવાલ, સત્યભામાની શંકા, આ બધામાં દ્રૌપદી તેમને અમારા કરતા વધુ સારી રીતે સમજતી, ઓળખતી હતી. શા કારણ અમને સમજ નહોતી પડતી. કેટલી વખત દ્રૌપદીના વર્તનથી તેઓ મૂંઝાતા હતા. તે કેમ આવું વર્તન તે કરતી હશે ? ઇન્દ્રપ્રસ્થનો વસવાટ, રાજસૂર્ય યજ્ઞા, શીશુપાલનો વધ, સુદર્શન ચક્ર પાછું આપવા તેમની ટચલી આંગળી કપાઇને લોહી નીકળ્યું, ત્યાં બધા જ ઉભા હતા. રુક્ષ્મણી અને બીજી રાણી પણ હાજર હતી. તેમાંથી કોઇએ નહીં અને દ્રૌપદીએ જ પોતાની સાડી ફાડી આંગળી ઉપર પાટો બાંધ્યો હતો, તે વખતે બધાને સહજ એવું લાગ્યું પણ પોતે તેની નોંધ અલગ રીતે લીધી. દ્રૌપદીનું આ વર્તન ભલભલાને શંકા કરાવે તેવું હતું. સત્યભામાની શંકા તેને સાચી લાગતી હતી. ઘણી વખત તેમને પોતાને પણ નવાઇ લાગતી હતી. તેમની હાજરીમાં તેનું વ્યક્તિત્વ અલગ થઇ જતું. મોં પરનો રંગ બદલાઇ જતો, અહોભાવ છલકાતો હતો. સ્ત્રી પોતાના ચારિત્ર્યનું રક્ષણ જાતે નથી કરી શકતી. તેને માટે તેને પિતા-ભાઇ-પુત્ર કે પતિની જરૃર પડતી હોય છે. તેનાથી તે સુરક્ષિત ના હોય તેવું માનતા તે મિત્ર ઉપર ભરોસો રાખતી થઇ જાય. પોતાના ચારિત્ર્યનું રક્ષણ પતિ નહીં કરી શકે શું એવું દ્રૌપદી માનતી થઇ ગઇ હતી. તેના ચીરહરણ પછી તે

અસલામતી અનુભવતી હતી. તેને પાંડવો ઉપર ભરોસો નહોતો. માટે તે માનસિક શાંતિ અને સલામતી કૃષ્ણમાં જોતી હતી.

કૃષ્ણે આગળ વિચાર્યું કે જ્યારે જ્યારે તેનું આગમન પાંડવો પાસે થતું ત્યારે દ્રૌપદી તેના ચરણસ્પર્શ કરતી. ચીરહરણ પછી તેના સ્પર્શમાં એક અલગ તરંગો તરી આવતા. તેનો સ્પર્શ પણ હુંફાળો અને લાચારીનો હતો. અને જાણે કહેતી હોય કે મારો સ્વીકાર કરો. એક જાતનું આહ્વાન હતું ? શું વિચારતી હશે તે કે કૃષ્ણ આજ સુધી કળી શક્યા નહોતા ? આટલી બધી સ્ત્રીઓના સંપર્ક, સંસર્ગ અને સહવાસ છતાં પણ કોઇ તેમને સૂક્ષ્મ રીતે તેના સિવાય ઓળખી ના શક્યા ? કદાચ એટલે જ રાધા અને દ્રૌપદી પણ ના આવી. ગમે તે કારણ હોઇ શકે. આજની રાત શું લઇને આવી ? શાંત પાણીમાં સત્યભામાએ અને રુક્ષ્મણીએ ઘણાં વમળો ઊભાં કરી દીધાં હતાં. તેઓની પાસે કોઇ જવાબ નહોતો, અને હોય તો આપે પણ શું ? મનના એક ખૂણામાં રાધા, બીજામાં દ્રૌપદી બાકીનામાં આઠ પત્ની. છતાં તે મને સમજી નથી શકતી. કૃષ્ણની આખી રાત અજંપામાં વીતી. સવારે બ્રહ્મ મુહૂર્ત થવા આવ્યું હતુ. ખૂબ થાક લાગ્યો હતો અને હવે રુક્ષ્મણી પણ થાકી ગઇ હતી, પણ તેણે તેનો ભાર હળવો કર્યો પણ કૃષ્ણ કોની પાસે પોતાનો ભાર હળવો કરે ? બગાસા આવતા હતા. તેમની આંખો ઢળી ગઇ અને બંને સૂઇ ગયા.

આખી રાતનો ઉજાગરો હતો. બંનેથી મોડું ઉઠાયું, દરવાજો ખોલ્યો તો બહાર બધા ચિંતામાં ઊભા હતા. બંનેને જોઇ હાશ થઇ, સત્યભામા આવીને બાઝી પડી.

"શું થયું ગોવિંદ? તબીયત સારી નથી, આજ સુધી તમે કોઇ દિવસ આટલું સૂતા નથી."

કૃષ્ણ બોલ્યા, "સત્યા, આ બધું તારા લીધે, મારી વ્હાલી તું ખૂબ જીજ્ઞાસુ છે અને નાની પણ છે મને ગમે છે. ચાલ ફરી કોઇ વખત વાત કરીશું."

"હું તૈયાર થઇને આવું છું. આજે તો બધા ઋષિગણ આવવાના છે. તેમની સરભરામાં કોઇ કસર ના રહે તેની ખાસ કાળજી રાખશો. કદાચ વેદ વ્યાસ, શુકદેવ પણ સહકુટુંબ આવવાના છે."

"અને ઉધ્ધવ આજે બધી વ્યવસ્થા જોવા જાતે જઇશું, દારૂકને રથ તૈયાર કરવાનું કહ્યું છે. અને હા મારો પાંચજન્ય શંખ, સુદર્શન ચક્ર મૂકવાનું ભૂલતો નહીં."

પરવારીને કૃષ્ણ, ઉધ્ધવ, પાંચજન્ય, પાંચ ઘોડાના કપિધ્વજ રથના સારથી દારૂકની સાથે ઉધ્ધવ અને કૃષ્ણ આવતી કાલની વિધિના સ્થળ ઉપર જવા નીકળ્યા. ચારે બાજુ ભીડ, ભીડ. અચાનક દ્વારકાની વસ્તી ૪-૫ ગણી વધી ગઇ હતી. જ્યાં જુઓ ત્યાં માનવ કીડિયારું, રંગબેરંગી પતાકા, ધજા, દરેક ઘરને નવેસરથી રંગવામાં આવ્યું હતં. રંગોળી, ફૂલોના સાથિયા, સુશોભનના તોરણો, જાતજાતનાં વાજીંત્રો, આખું દ્વારકા સવારથી હિલોળે ચઢયું હતું. વચ્ચે આદિવાસી મંડળીઓ પરંપરાગત નૃત્ય કરતી હતી. આ બધા એકસાથે આવ્યા હતા. કૃષ્ણે આજે જોયું, તેમણે કદાચ કોઇ દિવસ કલ્પના નહીં કરેલા પાત્રો આવતા હતા. સુદામા, એકલવ્ય અને બીજા કેટલા ? જેની હાજરી અનિવાર્ય હતી તે જ નહીં, રાધા અને દ્રૌપદી.

એક ઉદાસી છવાઇ ગઇ, ગ્લાનિ ખંખેરી નાખી, તે આગળ ગયા તો રંગબેરંગી વસ્ત્રો પહેરી, જુવાન અને વૃધ્ધ ગોપીઓ થનગનતી જતી હતી, જાણે જમીન ઉપર તેમના પગ  જ ન પડતા હોય, કૃષ્ણે મથુરા છોડયુ. પછી તરત જ વૃંદાવનથી બધી ગોપીઓ અને ગોપો, દ્વારકા આવીને વસેલા. ભીડ પસાર કરતાં દારૂક, ઉધ્ધવ, કૃષ્ણ જ્યાં ગોમતી નદી અને દરિયો મળતો હતો ત્યાં ત્રિભેટે પહોંચી ગયા. ચારે બાજુ વિશાળ, ઘૂઘવતો ખાઇ જવા આતુર, વિકરાળ સિંધુ સમુદ્ર કિનારે આવતાં જ જાણે કૃષ્ણના ચરણસ્પર્શ કરતો હોય તેમ શાંત થઇ જતો. આ એ જ સિંધુ સમુદ્ર છે જેણે તેમને જગપ્રસિદ્ધ પાંચજન્ય શંખ આપ્યો હતો. આ પાંચજન્ય શંખ કૃષ્ણની ઓળખ હતો.

કૃષ્ણ જ્યારે તેને વગાડતા ત્યારે તે પહેલાં એક કલાક પ્રાણાયામ, યોગાસન કરતા, ફેંફસાંમાં શ્વાસ ભરતા અને બહાર કાઢતા અને તેનામાં બીજ પૂરે, વિધી કરે, પૂજા કરે, અને પછી જ્યારે તે શંખનાદ કરે ત્યારે આકાશમાંથી જતાં વાદળો તેના ઘોષથી વરસી પડતા, તેના પ્રચંડ ધ્વનિથી ધૂળની ડમરી ઉડતી, સમુદ્ર થંભી જતો, તેનો પ્રચંડ અવાજ સાંભળી પક્ષીઓ ફફડતા, પ્રાણીઓ આજુબાજુ સંતાઇ જતા. હિંસક પ્રાણી પોતાની ગુફામાંથી બહાર ન નિકળતા. આકાશમાંથી દેવદૂત ઉતરી આવી. 'શાંતિ, શાંતિ, સાધુ, સાધુ' બોલતા. તેમણે ભાગ્યે જ બે-ત્રણ વાર તેનો ઉપયોગ કર્યો હતો. પણ આ તેમની ઓળખાણ હતી.

સફેદ દૂધ જેવા પાણીદાર રેવાલ ચાલે ચાલતા, સ્થિતિ, પરિસ્થિતિની ગંભીરતા પારખતાં, ઉધ્ધવની અને કૃષ્ણની વાત સમજતા અને ઇશારાથી

દારૂકને સમજતા પાંચ અશ્વો કૃષ્ણને જીવ જેવા હતા. શોધી શોધીને ઉંચી નસ્લના આવા ૧૦૦ ઘોડા કૃષ્ણની સેવામાં તત્પર રહેતા. દરરોજ સવારે કૃષ્ણ દારૂકને લઇને તોખાર ખાનામાં જતા. બધા જ અશ્વો અશ્વપતિને બાજુ ઉપર રાખી, કૃષ્ણની આજુબાજુ વીંટળાઇ જતા, કૃષ્ણને વ્હાલ કરતા અને ઉધ્ધવ હંમેશાં મજાક કરતો.' મને તો આ અશ્વો ગયા જન્મની ગોપીઓ લાગે છે. તમને જોતાં જ કેવા ઉત્સાહિત થઇ જાય છે!' અને કૃષ્ણ પોતે તેમાંથી શ્રેષ્ઠ પાંચ અશ્વો દારૂકને રથમાં જોડવા કહેતા, દારૂક અશ્વ જોડતા પહેલાં ચારે બાજુથી રથની તપાસ કરી લેતા. તેમની પાસે આટલી જ સંખ્યામાં બીજા રથો હતા. સાગના લાકડામાંથી બનાવેલા બધા રથ પૂરતી માવજતથી બનાવેલા હતા. રસ્તામાં કોઇ દિવસ દગો ન આપે. સાગનું લાકડું આશરે ૧૦ વર્ષ સુધી શુધ્ધ ગોમૂત્રમાં પલાળવામાં આવતું. તેનાથી મજબૂત કરવામાં આવતું. પછી જ તેને ઉપયોગમાં લેવાતું. આ પધ્ધતિથી આજ સુધી દારૂકને કોઇ તકલીફ પડી નથી, તેમના અશ્વો પણ ઓછામાં ઓછા ચાલીસ ગાઉ થાક્યા વગર દોડી શકતા.

અષ્ટમીને બે દિવસ બાકી રહ્યા હતા. દ્વારકાથી થોડે દૂર સેંકડો જોજનમાં પથરાયેલું નવું વૈકુંઠ ઊભું થઇ રહ્યું હતું. આખરી ઓપ અપાતો હતો. કૃષ્ણની વિનંતીથી જૂના મિત્ર મયદાનવ વિશ્વકર્માએ આ જવાબદારી સ્વીકારી હતી. સ્વર્ગને પણ ઝાંખું પાડે તેવું વૈકુંઠ, ચારે બાજુ ધોધ, ફૂવારા, બગીચા, વનરાજી એક એકથી ચડિયાતી કરામત, તેણે બનાવેલું ઇન્દ્રપ્રસ્થ પણ ઝાંખું પડે, એક વિશાળ ગોળાકાર મંચ. તેની ચારે બાજુ બેઠકો. આવનાર તમામ અતિથિ મંચ ઉપર સરળતાથી જોઇ શકે. સાંભળી શકે.

અહીં પણ જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ રચાયેલા ઇન્દ્રપ્રસ્થના પાછલા અનુભવથી દરેક સ્થળે સેવક માર્ગદર્શન આપવા ઊભા રહેતા. જેથી કોઇ અઘટિત વાત ન બને. રહેઠાણ વ્યવસ્થામાં પહેલા દેવોની છાવણી, બીજી ઋષિઓની, ત્રીજે અપ્સરાની, ચોથી ગાંધર્વોની, પાંચમી યક્ષ, છઠ્ઠી રાજાઓ, સાતમી બ્રાહ્મણોની, દરેકને એક વિશાળ છાવણી તેમના રસાલા સાથે. રાત્રે પણ પૂર્ણ પ્રકાશ, દિવસ રાત વૈકુંઠ ઝળહળતું રહેતું. હવે વારો આવ્યો રસોડાનો. રસોડાની તમામ જવાબદારી પાંડવોને માથે હતી. વિશેષ કરી ભીમે(પલ્લવ) જવાબદારી સ્વીકારી હતી. વૈકુંઠમાં પીરસાતા તમામ વ્યંજનો અહીં હાજર હતા. દૂધ, દહીં, ઘી, માવા, મધ, સૂકો મેવો, મરી-મસાલા ઘણાં દિવસ પહેલાં આવી ગયા હતા. કોઇ ભૂખ્યો ના જાય. બધાને સરખું જ ખાવાનું મળે. આ તો સામાજિક વ્યવસ્થાનો ભાગ હતો. કોઇ ઊંચનીંચ નહીં. વિશ્વકર્માએ રચેલી નગરીમાં સૌ કોઇ આવતા જતા હતા. વાતવાતમાં કૃષ્ણનો જય બોલાવતા. આશીર્વાદ આપતા, શુભેચ્છા આપતા. કૃષ્ણ ઉધ્ધવ ફરતા ફરતા મુખ્ય મંચ પાસે પહોંચ્યા. આટલો વિશાળ મંચ આ પહેલા કૃષ્ણ કે ઉધ્ધવે પણ જોયો નહોતો. ચારે બાજુ કુદરતી સૌંદર્યના ચિત્રો, પડદા, ઝાલરો, ઝૂમરો, મશાલ, ઘંટ, નૃત્ય માટેનું અલગ મંચ, વાદક વૃંદની અલગ બેઠક, કપડાં બદલવા માટેની અલગ વ્યવસ્થા. ફૂલો, પૂજાપાનો સામાન, નારીયેળ, પંચામૃત વગેરે થોકબંધ જથ્થામાં રાખવામાં આવ્યું હતું. કૃષ્ણ હોય એટલે પંજરી તો હોય જ.

મંચની વચ્ચેવચ કૃષ્ણના માતા-પિતાને બેસવાનું આસન. હા ! વાસુદેવ-દેવકી જીવતા હતા. આશરે ૧૩૦ વર્ષની તેમની ઉંમર હતી. તેમની બાજુમાં ગુરૂ સંદીપની ઋષિનું સ્થાન. આ બંને સ્થાનની જવાબદારી મિત્ર સુદામાને આપવામાં આવી હતી. ત્યાર પછી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઇન્દ્ર, આદિનું ભવ્ય સ્થાન. આ આસનની જવાબદારી મુનિ નારદને સોંપાઇ હતી. નારદ તેમની વીણા સાથે અહીં તહીં દેવોની પાસે રહેશે. ત્યાર પછી ઋષિગણ, બ્રાહ્મણો અને કુટુંબના ઘરડા લોકો. તેની જવાબદારી ભાઇ બલરામને આપવામાં આવી હતી. બધી વ્યવસ્થા જોઇને કૃષ્ણને ખૂબ આનંદ સંતોષ થયો.  રાતનો થાક, ઉજાગરો જાણે વર્તાતો જ નહોતો. પાછા ફરતાં રસોડામાં નજર નાખી. ભીમની કાર્યકુશળતા માટે તેને કોઇ શંકા નહોતી. જાણે જગતમાં તેનો જેવો નિષ્ણાત પાકશાસ્ત્રી કોઇ બીજો નહોતો. અર્જુનને સાથે લીધો, ત્રણે જણ પોતાની હવેલી તરફ જવા લાગ્યા. રસ્તો માણસોથી ભરચક. અર્જુનને હસ્તીનાપુરના ખબર અંતર પૂછયા. મહાત્મા યુયુત્સુની અને કુટુંબની ખબર પૂછી. આ બધી વાત જાણે ઔપચારિકતા ન હોય ! કુરુક્ષેત્રનું યુધ્ધને પુરુ થયે આજે ૧૦ વર્ષ થઇ ગયા હતા.  આ દરિયામ્યાન ન તો કૃષ્ણ હસ્તીનાપુર ગયા હતા કે ન પાંડવો દ્વારકા આવ્યા હતા. આટલા વર્ષો પર જાણે ધૂંધળું પટલ આવી ગયું હતું. કૃષ્ણ જ્યારે હસ્તીનાપુરથી નીકળ્યા ત્યારે થોડા ગમગીન હતા. હવે તેમનું કાર્ય સમાપ્ત થઇ ગયું હતું. શું ધર્મ સ્થપાઇ ગયો હતો ? ધર્મની રચના થઇ ગઇ હતી ? અને ક્યો ધર્મ ? પણ કૃષ્ણનો અવતાર જે કામ માટે થયો હતો તે પૂરો થયો હતો. પાંડવો અને કૃષ્ણ વચ્ચેનું

આકર્ષણ અચાનક ઓછું થઇ ગયું હતું. કદાચ દ્રૌપદી જ સેતુ હતી. પણ છેલ્લાં ૧૦ વર્ષથી તેનો પણ સંપર્ક નહોતો. યાદ આવતી પણ મળવાનું શક્ય ન બનતું. આજની રાત શાંતિથી પસાર થઇ ગઇ, સવારે દ્વારકા સૂતી જ ના હોય તેમ તેઓ સવારથી જ ગોમતી જવા નીકળીને પહોંચવાની ઉતાવળ કરતા હતા. કોઇ ભીડ ના થાય તેની દ્વારકાના ચોકીદારો પૂરતી કાળજી રાખતા હતા. ૧૧.૦૦ વાગ્યાનો સમય હતો. પણ સવારથી જગ્યા ભરાઇ ગઇ હતી. પૃથ્વી ઉપર આવો કોઇ પ્રસંગ ભવિષ્યમાં આવવાનો ન હતો, પોતાના જીવનમાં આવો પ્રસંગ એક અમૂલ્ય લહાવો હતો. એક સાથે આટલા બધા દેવ, ભગવાન, ઋષિ-બ્રાહ્મણો બધા જ એક ઠેકાણે, જિંદગી પાવન થઇ ગઇ. બધા ગદ્દદિત હતા. દર્શન કરી તૃપ્ત થઇ જીવનનો ભવ સાર્થક કરવાની વાત હતી.

૧૧.૦૦ વાગ્યા સુધીમાં એક પણ જગ્યા ખાલી ન રહી. ગોમતી પાસે ઊભી કરેલી વિશ્વકર્માએ રચેલી નગરી છલકાઇ ગઇ હતી. ઋષિઓ અને બ્રાહ્મણોએ વેદોની ઋચાથી, મંત્રોચ્ચારથી બધાનું ભવ્ય સ્વાગત કર્યું. ક્યાય સુધી ઋચા વાયુમંડળમાં ગુંજતી રહી. સમય થતાં વેદગાન પૂરાં થયાં, સૌ પ્રથમ કૃષ્ણ ઊભા થયા. મા-બાપ, ગુરૂ સંદીપની, દેવો, ઋષિને અને બ્રાહ્મણને દંડવત પગે લાગ્યા. આખી જનમેદની કૃષ્ણ વાસુદેવની ચિચિયારી કરવા લાગી. કૃષ્ણ નીચે ઉતરી ભીડમાં જોડાઇ ગયા. જ્યાં જ્યાં જનમેદની હતી ત્યાં જઇને બધાને દર્શન આપ્યા. જન ધન્ય ધન્ય થઇ ગયું. ફરી પાછા મંચ પર આવ્યા. દરેક દેવ-ઋષિઓએ પ્રજાને આશીર્વાદ આપ્યા. અપ્સરાઓ એ નૃત્યગાન કર્યું. આ બધું કૃષ્ણની સ્તુતિમાં થયું.

લોકો ભાવવિભોર થઇ ચકિત થઇને નાચગાન જોતા રહ્યા. એમણે જિંદગીમાં વાત સાંભળી હતી. પ્રત્યક્ષ આજે જોયું. નૃત્યગાન પૂરું થયા પછી કૃષ્ણ પોતાના કુટુંબી જ્યાં બેઠા હતા તે તરફ આગળ વધ્યા. પોતાની આઠેય પત્નીઓ બધા જ પુત્રો, પુત્રવધુઓ, પૌત્રો-પૌત્રીઓ ત્યાં હતા. જાણે સ્વર્ગ ઉતરી આવ્યું હોય તેમ સોના, ચાંદી, હીરા મોતી માણેકથી સહુ રંગબેરંગી વસ્ત્રો પહેરી થનગનતા હતા. કૃષ્ણ દરેકને મળ્યા. બધા કૃષ્ણને પગે લાગ્યા. કૃષ્ણે કોઇની ગેરહાજરીની નોંધ લીધી. પણ અત્યારે તેઓ આગળ નીકળી ગયા. બધાને મળી આવીને જ્યાં બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ, ઇન્દ્ર બેઠા હતા ત્યાં આવીને તે વાતોએ વળગ્યા. મેદની ભોજન કરવા જઇ રહી હતી. તેઓ વાત કરતા હતા ત્યાં અચાનક રુક્ષ્મણીએ પ્રવેશ કર્યો. તે કૃષ્ણ પાસે આવીને ઊભી રહી. દેવોને પ્રણામ કર્યા. અને કૃષ્ણને કહ્યું કે," તમે મને વચન આપ્યું છે કે તમે આજે બ્રહ્મસ્વરૂપ, બ્રહ્માંડના દર્શન કરાવશો."

"અત્યાર સુધી તમે ચાર વખત બ્રહ્માંડના દર્શન કરાવ્યા. એક જશોદા માતાને, જેણે તમને દુનિયા બતાવી, બીજી  અક્રુ જ્યારે તમેન વૃદ્ગાવન લેવા આવ્યોહતો ત્યારે અને પછી કુરુસભામાં પણ ત્યાં ફક્ત ૭ જ જણાને ભરી સભાને નહીં. ભીષ્ણ, દ્રોણ, ધૃતરાષ્ટ્ર, કૃપાચાર્ય, દુર્યોધન, ગાંધારી, વિદુર. પછી  કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનના વિશાદ વખતે, ગીતા કહેતા પહેલાં. ફક્ત અર્જુનને જ બ્રહ્માંડના દર્શન કરાવ્યા હતા. જ્યારે આજે આખું વિશ્વ દ્વારકામાં હાજર છે. દેવગણ, ઋષિગણ, બ્રાહ્મણો, વાસુદેવ, દેવકી અને સમગ્ર કુટુંબ જ્યારે હાજર છે ત્યારે તમે અમને વિશ્વરૂપ બતાવો અને

અમારું જીવતર સફળ કરો. આ મારી નમ્ર વિનંતી પણ છે અને સ્ત્રી હઠ કે પત્ની હઠ પણ છે."

દેવોએ પણ રુક્ષ્મણીની વાતને ટેકો આપ્યો. હાજર રહેલા બધાને આનંદ થઇ ગયો. સોપો પડી ગયો, આજે ચમત્કાર થશે. પોતાના કૃષ્ણ આજે બ્રહ્મ સ્વરૂપ બતાડવાના છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, બાજુ ઉપર ઊભા થઇ ગયા. આખી મેદની ઊભી થઇ ગઇ. કૃષ્ણ આગળ વધ્યા. માતા-પિતાને પગે લાગ્યા, આશીર્વાદ લીધા. ચારે બાજુ નજર કરી, મરક મરક હસવા લાગ્યા, અને પછી ગંભીર થઇ, મન સ્થિર કરી, થોડા મંત્રો બોલી, આંખો બંધ કરી, ઊંડો સંકલ્પ કર્યો, અને ધીરે ધીરે તેમની આકૃતિ મોટી થવા લાગી. ચારે બાજુ ધુમ્મસ છવાતું ગયું. વાતાવરણ સુગંધિત થતું ગયું. પવન ઠંડો આવવા લાગ્યો. નિરવ શાંતિ અને ધીરે-ધીરે ધુમ્મસ ઓછું થતું ગયું અને કલ્પી ના શકાય તેવી વિશાળ છાયા નજર સમક્ષ દેખાઇ. આ હતું કૃષ્ણનું બ્રહ્મસ્વરૂપ ! પગમાં હીરાજડિત, સોને મઢેલા પગરખાં, આખું કેસરી પણ વધુ સોનેરી પીતાંબર, સરસ ઘડી વાળેલી પાટલી, પાટલીની ઉપર રત્નજડિત કમર પટ્ટો, વિશાલ ભાલ, ખભેથી કમર સુધીની જનોઇ. જનોઇ પણ સૂતરની અને ચમકતી. તેના પરની ત્રણ ગાંઠ પણ તુલસીના મણકાથી શોભતી. કાને કુંડળ, ગળે નવલખા હાર, સરસ બારીક કામ કરેલા હાથના બાજુબંધ હાથમાં નીલમની વીંટી, ખૂલ્લું કપાળ, કુંતલ લટ, માથે સાદી દોરીથી વીંટળાયેલું મોરપિચ્છ. એક હાથમાં સુદર્શન, બીજા હાથમાં કમળ અને મોહક ચમકતું વદન, જાણે કોઇ શિલ્પીએ ઘડેલી પ્રતિમા ન હોય.તેઓના મોઢામાં સમગ્ર બ્રંહ્માડ દેખાતું હતું.

બધા ચક્તિ થઇને આ દર્શન કરતા રહ્યા. આ ભ્રમ હતો કે વાસ્તવિકતા? મોટા ભાગના એ પોતાના શરીર પર ચૂંટી લીધી. આ સાચું છે કે ખોટું ? આજે વસુ ઉપર વાસુદેવના સાક્ષાત દર્શન કરીને લોકો પાવન થઇ ગયા. રુક્ષ્મણીએ ચકિત થઇને જોયા કર્યું. શું આ જ વાસુદેવની તે પટરાણી હતી? તેમનાં બાળકોની મા હતી. તેમનું જ પડખું સેવ્યું હતું. તે આ રૂપ જોઇ પોતાની જાતને હીણી માનવા લાગી. અત્યાર સુધી તે પોતાને રૂપાળી ગણતી હતી પણ આજે આ રૂપને જોયા પછી તે ઝંખવાઇ ગઇ હતી. અને હાજર રહેલા એ સ્વરૂપની ઝાંખી કરી તૃપ્ત થઇ ગયા, તેમણે બધાએ ભગવાનને સાક્ષાત જોયા હતા. એથી પણ એક વધુ ચમત્કાર જોવા મળ્યો, બ્રહ્મા-વિષ્ણુ-મહેશ જ્યાં બેઠા હતા, ત્યાં ફક્ત બ્રહ્મા-મહેશ જ હતા, વિષ્ણુ ન હતા. તો શું કૃષ્ણ વિષ્ણુના અવતાર હતા ? શું અવતાર ધારણ કરવા માટે તેઓ અદ્રશ્ય થયા હતા? ધીરે - ધીરે એ આકૃતિ ઓઝલ થઇને ઓગળી ગઇ. લોકો ચકિત થઇને જોતા જ રહ્યા. અને થોડી વાર પછી લોકો તંદ્રામાંથી જાગ્યા હોય તેમ સચેત થઇને સામે જોયું તો બ્રહ્મા-વિષ્ણુ-મહાદેવ !

અને હવે આવ્યો, દાનનો સમય ચારે બાજુ કૃષ્ણના પુત્રો, ધનનાં ઢગલાં લઇ બેઠા હતા. બધાને પેટભરી દાન-દક્ષિણા આપતા હતા. બધા જ કૃષ્ણની લાંબી આવરદાના આશીર્વાદ આપી વિદાય થતા. છેલ્લે દેવ, નારદ, ઋષિ, બ્રાહ્મણ અને કુટુંબીજનો જ રહ્યા હતા. તેઓ આ બધાને કંઇ આપવા લાવ્યા નહોતા. છતાં પણ પ્રેમના પ્રતીક તરીકે કૃષ્ણે બધાને નારદ મારફતે સોનાના દોરે બાંધેલી તુલસીમાળા આપી જે બધાએ

સ્વીકારી. બધા ધીરે-ધીરે વિદાય થવા લાગ્યા. છેલ્લે નારદ અને વ્યાસજી રહ્યા. વ્યાસજીએ જતાં જતાં કહ્યું, વાસુદેવ હવે ૨૬ વર્ષ રહ્યાં. તમારી લીલાને, સમાજને ઉપયોગી થાય તેમ કરજો. પણ ભાવિ કંઇક જુદું જ હતું. નારદ રોકાયા, સૂર્યનું છેલ્લું કિરણ જેવું દ્વારકા ઉપર પથરાયું ત્યાં તો વિશ્વકર્માએ ઊભી કરેલ માયાનગરી સંકેલાઇ ગઇ. ફરી એ જ ગોમતી અને સિંધુ સમુદ્રનું મિલન સ્થળ દેખાવા લાગ્યું. જાણે અહીં કશું જ હતું નહીં. માયાનગરીના કોઇ નામોનિશાન નહીં. ફક્ત વધેલા ખોરાક માટે કૂતરા, પક્ષીઓ, અને બીજાં પ્રાણીઓ ખેંચાખેંચ કરતા હતા. બસ આ જ એક.......

હવે અતિથિઓમાંથી સુદામા, પાંડવો અને નારદ જ રહ્યા હતા. કૃષ્ણે જગત આખાને દાન દક્ષિણા ભેટસોગાદ આપી તૃપ્ત કર્યા હતા. હવે વારો ઘરનો હતો. કૃષ્ણના ૮૦ પુત્રો-પુત્રવધૂઓ, એક પુત્રી ચારુમતી, જમાઇ બાલી તેના પુત્રો અને પૌત્રો, ભાઇઓ-બહેનો અને મોટો વસ્તાર. સોનાની દ્વારકાનો ખજાનો કુટુંબ માટે ખોલી દીધેલો. જેને જે જોઇએ તે લઇ લે. રુક્ષ્મણી અને તેમ બાકીની રાણીઓ એ મન મૂકીને કુટુંબીજનોને ભેટ આપી. ફક્ત એક જ પુત્રવધૂએ ભેટ ન સ્વીકારી. તે હતી 'લક્ષ્મણા'. કૃષ્ણ અને જાંબવતીના પુત્ર શમ્બની પત્ની, દુર્યોધન અને ભાનુમતિની અપહરણ કરીને લાવેલી કન્યા.

આમ કૃષ્ણ અને દુર્યોધન સગા વેવાઇ થયા. અને આ એ જ લક્ષ્મણા હતી, જેના સંસ્કાર, કેળવણી અને માની શિખામણથી આખું યદુ વંશ એક હતું. તે ન હોત તો યદુ વંશની દશા પણ કુરૃવંશ કરતા પણ ખરાબ હોત.

હવે ધર્મ-અધર્મની વાત. કાશીનરેશની બે રાજકુમારી, રૂપમાં અપ્રતિમ, સુંદરતામાં, બુધ્ધિમાં, હથિયાર ચલાવવામાં, પાકશાસ્ત્રમાં, કામશાસ્ત્રમાં, શિક્ષણમાં નિપુણ. તે બંનેમાંથી મોટી તે દુર્યોધનની પટરાણી ભાનુમતી અને નાની જલાંધરા ભીમની પટરાણી. જો દુર્યોધન દુષ્ટ હોત, પ્રજાને રંજાડતો હોત, અપ્રિય હોત, ઘાતકી હોત, તો કાશી જેવા મોટા રાજ્યની મોટી રાજકુમારી કાશીનરેશ દુર્યોધનને પરણાવે ખરા ? અરે કોઇ પણ મા-બાપ દુષ્ટ, અધર્મી સાથે પોતાની પુત્રીને પરણાવે નહીં. જેની દિકરી કૃષ્ણના ઘરમાં સમાઇ ગઇ, પ્રિય થઇ પડી. ગૃહલક્ષ્મી થઇને રહી, માના સંસ્કાર, શિક્ષણથી વંશનું નામ રોશન કર્યું. ઉલ્ટું તે લક્ષ્મણાનો પતિ શમ્બ યદુવંશનો નિકંદન કાઢનાર સાબિત થયો. દુર્વાસાનું અપમાન, તેમની મશ્કરી અને ઠઠ્ઠાથી યદુવંશનો નાશ કરવામાં નિમિત્ત બન્યો શમ્બ. આખું દ્વારકા દારૂડિયું હતું. પૃથ્વી પરના એક પણ એવા વ્યસન કે અવગુણ એવા નહોતા કે જે દ્વારકામાં ના હોય. અને આ જ લક્ષ્મણા કૃષ્ણના આખા સમારંભમાં ગેરહાજર રહી, આશીર્વાદ લેવા પણ ન આવી કે કૃષ્ણ કુટુંબમાં આપતી ભેટ વખતે પણ ગેરહાજર રહી. કૃષ્ણે આ નોંધ લીધી પણ જાહેરમાં કોઇને અણસાર આવવા દીધો નહીં. રાત પડી. નારદ પોતાને ઉતારે ગયા. પાંડવો અને તેમનું વિશાળ કુટુંબ અલકાપુરીના વૈભવી નિવાસસ્થાને હતું. ત્યાં તેમના રહેવાની વ્યવસ્થા કરી હતી.

પોતાની હવેલીમાં જ સુદામા અને ઉધ્ધવને પોતાની સાથે રહેવાની વ્યવસ્થા કૃષ્ણે કરી હતી. ઘણા વર્ષે સુદામા મળ્યા હતા. માટે રુકમણી અલગ કક્ષમાં હતી અને તેનું અલગ કક્ષમાં રહેવાનું કારણ પણ જુદું હતું.

તેણે  લક્ષ્મણાને યાદ કરી. જે વાતની કૃષ્ણે નોંધ લીધી હતી તે વાતની રુકમણીએ પણ નોંધ લીધી હતી. વંશને એક તાંતણે બાંધનાર લક્ષ્મણા કૃષ્ણના આટલા મોટા પ્રસંગમાં જાણી જોઇને ગેરહાજર રહે. કોઇ ખુલાસો પણ નહીં, કુટુંબની વહેંચણીનો પણ બહિષ્કાર, રુક્ષ્મણીને નવાઇ લાગી. પણ રૂબરૂ ન મળે ત્યાં સુધી ખુલાસો શક્ય નહોતો. અને ખુલાસો કરવો જરૂરી પણ હતો, અનિવાર્ય પણ હતો. લક્ષ્મણાની નારાજગી કુટુંબને પોષાય તેમ નહોતી. તે સૌની લાડકી હતી. હા ! કદાચ એવું બન્યું હોય કે પાંડવોના રસાલા સાથે તેની માતુશ્રી ભાનુમતિ આવી હોય અને તેમાં તે રોકાયેલી હોય. પણ ભાનુમતિ તો બધા જ પ્રસંગમાં હાજર હતી. તેણે ઉમંગથી પ્રસંગમાં ભાગ લીધો હતો. કૃષ્ણે તેને સુંદર હાથીદાંત જડેલો રથ ભેટમાં આપ્યો. તેણે તે સ્વીકાર્યો હતો. કૃષ્ણ આમ તો ભાનુમતિના દિયર થાય. દુર્યોધનથી તે નાના હતા. અને કૃષ્ણ પણ ભાનુમતિને ભાભી જ કહેતા.

કક્ષમાં સુદામા, ઉધ્ધવ, કૃષ્ણ ત્રણ જ જણ હતા. એક ચાકરે આવી કૃષ્ણ પાસે ગરમ પાણી મૂક્યું. તાંબાકુંડીમાં પગ મૂકી તેઓ શેક લેવા લાગ્યા. ચાકર હળવે હાથે માલીશ કરવા લાગ્યો. "મધુસુદન થાકી ગયા.?" ઉધ્ધવે પુછ્યું

"હા થાક્યો છું, ઉંમર પણ થઇ જો ને હું અને સુદામા સરખાં છીએ. છતાં મારા કરતાં તે વધુ ઘરડો લાગે છે."

"હા કેશવ તમારી ઉપર સમયની થાપટ ઓછી પડી, જ્યારે મારી પર વધુ."

સુદામાએ કહ્યું અને ઉમેર્યું:'જિંદગીના બે છેડા ભેગા કરતાં જિંદગી ક્યાં ખર્ચાઇ ગઇ તે ખબર જ ન પડી'

અને કૃષ્ણ અચાનક ઊભા થઇને સુદામા પાસે ગયા. તે સુદામાને નીચે નમી પગે લાગ્યા, "મિત્ર મને માફ કરી દે. મેં તને ખૂબ દુઃખ આપ્યું છે. મારું ધ્યાન તારા તરફથી ખસી ગયું હતુ. સ્મૃતિમાંથી તું વિસરાઇ ગયો હતો. હું તો ત્રણે કાળનો જ્ઞાતા. હું તને કેમ જોઇ ન શક્યો ? વાંક મારો હતો. તારો નહીં, હું જ્યારથી જગતને જોતો થયો ત્યારથી માનવ સ્વભાવનો અનુભવ લેતો થયો. મેં મારી જિંદગીમાં હજારો સ્ત્રીઓ, હજારો પુરૃષો, રાજા, મહારાજા, રાણી, રાજકુમારી, લગ્નજીવન, પ્રણય, પ્રેયસી, પ્રેમ બધાનો અનુભવ કરી લીધો પણ બાળ સ્વભાવનો અનુભવ મને ન થયો."

"તે દિવસે જંગલમાં લાકડાં વિણતા આપણે ભૂલા પડી ગયા. ઝાડ ઉપર રાત વિતાવી, તારી પાસે થોડા ચણા-પૌંઆ હતા. તે મને ન આપ્યા અને તેં એકલાએ ખાધા હું પણ ભૂખ્યો હતો. તે મને ન આપ્યા. તેનો ગુસ્સો, તારી ઉપર ઉતાર્યો અને તને દુઃખી કર્યો. પણ પાછળથી મોટા થઇને વિચાર્યું કે તું તો આગમચેતીવાળો હતો. તે અગાઉથી જ તારા ભોજનની વ્યવસ્થા કરી રાખી હતી, જે મેં મૂર્ખાએ ન કરી. અને તારી જગ્યાએ હું હોત તો પણ બાળબુદ્ધિ પ્રમાણે મારી પાસેથી હું તને ન આપત. કોઇનો વાંક કાઢવો સહેલો છે. તેમાંથી શીખવું, સમજવું અને પુનરાવર્તન ન થાય તેની શીખ બહુ ઓછા લે છે. ઉધ્ધવ, આપણે ઘરની બહાર નીકળીએ છીએ ત્યારે શું શું લઇને નીકળીએ છીએ. સુદામાને કહે તેં મને

ઉગારી લીધો, હું જ્યારે બહાર નીકળું છું. ત્યારે મારી સાથે ઉધ્ધવ હોય જ." અને કૃષ્ણે આગળ ચલાવ્યું. "૧૦-૧૫ દિવસ સુધી ચાલે તેટલો ખોરાક, સામગ્રી, પાણી, દવા, હથિયાર, શસ્ત્રો, આરામ કરવાની સગવડ, આ બધું જ મારા રથમાં હોય જેથી તે રાત જેવી ભૂલ ફરીથી મારાથી ન થાય, તું તો મારો ગુરૃ નીકળ્યો. તારામાંથી હું ઘણું શીખ્યો મિત્ર. અને આજે તું આવ્યો ત્યારે મારે તને ગુરૃદક્ષિણા આપવી છે."

સુદામા બોલ્યા, "કેશવ, આજે મારી સમૃધ્ધિ છે તે તમારા જ પ્રતાપે છે. મારે તમારી પાસે પ્રીત-દોસ્તી સિવાય કંઇ નથી જોઇતું."

કૃષ્ણ બોલ્યા," તારી પાસે હું રંક છું. તું બ્રાહ્મણ છે. તેં કોઇ દિવસ મારી પાસે માંગ્યું જ નથી, હું તો તારો દોષી છું, કેટલાં વર્ષો તેં મારે લીધે દરિદ્રતામાં ગાળ્યા પણ આજે હું તને બદલો આપી દઉં છું. હું યુગદ્રષ્ટા, યોગેશ્વર, યોગી છું. જ્યાં સુધી આ ધરા રહેશે ત્યાં સુધી જ્યારે જ્યારે મિત્રતાની વાત નીકળશે ત્યારે ત્યારે મારીને તારી મિત્રતાના દાખલા આપવામાં આવશે અને મને અને તને સાથે યાદ કરશે, આ મારું વચન છે. અને આમાં તારી મહાનતા છે. અને પહેલા સુદામા, પછી કૃષ્ણ બોલાશે." સુદામાની આંખમાંથી ચોધાર આંસુ નીકળવા લાગ્યા. આટલું બોલતા બોલતા કૃષ્ણના મોં પર એક તેજની આભા, ચમકતો ચહેરો અને મોહક સ્મિત તરી આવ્યું. ત્રણે જણ મૌન રહ્યા, આજે કૃષ્ણ બીજા જ રૃપમાં હતા, તેમની આંખોમાં ઊંઘ નહોતી.

કૃષ્ણના મનમાં મોટી ગડમથલ ચાલતી હતી. વેદમુનિ વ્યાસ જતાં જતાં ગાંધારીનો શ્રાપ યાદ અપાવતા ગયા હતા. હવે ૨૬ વર્ષ બાકી. જે

માણસને પોતાની મૃત્યુ તિથિ એ જ જન્મ તિથિ હોય તે કેવી નવાઇની વાત કહેવાયને !

દુનિયાનો તારણહાર, ૧000 નામધારી, સુદર્શનને ધારણ કરનાર, આર્યવર્તને એક રાખનાર કૃષ્ણ, હવે પોતાની લીલાને ૨૬ વર્ષ બાકી છે તે તેઓ જાણતા હતા. હજુ ઘણા પ્રશ્નો ઉકેલવાના છે. વિકાસ અને વિનાશ જોવાના હતા. આજથી શરૂઆત થઇ હતી. આજે એક મોટું ઋણ ચૂકવ્યું. થોડા હળવા થયા.

"ઉધ્ધવ થોડા દિવસથી હું જોઉં છું ! હવેલીમાં કોઇ શ્રુતિ બ્રાહ્મણની અવર-જવર વધી છે કોણ છે તે ?"

ઉધ્ધવે કહ્યું," તે ગંગાધર શ્રુતિ બ્રાહ્મણ છે."

શ્રુતિ બ્રાહ્મણ ઉપર દેવોની કૃપા હતી, વરદાન હતું તેઓ તેમને કશું પણ જોયેલું કે સાંભળેલું ભૂલી નહીં શકે અને તે જાતે તે પોતાના વંશ-વારસો, વાલીઓને આપી જતા. આટલી મોટી કૃપા બીજા કોઇને દેવોએ આપી નહોતી. તેઓ ગામ-ગામ ફરી રાજા પ્રજાને તેમના પૂર્વજોનો ઇતિહાસ કહી બતાવતા. તેમને દેવનો એક શ્રાપ પણ હતો. જો હકીકતમાં સત્યનો અભાવ કે કોઇ જુઠાણું કે કશું ખોટું બોલે તો તેમની સ્મૃતિ વિસરાઇ જાય. અને તેની પોતાની ભાવિ પેઢીને વારસામાં કશું આપી ન શકે. આ તેમની આજિવિકા હતી.

હા, આ જ ગંગાધર શ્રુતિ બ્રાહ્મણ ઘણા વખતથી દ્વારકા, કૃષ્ણની હવેલીમાં આવ-જા કરતા હતા.

"પણ ઉધ્ધવ આપણી હવેલીમાં એવું કોણ છે જેને ભૂતકાળ જાણવામાં રસ હોય?

'આમ તો કોઇ નહીં, પણ મને લાગે છે, મનોરંજન ખાતર પણ હવેલીની સ્ત્રીવૃંદ કુરુક્ષેત્રની વાતો સાંભળતી જોવા મળે છે. અને ગંગાધર બહુ રસપૂર્વક આ બધી વાતો કરે છે'
અને કૃષ્ણ ચોંકી ગયા. "કોણ-કોણ જાય છે? વધુ કોણ સાંભળે છે. કોણ સવાલ-જવાબ કરે છે."

અને ઉધ્ધવે જવાબ આપ્યો, "શમ્બની ધર્મપત્ની, દુર્યોધનની પુત્રી અને તમારા વંશની સર્વશ્રેષ્ઠ, સંસ્કારી, ખાનદાની, પુત્રવધૂ લક્ષ્મણા'
અને ફરી કૃષ્ણને ધ્રાસ્કો પડયો. ભયની ઘંટડી વાગવા માંડી. કશું અનર્થ થવાના એંધાણ દેખાવા લાગ્યા. આજ સુધી કુરુક્ષેત્રના યુધ્ધની ચર્ચા આ હવેલીમાં કોઇ દિવસ થઇ નહોતી. આ કૌરવો હાર્યા, માર્યા ગયા, પાંડવો જીત્યા, રાજ મેળવ્યું. તે બધું કૃષ્ણને લીધે. તેમના આભારથી, તેમની આવડતથી, કુનેહથી. કૃષ્ણ જાણતા હતા. જો તેઓ તેઓ પાંડવ પક્ષે ન હોત તો પાંડવો જીતી શકે તેમ હતા જ નહીં. અને કૃષ્ણ જાણતા હતા કે તેઓ કેવી રીતે જીત્યા. પોતાની ઉપર પાપનો બોજો હતો.

કક્ષમાં અજવાળું જોઇ ધીમે દબાતા પગલે નારદે પ્રવેશ કર્યો. તેમને નવાઇ લાગી. સુદામા, ઉધ્ધવ અને નારાયણ જાગતા હતા. દરેકના મોં પર ગ્લાનિ હતી. દુઃખ હતું. શું કૃષ્ણને ભૂતકાળ સતાવતો હતો ? નારદ પામી ગયા, ઉધ્ધવના બાળસખાની કોઇ વાત તેનાથી અજાણ કે છૂપી

નહોતી. તે તો અચ્યુતનો પડછાયો હતો. પડછાયો અલોપ થાય પણ ઉધ્ધવ નહીં.

"શું થયું ગોવિંદ?" નારદે પૂછી જ લીધું.

કૃષ્ણે કહ્યું:," કશું નહીં, પણ ભાવિની ચિંતા છે. આવનાર દિવસો સારા લાગતા નથી. મારા કાર્યો હવે મને સતાવે છે. અને બધા ન્યાય માંગે છે. તેમનો હક્ક પણ છે. ક્યાં સુધી મારી ખરીખોટી માન્યતાની આમન્યા રાખે? તેમની ધીરજનો અંત પણ હોયને ? તેઓ પણ મારી પાસે જવાબ માગે છે . મારે આપવા જ જોઇએ. મારી ૧૦૦મી વર્ષગાંઠ ધામધૂમથી ઉજવાઇ. દેવોથી લઇ પ્રજા સુધી બધાએ ખૂબ આનંદ કર્યો. મને આશીર્વાદ પણ મળ્યા. આ આશીર્વાદથી શું હું વધુ જીવવાનો છું ? ના, નહીં, આજે જ મેં મારા બાળમિત્ર સુદામાની માફી માંગી ભાર હળવો કર્યો છે. મેં જોયું કે ઉધ્ધવ, પાંડવો સાથે બધી જ પુત્રવધૂ, પૌત્ર, પુત્રો આવ્યા છે. અને સૌથી સારી વાત ભાનુમતિ આવી છે તે છે. તે ભૂતકાળ ભૂલી ગઇ લાગે છે. મારે તેની પણ માફી માંગવી છે. આખરે તે લક્ષ્મણાની માતા છે. અને લક્ષ્મણા મારી સૌથી પ્રિય પુત્રવધૂ છે."

રાત જાણે ઘટતી જ નહોતી અને અચાનક તેમની વાતમાં ભંગ પડયો. આ સમયે રુક્ષ્મણી અંદર આવી, બધા ચોંકી ગયા. આ સમયે રુક્ષ્મણી ?

"શું થયું ?" "કૃષ્ણ ચકિત થઇને પૂછયું, તબિયત સારી છે ને ? વૈદ્યને બોલાવું?" રુક્ષ્મણીએ કહ્યું,"ના... ના.... હજુ પણ તમારા કક્ષમાં અજવાળું? મેં નારદને તમારા કક્ષમાં આવતા જોયા. નવાઇ લાગી. આજે મેં પણ

મારી સાથે સૂવા માટે લક્ષ્મણાને બોલાવી હતી. તે આવી પણ ખરી. પણ તે તમારાથી નારાજ અને દુઃખી હોય તેમ લાગે છે. કશું બોલતી નથી પણ ડઘાઇ ગઇ છે. તેને મૂંઝારો સતાવે છે. મન ખોલતી નથી. બહુ કહ્યું કે તો તેણે કહ્યું તે તમારી સાથે જ વાત કરવા માંગે છે અને ભાર હળવો કરવા માંગે છે."

કૃષ્ણનું એવું માનવું હતું કે જે રીતે લક્ષ્મણા છેલ્લા ઘણા પ્રસંગોમાં તેના પરથી ગેરહાજર રહી હતી. તે કદાચ તેઓથી કે તેઓના કે પુત્ર શમ્બની સાથે કોઇ મનદુઃખ થયું હશે. શમ્બ વ્યસની, તોફાની અને પરસ્ત્રીગામી હતો. શમ્બ અને લક્ષ્મણાને ૧૦ પુત્ર-પુત્રી હતા. હવે તો મોટી સુમિત્રા પરણાવવા યોગ્ય થઇ હતી. લક્ષ્મણાને તેની ચિંતા હશે, શમ્બ તેને ગણકારતો નહીં હોય. કદાચ ભાનુમતી પણ પૌત્ર-પૌત્રીને જોવા આવી હોય. પણ લક્ષ્મણાને ચિંતા કરવાની જરૂર નહોતી. યદુવંશની કોઇપણ દીકરી માટે ભારતવર્ષનો કોઇ પણ રાજા દીકરી લેવા તત્પર જ હોય અને તે પણ લક્ષ્મણાની! દીકરી મોરના ઇંડા ચિતરવાના ન હોય પણ તેઓ ભૂલતા હતા. તેઓ ખોટા પડવાના હતા. ભાવિના એંધાણ જુદા જ હતા.

શ્રુતિ ગંગાધર શાસ્ત્રી આવ્યા હતા. અને લક્ષ્મણા તેમને તેના પિતાશ્રીની વાત પૂછી બેઠી, શાસ્ત્રીજીએ માંડીને બધી વાત કરી.

તેમણે ઇન્દ્રપ્રસ્થથી વાત શરુ કરી,અને દુર્યોધનના અંત સુધીની બધી વાતો માંડીને કરી હતી. હવે ચોંકવાનો વારો બધાનો હતો. લક્ષ્મણા દુર્યોધન અંગેનો ખુલાસો કરવા માંગતી હતી. હવે, કૃષ્ણના હાથ ભીના

થયા. તેમને પણ થોડો મૂંઝારો થયો. તેઓ માથે હાથ મૂકીને બેસી ગયા. તેમણે ઉધ્ધવ પાસે પાણી માંગ્યું.

'માણસ આખી દુનિયાનો સામનો કરી શકે, પણ પોતાના આપ્તજન, પોતાના પેટનો સામનો ન કરી શકે, તે ઊક્તિ આજે સાચી લાગી. ક્રષ્ણે વિચાર્યું કે લક્ષ્મણાને હું સામે ચાલીને કાલે બોલાવીશ અને તેને આશ્વાસન આપી સમજાવી લઇશ. પણ અહીં પણ તે ખોટા પડવાના હતા.

બધા વિખરાયા, ખૂબ થાકેલા કૃષ્ણ આડા પડયા અને સૂઇ ગયા .

બીજે દિવસે સવારે ભારે વરસાદ હતો. વાતાવરણ નીરસ, ચારે બાજુ વરસાદથી પાણી ભરાયેલા હતા. ચારે બાજુ તમરાં અને દેડકાં બોલતાં હતાં, કોયલ ટહુકા કરતી હતી. મોર ટેહું ટેહું કરતા હતા. કૃષ્ણ પ્રફુલ્લિત મુદ્રામાં જાગ્યા. કક્ષમાં કોઇ નહોતું. તેમણે ચારે બાજુ જોયું, સુદર્શન તેની જગ્યાએ સ્થિર હતું, તેઓ તેને જોતા જ રહી ગયા. આ શસ્ત્ર તેમણે સ્વયં બનાવેલું હતું. અને તેનો ઉપયોગ તેઓ જ કરી શકતા, બીજું કોઇ નહીં. આજ સુધી તેનો એક જ વખત ઉપયોગ થયો હતો, તે પણ શિશુપાલના વધ માટે. અને તેમને અચાનક યાદ આવ્યું. એક દિવસ અશ્વત્થામા દ્વારકાનો મહેમાન બનેલો દરરોજ કૃષ્ણને મળવા આવે. આવે એટલે તેની નજર ચક્ર પર પડે અને તેને જોયા જ કરે. એક દિવસ કૃષ્ણે પૂછી લીધું, "શું વિચારે છે ?"

અશ્વત્થામાએ કહ્યું કે, "દ્વારકાધીશ સાચું કહું ?"

હા, "સાચું કહે, તું તો બ્રાહ્મણ છે. સાચું બોલવું તારું વ્રત છે. તારા લોહીમાં છે. તારા ગુણમાં છે. મને ખરાબ નહીં લાગે અને તું તો મારો મહેમાન છે."

અને અશ્વત્થામાએ કહ્યું કે," હે ફાલ્ગુન મિત્ર, દ્રૌપદીના સખા, જે પાંડવો તમારાથી ઉજળા છે. તમારી હુંફે જીવે છે. જેનું અસ્તિત્વ તમારા થકી છે, તમારું કવચ છે. હું આ સુદર્શનથી તે કૃષ્ણનું શીશ કાપવા માંગું છું."

અને કૃષ્ણ ચોંકી ગયા, આટલી બધી કટુતા આ બ્રહ્મપુત્રમાં ? જો કે તેણે કરેલી બધી વાત સાચી હતી અને તેમણે હસીને વાત ટાળી દીધી અને સાચું બોલવા માટે અશ્વત્થામાને અભિનંદન આપ્યા અને કહ્યું "હું બધું સમજું છું, જાણું છું."

અને આજે તેમણે એ પ્રસંગ યાદ કરી વિચાર્યું, શું ખરેખર પોતે બધાના માટે એટલા નડતરરૂપ છે ? એક વર્ગ પ્રેમ કરે અને બીજો વર્ગ તિરસ્કાર. શું  તેમનું ચારિત્ર્ય બે ભાગમાં વહેંચાયેલું છે ? શું પોતે એટલા બધા ખરાબ હતા ? તેમનો અવતાર તો ધર્મની સ્થાપના માટે થયો હતો. અને આજે જીવનના સંધ્યાકાળે તેનું મૂલ્યાંકન કરતા તે વ્યર્થ લાગતો હતો. શું આવું ઘણાં બધા વિચારતા હશે ? તેમની તો કોઇની સાથે શત્રુતા નહોતી. છતાં આટલી બધી કટુતા દરેકમાં ? અને તેમને તેમની જિંદગીનું વિશ્લેષણ કરવાની જરૂર લાગી. શું ધર્મ સ્થાપનાની તેમની ઘેલછાએ ,તેમની વ્યગ્રતાએ બધાનું અહિત તો નથી કર્યું ને ? આજે ઉધ્ધવ અને નારદ આવે ત્યારે પૂછવું પડશે. રુક્ષ્મણીએ તો પોતાનો બળાપો કાઢયો, તે

સાચી પણ હતી. પોતે ભલે અવતારી પુરુષ હતા પણ છેવટે તો માનવી જ હતા ને ?.

તેઓ તૈયાર થયા, પૂજા કરી, યોગ કર્યા, શસ્ત્રોની પૂજા કરી, દેવકી-વાસુદેવના આશીર્વાદ લેવા ગયા. જ્યારે તેઓ દ્વારકામાં હોય ત્યારે તેઓ તેમને મળવા અચૂક જતા. તેઓ હવે વૃધ્ધ થયા હતા પણ નિરોગી હતા. કૃષ્ણ તેમને મળીને પાછા આવ્યા. તેમણે આજે પોતાના કક્ષમાં જ ભોજન લેવાનું નક્કી કર્યુ અને તેમની નવાઇ વચ્ચે તેમનું ભોજન આજે લક્ષ્મણા લઇને આવી. મોટાભાગની રસોઇ  લક્ષ્મણાની સૂચનાથી જ બનતી. તે પાકશાસ્ત્રમાં નિષ્ણાત હતી. તેના હાથની રસોઇ જમનાર ખાયા જ કરે. કૃષ્ણને તેના હાથની રસોઇથી અનેરો લ્હાવો મળતો હતો. લક્ષ્મણાએ તેમને પ્રેમથી જમાડયા. જમાડીને જતાં જતાં કહેતી ગઇ.

" તમે આરામ કરી લો, પછી હું આવીશ. મને રુક્ષ્મણી તરફથી સમાચાર મળ્યા છે." કૃષ્ણ આડા પડી વામકુક્ષીમાં ગરક થઇ ગયા. જાગ્યા ત્યારે તાજગીમાં ઉઠયા, ઘણા દિવસે બપોરે સારી ઊંઘ આવી હતી. હવે તેઓ લક્ષ્મણા સાથે વાત કરવા તૈયાર હતા. તેમણે તેને બોલાવી, તેના આવતા પહેલાં તેમણે સુદામા, નારદ, રુક્ષ્મણી, ઉધ્ધવ અને સત્યભામાને બોલાવી રાખેલા, તેઓ શમ્બને આ બધાથી દૂર જ રાખતા.

થોડીવારમાં લક્ષ્મણા, રૂક્ષ્મણી અને સત્યભામા કક્ષમાં આવ્યા. અને કોઇ જ ઔપચારિકતા વગર લક્ષ્મણાએ સીધો જ સવાલ કર્યો, "શ્વસુરજી ખોટું ન લગાડતા પણ સવાલ પૂછવાનો મારો હક્ક છે. હું તમારી પુત્રવધૂ છું. તમારી પાસે હું મારી મુંઝવણ નહીં કહું તો હું કોને કહીશ ?"

કૃષ્ણએ પણ તેને પ્રોત્સાહિત કરતા કહ્યું," તારો હક્ક છે. હું તારા પિતાશ્રીની ગેરહાજરીમાં તારો પિતા અને શ્વસુર પણ છું. નિસંકોચ કહે આજે તું પણ નિર્ભય થઇને કહે."

અને લક્ષ્મણાએ નિર્ભય થઇને સીધો જ કૃષ્ણ ઉપર આક્ષેપ કર્યો, "હે શ્વસુરજી, મેં તો શ્રુતિ પાસે સાંભળ્યું છે અને તે સત્ય છે તેવું માની લઉં છું. તમને તો બધી ખબર જ હશે. તમારી હાજરીમાં જ આ બનાવ બનેલો હતો. પાંડવોએ ઇન્દ્રપ્રસ્થ બાંધ્યું. તમારા કહેવાથી જ રાજસૂર્ય યજ્ઞ થયો, કૌરવોને મહેમાન તરીકે બોલાવ્યા હતા. તેઓ મહેમાન થઇને આવ્યા. યજ્ઞની સમાપ્તિ પછી બધા મહેલ જોવા નીકળ્યા અને મારા પિતાશ્રીનું અપમાન થયું. દ્રૌપદીએ મારા પિતાની હાંસી કરી કહ્યું આંધળાનો દીકરો આંધળો જ હોય ને !" તમે ઇન્દ્રપ્રસ્થમાં હાજર હતા. ધૃતરાષ્ટ્ર તો જન્મથી જ અંધ હતા. તેમનો કોઇ વાંક ગુન્હો ખરો ? તેમનું અંધત્વ તેમના માતૃશ્રીને આભારી હતું. હસ્તીનાપુરના રાજા ભારતવર્ષના સર્વશ્રેષ્ઠ રાજવંશના માલિક, અને મહેમાન બનીને આવેલા દુર્યોધનનું આટલું મોટું અપમાન ? મને લાગે છે કે કુરુક્ષેત્રના યુધ્ધનો પાયો આ શબ્દથી જ નખાયો હતો. મારા પિતાશ્રી સમજુ હતા અણસમજુ નહીં. તે પારકા પ્રસંગની મર્યાદા સમજતા હતા. જ્યારે દ્રૌપદીએ તેમનું અપમાન કર્યું, ત્યારે તેઓ તે અપમાનનો જવાબ આપી શકત, તેઓ બળવાન હતા. સેના સાથે લઇને આવ્યા હતા. કાંઇ નહીં તો દ્રૌપદીને બે કડવા વેણ તો કહી જ શક્યા હોત કે તું તો મા-બાપ વગરની છોકરી છે, તારા મા-બાપનું તો કોઇ નામ જ નથી, અમારું તો કુળ છે. તું તો યજ્ઞમાંથી પેદા કરવામાં આવી છે.

તને કેળવણી, સંસ્કાર કે ખાનદાન શું છે તેની તને ખબર જ ન હોય. અને તે વખતે મારા પિતાશ્રી પણ શસ્ત્ર કાઢી શક્યા હોત પણ એક સ્ત્રી સામે તેઓ અપમાન ગળી ગયા. વાંક તમારા બધાનો હતો. ત્યાં તમે, ભીષ્મ પિતા, દ્રૌણ, કૃપાચાર્ય, વિદુર, ધૃતરાષ્ટ્ર, કુંતી, ગંધારી, કૃપાચાર્ય. તેના પાંચ પતિ અને તેમાં સૌથી મોટા તો પોતાની જાતને ધર્મરાજ કહેવડાવતા યુધિષ્ઠિર. તેમાંથી કોઇએ દ્રૌપદીને ઠપકો આપ્યો નહીં. તેને વઢયા પણ નહીં. તેને મારા પિતાશ્રીની માફી માંગવાનું કે ભૂલ સ્વીકારવાનું કહ્યું નહીં અને તમારા સહિત બધા જાણે દ્રૌપદીએ અપમાન કર્યું તેનું સમર્થન કરતા હોય તેમ કશું બોલ્યા નહીં. આમ કેમ ? શ્વસુરજી જવાબ આપો. તમે તો પાંડવોના પથદર્શક હતા. પાંડવોની ઢાલ હતા. દ્રૌપદીના સખા હતા. શું તમારી સોબતમાં તે આવું શીખી ? પોતાનાથી મોટા, ઘર આંગણે આવેલા અતિથિનું પોતાના જ ઘરમાં તેમનું અને તેમના પિતાશ્રીનું હડહડતું અપમાન કર્યું. કોઇ કેમ કશું બોલ્યું નહીં ? તમારામાંથી કોઇએ પણ તેને ઠપકો આપ્યો હોત તો વાત ત્યાં જ પતી ગઇ હોત. આગળ ના વધત અને સર્વનાશ ન થાત પણ તમે બધા તે ક્ષણ ચૂકી ગયા કે જાણી જોઇને ચૂકી જવા દીધી?"

"અને શ્વસુરજી સૌથી મોટો વાંક તમારો છે. કારણ કે તમે પ્રસંગની મર્યાદા તોડી હતી. મારા પિતાશ્રીએ નહીં અને તમે બધા તેને ગુન્હેગાર ગણો છે. તેમણે તો પારકો પ્રસંગ સાચવી લીધો જ્યારે તમે તો આગલા દિવસે જ પારકા પ્રસંગના રંગમાં ભંગ કર્યો હતો. તમે શિશુપાલનો વધ કર્યો, તેણે તમને ગોવાળિયા કહ્યા. મામાના હત્યારા કહ્યા, પ્રપંચી, કપટી

કહ્યા અને તમે તમારો ગુસ્સો કાબૂમાં રાખી ન શક્યા. તમે તરત જ અપમાનનો બદલો લઇ લીધો. તે તો તમારા ફોઇનો જ દીકરો હતો ને ? છતાં તમે તેને મારી નાખ્યો, તમે તે અપમાનનો બદલો બીજે દિવસે કે પછી પણ લઇ શક્યા હોત અથવા પ્રસંગથી બહાર જઇને લડી શક્યા હોત. પણ આ વધથી ત્યાં હાજર રહેલા રાજાઓને તમે તમારી બીક બતાવવાનો મોકો જવા દેવા માંગતા નહીં હો તે વખતે પણ કોઇએ તમને ઠપકો ન આપ્યો અને રોક્યા કે ટોક્યા નહીં."

‘ત્યાં હાજર રાજાઓ તો તમારી વિરૃધ્ધમાં હતા. ત્યાં જ યુધ્ધ કરી શકત પણ તેઓ પણ યજ્ઞામાં હાડકાં નાખવા આવ્યા ન હતા. તેઓ તમારા કરતાં સમજુ હતા. માટે ચૂપ રહ્યા. આ બધા પ્રસંગ પછી પણ ના તો દ્રૌપદીને કોઇ ઠપકો આપ્યો કે ન કોઇએ તેને સમજાવી.પુરુષ આખરે પુરુષ છે. તમે પણ પુરુષ છો. તમે તો તમારા અપમાનનો બદલો લઇ લીધો, મારા પિતાશ્રીએ કોઇ બદલો ના લીધો તેનો તેમને વસવસો રહ્યો હશે,ક્ષત્રિયકુળમાં અપમાનનો બદલો અપમાનથી લેવાનો હોય?

અંબાલિકાએ પણ ભીષ્મ સામે બદલો લીધો, તમે લીધો, પરશુરામે કર્ણ સામે લીધો. અને મારા પિતાશ્રીએ લીધો તે અધર્મ ? તમે બધાએ લીધો તે ધર્મ ? અને મને ધર્મની વ્યાખ્યા તો સમજાવો. એક કુળની મિલકતનો પ્રશ્ન, વહેંચણીનો પ્રશ્ન. એકને થોડું વધારે મળે ત્યારે બીજાને થોડો અસંતોષ થાય જ. આ પૃથ્વીની પ્રણાલિકા છે. જે વૃક્ષ ફળ આપે છે તેને કોઇ દિવસ તેનો સ્વાદ કેવો હોય તે ખબર હોતી નથી, શું આ તેને અન્યાય થયો ગણાય ? પોતે તડકો વેઠી બીજાને છાંયડો આપે તો તે

અધર્મ કહેવાય ? જેના નસીબમાં જે હોય તે મળે. દ્રૌપદીને પરણવું હતું તમારી સાથે અને પરણવું પડયું પાંચ પતિને, તેનું નસીબ. હું તો કહેવાતા અધર્મી પિતાની પુત્રી પણ આર્યાવર્તના સર્વશ્રેષ્ઠ કૃષ્ણ વાસુદેવના કુટુંબમાં પરણી, આ પણ નસીબના જ ખેલ ગણાય ને ? તમારે ૮ - ૮ પત્ની, બીજી સેંકડો પ્રેમિકા છતાં તમે કહી શકો કે તે બધા સાથે તમારા દેહના સંબંધ, આત્માના નહીં અને તમે બ્રહ્મચારી ગણાઓ. શું આ જ ધર્મ ? અને તમે કહો તે ધર્મ, બીજા કહે તે નહીં, તમારી ધર્મની વ્યાખ્યા શું ? હવે તો તમે પાનખરના કિનારે આવ્યા છો. શ્વસુરજી આજે મને ધર્મનું દિવ્યજ્ઞાન આપો, મારી આંખ ઉઘાડો, હું ર્ધાર્મિક થવા માંગું છું. હું પણ ધર્મના માર્ગ પર ચાલવા માંગું છું. આજથી હું તમારી પુત્રવધૂ નહીં તમારી શિષ્યા, તમે મને જ્ઞાન આપો, મને બોધ આપો, હું પણ વૈકુંઠ જવા માંગું છું. હું પણ મારી ૭૧ પેઢી તારવા માંગું છું. પિતૃપક્ષ અને શ્વસુર પક્ષ બંને બાજુથી."

તે હાંફતી હતી, હાંફતા હાંફતા તે ધ્રૂસ્કે ચઢી ગઇ, વાતાવરણમાં સ્તબ્ધતા છવાઇ ગઇ હતી. કૃષ્ણ અવાચક થઇ ગયા. સુદામા આઘાતથી મૂઢ થઇ ગયા, નારદ કશું બોલી ના શક્યા. આ પ્રસંગ, રુક્ષ્મણી અને ઉધ્ધવની હાજરીમાં બન્યો હતો. તેઓ પણ ચૂપ રહ્યા, લક્ષ્મણાની વાત મહદ અંશે સાચી લાગતી હતી. જો દ્રૌપદીએ તે દિવસે લક્ષ્મણાના પિતા દુર્યોધનનું અપમાન ન કર્યું હોત તો આ સર્વનાશ થાત જ નહીં કોઇ મૂળ સુધી જવા તૈયાર નહોતું. લક્ષ્મણા મૂળ સુધી ગઇ, રૂક્ષ્મણીને તેની વાતમાં તથ્ય લાગ્યું. આજે લક્ષ્મણા જ્વાળામુખી બનીને પ્રગટી હતી. તેનો આક્રોશ

સાચો હતો. તેની પાસે તેના સવાલોનો કોઇ જવાબ નહોતો. કૃષ્ણ પણ અવાચક થઇને સાંભળ્યા કરતા હતા. તે પણ ચક્કરમાં પડી ગયા. આજ સુધી લક્ષ્મણા પોતાને ત્યાં આવ્યા પછી કશું જ બોલી નહોતી અને આજે તેણે આખું પ્રકરણ ખોલી કાઢયું. શું તે એટલી બધી વિચક્ષણ હતી કે તેના તેનો તર્ક-વિતર્ક અને તેના સવાલોનો તેમની પાસે જવાબ નહોતો ?

થોડી ક્ષણ બધા ચૂપ રહ્યા, લક્ષ્મણાએ આગળ ચલાવ્યું.

"શ્વસુરજી મને માફ કરશો, મારા માટે તમે શ્વસુર છો. તમારા સૂરમાં મારો સૂર, અને રુક્ષ્મણી તરફ જોતાં બોલી, તમે મારા સાસુ છો, એટલે તમે મારા પ્રાણવાયુ છો. તમારા વગર હું અધૂરી, તમારા પુત્ર સાથે જ હું પૂર્ણ થાઉં. મારે પણ તમારા પુત્ર થકી ૧૦ પુત્ર-પુત્રી છે, મારે તેમને સંસ્કાર આપવાના છે, ઠેકાણે પાડવાના છે. કુળવાન બનાવવાના છે. સમાજમાં સ્થાપિત કરવાના છે. તમારા કુળમાં આવી માટે મારી ઓળખ ઢંકાઇ ગઇ. નહીં તો હું દુષ્ટ, અધર્મી, મિલ્કત પચાવી પાડનારની દીકરી તરીકે ખપી ગઇ હોત, ના પણ હું આજે ખુમારીથી કહું છું કે હું દુર્યોધનની પુત્રી છું. મને મારા પિતાશ્રી ઉપર ગૌરવ છે. માન છે. હું અબળા નથી, સબળા છું. તમારો પુત્ર મારું અપહરણ કરી લઇ આવ્યો, મને પણ તેના તોફાન ગમ્યા, મેં તેમને સ્વીકારી લીધા. જો તે મને ન ગમતા હોત તો હું પાછી જતી રહેત. પણ આ વંશે મને સન્માન આપ્યું. હવે આ જ વંશનો આશરો લઇ હું મારા પિતાશ્રીને ન્યાય અપાવવા માગું છું'

ફરીથી તે હાંફી ગઇ હતી. ચારેમાંથી કોઇ કશું બોલી શકે તેમ નહતું, તેમની પાસે કોઇ ઉત્તર જ નહોતો.

અને લક્ષ્મણાએ આગળ ચલાવ્યું, "હું આભાર માનું છું, શ્રુતિ ગંગાધર શાસ્ત્રીનો, કે જેણે મને બધી હકીકત કહીને મારી આંખ ઉઘાડી નાંખી. પરણીને આવ્યા પછી હું કોઇ દિવસ હસ્તીનાપુર પાછી નથી ગઇ, પણ ગંગાધર શ્રુતિ પાસે ભૂતકાળનો ઇતિહાસ જાણી ચોંકી ગઇ. આર્યાવર્તમાં એકપણ પુરુષ એવો બતાવો કે જેણે પોતાના વ્યસનો સંતોષવા પોતાની પત્નીને જુગારમાં મૂકી હોય, શું આને ધર્મ કહેવાય, રાજપાટ, ભાઇઓને, પત્નીને પણ હારી ગયા. આ તમારા સખા, આ તમારા પિતરાઇ, તમારી આટલી સોબતે પણ ધર્મ ન શીખ્યા, તક મળે તો સામેવાળાનું પડાવી લેવાના સ્વાર્થમાં કમનસીબ યુધિષ્ઠિરે બધું ગુમાવી દીધું અને બધાની સમજાવટથી મારા દાદા ધૃતરાષ્ટ્રની દખલગીરીથી તેમણે હારેલું બધું પાછું આપ્યું. પણ અમારું પડાવી લેવાની લાલસામાં ફરી પાછું બધું હારી ગયા, અમે તો હારેલું પાછું આવ્યું અને ધર્મ નિભાવ્યો, સંબંધ નિભાવ્યો, કોઇ દિવસ જીતેલું કોઇ પાછું આપે ? જીતેલી વસ્તુ ઉપર માલિકનો હક્ક હોય છે. શ્વસુરજી તમે કહેશો કે હું પણ મારા પિતાશ્રીની માફક જ વિચારું છું અને બોલું છું. તમારા પુત્ર મારું અપહરણ કરીને લાવ્યા, એક સ્ત્રીને બળજબરીથી તેની ઇચ્છા વિરૂધ્ધ લઇ આવે તે શું ધર્મ? સ્ત્રી લાચાર છે. એક વખત ઘરનો ઉંબરો ઓગળ્યા પછી તેનો હાથ ઝાલનાર બીજો કોણ હોય ? તેણે સમાધાન કરી લેવું પડે છે. દ્રૌપદી સ્વયંવરમાં તો અર્જુનને વરેલી હતી છતાં તમે વચ્ચે પડીને બાકીના ચાર ભાઇ સાથે તેના પણ બળજબરીથી લગ્ન કરાવ્યા. આ શું ધર્મ? તમે કોઇ દિવસ દ્રૌપદીની ઇચ્છા પૂછી ખરી ? કોઇ સ્ત્રી પોતાના ભવમાં એક જ પુરુષનું પડખું સેવવા

માંગતી હોય તો ? અંતે તો તમે આખા સમાજના નિયમો તોડી તેને મારી મચડી ભંગ કરી નવો શિરસ્તો બેસાડયો. કોઇ દિવસ તેની વેદના પૂછી ખરી ? તે આ પ્રથાથી સુખી છે ખરી ? તેના પાંચેય પતિની ભૂલથી તે આખી જિંદગી શોષિત અને દુઃખી રહી. તે માત્ર તમારી હાજરીમાં જ પોતાની સલામતી અનુભવતી હતી. એક સ્ત્રી જો પોતાના પાંચ પતિ હોવા છતાં પારકા પુરુષને મિત્ર કેમ બનાવવો પડે? હું પૂછવા માંગુ  છું કે આજે હું કોઇ પારકા પુરુષને મિત્ર બનાવું તો શમ્બ કે તમે સ્વીકારશો ખરા ? તમે મને ચારિત્ર્યહીન, બંધુકી (વેશ્યા) કહી કાઢી મૂકશો. જ્યારે તેના પાંચે પતિને તમારી ગરજ હતી. તેમને તમારા થકી પોતાની મિલકત પાછી મેળવી લેવી હતી માટે તમારી સાથે દ્રૌપદીની મિત્રતા ચલાવી લીધી.

વનમાં અમારા બનેવી જયદ્રથે દ્રૌપદીનું અપહરણ કર્યું ત્યારે તેમને પકડયા પછી પણ યુધિષ્ઠિરે જવા દીધા, કારણ કે તે તેમના બનેવી છે. તો માની લો કે તેમના ભાઇ મારા પિતા દુર્યોધન પાસેથી જે તેનું લઇ લીધું તે પણ તેમણે જવા દેવું જોઇતું હતું. અહીં તો પાંડવોની પત્નીનું અપહરણ થયું તે તેમની ઇજ્જત, આબરૂનો સવાલ હતો છતાં જવા દીધા, કારણ કે તમે તે વખતે ત્યાં નહોતા. જો તમે ત્યાં હોત તો તેઓ જયદ્રથનો જરૂર વધ કરત."

કૃષ્ણ વિચારવા લાગ્યા પોતે જે કંઇ કરે છે તે ધર્મ છે તેમ માનીને બધા સ્વીકારી લે છે તેવું તે માનતા હતા. પણ પોતાના ઘરમાં જ કોઇ જુદું વિચારી શકે તેવું તેમણે કયારેય વિચાર્યું જ નહોતું. શું તેમણે કોઇ ભૂલ કરી હતી? આ તો પોતાની નીતિ સામે ખુલ્લો બળવો હતો.

રુક્ષ્મણી પણ વિચારવા લાગી. શું લક્ષ્મણા સાચી છે ? તેને આ બધી વાતની ખબર જ નહોતી. ઉધ્ધવ કશું બોલી ના શક્યા, સત્યભામા લક્ષ્મણા માટે પાણી લઇ આવી અને ખભે હાથ ફેરવી તેને આશ્વાસન આપ્યું. જાણે તેની વાતને તે સમર્થન આપી રહી હોય તેમ નારદ ચૂપ રહ્યા. તેમનાથી બીજું કશું બોલાય તેમ નહોતું.

અને લક્ષ્મણાએ આગળ ચલાવ્યું, કૃષ્ણે તેને ઊભરો કાઢવા દીધો, જો તે તેનો ઉભરો કાઢી લેશે તો જ તે આ કુટુંબમાં સ્થિર થઇ શકશે. પોતાની જવાબદારી, ફરજ નિભાવી શકશે. શમ્બ જેવા તોફાની પુત્રને કાબૂમાં રાખી શકશે અને તે બોલે તેમાં તેમનો પણ સ્વાર્થ હતો. કુટુંબને અકબંધ અતૂટ રાખી શકે તેવી એકમાત્ર લક્ષ્મણા જ હતી.

બધાંની લાડકી અને હા પોતાની પણ લાડકી. શ્રુતિ બ્રાહ્મણે તેને અકબંધ ઇતિહાસ કહ્યો લાગે છે. એકપણ પ્રસંગ બાકી નહોતો રાખ્યો. અને તે આજે જે બોલતી હતી તે એક દીકરી તરીકે બાપને થયેલા અન્યાય માટે બોલતી હતી. કોઇ પણ સંતાન પોતાના મા-બાપને સાચવે, તેમનું હિત જુએ તે તો સમાજ માટે ગૌરવ જ ગણાયને, અને તે આટલી ઉગ્રતાથી પોતાના પિતાશ્રીનો બચાવ કરતી હતી. તર્કબધ્ધ રીતે પોતાનો પક્ષ રજૂ કરતી હતી. તેના સવાલની સામે તેમની પાસે કોઇ જવાબ નહોતો. જો તે પાંડવ પક્ષે ન હોત તો લક્ષ્મણાની બધી દલીલ સાચી લાગત. બહુ પાછલી ઉંમરે પાંડવો સાથે તેમની મુલાકાત અને પાંડવો નબળા હતા તે વાત તેઓ જાણતા હતા. માટે જ તેઓ તેમની પડખે હતા. ધર્મની વાત તો બાજુ પર રહી. ધર્મની લીટી પોતે દોરેલી હતી. અને એ લીટી પર

ચાલવાનો પ્રયત્ન કરતા હતા. તેઓ તો કુટુંબમાં સંપ ઇચ્છતા હતા. રાજવંશમાં જો સંપ હોય તો જ પ્રજા શાંત-સુખી રહી શકે. નહીં તો કંકાસ-કલેશની અસરથી સમાજ જીવન છિન્ન-ભિન્ન થઇ જાય. શાંતિ જ શ્રેષ્ઠ ઉપાય છે તેવું તેઓ માનતા હતા અને તને માટે તેઓ લડતા હતા પણ આજે તેમને લાગ્યું કે જ્યાં સુધી સ્ત્રીનું મન શાંત ન હોય ત્યાં સુધી આ વાત શક્ય જ નહોતી. બધા પ્રશ્નોનું મૂળ સ્ત્રીનું મન જ ગણાય. તેના મનમાં જે યુધ્ધ ચાલે તેની જ સમાજ, સંસ્કૃતિ ઉપર અને આગામી વંશ ઉપર અસર પડે. જો દ્રૌપદીએ 'આંધળાના દિકરા આંધળા' બોલી ન હોત તો? આ જ કડવી જીભ આ બધાનું મૂળ - સ્ત્રીની જીભ, અને સ્ત્રીના ચારિત્ર્યને કોઇ ઓળખી શક્યું નથી. પોતે પણ નહીં, પોતે તો યુગપુરુષ હતા. યુગદ્દષ્ટા હતા શું તેમનો આ અવતાર એક કુટુંબની માલ-મિલ્કત માટે ન્યાય અપાવવા માટે થયો હતો. અંગત પ્રશ્ન સાથે સમાજને શું લેવા-દેવા, આવા પ્રશ્નો તો ઘેર-ઘેર હોય.

પોતાના ઘરમાં પણ ક્યાં નથી. આ તો પોતાની આમન્યાને કારણે વાત બહાર નહોતી આવતી. શું કુરુક્ષેત્રના યુધ્ધ પછી, કૌરવોના નાશ પછી ધર્મની સ્થાપના થઇ ગઇ હતી? ના, ના, બધું અધૂરૂં અધૂરૂં લાગતું હતું. યુધ્ધમાં તો યુધિષ્ઠિર પણ ખોટું બોલ્યા, તેઓનો રથ જમીનમાં ઉતરી ગયો હતો. કૃષ્ણને એક પ્રસંગ યાદ આવી ગયો. રાજ્યાભિષેક સમયે ચર્વાક( મૂળ ચવાર્ક નહિ પણ તેઓના વંશજ) નામના એક બ્રાહ્મણે આવીને યુધિષ્ઠિરને યુધ્ધ માટેના આકરા વેણ કહ્યા. તો યુધિષ્ઠિરે તેમને મારી નાખ્યા હતા અને બ્રહ્મહત્યા કરી હતી. લોહીથી કલંકિત મુહૂર્તે તેઓ ગાદી

ઉપર બેઠા હતા. પણ તેઓ ત્યાં હાજર હતા માટે આ વાત પણ ધર્મમાં ખપી ગઇ હતી. કૃષ્ણને લાગ્યું કે કોઇ ઠેકાણે તેમનાથી કોઇને અન્યાય જરૂર થયો લાગે છે. હવે જિંદગીમાં શું બાકી રહ્યું હતું ? હવે તો પસ્તાવો પણ શક્ય નહોતો તેઓ તો ગીતા પણ ભૂલી ગયા હતા.

પોતે જ રચેલી ગીતામાંથી એક પણ શબ્દ તેમને યાદ નહોતો, તો તેમણે આપેલી શિખામણ પણ તેમને યાદ નહોતી, ભીષ્મનું શાંતિપર્વ કે અનુશાસન પર્વ પણ યાદ નહોતું. યાદ હતું ફક્ત દ્વારકા, મથુરા, વૃંદાવન, પોતાનું કુટુંબ અને રાધા અને દ્રૌપદી. તેમણે પોતાની લીલા એટલા પૂરતી મર્યાદિત રાખી હતી. હવે તો દ્વારકામાં તેમનું કોઇ માનતું પણ નહોતું. જાણે બધા સ્વચ્છંદી થઇ ગયા હતા. બલરામ પણ માનતા નહોતા. તેમણે ઊંડો નિસાસો નાખ્યો, અને ભારે શ્વાસે બોલ્યા: " હા, લક્ષ્મણા તું કદાચ સાચી પણ હોઇ શકે અને હા હજુ તારું બાકી હોય તો કહે. તારે તારો ઉભરો કાઢી હળવી થઇ જા. હું પણ તું હળવી થાય તેમ ઇચ્છું છું."

લક્ષ્મણા બોલી: " હું ભૂલી ગઇ હતી. દ્રૌપદીના ચીરહરણની વાત કોઇ પણ સ્ત્રીની લાજ લેવાનો સમાજને કોઇ હક્ક નથી. તે કોઇ પણ હોય, રાજા કે રંક તેઓથી ચલાવી ન લેવાય. પણ તેની બાબતમાં વાંક તેના પતિનો જ ગણાય ને. તેને જુગારમાં કેમ ગીરવે મૂકી ? તેમનો એ સ્વાર્થ હતો કે સામાવાળાનું હું બધું લઇ લઉં?

"હા. મેં સાંભળ્યું કે તેણે રાજસભામાં વૃધ્ધો પાસે સવાલ કર્યા. ન્યાયની માંગણી કરી. પોતે લજ્જિત અને અપમાનિત થઇ છે તેવી ધા નાખી,પણ કોઇએ મદદ કરી નહિ.કેમ?  તેની સાથે જે કંઇ થયું તે ખોટું

થયું. હું પણ એક સ્ત્રી છું. સ્ત્રી લજ્જિત ન થવી જોઇએ  તેણે પણ પોતાની આબરૃ સાચવવાની જવાબદારી હોય છે તેમ સામેવાળાને કોઇની આબરૃ લેવાનો કોઇ હક્ક નથી. તે જ્યારે વિકટ પરિસ્થિતિમાં આવી ત્યારે પણ તેના પતિ તેને બચાવી ન શક્યા. એણે તેના મિત્ર એટલે કે તમને યાદ કરવા પડયા અને હા તેણે મારા પિતાશ્રીનું પણ અપમાન કરી લજ્જિત કર્યા હતા. તેની ફરિયાદ સામે વૃધ્ધ ચૂપ રહ્યા. તેમ મારા પિતાના અપમાન વખતે પણ તમારા સહિત બધા વૃધ્ધો ચૂપ જ રહ્યા હતા. તેને કોઇએ ઠપકો આપ્યો નહોતો પછી તેણે વૃધ્ધો પાસે અપેક્ષા ના રાખવી જોઇએ.

કૃષ્ણને યાદ આવ્યું. એક વખત વનમાં દ્રૌપદી બેઠી હતી અને કૃષ્ણ જઇ ચઢયા. તે મૂક હતી, કૃષ્ણની હાજરીની નોંધ પણ ન લીધી. ઢંઢોળતા દ્રૌપદી જાગી, કૃષ્ણે પૂછયું, શું વિચારી રહી છે સખી ?  ત્યારનો દ્રૌપદીનો જવાબ હતો કે," સ્ત્રીઓ પોતાની મનોભાવના અનેક પ્રકારે વ્યક્ત કરે છે. કૃષ્ણ સ્ત્રીઓની લાગણી અને મનોભાવના કહ્યા વગર જ સમજી જાય છે. તેમાં તે પહેલાં છે. તે દરેક સ્ત્રી માટે તેના મનના માણીગર જેવા છે. હું તમારો જ વિચાર કરતી હતી."

"શું વિચારતી હતી ? " તેણે જવાબ આપ્યો.

"કાશ, તમે મારા છઠ્ઠા પતિ હોત તો મારે આટલી બધી હાડમારી ભોગવવી ન પડત અને હું રક્ષિત અને સુરક્ષિત હોત,સ્ત્રીને બીજું શું જોઇએ તેના શીલની રક્ષા, સ્ત્રીઓ હંમેશાં અસુરક્ષિત હોય છે. તેઓ ગભરુ સસલા જેવી હોય છે. તે કાયમ પોતાના શીલ માટે ચિંતાતુર હોય છે. તેના

ચારિત્ર્ય ઉપર કોઇ પણ આક્ષેપ લગાડીને તેની જિંદગી ધૂળધાણી કરી નાખે તે ન ચલાવી લે. બધું ચલાવી લે પણ પોતાના પતિથી તે રક્ષિત ન હોય તે ન ચલાવી લે’

કૃષ્ણ વિચારતા હતા કે શું તેઓથી કોઇ ભૂલ થઇ હતી ? ના, પણ તેમના વ્યક્તિત્વમાં સમગ્ર સ્ત્રી જાતિ તેમના સંમોહનમાં ખેંચાતી હતી. તેમનામાં એવું કંઇક હતું કે જે સ્ત્રીઓને મોહિત કરતું હતું. હવે કૃષ્ણ, સત્યભામા, રુક્ષ્મણી, સુદામા, ઉધ્ધવ લક્ષ્મણાની વાતથી થાક્યા હતા. તેમનું મન ચકડોળે ચઢયું હતું.

તેઓની પાસે કોઇ જવાબ નહોતો. લક્ષ્મણા પણ ચોધાર આંસુએ રડતી હતી. સત્યભામાએ આગળ આવીને તેને બાથમાં લીધી, બેસાડી અને ધીરે ધીરે તેને માથે હાથ ફેરવવા લાગી. અને તે કૃષ્ણના કક્ષમાં જ આંખ ઢાળી સૂઇ ગઇ. બીજા બધા કક્ષમાંથી બહાર ગયા. ફક્ત સત્યભામા અને લક્ષ્મણા જ કૃષ્ણના કક્ષમાં રહ્યા, બાકીના બધા બીજા કક્ષમાં જઇને સૂતા.

બધાને આખી રાતનો ઉજાગરો હતો. સવાર ક્યારે પડી તેની કોઇને ખબર ન પડી. મધ્યાહ્ને લક્ષ્મણાએ ઉઠીને જોયું તો તે કૃષ્ણના કક્ષમાં હતી, બાજુમાં સત્યભામા સૂતેલી હતી. સૂર્ય મધ્યાહ્ને આવી ગયો હતો. એક અજબ માનસિક, શારીરિક થાક તેને લાગ્યો હતો. રાતનો વિચાર આવતા તે કાંપી ગઇ. શું તેણે એટલું બધું કહી નાખ્યું હતુ ? પણ પછી તેને લાગ્યું કે તેણે તો પોતાની લાગણી વ્યકત કરી છે. તે પરિણામ માટે તૈયાર હતી. કદાચ ન ગમે તો તેની માતા ભાનુમતી, બીજી માતા ઉરભંગા અને તેનો નાનો ભાઇ ઉરજ્યની સાથે હસ્તીનાપુર જવા તૈયાર હતી. પોતાનાં ૧૦

બાળકો તે અહીં જ મૂકીને પણ જવા તૈયાર હતી. તેના મગજમાં કૃષ્ણની ધર્મની વ્યાખ્યા ગળે ઉતરતી નહોતી. ધર્મ એટલે શું ? અને શું યુધ્ધ તેનો ઉકેલ છે ? સર્વનાશ તેનો વિકલ્પ છે ? શ્રુતિ ગંગાધરે કહ્યું, આ યુધ્ધમાં આશરે સવા કરોડ જીવનો સંહાર થયો. આશરે ૫૦ લાખ સ્ત્રીઓ વિધવા થઇ. અથવા પિતા, પતિ, પુત્ર વગરની થઇ. આ કેવો ધર્મ ? જો તેના પિતા અધર્મ આચરતા હોય તો તેમને વ્યક્તિગતપણે મારવા જોઇતા હતા. બધાનું મૂળ જો એક વ્યક્તિ હોય તો સમગ્ર આર્યાવર્તને તેમાં સંડોવવાની શું જરૂર હતી ? અને શ્વસુર તો ચમત્કારી અવતાર હતા. તો તેઓ કંઇ પણ કરી શક્યા હોત. તેને આ વાત ગળે નહોતી ઉતરતી. તેના પિતાશ્રીનું મૃત્યુ જે ઘાતકી રીતે પાંડવો અને કૃષ્ણના સહકારથી થયું હતું તે જાણીને તે ધ્રૂજી ગઇ હતી.

શું કોઇ પુરુષ પોતાના પિતાશ્રીનું લોહી પી શકે ? શું કોઇ સ્ત્રી લોહીથી પોતાના વાળ ધોઇ શકે ? આ તો પિશાચી વૃત્તિ થઇ. દુનિયાના ઇતિહાસમાં આ પ્રકારની આ પહેલી અને છેલ્લી ઘટના ગણાશે. અને ત વિચારતી હતી કે શ્વસુરજી મારા પિતાશ્રીએ તમારો એવો કોઇ ગુન્હો કર્યો હતો ? તમારી સાથે શું દુશ્મની હતી ? કઇ નહીં, ઉલ્ટું તમે તો દ્વારકાની નારાયણી સેના તેમને આપી હતી. અને તમારી તૈયાર કરેલી સેના તમે તેમને આપો એટલે તમે તેમનું સમર્થન જ કર્યું કહેવાય. તો પછી તેમને કાવતરું કરીને શા માટે માર્યા ? કૃષ્ણ તમારી જ હાજરીમાં યુધ્ધના નીતિ નિયમો બંને પક્ષે નક્કી કર્યા હતા. નિશસ્ત્ર, રણભૂમિ છોડીને જનારનો વધ ન હોય છતાં પણ તમે અને પાંડવોએ તેમનો ઘાતકી રીતે વધ કર્યો. આખા યુધ્ધને તમે

ધર્મયુધ્ધ નામ આપ્યું. આ હત્યા હતી અને તમે બધા હત્યારા હતા. આ યુધ્ધ નહોતું. નિયમ વિરુધ્ધનું યુધ્ધ હતું. શ્રુતિ ગંગાધર શાસ્ત્રીએ મને કહ્યું કે મારા પિતાશ્રીના પક્ષમાંથી કોઇ મન મૂકીને લડયું નહોતું. તમે બધાને ફોડી નાખ્યા હતા. ફક્ત કર્ણ મન મૂકીને લડયા હતા. ૧૦ દિવસ ભીષ્મે બગાડયા. ત્યાર પછી દ્રૌણ, ત્યાર પછી શલ્ય. યુધ્ધનો ભંગ તમારા તરફથી વારંવાર થયો. તેવો એક દાખલો બતાવો કે ૧૮ દિવસના આ કહેવાતા ધર્મયુધ્ધમાં મારા પિતાએ અનીતિ કરી હોય. તમે હથિયાર નહીં ઉપાડવાની પ્રતિજ્ઞા લીધી હતી, તમે હથિયાર ઉપાડયા. યુધિષ્ઠિરએ જુઠ્ઠું બોલી દ્રૌણની હત્યા કરી. ભીષ્મની આગળ સ્ત્રી શીખંડીને ઊભી રાખી, તેમને માર્યા. સ્ત્રીનો રણભૂમિ પર આવવાનો પ્રતિબંધ હોય છે. તમે જ્યારે હસ્તીનાપુર જતા હતા ત્યારે મેં તમને વિનંતી કરી હતી કે મારા પિતાશ્રીનું રક્ષણ કરજો. તમે જવાબ નહોતો આપ્યો. ત્યારે જ હું સમજી ગઇ હતી કે હું આજથી અનાથ છું. અને આજે આ અનાથ દીકરી, તમારી પુત્રવધૂ તમારી પર આક્ષેપ કરે છે. તમે અને તમારા પક્ષે અધર્મ હતો. મારા પિતાજીના પક્ષે ધર્મ અને ન્યાય હતો. તમારી પાસે આનો કોઇ જવાબ હોય કે ખુલાસો કરવો હોય તો કહો. નહીંતર, મેં મારા પિતાશ્રીને નજીકથી જોયા છે. મારી બંને માતાઓએ કોઇ ફરિયાદ કરી નથી. તેમણે અમને હંમેશાં સારા સંસ્કાર, શિક્ષણ આપ્યા છે. અમારા હસ્તીનાપુરમાં કોઇ દિવસ દુકાળ નથી પડયો. પ્રજા સુખી અને આનંદિત હતી. રાજ્યમાં કોઇ રોગચાળો કે ભૂખમરો નહતો. રાજની પ્રજામાં કોઇ અસંતોષ ન હતો.ન્યાયતંત્ર મજબૂત હતું અને બધા નીતિ નિયમોથી રહે હતા. રાજની કન્યાઓ બીજાને ત્યાં

જઇને કુટુંબનું નામ ઉજળું કરે છે. મદ્યપાન ઓછામાં ઓછું હતું. દ્વારકામાં જે રીતે મદ્યપાન થાય છે તેના પ્રમાણમાં ત્યાં કશું જ ન હતું. પ્રજાએ આજ સુધી કોઇ ફરિયાદ કરી ન હતી અને જ્યારે જ્યારે પાંડવો વનમાં કે બીજા સ્થળે ગયા ત્યારે કુંતી મા ને અમારા ભરોસે મૂકીને ગયા હતા. અમે જો અધર્મી હોત તો તેઓ અમારે ત્યાં મુક્ત જ રહે જ નહિ ને ? અને છેલ્લે શ્વસુરજી આખા સર્વનાશના મૂળમાં માત્ર એક જ વ્યક્તિ છે."

કૃષ્ણએ અધિરાઇથી પૂછયું," કોણ ?"

અને લક્ષ્મણાએ બહુ હિંમત કરી, ધ્રૂસકે ચઢતાં બોલી, "મને માફ કરશો, પણ તમે જ આ સર્વનાશ માટે જવાબદાર છો. દોષી છો. તમે ધાર્યું હોત તો આ સર્વનાશ અટકાવી શક્યા હોત.

અને લક્ષ્મણા અર્ધબેભાન અવસ્થામાં ઢળી પડી. સત્યભામાએ તેને સાચવી લીધી.

છેલ્લાં ઘણા દિવસથી હવેલીમાં સોંપો પડી ગયો હતો. આખા કુટુંબમાં અંદર અંદર ગણગણાટ હતો, શું લક્ષ્મણા આટલું બધું કૃષ્ણ સામે નિઃસંકોચ વાત કરી શકી ? તેની વાતમાં તેની દ્રષ્ટિએ તથ્ય હતું. પોતાના પિતાશ્રીને ન્યાય અપાવવા તે કૃષ્ણને આટલું બધું કહી શકી. તેની બંને માતા ભાનુમતી અને ઉરભંગા ત્યાં જ હતા. બંનેએ તેને સમજાવી કે જે થવાનું તે થઇ ગયું, હવે શું ? તેનો ભાઇ લક્ષ્મણ પણ યુધ્ધમાં અભિમન્યુના હાથે હણાયો હતો. હવે તેમનો વંશ માના ભાઇ ઉરજ્યના ભરોસે જ હતો. તે ડાહ્યો, શાણો અને સમજુ હતો. કોઇએ એકબીજા સાથે વાત નહોતી કરી. માસી જલંધરા જે ભીમની પત્ની હતી તે પણ દુઃખી હતી. તેમણે પણ બધું

જ ગુમાવ્યું હતું. વસવસો બધાંને હતો, શું મળ્યું ? કશું જ નહીં, ફક્ત લાખો અનાથ બાળકોના, વિધવા સ્ત્રીઓના નિઃસાસા, તેમની યાતના, ભૂખમરો, રોગચાળો, ખરાબ વિચારો. આ બધી યુધ્ધ પછીની કરૂણ સ્થિતિ હતી.

કૃષ્ણ પાસે આ સવાલોનો કોઇ જવાબ નહોતો. તેમણે પણ મૌન સ્વીકારી લીધું હતું.

નારદજી જવાની ઉતાવળમાં હતા. ઘરમાં કલેશ થયો, પણ તેઓ શું કરે ? આખો દિવસ કૃષ્ણ પણ મૌન, ઉધ્ધવ પણ મૌન. સુદામા તો રથ લઇને પોતાના ઘરે જવા નીકળી ગયા હતા તે પણ દુઃખી થઇને ગયા. હવેલીમાં કોઇને કુરુક્ષેત્રમાં શું થયું તેની બહુ ખબર નહોતી. લક્ષ્મણા મારફતે થોડી માહિતી મળી. બધા દુઃખી હતા. પાંડવો અને તેમના કુટુંબીઓ પણ રજા લઇ હસ્તીનાપુર જવા નીકળ્યા, જતી વખતે ભીમ લક્ષ્મણાને મળ્યો. બંનેમાંથી કોઇ કશું ન બોલ્યા પણ જતી વખતે ભીમ એટલું જ બોલીને ગયા. 'હું ભાર લઇને જઊં છું. તું મારી દીકરી જેવી છે. સુખી રહેજે અને સુખી કરજે. તેં તો પારકા પોતાના કર્યા અને અમે પોતાના પારકાં કર્યા'

હસ્તીનાપુર જતાં પહેલાં અર્જુન, લક્ષ્મણાને મળવા આવ્યો. કૃષ્ણની હાજરીમાં તેણે અર્જુન અને કૃષ્ણને એક સવાલ કર્યો:"મને ધર્મ, રિવાજની વ્યાખ્યા સમજાવો. હું એક સવાલ પૂછવા માંગું છું. જ્યારે તમે જુગારમાં હાર્યા ત્યારે વૃધ્ધોના કહેવાથી મારા દાદાએ તમને રાજપાટ, દ્રૌપદી પરત કરી. જે તમે ફરીથી હારી ગયા તે વખતે મારા પિતાશ્રીએ દ્રૌપદીને પોતાની દાસી ન બનાવતાં તમે વનવાસમાં શરત પ્રમાણે ગયા.

**હવે જ્યારે કૌરવો યુધ્ધ હારી ગયા ત્યારે અમારા કુળના ફક્ત બે જ વારસદાર બચ્ચા હતા. એક યુયુત્સુ કાકા અને બીજા મારી બીજી માતા ઉરભંગાનો પુત્ર ઉરજય. તમે કે તમારા ધર્મે વિવેક પણ નથી કર્યો કે યુધ્ધ તો અમે જીત્યા પણ તેમાંથી થોડો હિસ્સો જે કાયદેસરના ભાગ પડે તે પ્રમાણે અમે તમને આપીએ છીએ. તમે આમ કેમ ન કર્યું ? બીજો સવાલ શ્વસુરજી, પાંડવોના કુળનો નાશ થયો. આખો જ કુળ નિર્વંશ થયો, તમે પરીક્ષિતને ગાદીએ બેસાડયા પણ તે વખતે યુધિષ્ઠિરનો તેની બીજી રાણી દેવકીથી જન્મેલો યોધ્ધા જીવતો હતો. યુધિષ્ઠિર રાજા બન્યા ત્યાર પછી ભવિષ્યની ગાદી તેના પુત્રને જ મળવી જોઇતી હતી, નહીં કે પરીક્ષિતને, પણ તે તમારા પૌત્ર અને કૃષ્ણનો ભાણેજ હતો માટે તેને મળી શા માટે ?**

**જે ઝઘડાએ મહાભારત ઊભું કર્યું, સર્જાયું તે પ્રશ્ન પ્રત્યે તમે આંખ આડા કાન કર્યા હતા'**

આના કોઇ ઉત્તર કૃષ્ણ કે અર્જુન પાસે ન હતા.અર્જુન આશીર્વાદ આપીને નીકળી ગયો.

---

**એક દિવસ નારદજી નગરચર્યા કરવા ગયા,** ઉધ્ધવ હંમેશાં **તેઓની સાથે** રહેતો. તેઓ કૃતવર્મા, સાત્યકી, ચારૂમતી, જમાઇ બાલી, અક્રુરને મળતા. **બલરામને પણ મળવા જતા પણ તે તો કાયમ નશામાં જ રહેતા. દ્વારકામાં વ્યસન, દુરાચાર વધ્યો હતો, સામાન્ય જીવન છિન્ન-ભિન્ન થઇ ગયું હતું. કોઇને એકબીજા માટે માન નહોતું. વ્યભિચાર વધી ગયો હતો.**

રસ્તા ઉપર પણ લોકો નશામાં બેહાલ થઇને રખડતા, સ્ત્રીઓ પણ સ્વૈરવિહારી થઇ હતી, તેઓ પણ મદ્યપાન કરતી હતી.

નારદજી ફરતા ફરતા ગામના પાદરે પહોંચ્યા. ઉધ્ધવે તેમને રોક્યા અને કહ્યું: "આ જગ્યાએ જવાની જરૂર નથી."

નારદજીને નવાઇ લાગી અને પુછ્યું  કેમ ?

' કારણ કે આ વિસ્તાર પતિત સ્ત્રીઓ ભરેલો છે. તમારું ત્યાં કામ નથી."

છતાં નારદ આગળ વધ્યા. એક નાની ઝુંપડીની બહાર એક વૃધ્ધ બેઠો હતો. તેના મોં પર કોઇ તેજ નહીં, ભૂખ્યો-તરસ્યો, નૂર વગરનો, ડાચું બેસી ગયું હતું. પાંસળીઓ ગણાતી હતી. તેમણે પૂછયું, "શું નામ છે ?" જવાબ મળ્યો, "કરશન" અરે આ તો કૃષ્ણના નામે નામ, અને આ દશા ?

"પણ ભાઇ તું બહાર કેમ બેઠો છે ?"

"શું કરું? પાપી પેટ માટે."

"તારે કોઇ છોકરા નથી?"

"હતા ને. એક દીકરો, એક દીકરી. દીકરો અને જમાઇ બંને ધર્મયુધ્ધમાં હોમાઇ ગયા. બંને દ્વારકાધીશની  નારાયણ સેનામાં સૈનિક હતા'

' પણ પછી શું ? તેની તમને ખબર છે, બન્ને માર્યા ગયા અને હવે દીકરી અને વહુ  છે, તે બે અને હું ત્રણ જણનું પુરું કેમ થાય ? હું તો વૃધ્ધ થયો. મારાથી કશું કામ નથી થતું તો પછી ઘર કેવી રીતે ચાલે ? બે જુવાનજોધ

દીકરી અને વહુ છે. બંને જણ પોતાના દેહ વેચે છે. ત્યારે અમારું પુરું થાય છે. બાપ થઇને આ બધું જોવાનું મારા નસીબમાં છે. બંને જણ કરે પણ શું ? જે કંઇ મળે તેમાં ચાલે છે. હું બહાર બેસી રહું છું, અંદર તેમનો વેપલો ચાલે. નવરા પડે ત્યારે રસોઇ બનાવે અને અમે જમીએ છીએ. આ રીતે અમારૃં જીવન ચાલે છે.’

‘પણ તમે કોણ છો?

નારદે અને ઉધ્ધવે પોતાની ઓળખાણ આપી. તે વૃધ્ધે બંનેના નામ સાંભળ્યા હતા. તેણે ઊભા થઇને બંનેને પ્રણામ કર્યા. નીચે પોતાના શરીરનો ખેસ પાથરી આપ્યો. બંને બેઠા અને તે વૃધ્ધ કરસન બોલ્યો, "હે ઉધ્ધવ, હવે હું વૃધ્ધ થયો છું. મારાથી ચલાતું નથી, વર્ષોથી મારે કૃષ્ણને મળવું છે. મારે તેમને કેટલાક સવાલો પૂછવા છે."

નારદને લાગ્યું શું થયું છે બધાને ? બધાને કૃષ્ણ માટે આટલી નારાજગી, બધા જ કૃષ્ણને સવાલ કરવા માંગે છે.

"હા, ભાઇ પૂછ. હું તારા પ્રશ્નો કૃષ્ણ પાસે પહોંચાડીશ."

અને વૃધ્ધ બોલવા લાગ્યો," હું પણ એક જમાનામાં કૃષ્ણની નારાયણી સેનામાં સૈનિક હતો. હું ઘોડાર સાચવતો હતો. તેઓ મને જોશે તો ઓળખશે પણ ખરા, મેં મારો દીકરો અને જમાઇ બંને ધર્મયુધ્ધમાં ગુમાવ્યા છે. તેઓ વીરગતિ પામ્યા છે. પણ એક પ્રશ્ન મારે પૂછવો છે. આ તો મેં સાંભળેલી વાત છે. ધર્મયુધ્ધમાં દરેક રાજા પોતાની સેના લઇને ગયા. જેમણે જે પક્ષે જવાતું હતું ત્યાં ગયા તે પોતાની સેના સાથે પોતાના પુત્રને પણ લઇ ગયા હતા."

"કૃષ્ણ તો જ્યારે પોતે પાંડવ પક્ષે હતા ત્યારે તેમણે પોતાની સેના સામે પક્ષે શું કરવા આપી? એમને તો ખાત્રી જ હતી કે જ્યાં હું છું ત્યાં જ વિજય છે. તો પછી આખી નારાયણી સેનાનો નાશ કેમ થવા દીધો. સામે ચાલીને દુર્યોધને સેના માંગીને તેમણે આપી દીધી. કૃષ્ણ જ્યારે અહીંથી કુરુક્ષેત્રમાં ગયા ત્યારે તેમના ૮૦ પુત્રોમાંથી એક પણ પુત્રને તેઓ સાથે નહોતા લઇ ગયા. જ્યારે નારાયણી સેનાના ઘણા વિભાગના વડા તેમના ઘણા પુત્રો સાથે હતા. તેમણે પોતાનો વંશ અકબંધ રાખ્યો, અને પારકાને હોમી દીધા. શું આ ધર્મ કહેવાય ? આજે મારા જેવા સમગ્ર દ્વારકામાં,જેઓ નારાયણી સેનામાં હતા તે તમામને ઘરે નિઃસાસાનો ચૂલો સળગે છે. કમાનારા ગયા પછી શું તેની કોઇ ચિંતા કોઇએ કરી છે ખરી ? શું કૃષ્ણેએ અમારી કાળજી લીધી છે ખરી? કૃષ્ણ કેમ આવા થઇ ગયા.તેઓતો વિશ્વના પાલનહાર છે.અમે દ્વારકામાં છે તો પણ અમારી આ દશા? કેમ?'

તેણે આગળ ચલાવ્યું. "ઘરમાં જુવાન દીકરી હોય, વિધવા હોય તેની સમસ્યા કૃષ્ણ કેવી રીતે જાણે? સ્ત્રીની જુવાનીની સમસ્યા અલગ હોય છે. તેના પુરૃષના વિરહને જીરવી શકતી નથી, તેને પોતાની જરૃરિયાત હોય છે. વૃધ્ધોની સમસ્યા અલગ હોય છે. આ બંને સમસ્યાને થાળે પાડવા કૃષ્ણે શું કર્યું ? હવેલીમાં બેસીને ધર્મની સ્થાપના ન થાય. જ્યાં કોઇ દુઃખી ન હોય, માણસ સંતોષથી જીવી શકે, શાંતિથી રહી શકે, નીતિથી ચાલે, દેવોનું નામ લે, પોતાનો સંસાર હર્યો-ભર્યો હોય તે ધર્મ કહેવાય તેવુ હું માનું છું. તેમણે બીજી જગ્યાએ કદાચ ધર્મની સ્થાપના કરી હશે પણ અહીં દ્વારકામાં પોતાના જ રાજ્યમાં તેઓ ધર્મની સ્થાપના કરી સુશાસન સ્થાપી

શક્યા નથી. ચારે બાજુ વ્યસનથી ઘેરાયેલી દ્વારકા, વ્યભિચાર વગર ચાલી ન શકે તેવા નગરજનો. મદ્યપાન, જુગાર, વ્યભિચાર રાત-દિવસ દ્વારકાના નગરજનો માણતા થઇ ગયા છે. તેમને સુધારવાનો કોઇ પ્રયત્ન થતો નથી. ખુદ બલરામ, કૃષ્ણના સંતાનો, તેમના પૌત્ર, જમાઇ બધા જ મદ્યપાનમાં રચ્યાપચ્યા રહે છે. આ નગર નથી, નર્કમાં ખદબદતું દ્વારકા છે. કૃષ્ણના ૧૦૦ વર્ષ ઉજવાયા. બધે વાહવાહ થઇ પણ પ્રશ્નો ત્યાંના ત્યાં જ રહ્યા. પોતાના એક પણ પ્રશ્ન હલ ન કરી શક્યા. તે તો અવતારી પુરુષ છે. નારદજી તમને ખબર નહીં હોય પણ લાખો સૈનિકો અપંગ છે. કોઇના હાથ, કોઇના પગ કપાઇ ગયા છે. બધા જ લાચારીમાં જીવે છે. ભૂખે મરે છે. બાળકો અનાથ છે, તેમની કાળજી રાખનારું કોઇ નથી. શું આને ધર્મયુધ્ધ કહેવાય? અને યુધ્ધ પછી ધર્મની સ્થાપના થઇ હોય તો આ બધા સુખી હોવા જોઇતા હતા. સુખી કોણ થયું ? પાંડવો ફક્ત પાંડવો અને તેમનું કુટુંબ. અને હું તમને પૂછું છું, કૃષ્ણને શું મળ્યું ? કશું જ નહીં. તેમની ગેરહાજરીમાં દ્વારકા તો વધુ બગડયું. તેમનો યાદવો ઉપર કોઇ અંકુશ રહ્યો નહીં, ઉલ્ટાના તેમના પુત્રો, પૌત્રો, સ્વચ્છંદી થઇ ગયા છે. તેમાંના ઘણાં અહીં પણ આવે છે. શું આ જ ધર્મની તેમણે સ્થાપના કરી ? મારી નજરે તેમનો અવતાર નિષ્ફળ ગયો હોય તેવું મને લાગે છે. હું પણ લાચાર છું. બહાર બેઠો બેઠો હું અનીતિ જોયા કરું છું. મોત પણ નથી આવતું." નારદ અને ઉધ્ધવ વિચારમાં પડી ગયા. ઉધ્ધવે તે વૃધ્ધને આશ્વાસન આપ્યું. થોડા નાણાં આપ્યા. આનું તો ભલું થશે પણ બાકીનાનું શું ? તેણે નક્કી કર્યું કે તે કૃષ્ણને આ વાત કરશે. તેણે કૃષ્ણને આ વાત કરી, કૃષ્ણ બધું જ

જાણતા હતા પણ તેઓ લાચાર હતા. કશું કરી શકે તેમ ન હતા. કૃષ્ણને કુરુક્ષેત્ર યુધ્ધનો છેલ્લો દિવસ યાદ આવી ગયો. દુર્યોધને મરતાં મરતાં તેઓને કહેલું: ' કેશવ આમાં તમને શું મળ્યું ? કશું જ નહીં. આ બોજો તમે સહન નહીં કરી શકો, હું તો જઉં છું. પણ મારા કરતાં તમારે બધું જોઇને મારા કરતાં વધુ રીબાવાનું છે.તમારા જ તમને ભારે પડશે, મને મારા જ ભારે પડયા. મારી દ્રષ્ટિએ હું સાચો હતો, તમારી દ્રષ્ટિએ પાંડવો, હું પણ તમારો જ ભાઇ હતો, પણ તમે ફક્ત એક જ દ્રષ્ટિ રાખતા કે હું ખોટું કરું છું. કોઇ દિવસ નવરા પડીને ભૂતકાળ વિચારજો તો લાગશે તમે પણ ઘણું ખોટું કર્યું છે'

આજે કૃષ્ણને આ વાત યાદ આવી ગઇ. યુધ્ધના બીજે દિવસે રણમેદાન ઉપર ગયા હતા અને તેઓએ જે જોયું તો તે કંપી ગયેલા. હજારો સ્ત્રી-બાળકો પુરૂષો પોતાનાં લાગતા-વળગતાને શોધતા હતા. કેટલું કરૂણ દ્રશ્ય, રુદનથી કુરુક્ષેત્ર મેદાન, બ્રહ્માંડ પણ કાંપતું હતું. ચારે બાજુ કાગડા, સમડી, ગીધ, કૂતરા, શિયાળ મડદાં ચૂંથતાં હતાં. ટોળાં વારંવાર તેમને દૂર કરતા હતા પણ પાછા આવી જતા. તેમના માટે તો આ ઉજાણી હતી. અને અચાનક એક જુવાન સ્ત્રી તેમની પાસે આવી હાથ પકડીને આક્રંદ કરતા કહ્યું," હે વાસુદેવ તમે આ શું કર્યું ? હવે મારું કોણ ? મેં તો હજુ મારો સંસાર શરૂ જ નહોતો કર્યો, મારે બાળકો જોઇએ છે, મારે બાળકો જોઇએ છે."

કૃષ્ણ અહીં પણ લાચાર હતા. આ હતી યુધ્ધ પછીની કરુણ સ્થિતિ.

થોડા દિવસ પછી નારદજીએ દુ:ખી અવસ્થામાં નારાયણની વિદાય લીધી, તેઓ ખિન્ન હતા. પણ તેઓ શું કરી શકે ? કૃષ્ણની ઉંમર થઇ ગઇ હતી અને તેઓ કંઇ પણ કરવા અસમર્થ હતા.

એક દિવસ ઉધ્ધવે આવીને કૃષ્ણને સમાચાર આપ્યા કે તમારી સૂચના પ્રમાણે હું જ્યારે રાધાને લેવા વૃંદાવન ગયો હતો ત્યારે ત્યાંથી તમે જે વ્યવસ્થા કરવાનું કહ્યું હતું તે પ્રમાણે વ્યવસ્થા થઇ ગઇ છે. વૃંદાવનથી ગાયના છાણનાં સુકવેલાં છાણાં ભરી ૫૦ ગાડાં આવી પહોંચ્યા છે. તમારા કહેવા પ્રમાણે ગંગા, જમુના, સરસ્વતી, બ્રહ્મપુત્રા, નર્મદા-તાપી, ગોદાવરી, કાવેરીના પાણી ભરેલી ગાગરો પણ આવી ગઇ છે. શું પ્રયોજન છે તેની મને ખબર નથી. શા માટે આ બધું મંગાવ્યું છે ? કોઇ હવન યજ્ઞા કરવા માંગો છો ? કૃષ્ણ ઉધ્ધવને બાજુ ઉપર લઇ ગયા અને કહ્યું, "હું આ વાતાવરણથી ત્રાસી ગયો છું. મારી જિંદગી નિષ્ફળ ગઇ હોય એમ લાગે છે. મને મારું ભાવિ ધૂંધળું દેખાય છે. આજે હું તને મારી અંતિમ ઇચ્છા કહું છું. તેં અને મેં આખી જિંદગી સાથે ગાળી, તું મારો બાળસખો. તારાથી કોઇ વાત અજાણી નથી. તારું અને મારું મન મળેલ છે. હું જે વિચારું છું તેનો તેં પહેલેથી જ અમલ કરી લીધો હોય છે. આજ સુધીની મારી જિંદગી સરળ ગઇ તેમાં તારું યોગદાન મોટું છે. તેં મારી બધી લીલાઓ જોઇ છે. છેલ્લાં ઘણા દિવસથી બધા મને પ્રશ્નો પૂછે છે. આમ કેમ ? તેમાં પણ લક્ષ્મણાના સવાલ, કરસનના સવાલોએ મને ધ્રૂજાવી દીધો છે'

'હું હતપ્રત થઇ ગયો છું. એક નિરાશા મને ઘેરી  છે. શું હું એટલો બધો ખરાબ માણસ છું ? શું મારે લીધે સર્વનાશ થયો ? મેં તો લોકોને પ્રેમ

કરતાં શીખવ્યું. નીરસ જિંદગીમાં રસ ભર્યા. સ્ત્રીઓના અસંતોષને વાચા આપી. મેં કોઇની સાથે બળજબરી નથી કરી. મેં તો બધાને પ્રેમથી વશ કર્યા છે. મેં તો વૃક્ષો, પ્રાણી, પક્ષી બધાને ગુંજતા કર્યા. મેં જ ગૌમાંસ ખાવાનું બંધ કરાવ્યું. ગાય તમારી કામધેનું છે તે બતાવ્યું. તેને ખાવાને બદલે તેમાંથી કંઇ મેળવો અને તેનો ઉપયોગ કરતા શીખવ્યું.

મેં લોકોને કંસના ત્રાસમાંથી બચાવ્યા, કંસને માર્યો. વૃંદાવન, મથુરા સુખી થયું. પ્રજા જીવન ધબકતું થયું. લોકો કચડાયેલા, હોમાયેલા, શોષિત હતા. તેમનો ઉધ્ધાર કર્યો. માનથી જીવતા કર્યા. કાલિયા નાગનું દમન કરી જમનાને શુધ્ધ કરી. મને લાગ્યું કે પાંડવોને અન્યાય થાય છે. મેં ન્યાય અપાવવાનો પ્રયત્ન કર્યો. જો પાંડવોને બદલે કૌરવોને અન્યાય થયો હોત તો હું તેમના પડખે હોત. જરાસંધના ત્રાસમાંથી રાજાઓને મુક્ત કરાવ્યા. મેં પાંચાલને બચાવ્યું, નવું ઇન્દ્રપ્રસ્થ સ્થાપવાનું બીડું ઝડપ્યું. શિશુપાલનો વધ કરી સમાજમાં સંસ્કારની વાત કરી.

મારી કામગીરીથી દેવો પણ ખુશ છે. તેં જોયું નહીં ચાર દિવસ પહેલાં પૃથ્વી પરનો સૌથી મોટો મેળવડો થયો, તેમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, વસુ, ઇન્દ્ર, વ્યાસજી, ઋષિગણ, બ્રાહ્મણો, વૃધ્ધો સૌ હાજર રહ્યા. અને છેલ્લે કર્મની વાત. દરેક જણે પોતાનાં કર્મ અને તેના ફળ ભોગવવાના જ હોય છે. તેમાં હું કશું કરી ન શકું. હું તો માત્ર નિમિત્ત જ છું. દરેક પોતાનાં કર્મના ફળ ભોગવે છે. તેમના નસીબમાં આ જ લખાયું હતું. જે તેમણે ભોગવવાનું છે. મારા નસીબમાં પણ જે લખાયું છે તે હું ભોગવવાનો જ છું. મારું મોત કેવી રીતે થવાનું છે તે હું જાણું છું. પણ તે મારાથી કહેવાય તેમ

નથી. જો ઉધ્ધવ આ છાણાં મારા અંતિમ સંસ્કાર માટે મેં મંગાવી રાખ્યા છે. જે ગાગરો આવી છે તેમાં નદીઓના જળ છે, તે જળમાં જ મને નવડાવીને સંસ્કાર કરજે. મેં મારી અંતિમ ઇચ્છા તને કહી દીધી."

કુષ્ણ થોભ્યા.તેઓના ચહેરા પર વિશાદ હતો.

"હા, મને હજુ એક વખત દ્રૌપદી, રાધા અને મારી પુત્રી ઉષાને મળવાની ઇચ્છા છે. મેં તેમને બહુ અન્યાય કર્યો છે. દ્રૌપદી તો મારા માટે જ સર્જાઇ હતી. મારી હઠને કારણે તેણે પાંડવો સાથે લગ્ન કર્યા. તેનો રંજ, વસવસો તેને જિંદગીભર રહ્યો છે. હા હું સ્વીકાર કરું છું, જો તે મારી સાથે હોત તો ભાવિ જુદું હોત, પણ મેં તેના માટે જુદું જ વિચાર્યું હતું, પણ તેમાં હું થાપ ખાઇ ગયો. વિધાતાની રચનામાં હું પણ એક સોગઠું જ છું ને! મને મારા પર બહુ વિશ્વાસ હતો. મારાથી એક વધુ અન્યાય થઇ ગયો છે. મરતાં પહેલાં મારે વૃષાલીને પણ મળવું છે. વૃષાલી એટલે કર્ણની પત્ની. મારાથી જાણી જોઇને તેને ખૂબ અન્યાય થઇ ગયો છે. જો કોઇના મોત માટે મને જવાબદાર ઠેરવવો હોય તો તે કર્ણનું મૃત્યુ છે. હા, હું તેના માટે જરૂર પસ્તાઉં છું, પણ શું કરું ? તેના નસીબમાં આ જ લખાયેલું હતું.પરશુરામનો શ્રાપ હતો ને?

"ઉધ્ધવ, આ એ કર્મ છે કે જ્યાં સ્ત્રીઓની મરજી ચાલતી નથી. તે જોયું હશે કે ગાંધારીને ખબર જ નહોતી કે તેમના પતિ અંધ છે. કુંતીને ખબર જ નહોતી કે તેના પતિ પાંડુરોગથી પીડાય છે. માદ્રીને તો પાંડુ માટે ખરીદીને લાવવામાં આવી હતી. દરેક મુગ્ધા  પોતેના માટે  એક સ્વપ્ન જુએ છે. પોતાના હૃદયમાં એક જગ્યા ખાલી રાખે છે. જે તેના ગમતા, મનના

માણીગર  માટે હોય છે અને જ્યારે તેને તક મળે ત્યારે તેને ત્યાં બેસાડી દે છે. દ્રૌપદીએ ત્યાં બેસાડેલા કોઇ બીજાને, અને તેને આખી જિંદગી બીજાઓની સાથે રહેવું પડયું. આખા મહાભારતમાં બે જ પાત્ર તિરસ્કૃત રહ્યા. જરૂર કરતાં વધારે શોષિત રહ્યા. ખૂબ દુઃખ ભોગવ્યું. આ બધું હોવા છતાં પણ તેમાં કર્ણ સૌથી વધુ કમનસીબ રહ્યો. હું તેનો ભૂતકાળ જાણતો હતો. સામુદ્રિક શાસ્ત્રના મારા અનુભવે મેં જાણ્યું તેની અને યુધિષ્ઠિરની રેખા ઘણી મળતી હતી. કર્ણમાં મને યુધિષ્ઠિર દેખાતા હતા અને હું પામી ગયો હતો. આ રહસ્ય મેં બહું મોડું જાણ્યું. જ્યારે મેં તેને તના જન્મનું રહસ્ય કહ્યું ત્યારે સમય વીતી ગયો હતો. કર્ણ જેવો મિત્ર અને વ્યક્તિ આ વિશ્વમાં ફરી આવે નહિ'

ઉધ્ધવથી વધુ સહન ન થયું,ઉભા થયા અને આવેલી સામગ્રીની વ્યવસ્થા કરવા ગયા.

બીજે દિવસે કૃષ્ણે ઉધ્ધવને પૂછયું બધી ગોઠવણ કરી નાખી?

"હા," ઉધ્ધવે ટૂંકો જવાબ આપ્યો.

"કેમ આજે કંઇ થયું છે?" " ના ઉધ્ધવે જવાબ આપ્યો: "પણ..'

"પણ શું?"

"પણ," ઉધ્ધવ બોલ્યા: "તું તો નિર્ભય છે. વૃંદાવનથી આવેલા સામાન સાથે એક વૃધ્ધ આવ્યો છે. તે આ ગાડાંમાં સાથે બેસી ગયો, થોડો ભૂખ્યો લાગે છે. પણ અહીં આવ્યા પછી તેને હાશ થઇ. તેને તમને મળવું છે."

"મને?"

"હા, તમને મળવું છે."

"મારું શું કામ છે? મેં તો વૃંદાવન છોડયું ૮૫ વર્ષ થઇ ગયા. મને યાદ છે કે હું મથુરા ગયો ત્યારે પંદરનો હતો. ત્યાર પછી હું કોઇ દિવસ વૃંદાવન ગયો જ નથી. અને આજ સુધી હું કોઇ વૃંદાવનવાળાને મળ્યો નથી. જે હતા તે બધા જ વૃંદાવનથી મથુરા અને મથુરાથી દ્વારકા મારી સાથે જ આવી ગયા હતા. તું જ પૂછી લે, તેને શું કામ છે. કોઇ જરૃરિયાત હોય તો તું પૂરી કરજે."

ઉધ્ધવે કહ્યું," મેં બધા જ પ્રયત્ન કરી લીધા. તેની એક જ જીદ છે કે કૃષ્ણને મળવું છે.' અને  એને તમારી પાસે કંઇક માંગવું છે,કદાચ કોઇ ગરીબ હશે, લાચાર હશે'

' પણ મારી પાસે માંગવા છેક વૃંદાવનથી અહીં આવ્યો ? સમજ નથી પડતી. હા, કદાચ તેણે સાંભળ્યું  હશે કે મારી ૧૦૦મી વર્ષગાંઠ નિમિત્તે હું બધાને બધું આપીશ. કદાચ તેની જરૃરિયાત વધારે મોટી હશે. સારું, ઉધ્ધવે કાલે સવારે પૂજા પછી તેને બોલાવજે. તેને પણ મળી લઇશું. આંગણે આવનાર કોઇ દુઃખી જવો ના જોઇએ. દ્વારકા તો સોનાની છે. અને હું છું ત્યાં સુધી આ બધો વૈભવ ટકવાનો જ છે. તેને પેટ ભરીને આપવું. તે પાછો વૃંદાવન જાય ત્યારે મારે કંઇક તેની સાથે મોકલવું છે. હવે મને નથી લાગતું કે મારાથી વૃંદાવન ફરી જવાય. ઉધ્ધવ, તેં જ મને કહ્યું હતું કે મારી અને રાધાની પુત્રી ઉષા ત્યાં છે. મારે તેના મારે કરિયાવર મોકલવો છે. તેના પતિ, તેના પુત્ર, મારા પૌત્ર માટે તેની સાથે થોડા યદુ સૈનિક ને

પણ મોકલજે. જેથી તેમને રસ્તામાં કોઇ તકલીફ ન થાય, રુક્ષ્મણીને પણ પૂછી લેજે કે તેને રાધા માટે કંઇ મોકલવું છે. ઉધ્ધવ તને ખબર નહિ હોય પણ હવેલીની બધી જ રાણીઓને મારા અને રાધાના સંબંધોની જાણ હતી, ફક્ત તેમને એટલી ખબર નહોતી કે મને એક પુત્રી છે. કોઇને કોઇ વાંધો નહોતો. આ તો સમાજમાં સ્વીકૃત છે'

બીજે દિવસે કૃષ્ણ ઉઠયા. રુક્ષ્મણી બાજુમાં જ હતી. હવે તે મોટે ભાગે રુક્ષ્મણી સાથે જ રહેતા. તેમની બધી જ સગવડો તે સાચવી લેતી. બધા જ વારાફરતી આવીને મળતા. પોતાના તમામ પુત્રો તેમને ઘરે પૌત્રો, પુત્રો, પૌત્રો બધા જ આવતા. બધા જ, હા બધા જ આવતા, અને પોતાના આશરે ૧૦૦ ભાઇ-બહેન પણ આવતા. તેમના પિતાને રોહિણી-દેવકી સિવાય પણ બીજી અનેક પત્નીઓ હતી અને તેમના થકી તેમને ઘણાં પુત્ર-પુત્રીઓ હતા. તેમનો પણ વિશાળ સંસાર હતો. તે બધા જ દ્વારકામાં વસતા હતા. તે બધાને પ્રેમથી મળતા અને સાચવતા હતા.

"રુક્ષ્મણી,આજે વૃંદાવનથી એક વૃધ્ધ મળવા આવ્યા છે." કૃષ્ણે કહ્યું,

"તે ભલે આવ્યા." રુક્ષ્મણી બોલી, ' અને  તેને પણ મારી પાસેથી કંઇ જોઇતું હોય તો આપજો ને. તમે બધાને બધું જ આપ્યું છે. મને કોઇ દિવસ પૂછયું છે ખરૃં? એ તો તમારો હક્ક છે. જો મને પૂછયું હોત તો બાકીની આ સાત ન હોત?" રુક્ષ્મણીએ સ્ત્રી સ્વભાવ છતો કર્યો.

કૃષ્ણ થોડા નારાજ થયા. "આ બધી તને પૂછીને લાવ્યો છું."

રુક્ષ્મણીએ કહ્યું, "હા,પહેલાં તમે નક્કી કર્યું. પછી મને પૂછયું. ચાલો હવે કંઇ ફરક પડવાનો નથી અને હવે શું? તમ તમારે એ વૃધ્ધને મળી લેજો. ઉધ્ધવ તો છે ને, મારે લક્ષ્મણાને મદદ કરવા જવું છે."

કૃષ્ણ પોતે ગવાક્ષમાં આવીને ઊભા રહ્યા, દૂરથી ઉધ્ધવ એક વૃધ્ધને લઇને રથમાંથી ઉતરતો હતો.

કૃષ્ણે તે વૃધ્ધને જોયો, ઝાંખું ઝાંખું પણ કંઇ જોયાનું યાદ નહોતું આવતું. આવવા દો. ધીરે રહીને ઉધ્ધવે અને વૃધ્ધે કક્ષમાં પ્રવેશ કર્યો, કૃષ્ણે તેને બેસવા કહ્યું. તે બેઠો, કૃષ્ણએ ધ્યાનથી તેને જોયો. કોઇ દિવસ મળ્યાનું યાદ ન હતું.

"બોલ ભાઇ શું કામ છે? અને હા તારું શું નામ છે? આટલે દૂરથી મને જ મળવા આવ્યો? કોઇ મુસીબત? અને મન મૂકીને માંગજે, તું તો મારા ગામનો, અને ત્યાં બધાં મઝામાં છે? કોઇ દુઃખી તો નથી ને?"

પેલો વૃધ્ધ ધીરેથી બોલ્યો, "ગામ સુખી છે. દૂધ-દહીં, ઘીની નદીઓ વહે છે અને મારા સિવાય સૌ કોઇ સુખી છે. ફક્ત હું નહીં."

"કેમ એવું બોલે છે?" કૃષ્ણે પૂછયુ, "ચાલ આજે તારું દુઃખ પણ દૂર કરીશું, પણ હા ભાઇ તારું નામ શું? તું ક્યા ગોત્રનો,(ગોત્ર એટલે વૃંદાવનમાં જેટલા ગોપ હતા તે દરેકની પાસે ગાયોનું મોટું ધણ હતુ અને તે ધણ અલગ-અલગ નામથી ઓળખાતું. જેથી ગોધૂલિક સમયે દરેક ગાય જે તે ગોત્રમાં પહોંચી જતી. ભૂલથી કોઇના ધણમાં આવે તો તેને તેના

ગોત્રમાં પહોંચાડી દેવામાં આવે.) મારું કોઇ ગોત્ર રહ્યું જ નથી. કોઇકે મારું બધું જ છીનવી લીધું છે."

"શું વાત કરે છે? હું તને પાછું અપાવીશ. ચિંતા ન કરતો. હું બેઠો છું ને, અને હા ભાઇ તારું નામ શું?"

વૃધ્ધ ધ્રૂજતા અવાજે બોલ્યો, "આયન મારું નામ, તમે સાંભળ્યું જ હશે ને,"

"મને કંઇ યાદ નથી આવતું. હું પણ તારી માફક વૃધ્ધ થયો છું. હા બોલ, આયન તારે શું જોઇએ છે. મારાથી બધું જ આપી શકાશે. હું તો આપનાર છું. આ જગતમાં આપવા જ આવ્યો છું."

આયન બોલ્યો, "વાસુદેવ તે આપવું તમારા ગજા બહાર છે. હું માંગીશ તે તમે આપી નહીં શકો. માટે જ માંગતા અચકાઉં છું."

ઉધ્ધવ ચોંકી ગયો, તેને કંઇ યાદ આવ્યું હોય તેમ લાગ્યું પણ તે કંઇ બોલ્યો નહીં.

"હું તને નહીં આપી શકું?" કૃષ્ણ આશ્ચર્યથી બોલ્યા.

"હા તમે નહીં આપી શકો, માટે જ બોલતા માંગતા ગભરાઉં છું,અને મને પહેલાં અભયદાન આપો પછી જ હું માંગીશ.

"હા,હા,તને અભયદાન છે. તું નિસંકોચ માંગ, ગભરાતો નહીં."

કૃષ્ણને હતું. માંગી માંગીને શું માંગશે. જરૂર કરતા વધારે ધન માંગશે ને? અને તેમાં તેમને કોઇ વાંધો જ નહોતો. જિંદગીમાં પહેલી વખત વૃંદાવનથી કોઇ માંગવા છેક દ્વારકા સુધી આવ્યું હતું.

વૃધ્ધ "આયન" ફરી બોલ્યો, "કૃષ્ણ વિચારી લેજો હું માંગું ને મને તે નહીં મળે તો હું તો પાછો જઇશ. પણ તમને ડંખ આખી જિંદગી રહી જશે."

"શું વાત કરે છે?" કૃષ્ણએ કહ્યું, "આયન, તું માંગ તો ખરો, હું ઉધ્ધવની હાજરીમાં તને વચન આપું છું. હું જગતનો નાથ, દ્વારકાધીશ, તું માંગીશ તે આપીશ"

અને વૃધ્ધ આયને ઊભા થઇને બે હાથ જોડી ખોળો કૃષ્ણની સામે ધર્યો.

"મને મારી પત્ની, હા મારી પત્ની રાધા પાછી આપી દો..."

અને હવે ચોંકવાનો વારો જગતના નાથ દ્વારકાધીશનો હતો, આ આયન શું તે રાધાનો પતિ હતો અને કૃષ્ણને યાદ આવ્યું. સાંભળ્યું હતું, રાધા પરણેલ હતી. તેના પતિનું નામ "આયન" હતું.
'શું કહ્યું તેં? કૃષ્ણે ફરી પૂછયું.

આયન બોલ્યો, "હા, દ્વારકાધીશ જગતના નાથ, મેં તો મારી પત્ની તમારી પાસેથી પાછી માંગી છે. હું નહોતો કહેતો તમારાથી નહીં અપાય. હું અહીં બેઠો છું, તમારી પાસેથી રાધાને લઇને જઇશ, અથવા તો દ્વારકાધીશ પોતાના વચનનો ભંગ કરશે."

ઉધ્ધવને હવે યાદ આવ્યું. આ રાધાનો પતિ હતો. "આયન" હા ખરેખર રાધાનો પતિ! કૃષ્ણને સ્વપ્ને પણ ખબર નહીં કે તે જીવતો હશે અને જિંદગીમાં તે આવશે, માંગશે અને પોતે ધર્મસંકટમાં મૂકાઇ જશે. પોતે વચન આપીને બેઠા છે. ઉધ્ધવ ગભરાઇ ગયો, કૃષ્ણ આસન ઉપર બેસી

ગયા, વાતાવરણમાં નીરવ શાંતિ, કોઇ કશું બોલ્યું નહીં. આ શું થઇ ગયું ? અને કૃષ્ણની યાદ તાજી થઇ, તેઓ ભૂતકાળમાં સરી પડયા. તેમને રાધા સાથે માણેલી, ગાળેલી એક-એક પળ યાદ આવવા લાગી. તેમની જિંદગીમાં આવેલી બધી સ્ત્રીઓમાં સર્વશ્રેષ્ઠ, નિઃસ્વાર્થ અને જેણે આત્માથી પ્રેમ કર્યો છે તે રાધા. તેનો આવેગ, તેનો આવેશ, તેની સમર્પણની ભાવના, તેના રોમરોમમાં કૃષ્ણ. તે કૃષ્ણમય, સ્વપ્નમાં પણ કૃષ્ણ, જાગતાં પણ કૃષ્ણ, તેની જિંદગીમાં પણ કૃષ્ણ સિવાય કશું નહોતું. તેનું દરેક વાક્ય કૃષ્ણથી શરૂ થઇ કૃષ્ણથી પુરું થતું. તેનો જન્મ જ જાણે કૃષ્ણ માટે થયો હતો. તે તેમના વગર જીવી જ ન શકે. શ્વાસમાં કૃષ્ણ, ઉચ્છવાસમાં કૃષ્ણ. તે તો પરણેલી હતી. કુટુંબના કંકાસમાં આપઘાત કરવા ગઇ હતી. કૃષ્ણે તેને બચાવી ત્યારથી તેના તારણહાર, તેના આત્મા, તેના પરમાત્મા બધું જ કૃષ્ણ હતા. ઘરનો ખૂણો ખૂણો તેનાથી ધબકતો હતો. ક્રૃર્ષના  આવવાથી તેની જિંદગીમાં વસંત આવી ગઇ હતી. તેના પગ ઘરમાં નહોતા ટકતા. તે આખો દિવસ ઘેલી થઇને ગલીમાં ફર્યા કરતી. દરેકની સાથે તે કૃષ્ણની જ વાતો કરતી. આખું વૃંદાવન તેની ઘેલછા જાણી ગયું હતું. કોઇ તેને ગાંડી કહેતું, કોઇ તેને ઘેલી તો કોઇ તેને બહાવરી કહેતું, તે ઝાડ-પાન સાથે કૃષ્ણની વાત કરતી. કદમના ઝાડ નીચે કલાકો સુધી બેસી રહેતી. વારંવાર કૃષ્ણ કૃષ્ણ બોલ્યા કરતી. કૃષ્ણે તેને યમુનામાંથી બચાવી ત્યારે તે બેભાન હતી. તે ભાનમાં આવી ત્યારથી ભાન ભૂલીને કૃષ્ણમય ફર્યા કરતી.

આ એ જ રાધા હતી  કે જેને કૃષ્ણ છોડીને આવ્યા હતા. દશકાઓ વીતી ગયા તેને જોયે, પણ તેઓ પણ તેના માટે ઝૂરતા હતા. તેમના

મનમાંથી પણ રાધા ખસતી નહોતી. તેની સાથેનો સહવાસ ભાગ્યે જ થોડાં વર્ષનો હતો, પણ તે થોડાં વર્ષની જિંદગીમાં તેઓ એકબીજા સાથે ઓતપ્રોત થઇ ગયા હતા. તેમણે ગાળેલી એક-એક પળ અવિસ્મરણીય હતી. તેનો સહવાસ કૃષ્ણને પુલકિત કરી દેતો હતો. હવે આટલાં વર્ષે "આયન" રાધાને પાછી માંગવા આવ્યો હતો. રાધા તેઓની પાસે ક્યાં હતી? તે તો વૃંદાવનમાં હતી. શું તે હજુ પણ કૃષ્ણમય હતી ? તેઓ વગર ઝૂરતી હતી ? તેની, તે છેલ્લી મુલાકાત યાદ આવી, ખૂબ રડી હતી. તે પગે લાગીને તેમને ન જવા માટે વિનંતી કરતી હતી. પણ તેમને તો યુગનિર્માણ માટે જવાનું હતું. એજ તેની સાથેની તેમની છેલ્લી મુલાકાત, છેલ્લો સહવાસ, રાધાને જીવવા માટે પોતાનું બીજ તેને આપીને આવ્યા હતા.

આજે કૃષ્ણને લાગ્યું કે તેણે રાધાની વાત માની હોત તો સારું થાત, તેઓને રોકાઇ જવાની જરૂર હતી. આજે તેમને જિંદગી નિરર્થક લાગતી હતી. બધા જ તેને પ્રશ્નો પૂછતા હતા અને તેનો જવાબ માંગતા હતા. પરંતુ તેમની પાસે કોઇ ઉત્તર નહોતો. અતીતમાં પાછા વળીને જુએ છે તો નિષ્ફળતા જ દેખાયા કરે છે. બધા પોતપોતાના સંસારમાં વ્યસ્ત અને મસ્ત છે. કોઇને તેમની જરૂર જ નહોતી. જિંદગી રસહીન થઇ ગઇ હતી. જે કૃષ્ણને માણવા તે વાંસળી વગાડે ત્યારે ગોપીઓ પોતાના પતિ, ધાવણાં બાળકોને છોડી તેની સાથે લીલા કરવા, રાસલીલા કરવા, ભાન ભૂલીને દોડી આવતી તે યાદ આવ્યું, કોઇ ગોપે ફરિયાદ પણ નહોતી કરી. તેમણે સહુના જીવનમાં રંગ ભરી દીધા હતા. બધા જ થનગનતા હતા. આખું

વૃંદાવન તન્મય થઇ તેમનામાં મગ્ન રહેતું. તેમની એક એક ક્રિયા વૃંદાવન માણતું. તેમનું તોફાન બધાને ગમતું અને આજે એમાંનું કશું નથી. રાધાએ તો તેઓની સાથે પ્રેમ કર્યો હતો. એક ઉમદા ઉદાહરણ આપ્યું હતું, પ્રેમ કોને કહેવાય તે શીખવાડયું હતું. સ્ત્રી પોતાનું સર્વસ્વ અર્પણ કરે એટલે શરીર નહીં પણ તેની સાથે મનથી પણ ઓતપ્રોત થતી હોય છે. સર્વસ્વ એટલે સંપૂર્ણ સર્મિપત, તેમાં કોઇ કચાશ નહીં, કોઇ એકબીજાની ભૂલો ન શોધે, શંકાને સ્થાન ન હોય, તે બધાથી ઉપર હોય. એકબીજાના શ્વાસ એક જ સૂરમાં હોય. આ બધું રાધામાં હતું, તે તો પરણેલી હતી. સંસારમાં ગૃહિણી હતી પણ તેમાં કોઇ કચાશ રહી ગઇ હશે, તેને પ્રેમ નહીં મળ્યો હોય કે સંતોષ નહીં મળ્યો હોય, ગમે તે કારણ હોય તે તો આપઘાત કરવા જતી હતી. કૃષ્ણને થોડી કળ વળી, "આયન"ના આક્ષેપથી તેઓ ધ્રૂજી ગયા હતા. પાછું તેણે વચન પણ લઇ લીધું હતુ.

હવે શું?

નીરવ શાંતિનો ભંગ કરતાં આયન બોલ્યો, "શું વિચાર્યું, દ્વારકાધીશ, રાધા પાછી આપો છો ને? મને તો ખાત્રી છે કે તમે નહીં આપી શકો. પણ મારે તમને થોડી વાત સંભળાવવી છે. આટલું સાંભળી લો પછી નિર્ણય કરજો. અને જો તમે નહીં આપો તો હું મારા ગજા પ્રમાણે તમને આપતો જઇશ. કૃષ્ણ તમે આખી દુનિયાને ધર્મ શીખવ્યો. આજે હું તમને ધર્મ શીખવું છું. ધર્મ કોને કહેવાય? હું તમારા જેટલો અનુભવી નથી, અવતારી પુરુષ નથી. મને ચમત્કાર કરતા આવડતું નથી પણ હું તો અભણ, માણસ છું અને મને જે લાગે છે તે કહું છું.

"પહેલું તો મારે તમારો ખૂબ-ખૂબ આભાર માનવાનો છે. હું અંતરથી તમારો આભાર માનું છું કે મારી રાધાને તમે આપઘાતમાંથી બચાવી. ભલે તે મારી ન થઇ પણ તે જીવે છે તે લાગણીએ હું પણ જીવું છું. હું તો તેની યાદમાં જીવી ગયો, કોઇ દિવસ તે પાછી આવશે અને મારી થઇ જશે એ આશામાં હું જીવું છું. તે તો મારી પરણેતર છે. મારાથી તેને ખોટું લાગ્યું છે. તેનાથી મને નહીં. અને હે વાસુદેવ મને બતાવો કે સંસારમાં કયા કુટુંબમાં પતિ-પત્ની વચ્ચે ઝઘડા નથી થતા? તે દિવસે હું ખેતરમાં મજૂરી કરીને પાછો આવ્યો. સ્ત્રીની એક ફરજ પતિ કામેથી પાછો આવે ત્યારે તે ઘેર રહે અને તેના ભોજનની વ્યવસ્થા કરે. તે દિવસે ન તો તે ઘેર હતી કે ન ઘરમાં કશું જમવાનું હતું. હું ખૂબ ગુસ્સે થયો પણ કોની ઉપર ગુસ્સો કાઢું? ઘરમાં કોઇ નહોતું, બહાર વરસાદ પડતો હતો. થોડીવાર પછી તે આવી મેં ત્યારે ગુસ્સાથી પૂછયું, "ક્યાં ગઇ હતી?" અને તેણે છણકો કરી જવાબ આપ્યો. "મારી સખીને ત્યાં" એક તો ભૂખ્યો, અને તેની ફરજનું તેને ભાન નહીં. જમવાનું તૈયાર હોત તો વાંધો ન આવત અને અમારા બંને વચ્ચે બોલાચાલી થઇ. રકઝક થઇ અને મેં ગુસ્સામાં તેની ઉપર હાથ ઉપાડયો અને તે ઘર છોડી જતી રહી. હવે કૃષ્ણ હવે મને સમજાવો, મારી જગ્યાએ તમે હોત તો શું કરત? આ જ કરત ને? થોડી વાર પછી ગામમાં હો હા થઇ. લોકો બૂમો પડવા લાગ્યા, 'આયન, આયન રાધાએ જમુનામાં ઝંપલાવ્યુ છે.' હું દોડતો ત્યાં ગયો પણ તે ન મળી. તે તણાઇ ગઇ હતી. વરસાદ હતો, નદીમાં ઘોડાપૂર આવ્યું હતું. આવામાં તેને ક્યાં શોધવી? છતાં મારા મિત્રોને લઇને શોધવા નિકળ્યો, ન મળી. બીજે દિવસે મેં નક્કી

કર્યું, 'ટોળી બનાવીને આજુબાજુના ગામમાં તપાસ કરીશ' પણ બીજે દિવસે વરસાદે માઝા મૂકવાથી બહાર નીકળાય તેમ નહોતું. અને તે તમારા હાથમાં આવી, તમે તેનો જીવ બચાવ્યો. અને કૃષ્ણ અહીંથી જ તમારો ધર્મ શરૂ થાય છે. તમે ધર્મ ચૂકી ગયા. હું તમને દોષી ગણું છું. રસ્તામાં કોઇ વસ્તુ મળે તો તેને તેના માલિકને શોધી તે પરત પહોંચાડવાની હોય, તેને રાખી લેવાની ન હોય, જ્યારે આ તો જીવતી વ્યક્તિ હતી. સંસાર તો ખાટો-મીઠો હોય. તમને મળી, તમે તેનો જીવ બચાવ્યો તે માટે  ફરી આભાર. તે ભાનમાં આવી પછી તેને તમે પૂછયું હોત કે તું ક્યાંની છો ? તને શું થયું છે વગેરે તેને તમે  સમજાવીને પરત મોકલી હોત તો મારો સંસાર અધૂરો ન રહેત. તમારો સંસાર મધુરો કરવામાં મારો સંસાર અધૂરો રહી ગયો. તમે તો અવતારી પુરુષ છો. તેને સમજાવી પાછી મોકલી શકત. ત્યાં સુધી મારો ગુસ્સો પણ ઓગળી ગયો હતો. તેની માફી માંગત અને હું તેને પાછી સ્વીકારી લેત. પણ નહીં તમે એવું ન કર્યું. તે તમને ગમી ગઇ, મારી રાધા ગમી જાય તેવી જ છે. મીઠડી, કામણગારી, રસિક, સુંદર કાયા, મારકણી આંખો, કોઇ પણ વ્યક્તિ તેને જોઇને મોહિત થયા વગર ન રહે. તેનાથી અંજાઇ જાય. મારી રાધા સાક્ષાત રતિ હતી - અને હંમેશાં કામદેવને આમંત્રણ આપતી હોય તેમ લાગે. તે હતી તો મારાથી નીચા ગોત્રની પણ તેનું આ રૂપ મને મોહી ગયું અને મેં હા પાડેલી. ઘણાં વર્ષો અમે સાથે સંસાર માણ્યો, અમે બંને એકબીજાથી સંતુષ્ટ હતા. પણ મારા ગુસ્સાએ અને તેની વર્તણુંકે, તેની બેકાળજીએ અમારા સંસારને બેસૂરો કર્યો. અને તમને મળી ત્યારથી હું તેને ખોઇ બેઠો. તમે જો

સમજાવીને તેને પાછી મૂકી ગયા હોત તો તે પાછી મારા સંસારમાં સમાઇ ગઇ હોત, પણ નહીં, એ તમારામાં અને તમે તેની ઉપર મોહી પડયા. તમે તેના કરતાં નાના અને તે મોટી. તમે વધારે કામણગારા, વધારે તાજગીવાળા. તમે તેને પાછી આવવા ન દીધી અને તે પાછી ન આવી. અહીં કામ કરવું પડતું હતું, તમારે ત્યાં વૈભવ. સ્ત્રીને બીજું શું જોઇએ. પોતાનાથી નાનો પ્રેમી, વૈભવ, સુખ અને સંતોષ આપનારા તમે.

મને જ્યારે ખબર પડી કે તે તમારી પાસે છે, ત્યારથી મેં માની લીધું કે મેં રાધાને ગુમાવી દીધી હતી. ગોપીઓને તમે રાત્રે વાંસળી વગાડીને બોલાવી શકો. તે પોતાના ગોપની સાથે સૂતી હોય તો પણ તે ઊભી થઇને તમને મળવા આવી જાય. તો રાધા તો કઇ મોટી હસ્તી ? તમે તેને મોહ્યા કે તે તમારા પર મોહી પડી તે તમે જ નક્કી કરી શકો. પણ મેં તો મારી રાધા ખોઇ, તમે વૃંદાવન છોડયું, પણ તેને સાથે ન લઇ ગયા, તે ખોટું કર્યું. તમે તેને સાથે લઇને ગયા હોત તો હું તેને ભૂલી જાત પણ તમે ન લઇ ગયા. કેમ? શા માટે ન લઇ ગયા? તે તમે જાણો. હે કૃષ્ણ, તમને ખબર નહીં હોય કે હું રોજ તમારા અને રાધાની આસપાસ જ રહેતો. કારણ કે મારી રાધા તમારી પાસે હતી.

તમે જ્યારે રાધા પાસે હતા ત્યારે હું બહાર ઊભો ઊભો નિસાસા નાખતો હતો. તમે તો તેની સાથે આનંદ કરતાં, તેને પ્રેમ કરતા, વાર્તાલાપ કરતા, હસતા. આ બધું જ મારા કાળજે લાગતું. મારું કાળજું કપાઇ જતું, ઘણી વાર તમને મારી કાઢવાનું મન થતું પણ અટકી જતો. કારણ કે હું હત્યારો બનું તો રાધા મને પાછી ન મળે. ભલે હું દુઃખી રહું

પણ તે તો તમારી સાથે સુખી રહેતી અને આનંદમાં રહેતી હતી. મેં ધીરે ધીરે તેનો મોહ ઓછો કર્યો પણ ઘડપણે મને ફરી સતર્ક કર્યો, મને તેની યાદ આવવા લાગી. જ્યારે રાધા અને તમારી દીકરીનાં લગ્ન લેવાયા ત્યારે હું કન્યાદાન કરવા ગયો હતો પણ મને કોઇએ તેની પાસે જવા ન દીધો. હું દૂરથી તેને આશીર્વાદ આપીને વળી ગયો. મારી નહીં પણ તે રાધાની દિકરી તો હતી ? ને તમે પણ કેવા નિષ્ઠુર પ્રેમી, પિતા, રાધાને ઉષાની ભેટ તો આપી પણ પાછું વળીને કોઇ દિવસ ન રાધાને જોઇ કે ન ઉષાને. હું તો સૂરજમુખી, રાધાને જોઇને ખીલતો અને રાતે કરમાઇ જતો, પણ તમે તો કમનસીબ છો. હું તો તેને રોજ જોતો, તમે તો છેલ્લાં ઘણાં વર્ષોથી તેને જોઇ પણ નથી. તે તો રોજ હજુયે સાંજે શ્રૃંગાર સજીને બેસે છે. હજુ પણ તેને આશા છે કે તમે ક્યારેક ક્યાંથી આવશો. ઉષા રોજ તેને સમજાવે છે કે તમે નથી આવવાના પણ તે માનતી નથી. તેનો વિશ્વાસ, તેની શ્રધ્ધા હજુ પણ અતૂટ છે. ચાલો એ સ્વપ્નમાં પણ તેને જીવવા દો. તમે જીવતા છો એટલે તે જીવે છે. નહીંતર તે તો ક્યારની મરી ગઇ હોત, અને હા કૃષ્ણ મારા માટે પણ તમે જીવજો. હું રાધાને દૂરથી જોઉં છું તો ખરો. ભલે ને તે મારી ન થઇ શકી, ભલે તે તમારી છે. પણ તેની પાછળ મારું નામ છે."રાધાઆયન" અને તમારી સાથે "રાધા-કૃષ્ણ" જે તમારી નથી છતાં..."

એક ઊંડો નિસાસો નાખી આયન બોલતો બંધ થયો. ઉધ્ધવે તેને શાંતિથી બેસાડયો.

"બોલો કૃષ્ણ હવે તમારે બોલવાનું છે?.તમારો ધર્મ શું કહે છે ? પારકી પરણેતરને ઘરમાં રાખી, મને પાછી આપશો ?"

કૃષ્ણ દિગ્મૂઢ થઇ ગયા. તેમણે ઉધ્ધવને કહ્યું: 'અત્યારે તું આયનને અહીંથી લઇ જા. કાલે આપણે ફરી મળીશું."

અને ઉધ્ધવ તેને લઇને ગયા. કૃષ્ણ પોતાના આસન ઉપર બેસી ગયા, રુકમણી અંદર પ્રવેશી.

તેણે કહ્યું, "હું ક્યારની બહાર ઊભી ઊભી આયનને સાંભળતી હતી. મને તમારી અને આયનની ખૂબ દયા આવે છે. તમને બંનેને થોડા સમય માટે મળી, પણ રાધાનું શું? તમે આટલા નઠોર હશો તે મને ખબર નહીં. તે બિચારી તમારી રાહ જોઇને બેસી રહી. અને તમે પારકી પંચાતમાંથી ઊંચા ન આવ્યા. તમે તે બિચારીને કેટલો અન્યાય કર્યો. મને જો રાધા પહેલેથી મળી હોત તો હું તેને અહીં લઇ આવત, મને તેના માટે લાગણી થઇ છે. કૃષ્ણ તમારે જવું જોઇએ. એક પત્ની તરીકે તમને હું આગ્રહ કરું છું."

"પણ રુક્ષ્મણી તને ખબર નહીં પડે, જો હું જઇશ તો તે જ ક્ષણે તે મરી જશે, અત્યારે તો મારી આશામાં તે જીવે છે. મને જોશે તેનો શ્વાસ થંભી જશે, મારે તેને જીવાડવી છે."

"તો તમે તેને દૂરથી જોઇને પાછા આવો."

'રુક્ષ્મણી હું રાધાને ઓળખું છું. હું તેને મળવા જવાનું વિચારું તો પણ તેની ખબર પડી જાય. દ્વારકાથી નીકળું અને તે વૃંદાવનમાં મરી જશે, તેને

ઝૂરવા દો.રુક્ષ્મણી તને ખબર નહીં હોય કે જ્યાં સુધી હું જીવીશ ત્યાં સુધી હું બે સ્ત્રીઓને નહીં મળી શકું. એક દ્રૌપદી, બીજી રાધા. આ જ વિધાતાએ ભાખ્યું છે, અને રુક્ષ્મણી મને થોડો સમય એકલો રહેવા દે." રુક્ષ્મણી ગઇ. જતાં જતાં બબડતી હતી. તમે શાના જગતના તાત. શાના દ્વારકાધીશ ?"

કૃષ્ણ એકલા પડયા.

જેને અઢાર અક્ષોહિણી સેનાને પોતાની સામે મરતી જોઇ તે રાધાને ઝૂરતી જોઇ શકતા નહોતા. કેવી લાચારી ? કેટલી મર્યાદા?

છેલ્લાં ઘણા દિવસથી તેઓ ઘેરાયેલા જ રહ્યા. બધા વારાફરતી પ્રશ્નો પૂછતા હતા.

કૃષ્ણ વિચારવા લાગ્યા : પહેલી રુક્ષ્મણી, તેણે બહુ ગહન પ્રશ્નો પૂછયા, માંગણી કરી, સૂક્ષ્મ ભેદની વાત કરી. માણસને અમુક વ્યક્તિ ઉપર વિશેષ લાગણી હોય. ઘરમાં પણ તેવું બનતું હોય. સ્ત્રીઓમાં ખાસ વિશેષ રાગ-અનુરાગ હોય છે. બાગમાં માળીને જોઇને ફૂલો ખીલે છે. તેમ અમુક પાત્રને જોઇને કૃષ્ણ રોમાંચિત થઇ જતા. તેમને પ્રેમ બધાની સાથે હતો, પણ વિશેષ અનુરાગ, રુક્ષ્મણી, સત્યભામા, દ્રૌપદી અને રાધા સાથે હતો. આ ચાર પાત્રો તેની જિંદગીમાં અલગ-અલગ હતા. સત્યભામાની વાત સાચી લાગી. સુદામા તો મિત્ર હતો, પણ તે મિત્રતા નિભાવવા આવી ગયો, તેણે મને મિત્ર સ્વીકાર્યો હતો. પણ મેં બહુ મોડું કર્યું. તેની બાબતમાં હું ખોટો છું, લક્ષ્મણા, તેના માટે માન થયું. આટલા ઉંચા તર્ક-વિતર્ક, દલીલો, સચ્ચાઇ, નીડર, નિર્ભય થઇને કોઇએ આજ સુધી તેમની સામે કોઇએ વાત કરી ન હતી, તે માનુની, વિદુષી નારી નીકળી. દુર્યોધન અને ભાનુમતિની દીકરી.

પોતે આર્યાવર્તમાં દુર્યોધનના પક્ષમાં અધર્મ છે. એવું કહેતા રહ્યા પણ આજે મને પણ તે ખોટું લાગે છે. દુર્યોધન અને ભાનુમતિની કેળવણીએ તેને સંસ્કારી બનાવી. મારા પુત્રને પરણીને તે દ્વારકા આવી. મારા આખા કુળને તારે તેવી. મારા આટલા બધા પુત્રો, પૌત્રો-પૌત્રીઓમાં સૌથી દયાળુ, શાણા, સમજુ, ચકોર, ચતુર, વિવેકી, વિનયી, સંસ્કારી કોઇ હોય તો તે શમ્બ અને લક્ષ્મણાના દસ પુત્રો છે. મને લાગે છે કે હું નહીં હોઉં ત્યારે યદુકુળની તમામ જવાબદારી મારે લક્ષ્મણાને સોંપીને જવી પડશે. તે જ એક આશા છે.'

આ રીતે તેમનો પુત્રવધૂ મોહ છતો થયો.

એક દિવસ લક્ષ્મણા અને કૃષ્ણ બગીચામાં બેઠા-બેઠા વાતો કરતા હતા અને અચાનક કૃષ્ણ ઊભા થયા અને આંબાના ઝાડ નીચે જઇને ઊભા રહ્યા. ઘણો સમય તાકી તાકીને પ્રેમથી જોયા પછી એક કેરી તોડીને લક્ષ્મણાને આપીને કહ્યું, "લક્ષ્મણા, હું દ્વારકામાં પહેલ-વહેલો આવ્યો ત્યારે મેં આ આંબો રોપેલો. તેને છોકરાની જેમ જતન કરી પાળ્યો, પોષ્યો, અને મોટો કર્યો. આ આંબાને જોઉં છું ત્યારે તે મને મારા સર્જનનો માલિકી હક લાગે છે. રાજમહેલમાં સ્પષ્ટ સૂચના છે કે આ આંબાને મારા સિવાય કોઇએ અડકવું નહીં. તેમાંથી આવતાં ફળ મારા સિવાય કોઇને પીરસવા નહીં."

અને લક્ષ્મણા ચોંકી ગઇ. તેને આ વાતની ખબર નહોતી.

"તો પછી શ્વસુરજી હું એક સવાલ પૂછું? એક વૃક્ષનું સર્જન કરવા માટે તમે તેને ઉછેર્યો. તેનો તમને કેટલો મોહ છે. તમને તેના વગર ચાલતું નથી તે ફળ ફક્ત તમારા માટે જ પીરસાય છે, તો તમે ને તમારા

સાથીદારો મારા દાદા ધૃતરાષ્ટ્રને આખી જિંદગી આર્યાવર્તમાં કેમ બદનામ કરતા રહ્યા. તે પુત્ર મોહમાં મોહાન્ધ છે. હવે તમે જ કહો, એક અંધ રાજા કે જેણે પોતાનું આટલું મોટું સામ્રાજ્ય ચલાવવાનું હોય તે પોતાના પુત્રની વાત માને કે બીજાની ? તે તો પરાવલંબી હતા. તેમના માટે લાકડી તેમના પુત્રો જ હતા. કોઇ પણ પિતા પોતાના પુત્રના ભરોસે જ જીવનરૂપી નાવડી પાર પાડે છે. તેમાં દ્રોણાચાર્ય હોય કે અશ્વત્થામા. અર્જુન હોય કે અભિમન્યુ અને તેમાં તમારો પણ સમાવેશ થઇ જાય છે. તમે તમારા ઘણાં વંઠેલ પુત્રોને કાબૂમાં રાખી નથી શકતા. તેમને કશું કહી પણ નથી શકતા અને છતાં પણ તમે તેમને પોષો છો. આ પુત્ર મોહ નહીં ? આને શું ગણવું ? આખા યુધ્ધમાં અમારા અને તમારા બંને પક્ષે આખા કુટુંબમાં બધાના જ પુત્ર પૌત્રો મરાયા પણ તમે છેવટ સુધી દ્રૌપદીના પાંચ પુત્રોને યુધ્ધમાં ન ઉતાર્યા.તમે સુભદ્રાપુત્ર અભિમન્યુને યુધ્ધમાં ઉતાર્યો અને મને લાગે છે કે તમે જ તેના મૃત્યુનું કારણ છો. દ્રોપદીના પુત્ર કેમ યુધ્ધમાં ન ઉતર્યા? આ પુત્ર મોહ નહીં તો શું ? હું તમારી જ વાત કરું. તમે આખી દુનિયાને યુધ્ધમાં ઉતારી. નિશસ્ત્ર રહી તમે બચ્યા. તમારા એંસી પુત્રોમાંથી કોઇને પણ કુરુક્ષેત્રના ધર્મયુધ્ધમાં કેમ ન લઇ ગયા? આ તો ધર્મયુધ્ધ હતું. તેમાં તમારા કોણ મરવાના હતા? છતાં પણ તમે તમારા  પુત્રોને લઇ ન ગયા. આમ કેમ? એક વધુ સવાલ જે લોકો જીવતા રહ્યા તે બધા નિર્વંશ છે. યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, સહદેવ, નકુલ પોતે જીવતા રહ્યા. પોતાના પુત્રો પર આવતા બાણ પોતે કેમ ના ઝીલ્યા અને પુત્રો મરવા દીધા? તેમને પણ પોતાના જીવનો મોહ હતો. અને સૌથી મોટો મોહ કુરુક્ષેત્રમાં તમે

પુરવાર કર્યો છે. પાંડવ પક્ષનો છેલ્લો ગર્ભ પરીક્ષિત મૃત હતો. તેને તમે જીવિત કર્યો. તમારા યોગ ચમત્કાર તમારું સત્ય, તમારી કારકિર્દી પૃથ્વી પરનો અવતાર. આ બધું જ તમે હોડમાં મૂક્યું. એક વંશ ચાલુ રહે તે માટે તેને જીવિત કરવા માટે તમારી લાગણી છતી કરી. સારું કર્યું. કોઇ પણ આવનાર બાળક આવતાં પહેલાં અકાળે મરવું ન જોઇએ. પણ આવી ગયેલા પણ અકાળે મરવા ન જોઇએ. તમે આ શક્તિનો ઉપયોગ પૃથ્વીને નંદનવન બનાવવા, ઓજસ્વી, તેજસ્વી, સમૃદ્ધ કરવા કે  તંદુરસ્ત પેઢીને સારા સંસ્કાર, શિક્ષણ મળે તે માટે ખર્ચી હોત તો તમે ખરા અર્થમાં યોગેશ્વર ગણાત, પણ મારી દ્દષ્ટિએ તમે ઊણા ઉતર્યા છો. તમે ધર્મયુધ્ધ કરવા નીકળ્યા ત્યારે તેમાં ભાગ લેનાર સૈનિકોને જીવાડવા માટે આખા દેશમાંથી અનાજ, કપડાં, વાસણો, ગાડાં, હથિયારો, ઘોડા, ગધેડાં, લાકડાં, બીજી જીવન જરૂરિયાતવાળી ચીજવસ્તુઓ લૂંટીને મેળવીને કુરુક્ષેત્ર પહોંચાડવામાં આવેલી. કેટલીક સ્ત્રીઓ પાસે તો પહેરવા માટે કપડાં પણ નહોતા. આખા દેશમાં દુકાળ જેવી સ્થિતિ હતી. હજારો સ્ત્રીઓને સૈનિકોના ઉપયોગ એના ઉપભોગ માટે લઇ જવાઇ હતી. સ્ત્રીઓના શિયળ ભ્રષ્ટ થયા. શું આ જ ધર્મયુધ્ધ કહેવાય ? અને શ્વસુરજી, મેં તો બધું ગુમાવ્યું છે, પણ તમે  તો કશું પણ મેળવ્યું નથી."

અને નિસાસા નાખીને તે ઊભી થઇ. કૃષ્ણ ત્યાં સુધી મૂઢ થઇને આ વાતો વાગોળતા રહ્યા.

હજુ એક પાત્ર કૃષ્ણના જીવનમાં આવવાનું બાકી છે. અને થોડા દિવસ પછી ઉધ્ધવને બોલાવી કહ્યું,

" બધા અતિથિઓ ગયા લાગે છે.?

" ઉધ્ધવે કહ્યું, "હા મોટાભાગના ગયા'

' ચાલ હવે શાંતિ ગઇ.'

પણ એમના નસીબમાં શાંતિ ક્યાં હતી ?

ઉધ્ધવ બોલ્યો, "હજુ એક મોટા સવાલનો જવાબ તમારે આપવાનો બાકી છે.'

'કોણ રહી ગયું?"

ઉધ્ધવે કહ્યું, "એકલવ્ય."

અને કૃષ્ણ માથે હાથ દઇને બેઠા. આજે બધા જ પાપ-પુણ્યનો હિસાબ થતો હતો, કૃષ્ણનું હૃદય ફાટફાટ થતું હતું, શું આ ધર્મયુધ્ધનો બોજો પોતાના એકલા ઉપર જ છે ? શું એમણે પોતાના એકલા માટે ધર્મયુધ્ધ કરેલું ? જે પાંડવો માટે ધર્મયુધ્ધ કર્યું, તેઓ તો યુધ્ધ પતી ગયા પછી એકેય વખત તેમને મળવા દ્વારકા આવ્યા નહોતા. આ તો તેમની ૧૦૦મી જન્મ તિથિએ તેઓ આવ્યા. જૂની વાતો અને યાદો તાજી કરી ગયા. કોઇ લાગણી નહીં, કોઇ આત્મીયતા નહીં, કોઇ ભાવ નહીં, આવ્યા તેવા ગયા. એવું તો નહીં બન્યું નહીં હોયને કે તેમને આ બધી ખોટ દેખાઇ હોય ? દ્રૌપદી નહોતી આવી માટે ? દ્રૌપદીનું ખેંચાણ, તેનો સ્પર્શ તેની હાજરી, તેની વાતો, તેની સુગંધ, તેનું લાવણ્ય તેની યાદમાં તેઓ સતત જાગતા રહેતા. તે ન આવી તે તેમને ન ગમ્યું અને મગજમાં એક ખરાબ વિચાર આવી ગયો. મારી પુત્રવધૂ લક્ષ્મણા આટલી ચતુર, સતેજ અને સતર્ક હોવા છતાં તેણે એક પ્રશ્ન પૂછવાનું બાકી રાખ્યું હતુ. અને જો તેણે એ પ્રશ્ન

પૂછયો હોત તો મારે આપઘાત કરવો પડયો હોત. તેના મગજમાં આ પ્રશ્ન હશે જ, પણ તેણે મર્યાદા રાખી હશે ! પણ જો તેણે એ પ્રશ્ન પૂછયો હોત તો હું સાચો જવાબ ન આપી શક્યો હોત, અને કૃષ્ણને ભાસ થયો અને તેઓએ નજર ફેરવી તો બાજુમાં જ લક્ષ્મણા ઊભેલી હતી. મીઠા ટહુકે તે બોલી, "શ્વસુરજી, ભલે તમને આજે સો વર્ષ થયા, પરંતુ તમારી ક્રાંતિ આજે પણ પચાસ વર્ષની વ્યક્તિ જેવી દેખાય છે. શરીરમાં એક પણ કરચલી દેખાતી નથી, તમે આજે પણ જુવાન લાગો છો. તમે આજે મને સાચ્ચું કહેજો, આજ પછી તમને પ્રશ્ન નહીં પૂછું, આ મારો છેલ્લો પ્રશ્ન છે. તમે... ખરેખર... દ્રૌપદી માટે તો... ધર્મયુધ્ધ નહોતું કર્યું ને ?"

અને કૃષ્ણનું મોઢું લાલઘૂમ થઇ ગયું. નિસાસો નાખી તેઓ બોલ્યા, "લક્ષ્મણા તું સાચે જ મને સમજી શકી છે. હા હું કૃષ્ણ, વાસુદેવ, અચ્યુત, પટવર્ધન, નારાયણ, દ્વારકાધીશ, માધવ, મોહન, ગીરધર મેં એક માત્ર દ્રૌપદીના માટે જ યુધ્ધ કરેલું. જ્યારે તેણે મારી સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો ત્યારે હું ગભરાયેલો હતો, ત્યારે તે પ્રસ્તાવ મારે સ્વીકારી લેવા જેવો હતો, તે ન સ્વીકાર્યો તે મારી ભૂલ હતી, હું સતત તેને ઝંખતો, હું તેના સહવાસમાં રહેવા પ્રયત્ન કરતો. અમે બંને એકબીજાના હોવા છતાં પણ દૂર રહ્યા. તેનો તેને અને મને અફસોસ છે.'

કૃષ્ણે જોયું. તો ત્યાં કોઇ નહોતું, ન હતી લક્ષ્મણા. આ તો એક આભાસ હતો, પણ આ આભાસ સત્ય હતો.

એકલવ્ય આવ્યો, તેનો કપાયેલ અંગૂઠો જોઇને લાગે કે વર્ણ વ્યવસ્થાનો તે સૌથી વધારે એક મેધાવી પ્રતિભા, ગુરૂશિષ્ય પરંપરા,

છેતરપીંડીનો ભોગ બન્યો છે. જેવી રીતે લોકોને પુત્ર મોહ હોય છે તેમ ગુરુને શિષ્ય મોહ હોય છે. તેમણે પણ પોતાની વિદ્યાનું અભિમાન, દંભ, મોટાઇ હોય છે. ઇતિહાસનું સૌથી ઉપેક્ષિત પાત્ર, સમાજનું સૌથી તરછોડાયેલ પાત્ર, જેની કોઇએ નોંધ ના લીધી. આંધળો ગુરૃભક્ત એવો એકલવ્ય. દ્રોણાચાર્યે તો  તેનો અંગૂઠો માંગીને કાપી લીધો. પણ એ સ્વાર્થી બ્રાહ્મણે કોઇ દિવસ વિચારેલું કે તેઓએ તેને કયારે ભણાવેલો હતો કે ગુરૃદક્ષિણા માંગી ? તેણે તો તેની પોતાની કુશળતા બતાવેલી. દ્રોણની શિક્ષામાં ભંગ ન પડે તે માટે કૂતરાનું મોં તીરોથી ભરી દીધું. તીર પાછા બહાર કાઢતી વખતે પણ કૂતરાના મોઢામાંથી લોહી ન નીકળ્યું. અને બીજો બનાવ કૂવામાં બોલ પડી ગયો, દ્રોણના રાક્ષસી મગજમાં બહુ ગંદો અને ખરાબ વિચાર આવ્યો.

'આ જો જીવતો રહેશે તો મારી વિદ્યાને પડકારનાર ઊભો થશે, અને અર્જુનની વિદ્યાનું મહત્વ નહીં રહે. માટે અંગૂઠો માગીને કાપી લીધો.'

વાત અહીં પૂરી નથી થતી. વિદ્યાનો કોઇ દિવસ નાશ નથી થતો. એકલવ્ય અંગુઠા વગર પણ, પોતાની બુધ્ધિથી એટલો જ સક્ષમ તીરંદાજ બન્યો કે તેની સામે પૃથ્વી પર કોઇ પણ તેના જેટલો સમર્થ ન હોય.

એકલવ્યે કહ્યું, "હે કૃષ્ણ, તમારા ધર્મયુધ્ધ વખતે હું કૌરવ પક્ષે લડવા આવ્યો. આ તો ધર્મયુધ્ધ હતું. મને શૂદ્ર ગણી, પાંડવ પક્ષે મને કૌરવ પક્ષે જવા જ ન દીધો. જે શલ્ય કૌરવ પક્ષનો સેનાની હતો, તેણે પાંડવ પક્ષનું ઉપરાણું લઇને મને કૌરવ પક્ષમાં જવા ન દીધો. મને શૂદ્ર કહીને યુધ્ધથી અલિપ્ત રાખ્યો. જો હું કૌરવ પક્ષે હોત તો હું એકલો તમારી સાતેય

અક્ષોણી સેનાનો તમારા સહિત બધાનો હું નાશ કરત અને નાશ એટલા માટે કરત કે ધર્મ કૌરવ પક્ષે હતો, નહીં કે તમારી પક્ષે. કૌરવે તમારા યુધ્ધો નીતિ-નિયમ મુજબ કરેલા છે. જ્યારે તમે જુઠું બોલી, અનીતિ આચરી, પ્રપંચ કરી, નિસહાય પર, હથિયાર ઉપાડી, યુધ્ધભૂમિમાં પૂજા કરતા ? ભુરીશ્વનો પણ વધ કર્યો. ભીષ્ણ, દ્રોણ, કર્ણ, શલ્ય, દુર્યોધનને અનીતિથી માર્યા. હું આ બધું જોતો હતો. પણ મને કોઇએ યુધ્ધમાં અંદર આવવા ન દીધો. હું ચુપચાપ સહન કરતો રહ્યો, પણ આજે હું અહીં આવ્યો છું. કૃષ્ણ તમે તો અવતારી પુરુષ છો અને હું શૂદ્ર છું. તમે એકલા છો અને હું એકલો છું. થઇ જાય ફરી એક વખત ધર્મયુધ્ધ" અને કૃષ્ણએ ના પાડવી પડી, ખરેખર તું જીત્યો ને હું હાર્યો અને કૃષ્ણએ એકલવ્યને કહ્યું,:  હવે કયું ધર્મયુધ્ધ ? હવે તો હું ગીતા પણ વિસરી ગયો છું અને ધર્મયુધ્ધ મને યાદ પણ નથી. તને અન્યાય થયો હોય તો મને માફ કરજે.'

અને એકલવ્ય ચાલી નીકળ્યો.

વૈકુંઠવાસી કૃષ્ણ વસુદેવ યાદવ ક્યાં છે તે કોઇને ખબર નથી. નામ-ઠામ વગરનું તમારું સરનામું. આમ તમે અત્યાર સુધીમાં દશ અવતાર લીધા, ચાર સતયુગમાં, ચાર ત્રેતાયુગમાં, અને બે દ્વાપરયુગમાં, અમને તો સમજ નથી પડતી કે શું તમારે આટલા નાના કારણસર પૃથ્વી પર અવતાર લેવો પડે છે? તમારે ભક્ત પ્રહલાદને બચાવવા માટે, હિરણ્યકશ્યપનો વધ કરવા નરસિંહ અવતાર લેવો પડયો ? માછલી અવતાર શાના માટે લેવો પડયો ? કાચબાનો અને વરાહનો અવતાર લીધો શા માટે તેની  સમજ નથી પડતી. શું તમને પણ પૃથ્વી પર

આવવાનું અને ફરવાનું મન થતું હશે ? બહુ જ નાના ક્ષુલ્લક કારણોસર તમારે અવતાર લેવા પડયા છે, એવું લાગે છે. રાવણને મારવા રામનો, કે જરાસંઘને મારવા કૃષ્ણનો !

'યદા યદા હિ ધર્મસ્ય,' જ્યારે જ્યારે પૃથ્વી પર અનીતિ દુરાચાર વ્યભિચાર, અસત્ય ધર્મનો લોપ થાય, પુણ્ય કરતા પાપ વધી જાય ત્યારે ધર્મનું અને પૃથ્વીનું રક્ષણ કરવા 'હું' વારંવાર જન્મ લઇશ અને અધર્મ થતો અટકાવીશ.' એવું તમે ગીતામાં કહ્યું છે પણ  તમારા દશે અવતાર જોતાં લાગે છે કે ત્યાર પછી પણ કોઇ ધર્મની સ્થાપના થઇ નથી. ઉલટું તમારા નામે આજે ઠેકઠેકાણે તમારા નામની હાટડીઓ ખૂલી ગઇ છે. બત્રીસ પકવાન, છપ્પનભોગ, ઠાકોરજી માટે કેસર ઇલાઇચીયુક્ત દૂધ. તમે કેટલા પરાવલંબી થઇ ગયા છો ? તમે તમારી દૈનિક ક્રિયા પણ જાતે નથી કરી શકતા. સવારે તમને કોઇ ઉઠાડે, તમને કોઇ નવડાવે, તમને કોઇ ભોગ ધરે, તમને શયન કરાવડાવે, ફરી તમને કોઇ ઉઠાડે, ફરી તમને કોઇ સુવડાવે, કોઇ તમારા પગ દાબે, કોઇ ચંપી કરે. પડદા પાછળ ધકેલી દે. તમારા આ ભક્તો સાથેનો સંવાદ પૂરો થઇ ગયો છે. તમે એકબીજા સાથે આંખ મિલાવી નથી શકતા, ઘંટડી તમને જગાડે અને ઘંટડી તમને સુવાડે. તમે જીવતા હતા ત્યારે આમાંનું કશું હતું ? ના, કેટલી સરળ અને સહજ જિંદગી જીવેલા તમે ? લોકોને મળતા પ્રેમ કરતા અને વહાલ કરતા, કુબજાને બેઠી કરી સામાજિક ન્યાયનું આ ઉત્તમ ઉદાહરણ છે. ભલે તમારી દ્વારકા સોનાની રહી પણ આજે તમારા નામે ચરી ખાનારા પાસે એટલી માલ-મિલ્કત છે કે તમે કંગાળ લાગો. તમે તો પૈસા કમાવવાનું સાધન

બની ગયા છો. તમારી અને ભક્તો વચ્ચે દલાલોની એક મોટી ટોળી ઊભી થઇ ગઇ. તમારે કંઇ કરવું હોય તો દલાલની જરૂર પડે. ભક્તોએ કંઇ કરવું હોય તો દલાલની જરૂર પડે? તમારા નામે આ શું મંડાયું છે. ભોગ વિલાસ, ઠગ વિદ્યા, ધૂતારા, ખોટા ખોટા ચમત્કારો. ભોળી પ્રજાને તમારા નામે આવા લોકો ક્યાં સુધી મૂરખ બનાવ્યા કરશે ? મારું જે કંઇ છે તે કૃષ્ણને અર્પણ, હજારો માતાઓ, બહેનો અને દીકરીનાં શિયળ લુંટાય છે. કોઇ રોકનાર નથી કોઇ કહેનાર નથી કે કોઇ ટોકનાર નથી. તમારા નામે રોજ અનેક નવાં ગપ્પાં આવે છે. લોકો ભોળવાઇને તેને  સાચી વાતો માનવા લાગે છે.

તમે અત્યાર સુધીમાં જે દશ અવતાર લીધા તે ન લીધા હોત તો ચાલત પણ હવે છેલ્લો અવતાર લઇને એક વખત જાતે આવી સત્ય શોધી સાચું શું બન્યુ હતું તે કહો. ખરેખર આ જ ધર્મની સ્થાપના ગણાશે. લોકો ભ્રમમાંથી મુક્તિ મેળવશે. ફરીથી હે કૃષ્ણ ! વાસુદેવ ! યાદવ આવો અમને મુક્તિ અપાવો અમે પણ મોક્ષ પ્રાપ્ત કરવા માંગીએ છીએ.

# ૨

દ્વારકાના વિશાળ મહેલમાં કૃષ્ણ સુખાસન નાખી આંબાવાડિયામાં બેઠા હતા. ઉધ્ધવને પણ ગયે ૧૫-૧૬ વર્ષ થઇ ગયા હતા. તેની ખોટ પૂરાતી નહોતી, એકલા પડી ગયા, કાળજી રાખવા માટે દારુકને ચોવીસ કલાક સાથે રાખતા, પણ દારુકની એક મર્યાદા હતી તેની સાથે શું વાત કરવી, એવું નહોતું  કે દારુક સમજતો નહોતો તે તો પહેલેથી જ કેશવનો સારથિ હતો અને સારથિ જ બેડો પાર ઉતારતા હોય છે. જો પાંડવના સારથિ પોતે ના હોત તો પાંડવો તો હારેલા જ હતા. દારુકની સૂઝબૂઝ, પોતાની

જરૂરિયાત, અશ્વની પસંદગી અશ્વોનો ખોરાક, પાણી, હવા, ઔષધનું ઊંડુ જ્ઞાન, સાથે સાથે પોતાની અને તેમની સગવડ પણ સાચવવાની આવડત. અંગત વફાદારી, વિશ્વાસુ, હિંમતવાળો, લડવૈયો કુશળ સારથિ મળવો મુશ્કેલ હતો.

શાંતિમાં ખલેલ પાડતો દારુક કેશવ પાસે આવીને બે હાથ જોડી ઊભો રહ્યો.

'કેશવ,મને  કેમ યાદ કર્યા?'

'દારુકક, કાલે સવારે નાગેશ્વરના દર્શને જવું છે. મને ભોળાનાથની યાદ આવે છે. સવારે આવી જજે, અને હા, સાથે કોઇ જોઇશે, માટે લક્ષ્મણાને કહી દેજે. તે પણ સાથે આવે, ભલે તે પણ દર્શન કરી લે'

હવે કૃષ્ણને લક્ષ્મણા વગર ચાલતું નહોતું હવે કશું કામ ના હોય તો પણ તેને બોલાવે તેની વાતો સાંભળે, સવાલ જવાબ કરે, તે તેમની સૌથી પ્રિય પુત્રવધૂ હતી. દુર્યોધનની પુત્રી મહેલની સૌથી લાડકી, મીઠડી, કામગરી બધાંને વ્હાલી હતી. અને જ્યારથી ૧૦૦ વર્ષની ઉજવણીમાં તેને તેમની સાથે તેની વ્યથા કહી ત્યારથી તો તે તેને માની ગયા હતા, આટલી વિચક્ષણ, ચતુર, ચકોર, કામગરી, કામણગારી તેની ગેરહાજરીમાં દ્વારકાધીશનો મહેલ અધૂરો હતો, તે હોય તો પૂર્ણ થાય અને મધુરો થાય. થોડી વારમાં લક્ષ્મણા આવી કૃષ્ણએ તેની સામે જોયું.

'કાલે સવારે તારે મારી સાથે નાગેશ્વર આવવાનું છે. કાલે હું એક વિશિષ્ઠ પૂજા કરવાનો છું તેમાં તું ભાગ લે તેવું હું ઇચ્છું છું કદાચ તારી હાજરીથી આ પૂજા ફળે અને કુટુંબમાં શાંતિ થાય, હું દ્વારકાધીશ, જગતનો તાત,

ત્રિભુવન, ત્રિકાળને વશ કરનાર, મહાકાળનો શિષ્ય, તેમનો ભક્ત મારે ત્યાં દેવોની અવર જવર, નારદ મારા વગર જીવી ના શકે, તેનું સવાર નારાયણથી થાય, પૂરૃં નારાયણથી થાય, ત્રણે કાળના લોકો મારી પૂજા, અર્ચના કરે છે,પણ અત્યારે મને આ બધાથી સંતોષ નથી.મારે દેવાધીદેવની પુજા કરવા જવું છે અને તારે મારી સાથે આવવાનું છે'

આટલા વર્ષોમાં લક્ષ્મણાએ કૃષ્ણને પ્રેમ કરતાં ઘણી વાર જોયા હતા. સ્વયં પોતે અવતાર અને તેમને પૂજા કરવી પડે તેની તેને નવાઇ લાગતી તેઓ નિયમિત રીતે આ ઉંમરે પણ યોગ, વ્યાયામ, વાયુની ઉપર અંકુશ, પ્રભાવ, આ બધું તેમના માટે રોજીંદું હતું. તેઓ વહેલા ઊઠે, પછી ક્રિયા કરતાં બે થી ત્રણ કલાક લાગે, માટે જ ઘણા લોકો તેમને યોગેશ્વર કહેતા, પછી બ્રાહ્મણો, શાસ્ત્રી સાથે,ૠષિ સાથે શાસ્ત્રાર્થ કરતાં નવું જાણવાની ઇચ્છા બહુ પ્રબળ. કંઇ જાણે એટલે તેના પ્રયોગ પણ કરે અને સફળ થાય એટલે સમાજમાં પ્રચાર કરે લોકોને સુખી કરે, તેમને ત્યાં દેશ-પરદેશથી વૈદ્યો, દવા, ઔષધ, જડીબુટ્ટી લઇને આવતા. દ્વારકાનું ઓષધ તંત્ર ઘણું વિશાળ હતું અને ત્યાંના વૈદ્યરાજ પોતાની નિપુણતાનો પરચો વારંવાર બતાવતા હતા. પણ આજ સુધી કૃષ્ણ કોઇ દિવસ બિમાર પડયા નહોતા, હા, નબળાઇ આવે.

સવારના પહેલા પ્રહરે દારૃક રથ લઇને તૈયાર થઇને આવી ગયા, લક્ષ્મણા પણ તૈયાર હતી, થોડી જ પળમાં વાસુદેવ આવ્યા. લક્ષ્મણાને જોઇ કેશવ આનંદિત થઇ ગયા. બીજી બધી પુત્રવધૂઓનું હજી સવાર પડયું નહોતું ત્યારે લક્ષ્મણા નાહી ધોઇ તૈયાર થઇને આવી હતી. તેમને

જાણ હતી કે આજે સાંજ પડવાની છે. પણ લક્ષ્મણા છે એટલે કંઇ સૂચનાની જરૂર જ નહોતી. આગલી રાતથી જ રસોડું ત્યાં પહોંચી ગયું હતું કૃષ્ણને શું પ્રિય છે તેની કાળજી લક્ષ્મણા હંમેશાં રાખતી માટે જ તે વધુ પ્રિય હતી.

રથ પર સવાર થયા અને દારુકે રથને દિશા આપી, એક કલાક થયો હશે અને તેઓ નાગેશ્વર જ્યોર્તિલિંગ પહોંચી ગયા, ઉષા હજુ પોતાનું પોત પ્રકાશિત કરતી હતી. કૂદરત પોતાનું કામ કરતી હતી. વાતાવરણમાં ઠંડો પવન, સુંગધી વાતાવરણ, પક્ષીનો કલરવ, ભવ્ય ઘંટનાદ, બ્રાહ્મણોના મંત્રોચ્ચાર, વેદોની ઋચા કર્ણપ્રિય રાગમાં ગવાતી હતી. કૃષ્ણ રથમાંથી નીચે ઉતર્યા અને  દરેક બ્રાહ્મણોને પગે લાગ્યા. બ્રાહ્મણોએ આશીર્વાદ આપ્યા, ક્ષેમકુશળના સમાચાર પૂછયા. અને બ્રાહ્મણ જયોર્તિલિંગ ગર્ભગૃહમાં વાસુદેવને લઇ ગયા અને બધાં તેઓને એકલા મૂકીને વિવેકથી બહાર નીકળી ગયા, દારૂકે અશ્વોને છૂટા કર્યા, ચણા ને તાજા ઘાસનો ચારો નાખ્યો, દારૂક લક્ષ્મણાને તાત્કાલીક ઊભી કરેલી છાવણીમાં લઇ ગયો, જ્યાં બધી સગવડો હતી, નોકર, ચાકર, દાસ, દાસી, પાણી, જમવાની બધી જ વ્યવસ્થા હતી. લક્ષ્મણાએ થોડો આરામ કર્યો વહેલી ઊઠી હતી હવે તો તેની પણ ઉંમર થઇ હતી તે પણ ૬૦,૬૫ પહોંચી હતી કદાચ વધારે પણ હોય. પુત્રીની ઘેર પૌત્ર અને તેના ઘેર પણ પુત્ર હતા, ખૂબ સુખી દાંપત્ય જીવન, કુશળતાથી ઘરસંસાર ચલાવતી હતી. પિયર તરફથી કોઇ સમાચાર નહોતા પણ બધું હેમખેમ હશે તેવું માની લેતી.  તેણે સાંભળ્યું હતું કે બાજુમાં જ ગોપી તળાવ છે. શ્વસુર મથુરાથી આવ્યા

ત્યારથી કેટલી ગોપીઓ કે મરજાદી થઇ ગઇ હતી તે ત્યાં વસતી હતી, તેમાંની કેટલીએ સખી સંપ્રદાય પણ ચાલુ કર્યો હતો, આખો દિવસ કૃષ્ણ, કૃષ્ણ તે સિવાય બીજો કોઇ વિચાર નહીં, એક પછી એક બધી જ પેઢી કૃષ્ણમય, થઇને જીવતી, સ્વપ્ના પણ કૃષ્ણનાં જ જોતી. આ ગોપીઓનો કૃષ્ણ માટેનો પ્રેમ જોઇ લક્ષ્મણા ચોંકી જતી જેઓને કોઇ દિવસ મળી નથી, મળવાની નથી, તેઓ માટે આખી જિંદગી અર્પણ, કેવો પ્રેમ? કેવી ઘેલછા? કેવું સર્મપણ? અને આ સ્વયં કૃષ્ણના ઘરમાં?  તે ઘરમાં કેટલો કલેશ, કંકાસ, અવગણના બધાં તેમનાથી દૂર રહે કેવી વિસંગતતા, કેટલી નાની નાની દિકરીઓ ત્યાં રમતી હતી. બધાંને પાસે બોલાવી, પોતાની પાસેની મિઠાઇ આપી બધાં ખુશ ખુશ થઇ ગયા. આશરે ત્રણેક કલાક લક્ષ્મણા ત્યાં રોકાઇ છાવણીમાં જઇને શું કરે ? જવાનું વિચારતી જ હતી અને કૃષ્ણ બહાર આવ્યા, મોં પર તાજગી તેજસ, ઓજસ, જાણે હમણાં જ મહાદેવ સાથે સત્સંગ કરીને બહાર આવ્યા હોય તેવી રેખા મોં પર ચાડી ખાતી હતી.

તે પણ લક્ષ્મણાની સાથે જોડાયા પછી નાની બાળ ગોપીઓને પોતાની પાસે બોલાવી. બધાંના નામ પૂછયા, તેમના પિતા શું કરે છે તેની માહિતી લીધી, બધાં ગોપ ખેતી કરતા હતા. છેલ્લે એક સૌથી નાની બાળગોપી દૂર ઊભી હતી. કૃષ્ણએ તેને નજીક બોલાવી, તે ભાવુક થઇને આવી વાસુદેવે તેનું નામ પૂછયું. નાનકડી ગોપીએ કાલી કાલી ભાષામાં બોલી મારૂં નામ "લલીતા" છે નામ સાંભળતા જ કૃષ્ણ બેસી પડયા અને

બોલ્યા:'શું કહ્યું બેટા તું લલીતા?'

'હા' લલીતા બોલી,

'તારૂં નામ  કોણે પાડયું ?'

'મને શું ખબર મારા પિતાજી હોય કે મારી માતાએ'

'બંને ક્યાં છે ? અહીં જ છે. બોલાવું?

'ના ના તારા પિતાનું નામ શું ? માતાનું નામ શું ?

'બાપુજીનું નામ લાભુ ગોપ, માતાનું નામ વૃન્દ' પછી લલીતાએ પૂછયું:' હે દાદા મારૂં નામ તમને ના ગમ્યું ? તમે કહો તો હું બદલી નાખું તમને જે ગમે તે હું રાખું. અને તમે કૃષ્ણ છો ?'

'તને કેવી રીતે ખબર પડી?'

'હું તમારૂં વર્ણન આખો દિવસ બધાં પાસેથી સાંભળી સાંભળી કંટાળી ગઇ છું. આજે જોયા તો યાદ આવી ગયા, વર્ણન પ્રમાણે તમે તેવા જ દેખાવ છે'

લલીતા બોલી:' દાદા મને એ સમજાવો કે હું તો બહુ નાની છું. પણ આ આખું ગામ તમારી જ વાતો કેમ કર્યા કરે છે. દાદીને કહું રાજા-રાણીની વાત કરો તો તે તમારી જ વાત કરે છે આ બધાં તો ગાંડા થઇ ગયા છે. ક્યારે ડાહ્યા થશે અને મને રાજા-રાણીની વાત કહેશે, તમે મને રાજા-રાણીની વાત કહો'

હવે ચોંકવાનો વારો કૃષ્ણ અને લક્ષ્મણાનો હતો. શું આ ગામ, આ લોકો, તેમની ભક્તિ તેમની લીનતા ? લક્ષ્મણા અભિભૂત થઇ ગઇ, લલીતા તો રમતી રમતી જતી રહી, કેટલી ગોપીઓ ગોપીતળાવ પરથી પાણી ભરીને

આવતી હતી તેમણે કૃષ્ણને પહેલ-વહેલા જોયા, દોડતી આવી, ભેટી પડી, પગે પડી, રડવા લાગી, થોડી વારમાં ગામ આખું ભેગું થઇ ગયું.

બધાં જ કૃષ્ણમય, ભક્તિમાં તરબોળ, શું વશીકરણ કર્યું હતું શ્વસુરે? તેની સમજ ના પડી. ક્યાં સુધી કૃષ્ણ રોકાયા, પછી બધાંને મળી નીકળ્યા દારૂકને કહ્યું સીધા દ્વારકા જ જઇએ. રથમાં લક્ષ્મણા અને કૃષ્ણ ચૂપ જ રહ્યા બંનેમાંથી કોઇ બોલ્યું નહીં, બંને ચૂપ જ રહ્યા, લક્ષ્મણા વિચારતી હતી કે લલીતા નામમાં શું છે કે કૃષ્ણ ફસડાઇ પડયા, લલીતા તો બહુ સામાન્ય નામ છે. જરૂર કૃષ્ણની જિંદગીનું કોઇ રહસ્ય છે. શોધવું પડશે વૃધ્ધ સસરાનો ભાર ઉતારવો જ રહ્યો. પણ અત્યારે સમય જશે તો તેઓ તેના જ વિચાર કરતા હતા તે મોં પરથી લાગતું હતું.

મહેલ આવી ગયો તેની ખબર પણ ના પડી. બંને પોત પોતાના કક્ષમાં ગયા. રાત પડી ગઇ, નિંદ્રાદેવી સવારી લઇને આવી પહોંચ્યા હતા પણ બે જણની આંખમાં ઊંઘ નહોતી એક કૃષ્ણમાં બીજી લક્ષ્મણામાં, દાસ પાસે તપાસ કરાવી કે કૃષ્ણ આજે કયાં છે, કોની પાસે છે ?

વળતો જવાબ મળ્યો, ભદ્રા પાસે કૃષ્ણની આઠ પટરાણીમાંની એક, ખૂબ સુશીલ, સુંદર, મળતાવડી, તેના થકી કૃષ્ણને દશ બાળકો હતા. બધાં જ ખૂબ સુંદર, દેખાવડા, માના સંસ્કાર, બાપની લાક્ષણિકતા, વિનયી, વિવેકી, ભદ્રા કોઇ દિવસ પારકી મગજમારી, પંચાતમાં પડતી નહીં. તેને તેમના માટે માન હતું. તેની પોતાની સાસુ જાંબવતી, અને બાકીના ૯ દિયર જેઠ સાથે પણ ખૂબ સારૂં બનતું. તે વધારે પ્રિય હતી, આમ જોવા

જઇએ તો તેને કુલ ૬૯ દિયર જેઠ હતા. એક નણંદ અને એક બનેવી બધાંની તે કાળજી રાખતી કોઇને ઓછું ના આવવા દે.

જવું કે ના જવું તેની મુંઝવણમાં હતી ત્યાં જ દાસીએ આવીને કહ્યું, કૃષ્ણ તમને બોલાવે છે શું અગમ-નિગમની વાત હતી તેને પણ મળવું હતું અને સામેથી કહેણ આવ્યું તે ભદ્રાના કક્ષમાં પ્રવેશી માતા ભદ્રા સમજીને બીજા કક્ષમાં જતા રહ્યા હતા.

'આવ લક્ષ્મણા'

શ્વસુર બોલ્યા:'તને ચેન નહીં પડે તેની મને ખાત્રી હતી અને મને પણ તને વાત કર્યા સિવાય ચેન નહીં પડે હા, હવે હું વૃધ્ધ થયો છું થોડા જ દિવસમાં આવતી અષ્ટમીએ હું ૧૨૫નો થવાનો, ૧૦૦મી વર્ષગાઠ તો તેં ભવ્ય રીતે ઉજવી, બીજું બધું તો હું ભૂલવા માંગું છું પણ તારા વેધક સવાલો હું ભૂલી શકતો નથી, આજે ૨૫ વર્ષ થઇ ગયા તું આવી ને આવી જ રહી. બદલાઇ જ નહીં, ના બદલાઇ તે જ સારૂં, તારી નિર્ભયતા મને ગમે છે. તું પૂછે તે પહેલાં જ તને કહું, કે લલીતા મેં પાડેલું રાધાનું પહેલું નામ. અમારી વચ્ચેની ગુપ્તતાનું નામ, રાધા તો મા-બાપે આપેલું નામ પણ મેં આપેલું પ્રથમ નામ લલીતા. એનામાં જે લાલિત્ય હતું જે લાવણ્ય હતું જે રૂપ હતું જે કામણ હતું તેનાથી અંજાઇને મેં તેનું નામ લલીતા રાખ્યું હતું અને આજે વર્ષો વીતી ગયાં, વર્ષો પછી કોઇ ગોપીએ તે નામનો ઉલ્લેખ કર્યો હું ડઘાઇ ગયો, કોઇક આવીને મને ધક્કો ના માર્યો હોય તેમ લાગ્યું,જાણે કે કોઇ બોલતું સંભળાતું હતું કે હજી હું તેવી જ છું ને, તમારી જ લલીતા. લક્ષ્મણા,તને ખબર છે કે હું જ્યારે રાધાને પ્રથમ વખત

મળ્યા ત્યારથી અમે બંનેએ નક્કી કર્યું હતું કે રાધા રોજ મારા માટે નવો શ્રૃંગાર કરશે, અને હું રાધાને રોજ નવા નામે બોલાવીશ,લક્ષ્મણા આવતી અષ્ટમી હું ૧૨૫નો થઇશ, મને લાગે છે કે આ મારી છેલ્લી અષ્ટમી હશે, હું લીલા સંકેલવા માંગું છું. હું પણ બોજ લઇને થાક્યો છું. કેટલું મોટું મારૂં સર્જન ? કેટલી મોટી જટીલ, માયાથી પર થવાનો સમય આવ્યો છે.આ લલીતા તે મારી જિંદગીની પહેલી લાગણી, પહેલો પ્રેમ જિંદગીમાં ઘણી સ્ત્રી આવી પણ લલીતા જેવી કોઇ નહીં. અને આજે નાની લલીતા જોઇ મને રાધાની આબેહૂબ પ્રતિકૃતિ લાગી આ જ દીકરી જો મોટી હોત તો તે રાધા જ હોત, માટે જ હું ફસડાઇ ગયો.લક્ષ્મણા હવે તો મારી ઉમર થઇ છે પણ જો તું લખી શક્તી હોય તો કોઇ દિવસ નવરાશે મારી પાસે આવજે હું રાધાના ૧૦૦૦ નામ તને લખાવીશ'

'શું વાત કરો છે ! શ્વસુર ? તમને રાધાજીના ૧૦૦૦ નામ પાડયા હતા?

'હા, મેં રાધાના ૧૦૦૦ નામ પાડયાં હતાં. મારી જિંદગીમાં રાધા ફક્ત ૩ - વર્ષ જ રહી છે. પણ શું વાત કરૂં તને, મારા રોમે રોમમાં આજે પણ રાધા છે. મેં તેનું પહેલું નામ લલીતા પાડેલું અને રોજ હું તેને મળવા જતો ત્યારે નવા નામે બોલાવતો. મને લાગે છે કે હું ઘણું બધું વિસરી ગયો છું પણ એ ૧૦૦૦ નામ આજે પણ હું કડકડાટ બોલી જઉં ભૂલ વગર, કોઇક દિવસ ગણી લેજે'

લક્ષ્મણા અચંબો પામી ગઇ શું કોઇ વ્યક્તિ આવો પ્રેમ કરી શકે. તેને માન્યામાં આવતું નહોતું, જ્યારે તેમણે રાધાજીને છોડયા ત્યારે તેઓ આશરે ૧૬-૧૭ના હશે, અને રાધાજી ૨૪ - ૨૫ ના હશે, પ્રેમને કોઇ ઉંમર, સમય,

સંબંધ નથી. જ્યારે વૃન્દાવન છોડયું ત્યારે છેલ્લી મુલાકાતમાં તેમણે રાધાને ઉષાની ભેટ આપી હતી. તેમણે તેમની પુત્રીનું કોઇ દિવસ મોં પણ જોયું નહોતું. કેવો લાગણીહીન પિતા! પોતાનું પ્રથમ સર્જન, પોતાનો પ્રથમ પ્રેમની પ્રસાદી, લોક કલ્યાણ કરવા જતાં પોતાના ભૂલી ગયા, પારકા પોતાના થઇ ના શક્યા, અને પોતાના પણ ના થયા, કેવો ધર્મ ? શું તેઓ ધર્મ ચૂકી ગયા હતા?

'હા, લક્ષ્મણા આજે મને લાગે છે કે જે ધર્મ માટેની મારી ઘેલછા અસહ્ય રહી, મારાથી ઘણા પ્રશ્નો ઊભા થયા, તેનો જવાબ મારી પાસે નથી કરશન હજુ મને ભુલાતો નથી, સારૂં થયું તે મેં દિકરીઓને આપણે ત્યાં રાખી લીધી નહિતો ઘણો અનર્થ થઇ જાત અને તારા પ્રશ્નોએ મારૂં મગજ ભમાવી દીધું છે. હસ્તિનાપુરથી આવે આજે ૩૫ વર્ષ થયા, મેં શું કર્યું આ ૩૫ વર્ષમાં? ખાધું પીધું, હું દ્વારકાધીશ, દ્વારકાને ના સુધારી શક્યો, મારા પુત્ર, પૌત્ર, મોટાભાઇ બલરામ, બધાં જ વ્યસની, સારૂં  છે કે દ્વારકાની બીજી સ્ત્રીઓની માફક મારા ઘરમાં વ્યસન આવ્યું નથી, ઘણા ઘરની સ્ત્રીઓ પણ મદ્યપાન કરતી થઇ ગઇ છે. મહેનત વગરનો પૈસો, પ્રમાદ અને વ્યસન તરફ ખેંચી જતો હોય છે. દ્વારકાની પ્રજાને સુખી કરવા જે મહેનત કરી તે નિષ્ફળ ગઇ, દીવા તળે અંધારૂં અને લક્ષ્મણા એક કામ કર મારૂં મન હજુ બેચેન રહે છે. ભૂદેવ શ્રુતિ બ્રાહ્મણ ગંગાધર અહીં છે, હા તેમને બોલાવ મારે તેની સાથે વાત કરવી છે. મારે મનને શાંત કરવું છે. હું બહુ વ્યગ્ર છું મને શાંતિ જોઇએ છે,અને લક્ષ્મણા જો તારી બધી મુંઝવણ ગંગાધરે સત્ય કહીને દૂર કરી હતી.તેઓને કાલે બોલાવજે મારે પણ

તેમની પાસેથી વધુ વિગત જાણવી છે'

બીજા દિવસે સવારે ગંગાધર કૃષ્ણના અંગત ઉપવનમાં આવી પહોંચ્યા, કૃષ્ણ એ પ્રણામ કર્યા,શ્રુતિ ગંગાધરે આશીર્વાદ આપ્યા, બ્રાહ્મણ એટલે બ્રહ્માંડને જાણનાર બાહ્મણ એટલે સમજનાર, અને ભ્રમમાં પણ નાખનાર તે એટલે સમાજમાં સર્વોચ્ચ છે. રહેશે.

'બેસો ભૂદેવ'

લક્ષ્મણા ઊભી રહી. '

શાસ્ત્રીજી, તમારાં ખૂબ વખાણ  લક્ષ્મણા પાસેથી સાંભળ્યાં છે. છેલ્લા ઘણાં વર્ષોથી અમારા અતિથિ રહી અમારી ઉપર ઉપકાર કર્યો છે. અમને સંસ્કાર આપ્યા છે. કલુષિત વાતાવરણમાં પણ તમારા જેવા બ્રાહ્મણોનો સંસર્ગ, સંપર્કથી જ અમે ઉજળા છીએ. લક્ષ્મણાએ તમારી પાસેથી ઘણું જાણી, અને મારી સાથે ચર્ચાઓ કરી, મને પણ મુંઝવણમાં મૂક્યો છે. પણ પ્રશ્નાર્થ, શાસ્ત્રાર્થ, એ સનાતન ધર્મનું મૂળ છે. આ પ્રક્રિયાથી જ ધર્મ ઉપર આવે છે. લોકોની શ્રધ્ધા, જ્ઞાન વધે છે. આવી ચર્ચામાં સ્ત્રીઓ પણ સામેલ થાય તે જરૂરી છે તેમને પણ ઘણી મુંઝવણો હોય છે. તે દૂર કરવાની આપણી ફરજ છે. મારા કુટુંબમાં લક્ષ્મણા આવી તેનું મને ગૌરવ છે. ભાવિ ઇતિહાસ તેની બુધ્ધિની નોંધ લેશે. તેના તર્ક-વિતર્ક, તેની તેના પિતા તરફની લાગણી, સ્નેહ, આદર, અન્યાય સામે મારી સામે પણ લડવાની તેની તીવ્રતા, કોઇની પણ શરમ રાખ્યા વગર સત્ય અને પોતાની વાતને વળગી રહેવું, તેની દલીલો, હું પણ અંજાયેલો છું. આજે મને ૧૨૫ વર્ષ થયા છે. અને હા, લક્ષ્મણા તેં મને થોડા દિવસ ઉપર એક પ્રશ્ન કર્યો હતો કે ગાંધારીનો શ્રાપ

ક્યો હતો?, ૩૬ વર્ષ પહેલાં હસ્તિનાપુર છોડયું. આજે ૩૫ વર્ષ થઇ ગયા.તેં મને પ્રશ્ન કર્યો હતો કે શું તમારૂં ધર્મ સ્થાપવાનું સ્વપ્નું પૂરૂં થઇ ગયું? ધર્મ સ્થાપના થઇ ગઇ, ફક્ત કૌરવને હરાવવાથી ધર્મની સ્થાપના થઇ ગઇ, અને આટલા નાના કામ માટે આટલો મોટો સંહાર, તમારે પોતે જન્મ લેવો પડયો, માનવીય યાતના ભોગવવી પડી. અને સૌથી વેધક સવાલ તો તારો એ હતો કે છેલ્લા ૩૫ વર્ષથી તમે દ્વારકા છોડી ભાગ્યેજ બહાર ગયા છો, તો દ્વારકાના ધણી, દ્વારકાને કેમ સુધારી ના શક્યા ? અહીં ધર્મની સ્થાપના કેમ ના થઇ ? કેમ ના કરી ? ઘરમાં પણ ક્યાં સુશાસન છે. ચારે બાજું ગુંગળામણ, કંકાસ, કલેશ, કાવત્રા, ચડસા ચડસી, અપમાનો, પ્રપંચ, આ બધું તમારી નજર સમક્ષ જ થાય છે. તમે રોકી શકતા નથી. કેવા લાચાર છો ? શાની લાચારી છે ?'

ગંગાધર હવે બોલ્યા, " હે અચ્યુત, હે કેશવ, આખું મહાભારત મારા દાદા, પિતાએ અને મેં જોયું અને સાંભળ્યું છે. મારી સમજ અને યાદશક્તિના પ્રતાપે હું સત્ય બોલીશ, તમે તો જાણો છો કે અમને દેવોનું વરદાન છે'

તમે મહાબારતમાં પ્રવેશ્યા તે પહેલાં,ભારત અને મહાભારતમાં પ્રપંચની શરુઆત તમારી સખી દ્રૌપદીના સ્વયંવર વખતે થઇ હતી. પણ તે પહેલાં નાની મોટી ૩૪ ઘટના બની હતી. તમે જાણતા જ હશો તમારા ફૂવા પાંડુની સાથે ક્રૂર મશ્કરી, ઋષિનો શ્રાપ, દાંપત્યજીવનથી વંચિત, કુંતીના વરદાન, પાંચ પુત્રોનો જન્મ, અને આશરે ૧૬ ૧૭ વર્ષની ઉંમરે પાંચ પુત્રોનું હસ્તિનાપુરમાં વિદુર સાથે, અને ઋષિ સાથે આગમન, યાદ રાખો તેમની ઉંમર ૧૬-૧૭ વર્ષ હતી. આશરે પુખ્ત ઉંમર ગણાય. તમારા

આગમન પહેલાંના જે બનાવ બન્યા તે આ પ્રમાણે ગણી શકાય. દુર્યોધન દ્વારા ભીમને લાડુમાં ઘેન નાખી આપવામાં આવ્યું ને પાણીમાં ડૂબી ગયા. પણ જીવતા રહ્યો અને બહાર આવ્યો.

આ એક બનાવ સિવાય કૌરવ પક્ષે એક પણ અઘટિત વાત બની હોય તેમ લાગતું નથી. નાનાં મોટાં કાવત્રાં, પ્રપંચ, કંકાસ, વેરઝેર, ઝેર આપવું એ તો દુનિયાના તમામ રાજા રજવાડામાં સામાન્ય હોય, આ પ્રકિયાથી કોઇ વંશ બાકાત ના હોય.

આ તો એક સામાન્ય ઘટના ગણાય, સત્તા, સ્ત્રી અને ધન આના મૂળમાં રહ્યા છે. સેંકડો રાણીઓ, તેમના વંશજ, ગાદીની માયા, સત્તા મેળવવાની લાલચ, અસંખ્યા રાણીઓ, ભેદ, સોગાદ મેળવવાની લાલચ પોતાનો જ પુત્ર સત્તા ઉપર આવે તેવા પેંતરા, કારભારીની ચઢવણી, ઉશ્કેરણી, વ્યભિચાર, એ સમયમાં આવી બાબતો સામાન્ય હતીઃ પિતાની હત્યા કરાવી, જેલમાં પૂરવા, ભાઇઓનો વધ કરવો, ખૂનખરાબી કરી સત્તા મેળવવી, બેફામ ખર્ચ કરવા, ઝેર આપવું વગેરે. આમાં કાંઇ અજુગતું નહોતું ગણવામાં આવતું. આની ઇતિહાસમાં વિશેષ નોંધ પણ નહોતી લેવાતી. રાજમહેલના કાવત્રામાં કેટલી વખત સત્તા પક્ષ તરફથી પણ પ્રોત્સાહન મળતું. ઘરકંકાસ ચાલુ રહે તે પણ કેટલી વખત જરૂરી હોય છે. અને કંકાસ ક્યા ઘરમાં નથી હોતો. કૃષ્ણ તમારૂં ઘર પણ કયાં બાકાત છે. જ્યાં એક કરતા વધારે સ્ત્રીઓ કાયમ સાથે રહેતી હોય ત્યારે તો આ સ્થિતિ તો ખાસ જોવા મળતી અને તેમાં કુરૂવંશ પણ દૂર રહ્યો નહોતો.

પણ અહીં તો પારકી મિલ્કતમાં ઝઘડો હતો. અને પછી રાજ્ય સાથે કોઇ ન્હાવા નીચોવવાનો સંબંધો હતો જ નહિ, ધર્મ અને સમાજ વ્યવસ્થા હંમેશાં રાજસત્તાને આધીન હોય છે, તેમાં ધર્મ તો ખાસ.પાંડવો હસ્તિનાપુરમાં આવી ગયા હતા. અહીં તેઓને વિદુર તરફથી, ભીષ્મ તરફથી તેમને જે પ્રોત્સાહન મળતું હતું તે દુર્યોધનને અકળાવનારૂં હતું. બંનેનો એકતરફી પ્રેમ તેને સમજ નહોતી પડતી અને તેમાં પણ ખાસ તો વિદુર એક પક્ષીય રીતે વર્તતા. આમ પણ પાંડુ, કુંતી અને માદ્રીના વનવાસ દરમ્યાન વિદુર જ વારંવાર વનમાં જઇ તેમની બધી સગવડ સાચવતા, દરેકનો જન્મ તેમની સામે તેમની હાજરીમાં જ થયો હતો, માદ્રી અને પાંડુ પણ ગયા, તે તેમની ગેરહાજરીમાં ત્યાર પછી કુંતી અને પાંચે પાંડવો એકલા પડી ગયા, માટે વિદુરને બધાંની કાળજી રાખવાની જવાબદારી આવી ગઇ હતી. અને મહેલમાં એક કાવત્રું રચાયું. મહેલના કાવાદાવાના ભાગરૂપે, લાક્ષાગૃહની વાત આવી. ગંગાધર શાસ્ત્રી અટકીને બોલ્યા, વાસુદેવ મારા કરતાં તમે વધારે અનુભવી છો. વધારે ફરેલા છો, ભ્રમણ કર્યું છે. લાખ એટલો પોચો પદાર્થ અને જવલનશીલ છે. તે બરડ હોય છે. વાળતી વખતે તૂટી જતી હોય છે. મને સમજ નથી પડતી કે લાખનો મહેલ હોય જ કેવી રીતે શકે ? છતાં પણ માની લઇએ પણ ત્યાં મહેલમાં બેઠેલા કોઇને વિચાર ના આવ્યો, પાંડવો, કુંતી, છ જણ વરણાવૃત વનમાં વિહાર કરવા નીકળ્યા, વિદુરને કાવત્રાની ગંધ આવી ગઇ હતી કે પાંડવોને મારવા માટેની આ ચાલ છે. જતી વખતે તેણે કુંતી અને પાંચેવને ચેતવ્યા હતા’

ફરી ગંગાધર બોલ્યા "વિદુરને જો ખાત્રી જ હતી કે પાંચ પાંડવ અને કુંતીને મારવાનું આ કાવત્રું છે. તો જવા જ શું કરવા દીધા ? રોકી રાખવા હતા. જવા દેવા ન હતા, અને જવાનું જ હોત તો ત્યાં ઉતરવાની ના પાડી હોત ? અથવા બીજે જવાનું કહ્યું હોત, પણ જો વિદુર બધું જાણતા હોત તો કહેવું હતું કે લાક્ષાગૃહમાં રહેતા નહીં કે સૂતા નહીં. અને છ જણ જાણે ઉજાણી કરવા વરણાવૃતમાં લાક્ષાગૃહમાં ગયા.

વિદુરના કહેવા પ્રમાણે તે સામે ચાલીને મોતનું આમંત્રણ સ્વીકાર્યું હતું પણ એક વાત નોંધવા જેવી છે કહીને ગંગાધર અટક્યા, કુંતી તેમની સાથે હતી. અનુભવી, ઘડાયેલી, મીંઢી, મુત્સદી, ભેદી, પેટમાં વાત ટકાવી રાખનારી, અને એક દિવસ એક ઘરડા આદિવાસી સ્ત્રી પોતાના પાંચ પુત્રોને લઇ ભીખ માંગવા આશરો લેવા લાક્ષાગૃહ પહોંચ્યા અને કુંતીના મનમાં એક ભયંકર વિચારે જન્મ લીધો, તેના મનમાં ષડયંત્ર ઘડાયું. તેનું ગુનાહિત મગજ સક્રીય થયું કે જો આ છ જણને લાક્ષાગૃહમાં આશરો આપું અને બહાર જતા રહીએ તો અને જતાં જતાં સળગાવતા જઇએ તો બીજે દિવસ છ મડદાં મળશે અને અમે મરેલા જાહેર થઇશું. અને દુર્યોધન માનશે કે અમે મરી ગયા. અને તેણે આ યોજનાનો અમલ કર્યો જાતે જ લાક્ષાગૃહ સળગાવ્યું છે આદિવાસી મરી ગયા તે લોકો બચી ગયા'

'શું વાત કરો છે ? ગંગાધર શાસ્ત્રી?

લક્ષ્મણા થર થર કાંપતી ગભરાઇને બોલી, કૃષ્ણ પણ અવાચક થઇ ગયા, અને લક્ષ્મણા પાછી બેઠી.

'શ્વસુરજી, તમને આ વાત ખબર નહોતી ? અને જો ખબર હતી તો તમે

આવા ઘાતકી, હત્યારાના પડખે રહ્યા, હા, મારા પિતાએ તેમના મારવાની યોજના બનાવી હશે પણ એમને તો બીજાને મારી પોતાની જાત બચાવવા છ નિર્દોષ માણસોનો વધ કર્યો. શું ગરીબી, એજ તેઓનો વાંક, કુંતીના વાત ઉપર તેમણે ભરોસો રાખી લાક્ષાગૃહમાં રોકાયા, વિશ્વાસઘાત કર્યો, ચિત્રગુપ્તના ચોપડામાં પાપ-પુણ્યનો હિસાબ થશે ત્યારે હું પૂછવા માંગું છું કે પાપ કોના પક્ષે વધુ હશે, મારા પિતા કે કુંતી અને પાંડવોના પક્ષે?

લક્ષ્મણાએ આગળ ચલાવ્યું:' એ છ જણને મારવા કરતાં લાક્ષાગૃહને સળગાવીને જતા રહ્યા હોત તો તેમને કોણ શોધવા નીકળવાનું હતું ? અને લાંબું વિચારો તો કોઇક ને કોઇક દિવસ તેમણે છતું થવાનું હતું તે અને તે સમયે એ છ આદિવાસીનો આત્મા જવાબ માંગશે તેવી બીક નહીં હોય, આ પાપનો ભાર છ જણ જાણે રમત હોય તેમ માની લઇ આગળ વધ્યા, કયાં ગયા ધર્મરાજ, વાયુદેવતા, ઇન્દ્ર, અશ્વિનકુમાર, શું ભગવાને આવા ક્રૂર પાપ કરવા જ કુંતીએ દેવો પાસે તેમણે માંગ્યા હતા. કોઇને દુઃખ નહીં, કોઇ રંજ નહીં, કોઇ અરેરાટી નહીં, શું આને ધર્મ કહેવાય ? શું આ તમારા ધર્મની વ્યાખ્યા ? મારા પિતાએ તો આવી રીતે કોઇની હત્યા તો નથી કરી'

કૃષ્ણ આ વાત જાણતા હતા પણ લક્ષ્મણાએ જે રીતે રજુઆત કરી પ્રશ્નો ઊભા કર્યા, અને ગંગાધર શાસ્ત્રીએ જે રીતે બનાવનું વર્ણન કર્યું તેનાથી તેઓ વિચારમાં પડી ગયા, શ્રુતિ બ્રાહ્મણ બનાવની સત્યતા કહે ન્યાય નહોતા કરતાં. તેમને તે હક્ક પણ નહોતો, જેને જે રીતે અર્થ લેવા હોય તે રીતે લઇ શકે, તેઓ બનાવ, વાત તથ્યને વફાદાર રહેતા. શું ૨૫

વર્ષ પછી પણ લક્ષ્મણા પોતાના પિતાની હત્યાની વાત ભૂલી શકી નહોતી, આ પુત્રવધૂ માટે સૌથી વધુ ચિંતા હતી, આટલી સુશીલ સંસ્કારી દિકરીનું ભવિષ્ય ધુંધળું અને કષ્ટદાયક હતું. તેના માથે કોઇ છત્રછાયા રહેવાની નહોતી, તેમાં તેના પતિ અને પોતે નિમિત બનવાના હતા, શમ્બે દુર્વાસાની મશ્કરી કરી હતી અને તે તારાજીનું નિમિત બનવાનું હતું અને સમગ્ર યદુવંશનો, પોતાની સાથે નાશ થવાનો હતો. અને ગાંધારીનો શ્રાપ? હવે એક જ ધર્મ બાકી હતું ૧ વર્ષ પછી બધી જ યાદવ સ્ત્રીઓ વિધવા થઇ ગઇ હશે. મા પુત્રી વગર, બહેન ભાઇ વગર, પત્ની પતિ વગર, કોઇ પુરૂષ જીવતો નહીં હોય સર્વનાશ નક્કી જ છે. અને અધૂરામાં પૂરૂં દ્વારકા નગરી પણ દરિયામાં ડૂબી જવાની હતી.

આ બધું તેમની નજર સમક્ષ તરવરતું હતું કોઇને આ વાત કહેવી જરૂરી હતી પણ કોઇની ઉપર તેમને વિશ્વાસ પડતો નહોતો. હા એક પાત્ર ઉપર વિશ્વાસ પડે તેમ હતો અને તે હતી લક્ષ્મણા પણ અત્યારથી જ આ વાત કરીને બાકીની જિંદગી ત્રાસદાયક બનાવવી નહોતી, અંતના થોડા દિવસ પહેલાં વિશ્વાસમાં લઇ તેને બધી જવાબદારી સોંપી અને પછી જઇશ.

પૃથ્વી ઉપરનો તેમનો અવતાર સમાપ્ત થવાની તૈયારી કરતો હતો તેમના વિચારમાં ખલેલ પાડતા લક્ષ્મણા બોલી:

'શાસ્ત્રીજી! એક વાત ફરીથી તમારે કહેવી પડશે, તમે વાત ચાલુ કરી ને દાસી મને બોલાવવા આવી શામ્બને કોઇ કામ હતું તે હું ગઇ તમારા થોડા શબ્દો સાંભળેલા તમે શિક્ષણ પછીની બધાં જ કુમારોની કસોટીનો જાહેર

કાર્યક્રમ રાખ્યો હતો તેની વાત કરતા હતા અને ગંગાધરે તે વાત કૃષ્ણને કરી હતી. ફરીથી કહેવાની તૈયારી કરતા કહ્યું, તું કૃષ્ણ પાસેથી સાંભળે તો મારા કરતાં વધારે સારી રીતે કહેશે અને કૃષ્ણ ચકિત થઇ ગયા. તેઓએ ગંગાધરને કહ્યું કે હું જાણું છું પણ તમે તો શ્રુતિ, તારા વડવા ત્યાં હાજર હતા તમારી પાસે રજ, રજની માહિતી હશે, જે મારી પાસે ના હોય.

'કૌરવ - પાંડવ કુમારોનું શિક્ષણ કૃપાચાર્ય એ દ્રૌણ પાસે પૂરૃં કરાવ્યું. બધાં જ ઉતિર્ણ થયા હતા પણ શ્રેષ્ઠ કોણ તેની કસોટી બાકી હતી. મુહૂર્ત જોઇ કસોટી નક્કી થઇ મોટા ચોગાનમાં છાવણીઓ ઊભી થઇ, કુસ્તી માટે અખાડા, તીરબાજી માટે અંતર અને એંધાણી, નિશાની, ગદા યુધ્ધ, ઘોડાની પરખ, ગાયની પરખ, નાના મોટા બીજા હથિયારો, શીખેલું તેને પ્રર્દિશત કરવાની તક હતી.  એક પછી એક સ્પર્ધા થતી ગઇ, મોટા ભાગની સ્પર્ધામાં બધાં જ કુમારો ઓછા વત્તે અંશે સફળ રહ્યા. હવે છેલ્લે, તીર, નિશાન અને અલગ અલગ તીરની ખાસિયત નો વારો  હતો, અને અર્જુને શરૃઆત કરી, તેણે એક તીર છોડયું તેમાંથી અનેક તીર નીકળ્યાં, અને બીજી અનેક તીરની તરકીબ બતાવી, પ્રજા ચકિત થઇને જોતી રહી ગઇ, ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, વિદુર, ગાંધારી, કુંતી, કનીક, ધૃતરાષ્ટ્ર બધાં જ હાજર હતા. કુરૃવંશના આ શ્રેષ્ઠ યોધ્ધાઓ હતા, અને અર્જુનની વાહ વાહ થતી હતી. દુર્યોધન પણ ચકિત થઇ આ ખેલ જોતો રહ્યો તેના પેટમાં તેલ રેડાયું તેનો કોઇ પ્રતિસ્પર્ધી આવી ગયો હતો, અને આ કસોટી હતી. તેણે વિચાર્યું કે આજથી કૌરવોએ પાંડવોથી સચેત રહેવું પડશે.  બંને એકબીજાથી ચઢિયાતા સાબિત કરવાના પ્રયત્ન કરવાના હતા. અને

અહીંથી બંને પક્ષે ઇર્ષા અને અદેખાઇની ખાઇ વધતી જવાની હતી. અને અર્જુને તેની વિદ્યાના શ્રેષ્ઠ પ્રયોગો જાહેર કર્યા, પહેલું અગ્નિવર્ષા, બીજું વંટોળિયો, ત્રીજું પવન રોકવા, ચોથું ગગનભેદી, અને છેલ્લું નારાયણ શસ્ત્ર, આ શસ્ત્ર એટલે વાતાવરણમાંથી પ્રાણવાયુ ઓછો થઇ જાય અને અંગારવાયુ વધી જાય જેથી મોટી જાનની હોનારત થાય પણ આ શસ્ત્રની અસર ક્ષણિક જ હોય, પાણી, હવા કલુષિત થાય. અને અર્જુને બધાં શસ્ત્રોનો વારાફરતી ઉપયોગ કરવા લાગ્યો, તેણે એક તીર છોડયું, તેમાંથી હજારો તીર નીકળ્યા અને ઓગળી ગયા, અને ત્યાં જ ક્યાંકથી બીજું એક તીર આવ્યું અને આખું આકાશ ઢંકાઇ ગયું, બધાંને લાગ્યું કે આ તીર પણ અર્જુને છોડયું છે પણ અર્જુન ગભરાઇ ગયો, પોતાના તીર કરતાં સર્વશ્રેષ્ઠ આ તીર કોણે છોડયું ? થોડી કળ વળતાં તેને બીજું તીર અગ્નિ તીર છોડયું લોકો દંગ થઇને જોતા રહી ગયા. ચારે બાજુ ગરમી જ ગરમી, અગનગોળા દેખાવા લાગ્યા. તાળીઓના ગડગડાટ થયા પણ ફરી અગ્નિ શસ્ત્રની સામે ઠંડી હવા છોડતા તીરોની વર્ષા થવા માંડી, વાતાવરણમાં શીતળતા છવાઇ ગઇ બધાં દંગ રહી ગયા, તાળીઓના ગડગડાટ, મંચ ઉપર બેઠેલા રાજવંશ ઊભા થઇને ચારે બાજુ જોવા લાગ્યા, દ્રૌણ પણ ગભરાઇ ગયા, કૃપાચાર્ય મંચ ઉપરથી નીચે આવી ભીડમાં તપાસ કરવા લાગ્યા કોણ હતો આ ધનુર્ધર જે દ્રૌણ, અર્જુન કરતા સવાયો હોય. પણ કોઇ દેખાયું નહીં, અને અર્જુન ત્રીજું તીર છોડયું  ચારે બાજુથી આંધી ધૂળની ગોટે ગોટા દેખાવા લાગ્યા, અને ફરી તેની સામે ક્યાંકથી એક તીર આવ્યું આકાશમાં વિજળી ચમકવા લાગી, પવન ફૂંકાતો બંધ થઇ ગયો

અને ધૂળની ડમરીઓ બેસી ગઇ, અને અર્જુન કાંઇ સમજે તે પહેલાં જ એક જ તીર આકાશમાં જતું જોયું, તે ક્યાં ગયું તેની કોઇને ખબર ના પડી, પણ થોડા સમય પછી વાતાવરણમાં સુગંધ ફેલાઇ ગઇ ચારે બાજુથી ઠંડો પવન ફૂંકાયા લાગ્યો, અને ભીડ ચીરતો એક યુવક મંચ પાસે આવીને ઊભો રહ્યો, વિશાળ પડછંદ કાયા, કસાયેલું શરીર મોં પર લલાટ હવામાં ઉડતા વાળ કમર ઉપર કસીને બાંધેલું પીતામ્બર, હાથમાં વિશાળ ધનુષ્ય ભાથામાં દશ-પંદર ચિત્ર-વિચિત્ર તીર. દરેક તીરની એક ખાસિયત લાગતી હતી. આખી જનમેદની તેના ગુણોનાં વખાણ કરતાં  થાકતા નહોતા તેને શાબાશી આપતા હતા, જેઓની પાસે શંખ હતા તેઓએ શંખ ફૂંકી તેનું સ્વાગત કર્યું. હા, તે કર્ણ હતો, અધિરથ અને રાધાનો પુત્ર'

અધિરથ હસ્તિનાપુરના રાજા ધૃતરાષ્ટ્રનો સારથિ તેમજ તેમનો મિત્ર હતો. અહીં તેમની અને દુર્યોધનની આણ ચાલતી હતી. અને જેવો કર્ણ મંચ ઉપર આવ્યો અને દ્રોણે પૂછયું કે કોણ છે ? તારી કઇ જાત ? અને બધાં ચોંકી ગયા, સ્પર્ધાને જાત-પાત શાની ? પણ દ્રોણે વાત પકડી રાખી. આ કુમારોની સ્પર્ધા છે. અહીં કોઇ સામાન્ય માણસ ભાગ લઇ ના શકે અને કર્ણ નીચે ઉતરી ગયો. મેદનીમાંથી લોકોએ શરમ, શરમની બૂમો પાડવા લાગ્યા. તેઓ કર્ણને ઘેરી લઇ તેની પાછળ ચાલવા લાગ્યા, અને એટલામાં જ દુર્યોધન મંચ ઉપરથી આગળ આવી મોટેથી બોલ્યો: ' કર્ણ ઉપર આવ મારે તારૂં કામ છે'

કર્ણ ધીરે રહીને ઉપર ગયો દુર્યોધન કર્ણને ભેટયા, અને બોલ્યા અહીં જાતપાત વગર શૌર્યની કદર થાય છે. તારી વિદ્યા ઉપર અમે આફરીન છે.

તારી આ વિદ્યા અર્જુન અને દ્રૌણ કરતાં ચઢીયાતી છે. તારી પાસે કઇ કઇ વિદ્યા અને તીર છે અને કર્ણ પોતાનું ભાથું નીચે મૂક્યું તો તેનું શરીર સ્પષ્ટ દેખાવા લાગ્યું. તેના શરીર ઉપર સોનાનું કવચ કુંડળ દેખાવા લાગ્યા જાણે કોઇ રાજકુમાર ના હોય અને એક પછી એક તીર બતાવતો ગયો અને તેનું વર્ણન કરતો જતો હતો અર્જુન,દ્રૌણ, રાજવંશ દંગ થઇ ગયા આમાંનું એક પણ શસ્ત્ર હસ્તિનાપુર પાસે નહોતું હસ્તિનાપુર ખાલી ખાલી લાગ્યું જે શસ્ત્ર વિશે દ્રોણે વિચાર્યું નહોતું તેવા શસ્ત્ર કર્ણ પાસે હતા અને સરળતાથી ચલાવી શકતો હતો. બધાં ભોંઠા પડી ગયા અને કર્ણ બોલ્યો, હા હું કર્ણ અધિરથ અને રાધાનો પુત્ર, સૂતપુત્ર છું મને મારા મા-બાપ ઉપર મારી વિદ્યા ઉપર ગૌરવ છે. પણ હું સૂતપુત્ર ના હોત તો તમારા પ્રિય શિષ્ય અર્જુન કરતાં સવાયો છું. તમે જે હજુ સુધી શીખ્યા નથી કે શીખવ્યું નથી તેમાં હું પારંગત છું. મારી પાસે બે દૈવિક શસ્ત્ર છે જેનો ઉપયોગ હું વિચારી જ નથી શકતો પ્રલય, સર્વનાશ. આ વિદ્યા શબ્દો તેની પાસે નાના લાગે, પણ હું સૂતપુત્ર છું મારે જવું જોઇએ અહીં મારૃ કોઇ કામ નથી આ તો મોટા લોકોની વાત છે મારે અહીંથી જવું જોઇએ'

અને તે પગથિયાં ઉતરવા જતો હતો અને દુર્યોધને ત્રાડ પાડી અને બોલ્યા:

' ઊભા રહો મિત્ર, હું હસ્તિનાપુરનો યુવરાજ આ ઘડીએ જાહેર કરૃ છું મારી સત્તાનો અને મારા પદનો હોદ્દાની રૃએ જાહેર કરૃ છું કે આજથી કર્ણ અંગદેશનો રાજા છે. અને તે રાજાના સર્વ હક્ક હું તેને આપું છું સભામાં સોંપો પડી ગયો અને તે બોલ્યો, આવ દોસ્ત કર્ણ. આજથી તું અંગદેશનો

રાજા અને પોતાના ગળામાં શોભતો સોનાનો હાર તેને પહેરાવ્યો અને બાજુમાં ઊભેલા સભાના મહામંત્રી વિદુરકાકાને સત્તાવાર આદેશ આપતાં કહ્યું કે કાલની સભામાં અંગદેશ અંગેનો ખતપત્ર કર્ણને અર્પણ થશે. વિદુર મૂકવાક કોઇ કશું બોલી ના શક્યા. બધાંએ સંમતિથી આ વાત સ્વીકારી લીધી. અને ગંગાધર બોલ્યા અને આમ કરીને દુર્યોધને દૂરદંશી વાપરી એક સબળ મિત્ર ઊભો કરી લીધો અને તેને કાયમ માટે પોતાનો મિત્ર બનાવી દીધો, રાજકારણની આ કૂટનીતિમાં દુર્યોધન ઉતિર્ણ થયા હતા'

પણ અચાનક લક્ષ્મણા વચમાં બોલી પડી:

'મારા પિતા વિદ્યાના કદરદાન હતા પણ મુત્સદી નહોતા તેમણે કર્ણની માફક દ્રોણે અંગુઠો કાપેલા એકલવ્યને પણ પોતાનો મિત્ર બનાવી લેવાની જરૂર હતી'

અને કૃષ્ણ લક્ષ્મણાની વાત સમજી ગયા તેમને લક્ષ્મણા આજે ખતરનાક લાગી. વર્ષો વીતી ગયાં હતાં. આજે આ વાત અપ્રસ્તુત હતી પણ લક્ષ્મણા આટલું વિચારી શકે છે આ છોકરીમાં શું નહોતું ? વર્ષો સુધી તે ઢંકાયેલી જ રહી. તેની બુધ્ધિનો કોઇ ઉપયોગ જ ના થયો, જો થયો હોત તો ? કૃષ્ણની મોટાભાગની ચિંતા ઓછી થઇ ગઇ હોત પણ હવે બહુ મોડું થઇ ગયું હતું. ભાવિ તેમને દેખાતું હતું.

ગંગાધારે વાત આગળ ચલાવી: 'અને બીજે દિવસે સત્તાવાર રીતે ભરી સભામાં કર્ણ અંગદેશનો રાજા ઘોષિત થઇ ગયો'

ગંગાધર બોલ્યા, આટલી લાંબી વાત એટલા માટે કરી કારણ કે ભીષ્મ, દ્રોણ, કૃપાચાર્ય, વિદુર, કુંતી, પાંચ પાંડવો અને બધાંની હાજરીમાં

દુર્યોધને સાબિત કર્યું કે હસ્તિનાપુરમાં તેની સત્તા ચાલે છે, તે સર્વોપરી છે અહીં તેના જ હુકમનું પાલન થાય છે તે જે કંઇ બોલે કે કહે તેનો રાજસભાએ સ્વીકાર કરવો પડે છે. અહીં પોતાની સત્તા દુર્યોધન સાબિત કરી, પાંડવોનું અહીં કંઇ નથી તે તો અમારી દયા ઉપર જ જીવે છે.

અને એમ કહી ધૃતરાષ્ટ્રની સાથેના આસાન ઉપર બેઠો અને ફરી ઊભો થયો અને બોલ્યો, વિદુર કાકા, આ તમારૂં કાવત્રું છે. હા હું તમારી પર આક્ષેપ કરૂં છું કે આ પાંડવોને અહીં લાવવાનું કાવત્રું છે. આશરે ૨૫ વર્ષ પહેલાં પાંડુ કાકા વનમાં ગયા ત્યાર પછી કોઇ દિવસ કાકા હસ્તિનાપુર આવ્યા નથી, અહીંથી ત્યાં કોઇ ગયું નથી, જનાર ફક્ત તમે જ બીજું કોઇ નહીં. તમે જ ખાધા ખોરાકીની વ્યવસ્થા કરતા અને દર વખતે તમે આવીને જ સમાચાર આપતા અને નવી વાર્તા કરતા. પાંડુકાકા શારીરિક અશક્ત હતા બાળકો આવ્યા ક્યાંથી? તમે જ વાત ઘડી કાઢી, દેવોના વરદાનની, શું દેવો એટલા નવરા કામ વગરના દેવલોકમાં બેઠા હતા કે કુંતી બોલાવે ને આવી જાય. અને ગર્ભધાન કરીને જતા રહે. એવી તો શી લાચારી દેવોને હતી કે એક સામાન્ય સ્ત્રીના આહ્વાનથી દેવો આવે, અને એવી તો શી સેવા દુર્વાસાની કરી કે તેમણે આવા અઘટિત વરદાન કુંતીને આપ્યું ? તમે જ ૧૮ વર્ષ પછી ગયા. સાથે થોડા બ્રાહ્મણને લઇને આવ્યા અને કહ્યું કે આ પાંડુના પુત્ર છે પણ આમાંથી પાંડુકાકાના કોઇ પુત્ર જ ક્યાં છે ? આ તો અલગ અલગ તમારા કહેવા પ્રમાણે દેવોના પુત્ર છે તેઓ સાથે અમારે શું લેવાદેવા? માટે આ પાંડવોને રાખો તમારી સાથે, પાસે, તેને રાજવંશ સાથે કોઇ લેવા દેવા નથી. સભા સ્તબ્ધ થઇને સાંભળ્યા કરી

કોઇ કશું બોલી ના શક્યું. કુંતી રડતી રહી, પાંડવો ચૂપ રહ્યા, વિદુર કશું બોલી ના શક્યા, સભા વિચારમાં પડી ગઇ દુર્યોધને યોગ્ય સમયે વાત ઉપાડી હતી. વિદુર, કુંતી, પાંડવો ઊભા થઇને જતા રહ્યા, જો તે ખોટો હોત તો ડાહ્યાઓની, જ્ઞાનીની સભા હતી કોઇએ તેને ટોક્યો નહીં કે રોક્યો નહીં. અને અહીં ગંગાધર રોકાયા અને બોલ્યા, દુર્યોધન પોતાની સર્વોપરિતા સાબિત કરી.

લક્ષ્મણા આ બધું આશ્ચર્યથી સાંભળતી જ રહી તેને હવે લાગવા માંડયું કે કોઇ કારણસર સસરાને મારા પિતા સાથે કંઇ અણબનાવ હશે અને તેમણે બદલો લીધો.

થોડા દિવસ પહેલાં ગંગાધરે તેને એક વાત કરી હતી તેને આજે યાદ આવી. શાસ્ત્રીજીએ તેને કહ્યું હતું કે હું તારી વંશાવલી જોતો હતો. કયાં કોઇ ગરબડ થઇ લાગે છે, સમજ નથી પડતી પણ ખરાઇ કરવી જરૃરી છે. તું તારા સસરાને જ વાત કરી  પૂર્તિ કરીશ, આટલું શુધ્ધ ધર્મજ્ઞાન મારી પાસે નથી પણ તેમની પાસે છે અને વાત આગળ ચલાવતા કહ્યું હતું કે તું તારૃં કુળ જાણ. અને તેઆના કહ્યા, સમજાવ્યા પછી તેણે કૃષ્ણ-વાસુદેવને પૂછયું હતું કે સસરાજી સંસારના પ્રશ્નો, જન્મ, મરણની પ્રક્રિયા મારે સમજવી છે. અને કૃષ્ણએ કહ્યું હતું કે લક્ષ્મણા તું ૭૦-૭૫ની થઇ હું ૧૨૫ નો થયો અને હવે તારે જન્મ મરણની પ્રક્રિયા સમજવી છે. ભલે, બોલ શું છે ? અને લક્ષ્મણા બોલી, હું કુરૃવંશની, પણ તમારે ત્યાં પરણીને આવી અને તમારા પુત્રની પત્ની બની અને અમારા જે બાળકો થયા તે કુરૃ ગણાય કે યદુ તમે મને સ્પષ્ટ જવાબ આપશો જેથી મને સંતોષ થાય.

અને કૃષ્ણએ જવાબ આપ્યો કે તું ભલે કુરૂ વંશની પણ તારા બાળકો યદુ વંશના જ ગણાય. સ્ત્રી પરણીને આવે એટલે તેની પાછળ પતિનો જ વંશ લાગે, હા, હવે મારા મનની શંકા દૂર થઇ. તમે સાચા છો પણ  તારે આ પ્રશ્ન શા માટે પૂછવો પડયો ? અને લક્ષ્મણાએ ધડાકો કર્યો તો આ સમજ પ્રમાણે હું ક્ષત્રીય નહીં પણ શુધ્ધ બ્રાહ્મણ છું અને મને હું મારા પિતાને, કોઇને કુરૂવંશ સાથે કોઇ લેવાદેવા નથી. અમે અમારા વંશ બ્રાહ્મણ છે. શુધ્ધ બ્રાહ્મણ, ઉચ્ચ બ્રાહ્મણ'

ગંગાધર બોલ્યા: 'હે અચ્યુત, તમે તો જ્ઞાતા છો મારે આ બાબતમાં કંઇ કહેવાનું ના હોય. પણ લક્ષ્મણાનું થોડું ગોત્ર હું જાણું છું તે કહું:

"વષિષ્ઠ ઋષિ તેમનો પુત્ર શક્તિ, તેમનો પુત્ર પરાશર, શુદ્ર મત્સ્યગંધાથી થયેલો પુત્ર કૃષ્ણ દ્વૈપાયન વેદ મુનિ વ્યાસ તેમનાથી થયેલા પુત્રો ધૃતરાષ્ટ્ર, પાંડુ, વિદુર, ધૃતરાષ્ટ્રથી દુર્યોધન અને દુર્યોધનથી હું અને મારો ભાઇ લક્ષ્મણ, અને તેનો પુત્ર, ........?

બીજી બાજુ પાંડુને કોઇ સંતાન નહીં એટલે તેમનો વંશ ત્યાં જ અટકી ગયો. કુંતી માદ્રીને  જે પુત્રો થયા તે કુંતી પુત્ર, માદ્રી પુત્રો તરીકે ઓળખાયા અને  નહિ કે પાંડુ પુત્ર, અને વિદુરને કોઇ નહીં. માટે મારૂં ગોત્ર વશિષ્ઠ, હું તેમની ગોત્ર જ કહેવા યોગ્ય છું. કૃષ્ણ બધું જાણતા સમજતા હતા પણ લક્ષ્મણા આટલી ઊંડી ઉતરશે તેની તેમને ખબર નહોતી. તેની બુધ્ધિ માટે માન થયું. હા તારી વાત બરાબર છે અમારા યદુવંશમાં તું બ્રાહ્મણ કુળની દીકરી આવી તેવું મનાય'

લક્ષ્મણા ઊભી થઇ પગે લાગી. કૃષ્ણએ આશીર્વાદ આપ્યા તો વધું એક પ્રશ્ન પૂછું ? 'હા પૂછ, હું જીવું છું ત્યાં સુધી તારી બધી જ જીજ્ઞાસા હું સંતોશિષ, મને પણ તારા સવાલ-જવાબથી આનંદ આવે છે'

લક્ષ્મણાના મોં પર થોડી વ્યથા આવતી જતી હતી, અને અચાનક બોલી: 'તો શું શ્વસુરજી તો પછી પાંડવોએ મારા પિતા, મારા કાકાઓનો જે વધ કર્યો તે શાસ્ત્ર પ્રમાણે તો બ્રહ્મહત્યા જ ગણાય ને અને બ્રહ્મ હત્યારા તો નર્કના અધિકારી ગણાય ને અને જો તેમને નર્ક મળ્યું હશે તો મારા જીવને શાંતિ થશે, ઉપર તો બધાં હિસાબ બરાબર જ થાય છે ને,?

અને કૃષ્ણ ફરી હસ્યા: તું તંતુ મૂકતી નથી. તું એ જ સાબિત કરવા માંગે છે ને કે તારો પક્ષ સાચો અને પાંડવ પક્ષ અને હું ખોટો, ચાલ તારી વાત પ્રમાણે તું સાચી'

'શાંતિ નથી થઇ. પણ એમ કહેવાય છે કે યુધ્ધમાં બધાં જ વીરગતિ પામે છે અને સ્વર્ગના હક્કદાર હોય છે. પાંડવો તો હજુ જીવે છે' લક્ષ્મણાએ દલીલ કરી:'હજુ તો તે જીવે છે.ભવિષ્ય કોને જોયું છે?

કૃષ્ણે કહ્યું, હું ગંગાધરને વરદાન આપું છું કે મારા અને પાંડવોના નિર્વાણની વિગત પણ તારા મરતાં પહેલાં તને આપશે. અને વધુમાં કહ્યું:'મેં જ ઊભા કરેલા ધર્મ, નિયમ પ્રમાણે કરેલા કર્મના ફળ અહીં જ ભોગવવાના હોય છે.ચાલ આજે હું થાક્યો છું વધુ કાલે, મારે તો મારો ભાર ઉતારવો છે. અને ગંગાધર હવે તો લક્ષ્મણા તો તમારી ધર્મની બહેન થઇ

ગણાય તમે બંને બ્રાહ્મણોએ મને હચમચાવી નાંખ્યો છે પણ મને તેનો આનંદ છે'

-----

છેલ્લા ૩૬ વર્ષથી કૃષ્ણ પાસે કોઇ જ કામ નહોતું દ્વારકામાં સુખ, સુખ અને સુખ, હા વ્યસની થઇ ગયું હતું દ્વારકા આ રોગ દરેકના ઘરમાં ઘર કરી ગયો હતો, સામાન્ય, માન, વિવેક, લજ્જા બધું જ કિનારા ઉપર ઊભું હતું. કૃષ્ણ નિરાશ થયેલા હતા અને તેમાં સમય પસાર કરવા લક્ષ્મણા અને ગંગાધર યોગ્ય સાથી હતા. એવું નહોતું કે લક્ષ્મણાને ગંગાધર ફક્ત મહાભારતની જ વાત કરતા તેનો બીજા રાજવંશ અને તેની ખટપટ, કાવત્રા, પ્રપંચની પણ રસપ્રદ વાત કરતા, સરસ રીતે સમય જતો રહેતો તે મનમાં એવું ઇચ્છતા કે આ ભૂદેવ અને લક્ષ્મણા ઉપર ભરોસો મૂકી તેમને લીલા સંકેલવી જોઇએ પણ શ્રાપ પૂરો થવાને હજુ સાત આઠ મહિના બાકી હતા તેની તેમની ચિંતા નહોતી પણ ધીરે રહીને લક્ષ્મણાને માનસિક રીતે તૈયાર કરવી જરૂરી છે. કારણ કે તે જ યદુવંશનો નહીં પણ બચી ગયેલા વૃધ્ધોને, બાળકો, સ્ત્રીઓને બચાવી શકશે, નહીં તો તેમનું શું થશે તે વિચારી કૃષ્ણ કંપી જતા. ધીરે ધીરે તે બંને ઉપર વધારે ભરોસો મૂકતા જતા હતા. પણ તેમણે જોયું કે બંનેના મનમાં મુંઝવણ વધારે હતી, અને કૃષ્ણ મરતાં પહેલાં તે પૂરી કરવા માંગતા હતા તેમનાથી કોઇ દુઃખી ના હોવા જોઇએ મરતાં પહેલાં દરેકની માફી માંગીશ આ જ તો મોટા માણસની સજ્જનતા હોય છે નમ્ર બનો, સુખી કરો, અને ઉંજળું ભવિષ્યનો

રસ્તો તૈયાર કરી આપીએ. બધાં પરવારીને ત્રણે જણ ઉપવનમાં ભેગા થયા નવાઇની વાત એવી બની કે આ ચર્ચાની ચર્ચા  મહેલમાં થતી. બધાંને રસ પડતો જતો, માટે આજે જાંબવતી, રૂકમણી, સત્યભામા અને થોડા પુત્રો અને પૌત્ર પણ આવ્યા હતા. બધાં શાંતિથી બેઠા, ગંગાધરે વાત શરુ કરી: ‘બોલો લક્ષ્મણા, શું શું જાણવું છે?’

કૃષ્ણએ પણ લક્ષ્મણાને પ્રોત્સાહન આપ્યું: ‘હા દીકરી, તારે જો આપણા કુળને સલામત રાખવું હશે તો તારે બધું જ જાણવું પડશે, સમજવું પડશે, હા ગઇકાલે તેં તારા ગોત્ર, તારા વંશની વાત કરી મને પણ આ સમીકરણ તો યોગ્ય જ લાગ્યા, હા લક્ષ્મણા, તારા બધાં જ સવાલ-જવાબ સાચા છે. આનો ભોગ સૌથી વધારે કોઇ બન્યું હોય તો તે કર્ણ છે. અહીં હાજર બધી જ રાણીઓ, પુત્ર, પૌત્રને ધ્યાનમાં લઇ કહું છું કે હું ના હોઉં ત્યારે તમારો બચી ગયેલો વંશ, વ્યવહાર, ચલાવવાની જવાબદારી  લક્ષ્મણા અને ગંગાધરને સોપું છું. બંને લાગણીશીલ છે, પ્રેમાળ છે, પ્રશ્નો સમજશે અને કોઇને તકલીફ નહીં પડવા દે, તમે છત્રછાયા તરીકે સ્વીકારશો, તેનું માનશો તો દુઃખી નહીં થાવ’

બધી રાણીઓ ચોંકી ગઇ કૃષ્ણએ નોંધ પણ લીધી પણ ગણકારી નહીં. તેમને તો આજ સુધી સલામતી, સુખસાહેબી, વૈભવ અને તેમની નાની મોટી જરૂરિયાતોમાં જ જિંદગી પૂરી કરી હતી, પોતાના યજ્ઞામાં કોઇએ આહુતી આપી નહોતી. એકલા હાથે જ લડયા કોઇનો ટેકો નહીં. આશા પણ રાખી ના શકાય, છતાં આટલે સુધી બહાર લાવ્યા ક્યારે ડૂબી જશે તેની તેમને ખબર નહોતી. લક્ષ્મણા પણ પોતાના ઉપર આપેલી જવાબદારીથી

ગદ્ગદિત થઇ ગઇ. કૃષ્ણના એક માત્ર દુશ્મન દુર્યોધન અને ધર્મ સ્થાપનાની વાત, કર્મના સિધ્ધાંત તેમણે રચેલી વ્યાખ્યા, નીતિ-નિયમો, આદર્શ, મર્યાદા, સંસ્કાર કશું કામ ના લાગ્યું અને દુર્યોધનની દિકરીને ઉત્તરાધિકારી વારસદાર બનાવી પડે તે લાયક પણ હતી. ગંગાધર તેના ટેકામાં હશે પછી કોઇ તકલીફ નહીં રહે. શું પોતે રચેલી માયામાં-લીલામાં આટલી મોટી ખામી હતી. ક્યાં ભૂલ થઇ ગઇ, કે લક્ષ્મણા આટલા સચોટ સવાલ કરી શકતી અને પોતાની પાસે તેના જવાબ જ નહોતા. ઘણી વખત મુંઝવાતા, માથું ખંજવાળતા, ક્યારે ક્યાંથી લક્ષ્મણા કોઇ સવાલ પૂછી બેસે તેની તેમમે ખબર જ નહોતી પડતી, તે કશું ભૂલતી નહીં, ભૂલવા દેતી નહીં, તેની યાદશક્તિ સારી હતી.

તે બોલી: ‘ગંગાધર યાદ રાખજો ભવિષ્યમાં આપણે જગતના તાત પાસે રાધાના ૧000 નામો સાંભળવાના છે. તેઓને યાદ છે. મોંઢે પણ છે. ભવિષ્ય માટે આ મોટો ઇતિહાસ સાબિત થશે તેમનો પ્રેમ અજર-અમર રહેશે, ગણાશે, બધી રાણીઓ  આ સંબંધ સ્વીકાર્યો જ હતો. બધાંના આ સંબંધમાં કોઇ અજૂગતું નહોતું લાગતું અને આજે રાધા ક્યાં તેમની જિંદગીમાં છે? આવવાની પણ નથી માટે તેઓને માટે ચિંતાની કોઇ વાત નહોતી.

બધી રાણીઓને લક્ષ્મણાની વાતોમાં રસ પડતો હતો. તેની વાતો સાંભળી પોતે હીનતા પણ અનુભવતી અમને આવો વિચાર કેમ નથી આવતો ? ક્યાંથી આવે ? લક્ષ્મણા એ પોતાના પિતાને ગુમાવ્યા છે. તેમની હત્યા થઇ હતી અને આ બધાંમાં સીધી જ રીતે સસરા કૃષ્ણ સામેલ

હતા માટે જ તેનો આક્રોશ જાહેર કરતી એક રીતે જોઇએ તો તે કૃષ્ણને આરોપીના પાંજરામાં ઊભા કર્યા હતા અને તેના સવાલના કોઇ સંતોષકારક જવાબ નહોતા.

શાંતિનો ભંગ કરતાં લક્ષ્મણા બોલી:'હે શ્વસુરજી મને સમજાવો હું જે કુળમાંથી આવી છું તે વશિષ્ઠ કુળની હું એક વાત પૂછવા માંગું છું તમે તમારો અભિપ્રાય આપી મને સાથ આપશો'

કૃષ્ણને નવાઇ લાગી પોતાના પૂર્વજો વિશે પણ તે આટલું બધું વિચારે છે તેમને રંજ થયો આટલા મોટા કુટુંબમાં આજ એક ચતુર સ્ત્રી હતી અને બીજી બધી શરીરના રમકડાં, કામવાસના માટે જ શું જિંદગી જીવી તે બધાંએ, કોઇ જીજ્ઞાસા નહીં કૂતુહલ નહીં, સવાલ, જવાબ નહીં, ખાધું, પીધું, બાળકો પેદા કરવા મઝા કરવી આ જ તેમની જિંદગી જ્યારે લક્ષ્મણા તો માનુની સાબિત થઇ.

'હા બોલ તારૃં કે કુળ પણ શા માટે બાકી રહી જવું જોઇએ ભૂલ હશે તો સ્વીકારીશ નહીં તો તારી ભૂલ સુધારીશ'

લક્ષ્મણાએ પુછ્યું:'પરાશર મારા પ્રપિતામહ, લગ્ન કર્યા વગર કામના આવેગ, આવેશમાં શુદ્ર મત્સ્યગંધા સાથે સંબંધ બાંધ્યો, તેનાથી તેમને એક અનૈતિક પુત્ર થયો, અને ત્યાર પછી પણ તેઓએ  કોઇ લગ્ન કર્યા નહોતા, અને તે મોટા થયાને બાદ પ્રપિતામહ થયા, જ્યારે અમારા વંશમાં કોઇ પુરૃષ ના રહ્યા ત્યારે ભીષ્મે ક્યાંકથી ધર્મનો સહારો લઇ ગતકડું કાઢયું કે પુરાના સમયમાં રાજા મરી જાય, રાણી નિઃસંતાન હોય તો શુધ્ધ બ્રાહ્મણ પાસે નિયોગથી  સંબંધ બંધાવી પુત્ર પેદા કરી શકાય. તે ધર્મથી પેદા

થયેલા બાળકો ગણાય. સારો રસ્તો કાઢયો, વિચિત્રવીર્યની બે પત્નીને બાળકોની જરૂર હતી અને પ્રપિતામહ વેદમુનિ વ્યાસે બે રાણી અને એક દાસીને બાળક પેદા કરી આપ્યા આ તો જાણીતી વાત છે પણ મારો સવાલ એ છે કે દાસી સાથેના સંબંધથી વિદુરકાકા થયા અને તે આખી જિંદગી તરછોડાયેલા રહ્યા, દાસીપુત્ર કહેવાય, કારણ કે તેમની માતા દાસી, શુદ્ર હતી માટે વિદુર દાસીપુત્ર ગણાય, તો પરાશર મુનિની પ્રેમિકા, લગ્ન કર્યા વગરની શુદ્ર, મત્યસ્યગંધા સાથેના સંબંધથી વ્યાસમુનિ થયા તો તે બ્રાહ્મણ, વેદવ્યાસ કહેવાય અને આજ વ્યાસજીએ શુદ્ર માતાના કૂખે જન્મ લીધો હતો બાપ બ્રાહ્મણ તો પોતે બ્રાહ્મણ જ્યારે દાસી સાથેના સંબંધથી વિદુર તો બાપનો પોતે હતા તે મા શુદ્ર હતાં તે વ્યાસપુત્ર નહીં પણ દાસપુત્ર કેમ ? આ તો વિદુર કાકાને અન્યાય જ ગણાય, જો વિદુરકાકા શુદ્ર તો વ્યાસમુનિ પણ શુદ્ર જ ગણાય મા પક્ષે બંનેની માતા શુદ્ર હતી'

ગંગાધર અને કૃષ્ણ જોતા જ રહી ગયા આ સ્ત્રીના મગજમાં શું તોફાન ચાલે છે તેની સમજ પડતી નથી ક્યાંથી સવાલ ઊભા કરે છે તેની પાસે જવાબ નથી.

કૃષ્ણને ઘણી વખત લાગતું શું ઉપર ચિત્રગુપ્ત આ જ રીતે હિસાબ કરતા હશે. કેટલી નાની વાત કેટલા અનર્થ સર્જે છે. અને આ અનર્થ માનવીની આખી જિંદગી પાયમાલ કરી શકે છે. વિદુર આખી જિંદગી દાસી પુત્ર રહ્યા, તરછોડાયેલા, અપમાનિત, શોષિત, માનપાન વગર, પત્ની પણ દાસીપુત્રી જ મળી. ભલે તે ગમે તેટલા જ્ઞાની હોય પણ છેલ્લે તો

દાસીપુત્ર જ ગણાય, કારણ કે તે વખતે કોઇ લક્ષ્મણા નહોતી. કાશ, યુગેયુગે ઘર ઘર આવી લક્ષ્મણા હોવી જોઇએ તો કુટુંબના પ્રશ્નો રહેત જ નહીં.

‘ગંગાધર, આટલા બધાં પ્રશ્નો, આટલા બધાં મારા પર આક્ષેપ? કેટલાના જવાબ પણ નથી પણ ગંગાધર એટલું કહું કે આ બધાં કર્મના ફળ છે. તેમાં હું, તમે કે લક્ષ્મણા કે પૃથ્વીનો કોઇ જીવ બાકી નથી. કર્મ જ સર્વશ્રેષ્ઠ ઉપાય છે’

ગંગાધર, લક્ષ્મણા બંને ઘણા સમયથી વિચારતા હતા કે ઘણા સમયથી કૃષ્ણ કર્મની વાતો કરતા હતા, શું તેઓ કોઇ સંદેશો આપવા માંગે છે ? જો આ વાત હોય તો તેમાં કોઇ સંકેત હશે અને સંકેત સમજવાની જરૂર છે. કૃષ્ણ પોતે કંઇ બોલતા નથી પણ મુંઝાયેલા જ રહેતા. પણ કળી શકાતું નહોતું.

લક્ષ્મણાએ ફરીથી પ્રશ્ન કર્યો: ’શ્વસુરજી મને માફ કરશો પણ તમારી ગેરહાજરીમાં તમારી એક ઇચ્છા પૂરી કરવાનો પ્રયત્ન કર્યો છે’

‘મારી કંઇ ઇચ્છાને પૂરી કરી. અને જો તેં મારી ઇચ્છા પૂરી કરી તો માફી માંગવાની શું જરૂર ?

‘છેલ્લા ઘણા વર્ષોથી હું તમારા ભૂતકાળ ઉખાડીને તમને દુઃખી કરૃં છું’
’ના ના લક્ષ્મણા હું તો તારો આભારી છું જો આ ના થયું હોત તો કેટલી ગેરસમજ થકી કેવી કેવી વાતો સમાજમાં ફેલાતી રહેતી હોત જાણે અજાણે કેટલાને મારે હાથે અન્યાય થઇ જાત ઉલ્ટો હું તો તારો આભારી છું તે મારો ભાર હળવો કર્યો નહીં તો બોજાના ભાર નીચે કચડાઇ જાત, અને આ

ભાર લઇને જાત તો હું ક્યાં હોત ? કોને બોલાવ્યા છે તને જે યોગ્ય લાગે તેને બોલાવજે હું હળવો થઇ ને જ જવા માંગું છું'

'તમારાથી જેને સૌથી મોટો અન્યાય થયો છે. તે કર્ણની બે પત્ની, વૃશાલી, સુપ્રિયા અને તેમના ૯ બાળકોમાંથી ૮ યુધ્ધમાં માર્યા ગયા માત્ર એક જ બચ્યો હતો, કારણ કે તે નાનો હતો યુધ્ધમાં ભાગ નહોતો લીધો તે હવે મોટો થઇ ગયો છે તેના લગ્ન દક્ષિણના રાજાની  દીકરી સાથે થયાં છે તે વૃષકેતુ.'

કૃષ્ણ હસી પડયા: 'લક્ષ્મણા તું પણ હવે ગંગાધર શ્રુતિ બ્રાહ્મણની માફક ઇતિહાસ, ભૂગોળ સાથે વાત થઇ અભિનંદનને પાત્ર છે તે, ક્યારે આવવાના છે ? મારે તેમની માફી માંગવી છે સારૂં કર્યું તે બોલાવી લીધા જો તે મારી આ ઇચ્છા પૂરી કરી તો બાકીની બે ઇચ્છા પણ પૂરી કરજે મને તારી પર વિશ્વાસ છે તું પૂરી કરી શકીશ'

લક્ષ્મણાએ કહ્યું:' હું વચન આપું છું, બોલો કોણ છે તેઓ ? કોને લાવવાના છે?

કૃષ્ણ સંકોચ સાથે બોલ્યા: 'દ્રોપદી અને રાધા, મારી જિંદગીમાં આ બે પાત્રોની જરૂર છે. મરતાં પહેલાં મારે તેને મળવું છે'

લક્ષ્મણા સમજી ગઇ તેમનો જીવ મુંઝાતો હતો તેને પ્રયત્ન કરવો જ પડશે, અને તે વચન આપી બેઠી શ્વસુરજી હું તમારી પુત્રવધૂ લક્ષ્મણા તમને વચન આપું છું કે આ બંને તમારી પાસે આવશે અને તમારા દર્શન કરશે ત્યાર પછી જ  તમે સ્વર્ગારોહન કરશો. તે મારી જવાબદારી પણ ભાવિનું એંધાણ ઉપર મારૂં કોઇ નિયંત્રણ નથી જો કોઇ કારણસર ના આવે

તો મને માફ કરશો. કાલથી જ હું પ્રયત્ન ચાલુ કરીશ. ૩-૪ દિવસ પછી વૃશાલી, સુપ્રિયા અને વૃશકેતું આવી પહોંચ્યા. ત્રણેએ કૃષ્ણને પ્રણામ કર્યા.

કૃષ્ણએ એક નિયમ ઊભો કર્યો હતો પત્ની સિવાય કોઇ પણ બીજી સ્ત્રીએ તેમને ફક્ત પ્રણામ જ કરવાના, નીચે નમીને પગે નહીં લાગવાનું તેનું કારણ શું ? કૃષ્ણની આ વાતનો ઘણાએ વાંધો લીધો હતો. પણ કૃષ્ણ માન્યા નહીં, ઉધ્ધવે પણ પૂછયું હતું પણ કૃષ્ણ જવાબ આપતા નહીં, કૃષ્ણ તેનો જવાબ મનમાં જ આપતા, ગીતામાં તેમણે જીવનના રહસ્યો, સમજાવ્યા પણ કેટલી વાતો સમાજ માટે જોખમી હોવાથી તેની છણાવટ નહોતી કરી તેમાંની એક વાત સ્ત્રીઓ કે દીકરીઓ પાસે પગે નહીં લગાવવું. જ્યારે સ્ત્રી, દિકરી પુરૃષને પગે લાગવા નીચે નમે છે ત્યારે તેને સામેવાળા માટે માન, લાગણી, અહોભાવ હોય છે પણ પુરૃષના મનમાં શું હોય છે તેની તેને ખબર નથી હોતી, ગમે તે સંબંધથી જોડાયેલ સ્ત્રી હોય તો પણ આટલી નિકટતા જરૃરી નહીં, તેમાંથી કોઇ અઘટિત વિચાર આવી જતો હોય છે. તેનો અનુભવ તેમને પોતાને પણ થયો હતો, અનુભવ્યો હતો. માટે જ તેમણે પોતે જ નિયમ ઘડયો હતો.

ત્રણે જણના ખબર પૂછયા, પાંડવોના પણ ખબર પૂછયા અને છેલ્લે વિદુર, ધૃતરાષ્ટ્ર ગાંધારી, કુંતીના ખબર પૂછયા. વૃશાલી બોલી, વડીલો તો નિવૃત્તિ લઇ વનમાં જતા રહ્યા છે અને કૃષ્ણ વિચારમાં પડયા, વનમાં ચાર જણ સાથે ગયા, જુવાનીમાં સાથે રહ્યા, ઘડપણમાં સાથે ગયા એકબીજાના સહારે વૈતરણી પાર કરવાના છે ઢળતી ઉંમરે સાથે જીવ્યા તો જુવાનીમાં આમ કેમ ના કરી શકયા તેમને વિદુર માટે નારાજગી વ્યક્ત કરી, જો

વિદુરે ધાર્યું હોત તો આ પ્રશ્ન તેના ડહાપણથી ઉકેલી શકત પણ તે ના કરી શક્યા.

ડાહ્યા હોવું એ એક વાત છે. ડહાપણનો ઉપયોગ કરી પ્રશ્નો ઉકેલવા તે જુદી વાત છે. સારૂં સારૂં બોલવું એ સારી વાત છે. પણ પ્રશ્ન સારી વાતથી નથી ઉકેલાતા, પ્રશ્ન ડહાપણથી અનુભવથી અને સમજાવટથી ઉકલે. વિદુરે આખા જીવનકાળમાં પોતાની વિદુર નીતિને વળગી રહ્યા પણ ભાઇઓ વચ્ચે કોઇ સમાધાન કરાવી ના શક્યા. કલેશ, કલેહ, વેર ઝેર શમાવી ના શક્યા.

કૃષ્ણ વિદુરને લક્ષ્મણાની નજરે જોવા લાગ્યા પહેલેથી છેલ્લે સુધી તેમનું શું યોગદાન જ્યારે જ્યારે તેમની હાજરીમાં કોઇ અઘટિત બનાવ બન્યો ત્યારે મૂક બનીને બેસી રહ્યા. જેમ કે ચીરહરણ, ઇન્દ્રપ્રસ્થમાં દુર્યોધનનું અપમાન, કુરૂસભામાં સંધિ સમયે, કુરૂક્ષેત્રનું યુધ્ધમાં બધાંમાં જ મૂક અને અલીપ્ત  રહ્યા હસ્તિનાપુરના મહામંત્રી તરીકે તેમના ભાગે નિષ્ફળતા સિવાય કશું જ ગણી ના શકાય. ખરા પ્રસંગે ન્યાય કે અન્યાયનો પક્ષ જરૂર લેવો જોઇએ તે આખી જિંદગી અનિર્ણાયક રહ્યા. માની લો કે હું પાંડવ પક્ષે રહ્યો હતો કારણ કે હું તેમની સાથે રહ્યો ને કૌરવ પક્ષે અધર્મ હતો કારણ કે હું તેમની સાથે ન હતો. છતાં પણ કૌરવ પક્ષે મારા કરતા વધારે જ્ઞાની, શાણા, સક્ષમ લોકો વધારે હતા. અને તેમને તેમની ફરજ બજાવીને વીરગતિ પામ્યા. ભિષ્મ, દ્રોણ, કર્ણ, કૃપાચાર્ય, કૃતવર્મા, અશ્વસ્થામા અને ખુદ દેવ જેવો મારો પોતાનો ભાઇ બલરામ તેમના પક્ષે હતા.

મને કેટલીક વખત લક્ષ્મણાના તર્ક સાચા લાગે છે. નીતિ ઘડવી અલગ છે અને તેનો અમલ કરવો જુદી વસ્તુ છે. સત્ય બોલવું એ નીતિએ પણ એ નીતિ વ્યવહારમાં કેટલી ટકી શકે. ચોરી કરવું પાપ છે પણ ભૂખ ચોરી કરાવે તો ? અને એમને પ્રસંગ યાદ આવી ગયો. કરશનના ઘરમાંથી બે વીરગતિ પામ્યા (દિકરો અને જમાઇ) પણ આખરે પરિણામ શું આવ્યું. બંને દિકરીઓને વેશ્યા બનવું પડયું. કૃષ્ણ જાગ્યા, વૃશાલીની સામે જોઇને બોલ્યા:

‘જો તું ના આવી હોત તો હું એક ભયંકર બોજા નીચે દબાયેલો રહેતો. મારે તમારા ત્રણેની માફી માંગવી છે. જો હું વિદુર નીતિની ટીકા કરી શકું તો તેના જેટલું હું પણ ગુનેગાર છું હું પણ કર્ણને ના સમજાવી શક્યો. મેં કર્ણને સમજાવ્યો, ના માન્યો,જો શરુઆતમાં તેના  જન્મનું રહસ્ય જાહેર કર્યું હોત તો આ મહાવિનાશ અટકી ગયો હોત અને કોઇ રસ્તો નીકળત. વૃશાલી કર્ણ મારા પ્રપંચથી જ મરાયો હતો. તેની જિંદગીનો એક જ ધ્યેય હતો કે અર્જુન મરવો જોઇએ પણ મેં તેને ડગલે ને પગલે તેમ કરતા રોક્યો. તે પોતે પણ સમજી ગયેલો કે હું તેને ફાવવા નહીં દઉ. મારી લુચ્ચાઇથી તેની પાસેનું અમોઘ શક્તિ શસ્ત્ર મેં નિરર્થક ઘટોતક્ચના વધમાં વપરાવી કાઢયું. ઘટોત્કચ ગયો મારે લીધે જ તે વીરગતિ પામ્યો. પણ જો મેં ઘટોત્કચને ના મરાયો હોત તો બીજે દિવસે તે શસ્ત્ર અર્જુન અને પાંડવોનો વિનાશ કરત. મારા આ જ પગલાથી બીજે દિવસે કર્ણ મરાયો’

વાતાવરણ થોડું ગમગીન થઇ ગયું. વૃશાલી બોલી: ‘હે દ્વારકાધીશ હું તો લક્ષ્મણાના બોલાવવાથી આવી છું. મારે તમને ગુનેગાર નથી ઠેરવવા.

અમારા કર્મમાં જે લખેલું હતું તે અમે ત્રણેએ ભોગવ્યું'

અને વાતની વચ્ચે સુપ્રિયા બોલી: 'અમે તો તમારો આભાર માનવા આવ્યા છે. અમારો પતિ તો વીરગતી પામ્યો. દુનિયામાં કોઇ માનવીને ના મળે તેવું માન તમે તેને આપ્યું છે. કર્ણની અંતિમ ઇચ્છા તેનો અગ્નિ સંસ્કાર તમે કરો ને તમે કર્યો. ખુદ તમારા હાથે તેને અગ્નિ પ્રાપ્ત થયો. આવું મોત કોને મળે પણ કૃષ્ણ તમે ઘણું ખોટું કર્યું. તમને તેનાથી શું મળ્યું તે અમને ખબર નથી. યુધ્ધ પૂરૂં થયું વૃશકેતુ ખૂબ નાનો હતો. કર્ણના મોત સમયે અમે બંનેએ તેના છેલ્લા વારસને સંતાડી દીધો હતો કારણ કે પાંડવો જન્મથી, વેરથી તેનો પણ વધ ના કરી કાઢે. જ્યારે પાંડવો પોતાનાં સગાં વ્હાલાની સરવણી કરવા માટે પહોંચ્યા, જે પ્રસંગ બન્યો અને તમે જ કર્ણની સાચી ઓળખ જાહેર કરી તે અમને ગમી. જો બીજા કોઇ મારફતે તેની ઓળખ છતી થાત તેનો ડંખ અમારી જિંદગીમાં રહી જાત. આજે તો અમે ત્રણે કર્ણના નામની પ્રતિષ્ઠા ભોગવીએ છીએ પણ અમને માફ કરજો અમે તમારી ફોઇને (કુંતી) હજુ સુધી માફ નથી કર્યા. કર્ણના ગયા પછી આજ દિન સુધી અમે તેમની સાથે અબોલા રાખ્યા છે. તેમના તરફથી ઘણા પ્રયત્ન થાય છે અમારી સાથે સંબંધ વધારવા પણ અમે તેમનું મોં જોવા નથી માંગતા.ત્રિલોકમાં આ સ્ત્રી જેટલી નિષ્ઠુર માં, પાપણી પ્રપંચી માં અમે જોઇ નથી'

કર્ણ એક દિવસ .......... અમારી પાસે આવ્યા ખૂબ નિરાશ હતા. ગમગીન હતા પોતાની જાત ઉપર ગુસ્સો કરતા હતા અને બબડતા હતા. એક માં પણ આટલી નિષ્ઠુર હોઇ શકે જેને પોતાના બાળકની પણ ચિંતા

ના હોય અને તેમને એક વાર્તા કહી. એક ગરીબ માંનો પુત્ર યુધ્ધમાં જતો હતો. માં ને દિકરા બંનેને ખબર હતી પોતાના સંબંધોની પણ માંએ કુંવારી અવસ્થામાં દિકરાને જન્મ આપેલો ને તરછોડેલો. દિકરો આશીર્વાદ લેવા ગયો ત્યારે યુધ્ધમાં વિજયી ભવોના આર્શીવાદને બદલે તબિયત સાચવજે એટલા જ આશીર્વાદ આપ્યા અને અમે બંનેએ કર્ણને કહેલું આવા બનાવો તો બનતા રહે પારકા મા-દિકરાને  જોઇને તમે શું કરવા દુઃખી થાવ છો. પણ પાછળથી ખબર પડી માં તે કુંતી અને દિકરો તે કર્ણ. આવા આશીર્વાદ કર્ણને આપીને કુંતીએ પોતાના પાંચ પુત્રોની સલામતી ભીખમાં માંગી લીધી'

સંધ્યાકાળ થવા આવી બધાં વિખરાયા લક્ષ્મણા, વૃશાલી, સુપ્રિયા, વૃષકેતુને લઇને અતિથિ આવાસમાં દોરી ગયા. લક્ષ્મણાએ પોતાની બંને માતાઓના ખબર પૂછયા, હાલ જાણ્યા.

બીજે દિવસે કૃષ્ણ, રૃકમણીને લઇને સામે ચાલીને અતિથિવાસમાં વૃશાલીને મળવા ગયા. કૃષ્ણ કરતા કર્ણ ૧૮ વર્ષ મોટા હતા. તેઓએ બંને ભાભીને પ્રણામ કર્યા. રૃકમણી તેમની સાથે વાતે વળગીને કૃષ્ણ ઊભા થઇને જતા હતા ત્યારે સુપ્રિયા ઉભી થઇને પોતાના સામાનમાંથી એક પત્ર કાઢીને કૃષ્ણને આપ્યો. આ પત્ર તમારા માટે અમારા બંનેની દેરાણી દ્રૌપદીએ તમને હાથોહાથ આપવા કહ્યું છે અને કૃષ્ણ પાછા ફર્યા બંનેની સામે જોઇને પૂછ્યું:' કેમ છે દ્રૌપદી ?

'આમ તો તેની તબિયત બરાબર છે પણ તમને ખાસ ટકોર કરું તમારાથી ખૂબ નારાજ છે. તમારાથી ખુબ દુઃખી છે. ભુલથી પણ કોઇ

તમારી વાતનો ઉલ્લેખ કરે તો તેની નારાજગી છતી થઇ જાય છે'

કૃષ્ણ ધીરે અવાજે બોલ્યા: 'તેને નારાજ થવાનો હક્ક છે. હું તેનો પણ ગુનેગાર છું' અને કૃષ્ણ બહાર નીકળી ગયા.

કેટલાય દિવસો સુધી કૃષ્ણ પત્ર વાંચવાની હીંમત ના કરી શક્યા તેમણે વૃશાલી, સુપ્રિયાને વૃષકેતુંને રોકી રાખ્યા. હું તમને રજા ના આપું ત્યાં સુધી તમે મારા અતિથિ છો. મહેલમાં દ્રૌપદીના પત્રની વાત ચર્ચાનું મુખ્ય કેન્દ્ર હતું. શું લખ્યું હશે પત્રમાં ? ૩૬ વર્ષ થઇ ગયા વાસુદેવ હસ્તિનાપુર ના ગયાને દ્રૌપદી દ્વારકા ના આવી. આર્યવતમાં તેમની મિત્રતા, તેમના સંબંધો તેમના વ્યવહારો આજે પણ ચર્ચાના કેન્દ્રમાં હતા.

એક દિવસ લક્ષ્મણા હિંમત કરીને પૂછી લીધું સસુરજી દ્રૌપદીનો પત્ર વાંચ્યો. કૃષ્ણએ નિસાસો નાખતા કહ્યું:

'ના નથી વાંચ્યો. વાંચવાની હિંમત પણ નથી. વાંચીને શું કરૂં ? ફરી તેમા કોઇ નવી વાત હશે. હું જવાબ આપતા થાકી ગયો છું, આજે હું મારા નસીબનો દોષ કાઢું છું મે એવા તે શું કર્મો કર્યા કે મારે આ બધું જોવું પડે છે ને મેં જ રચેલા કર્મોના સિધ્ધાંતો મને અથડાયા કરે છે'

લક્ષ્મણાએ હીંમત કરીને કહ્યું: 'આ ઉંમરે તો બીજી કોઇ વાત નહીં હોય તે હું જાણું છું કાં તો તેનો બળાપો હશે કાં તો તે આવવા માંગતી હશે કાં તો તે તમને બોલાવા માગતી હશે. તમારે તમારી મિત્રનું ધ્યાન રાખવું જ જોઇએ. તમે પત્ર ખોલવામાં મોડું કરશો તો દરમ્યાન કોઇ અઘટીત થઇ જશે તો તમને કલંક લાગશે માટે તમે વાંચી જ લો'

‘સારૂં, કાલે તું આવજે ને તું જ વાંચી સંભળાવજે. મને થોડી  ઝાંખપ પણ આપી છે ને હા લક્ષ્મણા તું આવે ત્યારે ગંગાધરને લેતી આવજે મારે એ શ્રુતિ બ્રાહ્મણને રાધાના ૧૦૦૦ નામ લખાવના છે, ગોખવવાના છે’

વૃશાલી, સુપ્રિયા કૃષ્ણને મળવા આવ્યા.

બંન્ને એ હવે કર્ણના મૃત્યુ સ્વીકારી લઇ રાબેતા મુજબની જિંદગી સ્વીકારી લીધી હતી બંને સમજુ હતી, આટલા વર્ષે પછી પણ બંને સંપીને રહેતા હતા, વૃશકેતુંને યોગ્ય કેળવણી આપી, સંસ્કાર સીંચી ઉછેર્યો હતો. કૃષ્ણને લાગ્યું કે મને ....  જોતા માન થયું. પોતાના કરતાં બંને ઘણી મોટી હતી. તેમના માટે તેને આદરભાવ હતો. તેમની માફી માંગવાથી તેઓનો ભાર હળવો થયો હતો.

‘હે અચ્યુત મારે થોડી વાત કરવી છે તેમાં મારી પણ વાત છે અને મારી દેરાણી દ્રૌપદીની પણ વાત છે, તમે તેનો પત્ર વાંચ્યો?

’ના મેં નથી વાંચ્યો. મારી વાંચવાની હીંમત નથી, લક્ષ્મણા પાસે વંચાવીશ’

’શું વાત કરો છો ? એક નિરાશ સ્ત્રીની લાગણી, તેની ભીની લાગણી તમે બીજા પાસે વંચાવશો ?

‘હા, લક્ષ્મણા મારી સૌથી પ્રિય પુત્રવધૂ છે તેની સાથેની વાતોથી હું હળવો થયો છું. મારી ભૂલો, દોષો, મારા પાપ, બધું જ તેણે મને ભાન કરાવ્યું છે. મારી મોટા ભાગની જિંદગી તેની પાસે ખુલ્લી છે. અને દ્રોપદીની આ ઉંમર ઊર્મીની વાત તો ના જ હોય ને, તેને પણ મારી પાસે

કોઇ ઉભરો કાઢયો હશે, આટલા વર્ષથી હું તેને મળ્યો નથી તે નારાજ હોય તે સ્વીકાર્ય છે. અમારી બંનેની મિત્રતાની વાત એક સંબંધથી ઉપર હતી'

તમને જે લખ્યું છે તેના કરતાં મારી સાથે રૂબરૂ વધુ કહ્યું છે પહેલાં પત્ર વંચાવી લો પછી આપણે મળીશું.

એક લાંબો નિસાસો નાંખી કૃષ્ણ વિચારોમાં ખોવાઇ ગયા જિંદગીના ઉત્તરાર્ધે આ શું થઇ રહ્યું છે. દરેક પોતાના પ્રશ્નો, નારાજગી તેમની પાસે લઇ આવતા અને ના કેમ આવે તે તો જગતનો તારણહાર હતા. લોકો પોતાના પ્રશ્નો, દુઃખ કોની પાસે લઇ જાય ? તેમની પાસે જ આવે ને, પણ પોતે કોની પાસે જાય અને આ પણ કર્મનો જ સિધ્ધાંત છે ને, લોકો પોતાનાં કર્મના ફળની વાત પોતાની સામે જ કરે ને. આંખ ઢળતી હતી ભૂતકાળમાં સરી પડયા. અને અચાનક કુબ્જા યાદ આવી ગઇ, તે જીવે છે કે નહીં તેની પણ ખબર નહોતી મોટે ભાગે તે નહીં જીવતી હોય તેના કરતાં ઘણી મોટી હતી. કૃષ્ણ હસ્યા, છેલ્લાં ઘણાં વર્ષોથી તેમની સામે જે ભૂતકાળના પ્રશ્નોની લક્ષ્મણાએ જે હારમાળ સર્જી હતી તેમાં કુબ્જાની કોઇ વાત નહોતી આવી. કદાચ તેને ખ્યાલ નહીં હોય કૃષ્ણે જિંદગીમાં સૌથી પહેલો પોતાના સ્વાર્થ માટે જો કોઇનો ઉપયોગ કર્યો હોય તો તે કુબ્જા હતી. મામા કંસને મારવા, તેમની પાસે પહોંચવા તેનો જ ઉપયોગ જરૂરી હતો. પણ સંતોષ એક જ વાતનો હતો કે તેમને તેનો બદલો ચૂકવી આપ્યો હતો. કુબ્જા અષ્ટવક્રા હતી તેના બધાં જ અંગ વાંકાં હતાં. બદલામાં તેમણે તેના બધાં જ અંગ સીધા કરી આપ્યાં અને કદરૂપી હતી તેમાંથી સુંદર યુવતી બનાવી હતી. વિચારતા હતા માણસ ઘરડો થાય

એટલે તેનું બચપણ યાદ આવતું જાય, મિત્રો, સગાં, સંબંધી, પ્રેમિકા, પ્રેમ, ગમતી વાત, ગમતો સ્વાદ, ગમતી જગ્યા અને ભૂતકાળ વાગોળતા જ પાછલી જિંદગી પૂરી થાય.

તેમણે કરેલી લીલા, પુતના માસી, કાલિયાદમન, કદમના વૃક્ષો, પાવો, રાસલીલા, ગોપી, ગોપ અને અચાનક રાધા યાદ આવી ગઇ જિંદગીમાં ચાર પાંચ વર્ષનો તેનો સહવાસ, તેની ઉપરનો હક્ક, સંબંધ, જિંદગીનો તમામ આનંદ તે બંનેએ ભોગવ્યો હતો, ત્યાર પછી આવો આનંદ તેમને બીજે ક્યાંયથી મળ્યો નહોતો, અને અચાનક આંખ ઊઘડી ગઇ જોયું તો સામે લક્ષ્મણા હતી.

'તું ક્યારની આવી છે?

'થોડી વાર પહેલાં તમે સૂતા હતા પણ મને લાગ્યું કે તમે જાગશો જ, દરેક સ્વપ્નાંનો અંત બહુ ઝડપીને તરત જ હોય, હું એક વાત કહું?

'હા, બોલને'

'તમે સ્વપ્નામાં રાધાના વિચાર કરતા હતાને?

અને કૃષ્ણ ચોંક્યા, મનની વાત તો પોતે કળી શકતા સામેની નબળાઇ પોતે વાંચી શકતા. અને અહીં લક્ષ્મણાએ તેને વાંચી લીધો, નિખાલસતાથી તેમને સ્વીકારી લીધું હા, હું રાધાના જ વિચાર કરતો હતો.

'હું જાણું છું તમે તેના વગર ઝૂરો છો. મને કેમ બોલાવી ?

'વૃશાલી દ્રૌપદીનો પત્ર લાવી છે તું વાંચી સંભળાવ'

'પણ આ તો તમારો અંગત પત્ર છે. મારાથી ના વંચાય. તમારી અંગત વાતમાં મારાથી ના પડાય'

કૃષ્ણ બોલ્યા: ‘જો અંગત જ હોત તો તેને બીજા સાથે ના મોકલ્યો હોત. જરૂર વાત જુદી છે. હમણાં જ વૃશાલી આવીને ગઇ તેની સાથે પણ થોડી વાત મોકલાવી છે. અને અંતિમ સમયે ઊર્મીની વાત તો હોય જ નહીં, અને તેવી વાત તો રૂબરૂ જ સારી લાગે, વાંચ વાંચ કશું નહીં હોય અને હું છુપાવીશ તો પણ તું મારૂં મન વાંચી લઇશ. હવે મારી જિંદગીમાં તારી દખલગીરી જે રીતે તેં વધારી છે. તેમાં મને કોઇ વાંધો નથી કદાચ મને મોક્ષ તારી મારફતે જ મળશે’

લક્ષ્મણા એ બાજુમાં પડેલા રત્નજડિત ડબ્બામાંથી નાનો પત્ર કાઢયો.

## સંબોધન વગરનો પત્ર

‘તમને ગયે ૩૫ વર્ષ થયા, જિંદગીનો બહુ મોટો ગાળો કહેવાય, યાદ કરતા હશો. હું પણ યાદ કરૂં છું . આભાર માનું છું મારા વેરની તૃપ્તિમાં મદદ કરવા બદલ, મારા તો પાંચે (પતિ) નક્કામાં તમે જ તેઓને પોરસ ચઢાવી યુધ્ધ કરાવ્યું. તમે ના હોત તો તે તો હારેલા જ હતા મારા વેરની તૃપ્તિ ના થાત વેર અધુરૂં જ રહેત. કેશવ મળવું છે પણ અટકી જઊં છું. તમને ઇચ્છા થઇ હશે પણ તમે આવી ના શક્યા હું કહેવા માંગું છું કે હું તમારાથી નારાજ છું. મારે તમારી સાથે લડવું છે. પણ સબંધ વચ્ચે આવે છે. તમારી જિંદગી ભરી ભરી છે અને મારી જિંદગી ખાલી, ખાલી, ખાલીપો સહન નથી થતો. બધાં પોતપોતાના કામમાં, યુધ્ધ પછી ઉલ્ટું રાજમહેલની સ્થિતિ વધુ ખરાબ છે. પહેલાં કલેશ હતો, કંકાસ હતો. હવે સ્મશાન શાંતિ

છે. કોઇને એકબીજામાં કોઇ રસ નથી. વૃશાલી બધી વાત કરશે, કદાચ પત્ર કોઇના હાથમાં જાય તો નાહક તમારી બદનામી થાય, તેવું હું ઇચ્છતી નથી, નિરોગી રહેશો.

**તમારી સર્મિપત**

નીચે કોઇ સહી નહોતી પણ, લક્ષ્મણાની આંખો ભીની થઇ ગઇ.

કૃષ્ણએ પૂછયું:'શું થયું, કશું નહીં '

'કશું નહીં પણ સસરાજી વાંક તમારો જ છે. હા તમારો જ વાંક તમે કેટલાને દુ:ખી કર્યા છે તમને લોકો સમજે તેવી તમે અપેક્ષા રાખો છો પણ શું તમારે કોઇને સમજવાના નથી. સામેવાળાની લાગણીનો વિચાર નહીં કરવાનો ૩૫ વર્ષે જ્યારે એક સર્મિપત સ્ત્રી તમને પત્ર લખે છે. તમે તેની જિંદગીમાં ખાલીપો ભર્યો છે. તેને જીવવાનો કોઇ ધ્યેય નથી તે જીવતી લાશ જ છે. તેમને તમારી પાસે અપેક્ષા હતી પણ તમે તે પૂરી ના કરી તમારી સર્મિપત કોઇ સ્ત્રી ગમે ત્યારે સંબંધોની ઉંચાઇ પરાકાષ્ટાએ પહોંચી ગણાય તેને  પત્રમાં સહી કરવાને બદલે તે જગ્યામાં તેની આંખમાંથી પડેલા બે આંસુ છે. પત્ર પર પડેલાં આંસુનાં ડાઘા દેખાય છે. આ આંસુ ઘણું બધું કહી જાય છે,અને હા હું તમને વિનંતી કરૃં છું. વૃશાલી જ્યારે તમારી પાસે આવે ત્યારે તમે મને હાજર ના રાખતા. હું એક સ્ત્રીની વેદના સહન નહીં કરૃં, આ ભાર તમારા ભાગમાં રાખશો'

અને ઝડપથી જતી રહી. કેટલું બધું લક્ષ્મણા કહી ગઇ, આમ જોવા જઇએ તો તેના આખા વંશનો નાશ દ્રૌપદીની હઠને કારણે થયો છતાં પણ એક

સ્ત્રી બીજી સ્ત્રીની વેદના સમજીને પોતાને ગુન્હેગાર ઠેરવતી ગઇ. કમાલનું છે આ સ્ત્રીચારિત્ર! પોતે અવતાર હોવા છતાં સમજી ના શક્યા.

વૃશાલી ને સુપ્રિયા આવ્યા. કૃષ્ણે સહાનુભુતિથી કહ્યું:'તમે બંને મારા ભાભી છો. હું તમારો દિયેર, હું તમારો ગુનેગાર છું. હા, કર્ણને મેં જ મરાવ્યો હતો. હા મેં અનીતિથી જ તેનો વધ કરાવ્યો પણ મારી પાસે કોઇ વિકલ્પ ન હતો. હું પાંડવ પક્ષે હતો. મારો ધર્મ તેમને બચાવવાનો હતો. જો હું તેમને ના બચાવ્યા તો ઘડીના છઠ્ઠા ભાગમાં કર્ણ પાંડવ સેનાને ને પાંડવોને મસળી નાખત. ધર્મની રક્ષા માટે મારા માટે અનિવાર્ય હતું. પણ મેં મારો પસ્તાવો તેના અંતિમ સમયે વ્યક્ત કર્યો હતો. મેં માફી પણ માંગી લીધી હતી અને તેને મને માફ પણ કરેલો હતો. તેમના અંતિમ સંસ્કાર પણ મે જ કરેલા. પણ  હા વૃશાલી મેં હસ્તિનાપુર છોડયું ત્યારે તમને બંનેને મળવાનું મારાથી ચૂકી જવાયું હતું. શું થયું ત્યાર પછી વિગતે મને કહો'    સુપ્રિયા બોલી કર્ણ કુંતી પુત્ર હોવાની વાત જાહેર થતા સમગ્ર હસ્તિનાપુર (કુંતી) તેની પર તિરસ્કાર કર્યા. ફીટકાર વરસાવ્યો. લોકોની નજરમાંથી તે ઉતરી ગઇ. હસ્તિનાપુરમાં તેનું માન ના રહ્યું. કોઇ માં આટલી નિદર્ય હોઇ શકે તેની કલ્પના કરતા લોકો ધ્રૂજી ઉઠયા. ભલે તે યુધ્ધ ના અટકાવી શકે પણ પોતાના પુત્ર કર્ણને તો બચાવી શકે. લોકોએ આગળ પાછળની બીના જાણી, કર્ણ પાસે ફકત અર્જુન સિવાય કોઇને નહીં મારવા અભયદાન લીધું પણ તેની લુચ્ચાઇની પરાકાષ્ઠા લોકોએ જોઇ. તેને પાંચ પાંડવો પાસે કર્ણને નહીં મારવાનું અભયદાન ના લીધું. તેને શાની બદનામીની બીક હતી. જેની જેની સાથે તેના વ્યવહાર હતા તે તો

ભુતકાળ હતો. તેના મૌનથી કેટલા અનર્થો ઊભા થયા. તે બીકણ ન હતો. ...નહોતી તેવુ પણ નહોતું. પાંડુની નબળાઇ સામે પોતાને મળેલા વરદાનની વાત નિઃસંકોચ પાંડુને કરી હતી તો કર્ણના જન્મની વાત પણ કરી શકી હોત. તેની પાસે પોતાની જ સાસુનો જીવતો દાખલો નજર સમક્ષ હતો. પરાસર મુનિ અને શુદ્ર મત્સ્યગંધાના અનૈતિક સંબંધોથી વેદ મુનિ વ્યાસજીનો જન્મ થયેલો હતો તે વાત સત્યવતીએ છુપાવી હતી. અને જ્યારે વિચિત્રવીર્ય નિઃસંતાન મર્યા ત્યારે આજ સત્યવતીએ ભીષ્મની પાસે પોતાને ભુતકાળમાં પુત્ર હોવાનું સ્વીકારી વ્યાસજી પાસે નિયોગ કરાવી લેતા પતિ(કુંતીના પતિ) પાંડુનો જન્મ કરાવ્યો હતો. સત્યવતીને કોઇ નિંદા કે ટીકાનો ભોગ નહોતું બનવું પડયું તો તેને શાની બીક હતી. હે વાસુદેવ, તેની તરફના તિરસ્કારની પરાકાષ્ઠા ત્યારે આવે કે કર્ણની વીરગતી પછી મહેલમાં બ્રહ્મ ભોજન ને પ્રજા ભોજનનો નિમંત્રણ હસ્તિનાપુરમાં ફેરવ્યું એક રાજમાતા તરીકે આ આમંત્રણ આપવામાં આવ્યું પણ નવાઇ લાગશે તમને આ કાર્યક્રમમાં પાંચ પાંડવોને છઠ્ઠી કુંતી સિવાય કોઇ હાજર ના રહ્યું. સમાજે તેનો બહિષ્કાર કરેલો હતો. અમારા માટે સૌથી આશ્ચર્યની વાત એ હતી કે દ્રૌપદી પણ આ ભોજન કાર્યક્રમમાં ગેરહાજર રહેલી. શા માટે ? અમને ખબર નથી. સમાજે આ રીતે કુંતીના કૃત્યને વખોડયું. અને અમે જ્યાં સુત વિસ્તારમાં રહેતા હતા ત્યાં હજારોના ટોળાં દરરોજ અમને આશ્વાસન આપવા આવતા. લોકો ચોધાર આંસુએ રડતા કર્ણના દાનની તેમજ ઉદારતાની તેની ખેલદીલીના વખાણ કરતા થાકતા નહોતા. સાંભળ્યું હતું કે દેવો ને ગાંધર્વો પણ આ ટોળામાં દાખલ થઇ અમને

આશ્વાસન આપી ગયેલા.કૃષ્ણ તમને નવાઇ લાગશે આ દૈવી ચમત્કાર જ ગણવો રહ્યો. હસ્તિનાપુરમાં સામાન્ય રીતે સૂર્ય બ્રહ્મ મુહૂર્ત પછી ઉગતો હતો અને ગોધૂલ સમયે અસ્ત થતો પણ તેની ધાર્મિક ક્રિયા જ્યાં સુધી ના પતી ત્યાં સુધી લોકોના આશ્ચર્ય વચ્ચે સૂર્ય ૨૪ કલાક ઉગેલો રહ્યો. કર્ણ સૂર્ય પુત્ર હતો એ વાતની સાબિતિ રૂપે સૂર્ય દેવતાએ પ્રજવલિત રહીને તેને અંજલિ આપી હતી'

સુપ્રિયાએ કહ્યું:'મારા મગજમાંથી દ્રૌપદી ખસતી નહોતી ભોજન કાર્યક્રમમાં તે શા માટે ગેરહાજર હતી ? હવે તો તે હસ્તિનાપુરની પટરાણી હતી તે પટરાણી તરીકે તે ગેરહાજર રહી ? થોડા દિવસ વીતી ગયા અને ધીરે ધીરે શોકમાંથી બહાર આવતા હતા. અમારા બંનેનું ધ્યાન વૃષકેતું પર કેન્દ્રિત હતું. તેનો ઉછેર, તેની કેળવણી, તેના સંસ્કાર અમારે તેને બીજો કર્ણ બનાવવાનો હતો. નાનપણથી જ અમે તેને દાનનો મહિમા શીખવાડતા. એક દિવસ સાંજે એક ભવ્ય પાલખી મારા ઘર પાસે આવીને ઊભી રહી ગઇ. શોક તો પૂરો થઇ ગયેલો હતો. આ કોણ ? અત્યારે શા માટે ? પાલખીના એક ભોઇએ આવીને માહિતી આપી હસ્તિનાપુરની મહારાણી તમને મળવા આવ્યા છે. એ આગળ કાંઇ બોલે એ પહેલાં જ દ્રૌપદીએ કક્ષમાં પ્રવેશ કર્યો તેની આંખો રડીને સૂજી ગઇ હતી. મોઢા પર વેદના હતી. કંઇક ગુમાવ્યાનો રંજ હતો. અમને બંનેને ખૂબ નવાઇ લાગી. અત્યારે આ સમયે તે અમારે ઘેર અને તે પણ સુત વિસ્તારમાં. એને આવીને અમને બંનેને ભેટી, ધ્રૂસકે ચડી ગઇ તેના ધ્રૂસકા શાંત જ ના થાય'

અહીં સુપ્રિયા અટકી. કૃષ્ણની સામે જોયું.

કૃષ્ણ બોલ્યા:'દ્રૌપદીનું આ બીજુ રૂપ. સ્ત્રીઓ પોતાની લાગણી અનેક પ્રકારે વ્યક્ત કરે છે ને કેટલીક વખત લાગણીઓ દબાવી પણ રાખે છે.

જો વૃશાલી આજે આપણે ૩ એવા ત્રિભેટે આવીને ઊભા છીએ જ્યાં જિંદગીની પરોઢ આવવાની નથી. યુધ્ધના ઘણા સમય પહેલાં દ્રૌપદી કર્ણના પ્રેમમાં પડી હતી. પણ કર્ણ તેના પ્રેમમાં ન હતો. દ્રૌપદીને પોતાના પાંચે પાંડવોથી અસલામતી, નિરાશા, હતાશા, આઘાતમાંથી પસાર થવું પડતું અને હું તેની સાથે હોઉં ત્યારે જ તે સલામતી હતી તેવું તે માનતી થઇ ગઇ હતી તે મારી સખી હતી. અમારા સંબંધો, સંબંધોથી પણ વધારે હતા. મારા કહેવાથી જ તે પાંડવોને પરણી હતી પણ તેમાં હું ખોટો પડયો અને તેને કર્ણમાં સલામતી દેખાવા લાગી હતી. તેણે તો કર્ણને પ્રસ્તાવ પણ આપ્યો હતો. પ્રેમસંબંધ સ્વીકારવાના, પણ કર્ણ મહાન હતો. તેને ખબર હતી પાંડવો તેના ભાઇ થતા હતા. તે પોતે પોતાના ભાઇઓને દગોના આપી શકે તે ધર્મનો મોટો જ્ઞાતા હતો, તે માનવ નહીં મહામાનવ હતો તેના જેવું ઉંચું ચારિત્ર, વફાદારી, સિધ્ધાંત દાનવીર, મૂલ્યોવાળી જિંદગી આમા ભારત વર્ષમાં કોઇ વ્યક્તિ ધરાવતું નહોતું. તેણે જીવના ત્યાગે પણ મિત્રતા સાચવી, વફાદારીનો તે ઉમદા દાખલો છે તેણે દ્રૌપદીની સાથે મિત્રતાનો સંબંધ સાચવ્યો પણ આગળ ના વધ્યો, ઉલ્ટું મેં તેને દ્રૌપદી આપવાની પ્રસ્તાવના આપી હતી. પણ તેને મને ધર્મ શીખવ્યો, મને પણ મારી મર્યાદાનું ભાન કરાવ્યું હતું તે મારી ભૂલ હતી. જો તેણે દ્રૌપદીની વાત સ્વીકારી હોત તો આ યુધ્ધ ટળી શક્યું હોત મારો

તો ધ્યેય તે જ હતો. પણ તે નિષ્ફળ નીવડી પણ તે તો મનથી કર્ણને વરી ચૂકી હતી. તેણે મને એક વખત કહ્યું હતું કે હે નાથ તમારી વાત માનીને મેં કર્ણનું અપમાન કર્યું. કાશ, તમારી વાત ના માની હોત તો આજે હું સુખી હોત, તે દિવસે માછલી નહોતી વિંધાઇ પણ કર્ણ વિંધાયો હતો'

બંને જણ આ સાંભળતા રહ્યા. કૃષ્ણે વાત પૂરી કરી, અને વૃશાલી બોલી:'દ્રૌપદીને શાંત કરતાં ઘણો સમય લાગ્યો, તે અમને લેવા આવી હતી. તેણે આવીને કહ્યું, ભાભી હું તમને લેવા આવી છું તમારા બંને ઉપર મારો હક્ક લાગે છે.મારાથી ભૂલ થઇ ગઇ છે. પણ કર્ણે મને બચાવી લીધી હતી. હું આજે તમારી પાસે એટલે જ ઉભી રહી શકું છું. આ હસ્તિનાપુર રાજગાદી ઉપર તમારો હક્ક છે. તમે ચાલો, રાજગાદી તમારી રાહ જોઇ રહી છે. ભાભી પાંચ પાંડવોને માફ કરી દો, તે તો અણસમજુ છે, ખરો વાંક તો કુંતીનો છે. જ્યારથી મને કર્ણના જન્મ રહસ્યની વાતની ખબર પડી છે ત્યારથી હું તેમની સાથે બોલતી નથી, મેં સાસુ વહુના વ્યવહાર તોડી નાંખ્યા છે. પાંડવો પણ તેમનાથી દૂર રહે છે પણ કેટલી વખત માની લાગણીમાં આવી જાય, કહેવા માટે હું પટરાણી પણ રાજસિંહાસન મને ખૂંચે છે. મને ખાવા દોડે છે. મારો હક્ક પણ નથી તમારો જ હક્ક છે. અને હા હું તમને વધુ વાત કહું છું હું તમારી દાસી તરીકે વર્તીશ. તમારા આદેશનું પાલન કરીશ. આટલું સ્વીકારો તો હું પાપના બોજામાંથી મુક્ત થઉં અને વૃશાલી એ ચકિત થઇ જોયા જ કર્યું. શું આ વાત માનવા યોગ્ય હતી.

કૃષ્ણ બોલ્યા:'હા આ વાતને હું સમર્થન આપું છું, તે વાત સાચી હતી

દ્રૌપદી સાચી છે. પણ પછી શું બન્યું સુપ્રિયા? કૃષ્ણે પૂછયું.

સુપ્રિયા બોલી તેના આગ્રહથી એક વાર અમે મહેલમાં ગયા, પણ સિંહાસન ઉપર ના બેઠા, પાંચે પાંડવોએ આવીને અમે પ્રણામ કર્યા, ખૂબ રડયા અજાણતાં જ તેમનાથી કર્ણનો વધ થયો તે કુંતીને બહુ કોસતા હતા. કુંતી પોતાના કક્ષમાંથી બહાર આવ્યા જ નહીં. વિદુર કાકા પણ ના આવ્યા કોઇ ઠેકાણે તે પણ ગુન્હેગાર હતા. યાચક દ્રૌપદીની વિનંતી ઠુકરાવીને અમે નીકળી ગયા, અમે સૂત કન્યા હતા. કર્ણ ક્ષત્રીય પણ અમે તો સૂત કોઇ પણ કોઇ દિવસ ટકોર કરે તે સહન ના થાય, અમે રામાયણ સાંભળેલું અને ફરી હસ્તિનાપુરમાં કોઇ ધોબી પેદા થઇ જાય તો ? અને અમે નીકળી ગયા અમે હસ્તિનાપુર પણ છોડી દેવાનું નક્કી કર્યું.

વૃશાલી, સુપ્રિયા કે વૃશકેતું ક્યાં પણ જાય ત્યાં તેમને ખૂબ માન મળતું. ભલે પાંડવો જીત્યા પણ લોકહૃદયનો નાયક તો કર્ણ હતો. ભલે પાંડવો રાજ કરતા પણ દુર્યોધનના માટે કોઇ ખરાબ નહોતું બોલતું ઉલ્ટાનું તેના શાસનના વખાણ થતા. પાંડવો નિર્ણય લેતા ખચકાતા અને વિદુર દરેક નિર્ણયમાં તેની નીતિથી દખલગીરીથી લોકો કંટાળી ગયા હતા. દરેક જણ મનમાં વિચારતા કે આ બધું કોના માટે થયું ? શા માટે થયું ? કુરૂક્ષેત્રનું યુધ્ધ મેદાન સાફ કરવા મોટા પ્રમાણમાં અગ્નિની જરૂર પડી ઘણા મહિના પછી અગ્નિની મદદથી મૃતદેહો, ઢોરો અને બીજી ગંદકી સાફ થઇ હજુ પણ બિહામણું ચિત્ર ત્યાં પ્રવર્તતું હતું. કોઇ ત્યાં જવાની હીંમત નહોતું કરતું જ્યારે બીજી બાજુ રોગચાળો, આટલી મોટી ખુવારી ઉપરથી રોગચાળો શું પૃથ્વી ઉપર પ્રલય આવશે, અને એક રાત્રે એક પાલખી

કર્ણના ઘર પાસે આવીને ઉભી રહી ગઇ, પાલખી ખાલી હતી દૂત સંદેશો લઇને આવ્યો હતો કે બંને જણને તરત જ મહેલમાં બોલાવવામાં આવે છે. વૃશકેતુને લેવાની જરૂર નથી. શું થયું ? અમને બોલવાની છૂટ નહોતી. ખૂબ પ્રયત્ન કર્યા પછી દૂત કહ્યું કે રાજમહેલમાં કંકાસ ચાલે છે કંકાસ ખૂબ હીંતર અનર્થ થશે. પણ અમારે શું ? અમે ક્યાં રાજકુળના સભ્ય છે ? અને નથી અમને કોઇ સત્તાનો મોહ અને જો મોહ હોત તો અમે કૌરવ પક્ષે ના હોત. બંને જણ સંકોચ સાથે રાજમહેલમાં ગયા મોટા સભાખંડમાં પાંચ પાંડવો છઠ્ઠી દ્રૌપદી, સાતમા વિદુર, આઠમા યુયુત્સુ કાકા હાજર હતા. કૌરવોના વિનાશ પછી ધૃતરાષ્ટ્રના એક માત્ર જિવિત વારસદાર તેમનો પુત્ર યુયુત્સુની ગણત્રી સજ્જન અને ડાહ્યા માણસમાં થતી તે વ્યવહારુ ને જ્ઞાની હતા. તે સાચું જીવન જીવતા અને સત્યને વરેલા હતા તેમના પ્રવેશથી બધા ચૂપ થઇ ગયા વાતાવરણ ગમગીન અને ગંભીર હતું. બધાંનાં મોં પર ચિંતાની રેખા હતી. ફક્ત દ્રૌપદી પોતાનું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી ઉભી હતી. કોઇ મોટો ઝઘડો થયો હોય તેવી વાત હતી. દ્રૌપદી બંનેની નજીક આવી પ્રણામ કર્યા ને યોગ્ય આસન પર બેસાડયા. બંનેને અહીં શું ચાલતું હતું તેની ગતાગમ ના પડી.

દ્રોપદીએ કહ્યું:'ભાભી મેં તમને અહીં બોલાવ્યાં છે. હું આજે આ મહેલ છોડીને જઇ રહી છું અને કદાચ હું તમારા સાથે રહેવા આવીશ. મારે તમારી મંજુરીની અપેક્ષા નથી પરંતું આ હું મારો હક્ક ગણુ છું. યુધ્ધ પછી મહેલમાં ડગલે ને પગલે અન્યાય, કપટ અને સત્તાનાં સોગઠાં રમાય છે. મને તેમાં સમજ નથી પડતી પણ મારા જ સખા મારા મિત્ર કૃષ્ણ અહીં

મારા માટે કંકાસ છોડીને ગયા છે. મને લાગે છે કે જો અત્યારે નિર્ણય નહીં લેવાય તો ભવિષ્યની આપણા બધાંની પેઢી આપણને માફ નહીં કરે તે ભવિષ્યમાં ફરી આપણે કુરૂક્ષેત્રનું યુધ્ધ જોવું પડશે. ફરી ધૃતરાષ્ટ્ર, પાંડુ, દુર્યોધન ને આ પાંચ ફરી એવી પરિસ્થિત ઉભી થશે. અહીં હાજર રહેલામાં ૩ જણ શાણા, ડાહ્યા, બુધ્ધિશાળી વૃધ્ધો છે. તેમની પાસે ઉંડી સમજ છે. આ ત્રણ  એટલે વિદુરકાકા, જેઠ યુયુત્સુ અને કહેવાતા ધર્મરાજ મારા પતિ  હે યુધિષ્ઠિર, હું તમને સવાલ પૂછવા માગું છું આ હસ્તિનાપુરની રાજગાદીનો ખરો વારસદાર કોને ગણવો ? ભલે તમારો રાજ્યાભિષેક થયો.  પણ ફરીથી ધૃતરાષ્ટ્રને દુર્યોધનની વાત આવે છે. જે ગયા ને જે બચ્યા તેમા છ પાંડવોમાંથી જયેષ્ઠ કુંતીપુત્ર કર્ણ ગણાય બાકીના બધાં ભાયાત ગણાય. તો ખરો હક્ક કર્ણનો અથવા તેના સંતાનનો ગણાય. જો તે નિઃસંતાન હોય તો ત્યાર પછી કર્ણથી નાના ભાઇનો અથવા તેના પુત્રનો હક્ક લાગે. જ્યારે અહીં તો વૃષકેતુ જીવે છે. યુધિષ્ઠિર જીવે છે. યુધિષ્ઠિરનો જયેષ્ઠ પુત્ર થોધ્યા જીવે છે. આ બંનેના હક્કની ઉપર તરાપ મારી અર્જુનના પુત્ર અભિમન્યુ ને તેની ગેરહાજરીમાં પરીક્ષિતને રાજા ઘોષિત કરવામાં આવ્યો. તેનું એક માત્ર કારણ તે કૃષ્ણનો ભાણો હતો.ફક્ત એટલા માટે? કૃષ્ણે આમ શા માટે બધાં ઉપર પ્રથા વિરૂધ્ધ જઇ રાજવંશની વ્યવસ્થાને વિખેરી નાખી. તમે ત્રણે જ્ઞાની જવાબ આપો, તેમાં સૌથી હલકો જવાબ વિદુરે આપ્યો.

‘હા ખરો હક્ક કર્ણનો લાગે  અને તે ના હોય તો તેના પુત્ર વૃષકેતુંનો લાગે પણ, પણ રાજસિંહાસનનો હક્ક ક્ષત્રિયનો હોય કર્ણ ક્ષત્રિય પણ

વૃશાલી સૂત એટલે વૃષકેતુંનું અડધૂં લોહી સૂત એમ કહી તેમણે પોતાનો દાખલો આપ્યો હું બ્રાહ્મણ પિતાનો પુત્ર પણ મા સૂત હું આખી જિંદગી રાજવંશથી વંચિત રહ્યો. મારા જેવો જ કિસ્સો વૃષકેતુંનો ગણાય'

સુપ્રિયા, વૃશાલી બંનેએ અપમાન સહન કરી લીધું પણ દ્રોપદી સહન ના કરી શકી.

'હું દ્રૌપદી તમને પૂછવા માગુ છું કે તમે હસ્તિનાપુરમાં આખી જિંદગી આ જ કર્યુ, કયા શાસ્ત્ર, ધર્મમાં આ લખ્યું છે તે બતાવો, અને વિદુર તમે એ ના ભુલતા તમે શ્રાપિત છો. અને શ્રાપ ભોગવવા આવ્યા છો, ભોગવો અને સહન કરો બીજાની જિંદગી ના બગાડો' અને હવે વારો યુયુત્સુનો હતો તેણે પણ વિદુરનો વિરોધ કર્યો અને આટલી હલકી વાત માટે ધિક્કાર કર્યો વાતને ઠંડી પાડતા અર્જુને રસ્તો કાઢયો દ્રૌપદીની વાત સાચી છે. ક્યાંક કૃષ્ણની ભૂલ થઇ ગઇ છે આજે હું ફાલ્ગુન, જાહેર કરૃં છું કે હસ્તિનાપુરનો ખરો હક્ક વૃષકેતુનો છે. અને હું વિદ્યા શીખવવામાં તેને પ્રવિણ કરવામાં હું તેને દત્તક લઉં છું અને જ્યારે હસ્તિનાપુરમાં અશ્વમેધ યજ્ઞ થશે તો ઘોડા સાથે વૃશકેતુ જશે અને હસ્તિનાપુરની આણ વધારશે'

અને આમ મામલો થાળે પડયો. કુંતીએ આ પ્રશ્નમાં મૂક રહી જોયા કર્યું, પોતાની જાતને કોસતી પોતાની એક ભૂલ, કપટથી કેટલા બધાં પ્રશ્નો ઊભા છે. આજે પણ તે પ્રશ્નો ઉભા છે.

વૃશાલી, સુપ્રિયા એ વાત પૂરી કરી, કૃષ્ણ ડઘાઇ ગયા. આ વાતથી તે અજાણ જ હતા કારણ કે પાંડવો સાથે તેમનો સંબંધ તૂટી ગયો હતો. તેમને દ્રૌપદીની વાત ઉપર માન થયું અગ્નિની જ્વાળા ઉપર બેઠેલી, વેરથી

પીડાતી, બદલાની ભાવનાથી ઝૂરતી કર્ણ માટે, તેના પુત્ર માટે, વૃશાલી, સુપ્રિયા માટે લડતી ઝઝુમતી, પોતાનો હક્ક જતો કરવો. તેમાં પાંચ પતિ સામેનો ઉભરો, અસંતોષ, કર્ણ જન્મ રહસ્ય છતું થયા પછી કુંતી સાથે ત્રણેના અબોલા પાંડવોનું કુંતી સાથે ઉપેક્ષિત વલણ, વિદુરની ભૂમિકા, માણસ પોતાની હીનતાનો પરિચય આપી દેતો હોય છે. વિદુર તેનો દાખલો હતા. પોતે તિરસ્કૃત થયા એટલે દનિયાને તે જ નજરે જોવા લાગ્યા, તેમને લડવું હતું તો વ્યાસજી સામે, પોતાની સામે નહીં. પોતાને અન્યાય થયો માટે બીજાને પણ અન્યાય થવો જ જોઇએ તેવું કોઇ નીતિમાં લખ્યું નથી. તેઓ તો નીતિના ઘડવૈયા હતા. અચાનક કૃષ્ણને ધૃતરાષ્ટ્ર અને કનીક બ્રાહ્મણની મિત્રતા યાદ આવી ગઇ, વ્યગ્રતાની સાથે અને જે ઉભરો દુઃખ કાઢી શકે તે મિત્ર ગણાય, રાજાનો મિત્ર થઇ કનીકે રાજાને શાંતિ આપી શાંત કર્યા હતા. મિત્રોને સાચી સલાહ આપી વેરાગ્નિ શાંત પાડવો તે વૃધ્ધ અને મિત્રની જવાબદારી હોવી જોઇએ,

અને વૃશાલી, સુપ્રિયા એ અચકાઇને વાત અધૂરી છોડતા કહ્યું:

‘હે દિયરજી, હે ગોવિંદ મૂળ વાત જે પત્રમાં નથી તે અમારે તમને રૂબરુ પહોંચાડવાની છે. પણ અમે આ વાત ગળી જવા માંગીએ છે. કહેવા માંગતા નથી, તમે મને ૩૫ વર્ષથી મળ્યા જ નથી પછી નાહક વ્યગ્રતા, કલેશ ઊભા કરાવવાની અમારી ઇચ્છા નથી અમે બંને તમારા બંનેનું ભલું ઇચ્છીએ છે. પણ મને સમ આપી આ વાત કહેવાની ફરજ પાડી છે તમે ખોટું ના લગાડતા અમે જે કંઇ વાત કરીએ છે તેમાં અમારું કશું યોગદાન નથી. અમે કોઇ શબ્દ  આઘો પાછો કર્યો નથી. તમને જો અમારી ઉપર

વિશ્વાસ હોય તો જ વાત કરીશું. તમે ના પાડશો તો વાત અહીં જ દટાઇ જશે. અને અમે ઇચ્છીએ કે દબાઇ જાય તે વધુ સારૂં.

'તમે વધુ રહસ્ય ઊભું કરવાને બદલે નિર્ભય થઇને વાત કરો, ખોટું લાગશે તો દ્રૌપદી તરફથી તમારે તો દૂત તરીકેની જ ફરજ બજાવવાની છે'

અને સુપ્રિયા હિંમત કરી બોલી: 'કેશવ, દ્રૌપદી તમને દોષી ગણે છે. તે તમારી સાથે સંબંધ રાખવા માંગતી નથી. તમારા બંનેનો કેવો સંબંધ હશે તેની વાત તેણે અમને મોટી બહેન તરીકે કરી છે. અમે તેને બહુ સમજાવી પણ તે માનતી નથી. તમે અત્યાર સુધી તેને સાચવી, તેને હુંફ આપી તે માટે તમારી આભારી છે. પણ તે હવે તમને યાદ નથી કરતી, તેની જિંદગીની પ્રકૃતિ, પ્રવૃત્તિ બદલી નાખી છે તે હવે ઘણી સમજું, ઠરેલ થઇ ગઇ છે. તે બધાં જ વેરઝેર ભૂલી શાંત થઇ ગઇ છે'

'પણ તે મારી સાથે કેમ સંબંધ રાખવા માંગતી નથી ? તેની અને મારી મિત્રતાનો તેના પતિઓને પણ ખબર હતી, તેમને કશો વાંધો પણ નહોતો, ના પાંડવો તરફથી કોઇ અડચણ હતી'

'તેની નારાજગી તો ફક્ત તમારી સાથે, તમારી સામે જ છે. પણ એવું શું થયું ?

'યુધ્ધના ૧૮માં દિવસે તેના પાંચ પુત્ર અને પોતાનો ભાઇ મરાયો, જે રીતે તેના પુત્રની ઘાતકી હત્યા થઇ તેનાથી તે દ્રવિત હતી. તેની જિંદગીમાં ખાલીપો છવાઇ ગયો. મનમાં ને મનમાં ભાંગી ગઇ દુનિયામાં એવી કઇ માં હોય જેને પોતાનું સર્વસ્વ ગુમાવ્યું હોય. પોતાના વેરનો

બદલો, પ્રતિજ્ઞાની એક જ સિધ્ધિ વિશ્વવિજેતા ગર્વ, ભાવિના સ્વપ્ન બધું જ એક જ ક્ષણમાં રોળાઇ જાય કેવું આભ ફાટી નીકળ્યું પતિઓથી થોડા અસંતોષ થોડી ઉપેક્ષા, અસલામતી અને આ બધાંની ઉપર જીત્યાનો આનંદ, કૃષ્ણ તમારી સાથેની નારાજગી એ છે કે યુધ્ધ પૂરૂં થયુ સૌ પોતપોતાની છાવણીમાં ગયા તમે અગમચેતી વાપરીને પાંડવોને બીજે સૂવા કહ્યું પણ એ ના કહ્યું કે દ્રૌપદી તારા પાંચ પુત્રને પણ બીજે સૂવાડ. તમે આ ના કહ્યું અને તેમાં તેના પાંચ પુત્ર અને ભાઇની હત્યા થઇ. તમે પાંડવો માટે અગમચેતીરાખી તે જ વાત પાંડવપુત્રમાં રાખી હોત તો બધાંનો જીવ બચી ગયો હતો.

'હા, વૃશાલી તારી વાત સાચી છે'

ફરી સુપ્રિયા બોલી:'વાસુદેવ બે-ત્રણ સવાલ પૂછવા માંગુ છું જવાબ આપશો? કૃષ્ણ જે રીતે તેના પાંચ પુત્ર મરાવાના છે, તેની માહિતી તમારી પાસે ના હોય એવું બને જ નહીં તેમાં પણ તમારો કોઇ સંકેત હશે, મારો પ્રશ્ન એ છે. શા માટે તમે આટલા શાણા, મુત્સદી ત્રણે કાળના સ્વામી તમે આવી ભૂલ કરો જ નહીં. અમે તો કર્ણ સાથે રહી મૂક ભાવે ઘણું શીખ્યા છે. જોયું છે, યુધ્ધભૂમિ પર દ્રૌપદીની હાજરી શા માટે હોવી જોઇએ ? જો તેને તેની પ્રતિજ્ઞા પૂરી કરવી હતી તો યુધ્ધ પછી પણ આવી શકી હોત'

વૃશાલીએ આગળ વાત કરતાં કહ્યું કે અમે ત્રણેય તો કુંતી માટે અણગમો વ્યકત કર્યો જ હતો, પણ દ્રૌપદીએ પણ અબોલા લીધા હતા અમે કંઇ તેની સાથે રહેતા નહોતા. જ્યારે દ્રૌપદી તો કુંતી સાથે મહેલમાં જ રહેતી હતી અને તેના અબોલા કુંતીને ભારે લાગતા હતા. અને લાગે જ ને

એક રાજમાતા, એક મહારાણી, પાંચ પતિ સાથે રહેવાનું થોડો થોડો અણગમો દરેક પુત્ર તરફથી દેખાઇ આવતો. કુંતી અકળાઇ ગઇ હતી શું પોતાના પુત્રોને દ્રૌપદી ચઢાવતી હતી. એક રાત્રે કુંતી દ્રૌપદીના કક્ષમાં પહોંચી ગઇ, દ્રૌપદી કશું ના બોલી, વાતની શરૂઆત કુંતીએ કરી.

'તને મારા તરફથી શું તકલીફ છે મેં એવું તો શું કર્યું છે કે તું મને આટલો તિરસ્કાર કરે છે? દ્રૌપદી કહ્યું 'હું જવાબ આપવા માંગતી નથી. હું બોલીશ તો ધરતીકંપ ફાટી નીકળશે'

'હું તને તારા પાંચ પતિના સમ આપું છું, શું છે તે તું કહે'

દ્રૌપદી કશું ના બોલી.

'તને સમ આપું છું છતાં બોલતી નથી, શા માટે?

'હું બોલતી નથી. પણ જો તમારે સાંભળવું હોય તો છે તમારામાં હિંમત ? નહીં સંભળાય, કાનમાં કીડા પડશે, જેટલું અંતર છે, જેટલું માન છે તેટલું મળે છે તે પણ બહુ છે. એકબીજાની એટલી નફરત ના કરો કે બેમાંથી એકને આત્મહત્યા કરવી પડે'

'તને શાની નારાજગી છે?

દ્રૌપદી બોલી: 'તમારે તે વાત સાંભળવી છે તો કહું છું. હું તમારી પાસે નથી આવી પણ તમે મારી પાસે આવ્યાં છો. તમે આ પ્રલય માટે જવાબદાર છો'

'ના હું નહીં' કુંતી બોલી 'જવાબદાર તું છે'

'ના હું પણ નહીં, જવાબદાર એકલા તમારા કહેવાતા ધર્મરાજ પુત્ર યુધિષ્ઠિર જ, તેમને જ વેર વાળ્યું છે, તમારી હાજરીમાં જ મને બેઆબરૂ

કરવામાં આવી તે વખતે તમે ચૂપ રહ્યા મને આશ્વાસનના બે શબ્દો પણ કહ્યા નથી, શું તમારી પુત્રવધૂના કપડાં ઉતરે અને તમે તે જ રાજમાં સુખીથી રહેતા હતા. અમે વન, વન ભટકતા હતા અને તમે વિદુરને ત્યાં હસ્તિનાપુરમાં શાંતિથી રહેતા હતા. ચાલો તેનો પણ વાંધો નહીં. તમે દુર્વાસાની સેવા કરી તમને પાંચ વરદાન મળ્યા. શા માટે ? એવી તો કઇ સેવા કરી હતી કે તે ખુશ થઇને તમને વરદાન આપે અને એ ઋષિ મને મળ્યા નથી નહીં તો હું તેમને પણ પૂછત કોઇ કુંવારી કન્યાને વરદાન આપવું હોય તો સારો પતિ મળે, સુખી થજે, સારા પુત્રની માતા બનજે, તેમણે તો ભવિષ્ય જોઇને તમને વરદાન આપ્યાં તેમને ક્યાં ખબર હતી કે તમારા પતિ પાંડુ બાળકો પેદા કરવામાં અસમર્થ હશે ? અને જ્યારે તમને જરૂર પડી ત્યારે તમે પાંડુને આ વરદાનની વાત કરી, પાંડુને કોઇ વાંધો નહોતો તે તો લાચાર હતા. તો તે વખતે તેમની લાચારીનો લાભ લઇને તમે કહી શકયા હોત કે લગ્ન પહેલાં પણ તમારે એક પુત્ર છે. તેમને ક્યાં વાંધો હતો, જો આ વાત તમે કરી હોત તો તેમને કદાચ બીજા વરદાનનો ઉપયોગ કરવાની જ ના પાડી હોત પણ તમારા મૌને કેટલી મોટી હાનિ પહોંચાડી તમે ચોંકશો નહીં મને કર્ણે ઘણી વાત કરી છે તમે દુનિયામાં માતાના નામ ઉપર કલંક છો એક માતા આટલી નિષ્ઠુર હોઇ શકે તે તમને જોયા પછી લાગ્યું. મને જવાબ આપો તમને ખબર હતી કે કર્ણ તમારી કુંવારી અવસ્થાનો પુત્ર છે. તો પાંડુના મોત પછી જાહેર કરવામાં તમને શાની બીક લાગે, તેમના વગર પણ તમે ત્રણ પુત્ર પેદા કરી શકો તો હસ્તિનાપુર આવીને કહેવું હતું કે મારે ચાર પુત્ર છે. કોઇને ક્યાં વાંધો હતો,

અને વાંધો હોત તો ત્રણને બદલે ચારની સામે હોત. પણ તમે ચૂપ રહ્યા શા માટે ? એવી તો કંઇ લાચારી હતી ? શું કોઇ બીજું કારણ તો નહોતું ને? તમે મારી જિંદગી બદથી બદતર કરી નાંખી છે. અર્જુન સ્વયંવરમાંથી મને લઇને ઘરે આવ્યો અને હરખપદુડા થઇને બહારથી બુમ પાડી. જો અમે શું લાવ્યા અને કહ્યું તમે પાંચેય વ્હેંચી લો. એ લોકોએ મને પૂછયા વગર માતાની આજ્ઞા માની લીધી. તમે કહી શક્યા હોત કે હું આજ્ઞા પાછી લઇ લઉં છું યુધિષ્ઠિરે મને પહેલી વખત જુગારમાં મૂકી ત્યારે તમે જુગાર બંધ કરવાની આજ્ઞા કેમ ના કરી ? હારેલું પાછું મેળવ્યું ફરીથી જુગાર રમવા ગયા ત્યારે તમે માતા તરીકે જુગાર ના રમવાની આજ્ઞા કેમ ના કરી, મને કર્ણએ પાછળથી વાત કહી કે કર્ણ જ્યારે સવારે દાન કરવા બેસતા ત્યારે તેમની પાસે જે કોઇ આવે તેને તેમની માંગણી પ્રમાણે દાન આપતો. તમે તેની પાસે ગયા અને પાંચ પાંડવો માટે અભયદાન માંગ્યું અને તેણે તમને અભયદાન આપ્યું તમે કેટલા નિષ્ઠુર કે પાંચ માટે અભયદાન માંગ્યું. પણ પાંચેયને પાસે કર્ણ માટે અભયદાન ના માંગ્યું. તમારા આજ્ઞાંકિત પુત્રો હતા. તમે કહી દીધું હોત કે કર્ણ તમારો પુત્ર છે તો આ યુધ્ધ ના થાત. અને કર્ણ જીવતો હોત અને તમને કલંક ના લાગ્યું હોત પણ તમે તો તેમ જન્મ આપીને રખડતો - છૂટો મૂકી દીધો. કર્ણ ધ્રમિષ્ઠ હતા. મહામાનવ હતા એને તો ખબર જ હતી કે તમે તેની માઁ છો. પણ તેણે કોઇ દિવસ રહસ્ય છતું ના કર્યું, દુનિયા સમક્ષ પોતાના બાળકને રજુ કરવાની જવાબદારી માઁ-બાપની હોય છે. જેમાં તમે ચૂકી ગયા. આખા મહાભારતમાં બતાવો કે મારા માટે જ પાંચ ભાઇઓને વહેંચવાની વાત કરી પછી તમે

પાંચેયને કોઇ આજ્ઞા કરી છે ખરી ? તમે તો સમજ્યા વગર બોલીને મારી જિંદગી બગાડી પછી ભરી સભામાં કર્ણએ મને વેશ્યા કહી "બંધુકી" કહી, ત્યારે તમારી પાસે તક હતી. કર્ણને કહી શક્યા હોત કે આ તારા ભાઇઓની પત્ની છે. આ શબ્દો મારે તમારે લીધે સાંભળવા પડયા.

જો મને પાંચ પતિ હતા તો હું વેશ્યા હું બંધુકી અને તમે જિંદગીમાં પાંચ પતિ કર્યા. પહેલા સૂર્ય, બીજા ધર્મરાજ (યમરાજ), ત્રીજા વાયુ, ચોથા ઇન્દ્ર અને પાંચમા પાંડુ અને બીજા કોણ તે મને ખબર નથી, મારી જિંદગીમાં પણ પાંચ અને છઠ્ઠો ? હું કહેવા માંગતી નથી તો દુનિયા તમને અને મારા અને તમારામાં શા માટે ભેદ રાખે છે ? ચારમાંથી તમારો એક ગયો (કર્ણ) અને મારા યુધ્ધમાં પાંચેય પૂત્રો ગયા. શું મેળવ્યું તમે? તમારે તો આજ્ઞા જ કરવાની હતી કે યુધ્ધ ના કરો. કર્ણએ તો તમને કહ્યું જ હતું કે છ માંથી એક જણ જશે અને પાંચ રહેશે અને કર્ણ ગયા અને સાંભળો ઘરની વાત ઘરમાં કહું. અત્યારના જીવતા પાંચ પુત્રો કરતાં પણ સૌથી શ્રેષ્ઠ કોઇ હોય તો તે કર્ણ હતા. હું તેના તરફ આકર્ષાઇ હતી'

દ્રૌપદીએ જોયું તો કુંતી ચોધાર આંસુએ રડીને ફસડાઇ પડી હતી. અહીંયા દ્રૌપદીએ કુંતી સાથેનો પોતાનો હિસાબ ચૂકતે કર્યો. કારણ કે તેનો જન્મ વેર લેવા માટે થયો હતો. વૃશાલીએ વાત પૂરી કરી:

'હે વાસુદેવ દ્રૌપદીને તમારી સામેની નારાજગી એ જ છે કે તેની જિંદગીના પહેલા પુરૃષ તમે. સ્ત્રીઓ જ્યારે તેમની જિંદગીમાં તેમનું સર્વસ્વ આપી દે છે ત્યારે પહેલા મન આપે છે પછી તન આપે છે તમને બંને આપ્યું. સ્ત્રીનો પહેલો પુરૃષ, એક વચન અને બીજો પુરૃષ બહુવચન, હે

વાસુદેવ જ્યારે તે તમને સમિર્પત થઇ ત્યારે પહેલો શબ્દ શું બોલેલી. તેણે કહ્યું હતં કે હે ગોવિંદ મારો સ્વીકાર કરો. જ્યાં આત્મીયતા હોય તો ત્યાં ભક્તિ હોય. અને જ્યાં માન હોય ત્યાં બહુવચન હોય. તમે એક વચન અને પાંડવો બહુવચન. પાંડવોના  પાંચ પુત્રો મરાયા. તમે મૃત પરિક્ષિતને જીવતો કર્યો. મામા તરીકે ફરજ બજાવી,તમે ધાર્યું હોત તો તે પાંચેયને સજીવ કર્યા હોત! એક માતાના પાંચ પુત્રો ગયા પછી શું બાકી રહે, તેના તો શ્વાસોશ્વાસમાં વાસુદેવ તમે જ હતા. બસ આજ એની નારાજગી. આ જ તમારી સાથેના નારાજગીનું કારણ અને આ જ કારણના લીધે તે તમને મળવા માંગતી નથી'

કૃષ્ણએ માન્યું હતું  કે દ્રૌપદીએ બધુ જ સ્વીકારી લીધું છે. પણ તેઓ અહીં પણ દોષી અને ખોટા હતા.

અને સુપ્રિયા બોલી: 'હે વાસુદેવ, દ્રૌપદીએ છેલ્લી વાત કહેવાનું મને કહ્યું છે કે તે તો અગ્નિમાંથી જન્મી, પુખ્ત જન્મી જન્મતાની સાથે જ જિંદગીમાં કોઇનું પણ માન્યું હોય તે તમે જ હતા. તેનું શરીર તો જવાળાઓથી  ઘેરાયેલું છે તેને શાંત ફક્ત બે જણ કરી શકે એક તેના પિતા અગ્નિ અને બીજા તમે. તેણે એક દિવસ પોતાના પિતાને પૂછયું મને શાંતિ ક્યારે મળશે? હું વેરની અગ્નિમાંથી શાંત ક્યારે થઇશ અને યજ્ઞ દેવતાએ જવાબ આપ્યો. આ પૃથ્વી પર તમામ જીવન અગ્નિને સ્વાહા થશે. પણ તું નહીં થાય. તું નહીં હોય ત્યારે એવી શીતળતામાં ગર્ક થઇશ ત્યારે જ તને શાંતિ મળશે. અને ત્યારે તારી આંખમાં અને તારા છેલ્લા

શ્વાસમાં એક જ વ્યક્તિ હશે. તારી જિંદગીનો પહેલો પુરૂષ અને છેલ્લો પુરૂષ હશે કૃષ્ણ હરે મુરારિ. અચ્યુત, માધવ, મોહન, મુરલીધર'

વૃશાલી, સુપ્રિયા ઊભા થયા, બંનેએ દ્રોપદી અને કુષ્ણને જોયા હતા. દ્રૌપદીની આંખમાં ફરિયાદ હતી દ્રૌપદીની આંખમાં લાચારી, ઉદાસીનતા, નિરાશા હતી. કૃષ્ણ માટે મોટી ફરિયાદ જ્યારે કૃષ્ણની આંખમાં પ્રેમ, દીલાસો, રંજ, બંને જણ એકબીજા માટે પણ, છેલ્લા ૩૫ વર્ષથી અલગ, અલગ. બંને રજા લઇને ગયા જતાં જતાં કૃષ્ણ બોલ્યા: 'હું કહું ના ત્યાં સુધી તમે અહીં જ રોકાશો"

બંનેને સમજ ના પડી પણ આ સંકેત હતો. થોડા દિવસ વીતી ગયા, લક્ષ્મણા કે ગંગાધર દેખાતા નહોતા, કામમાં હશે, કૃષ્ણ થોડા બેચેન થયા આ બંને વગર વાત કોની સાથે કરે બધાં પોતપોતાનામાં વ્યસ્ત હા, સેવક પાસે બંનેને બોલાવવા સૂચના આપી, બંને જણ આવ્યા 'બહુ દિવસથી દેખાયા નહીં, ચેન નથી પડતું તમારા વગર, લક્ષ્મણા હજું કંઇક ખૂટે છે, તારે અને ગંગાધરે કંઇ પૂછવાનું બાકી છે તેવું મને લાગે છે. મને અંદરથી એવું લાગે છે કે હજુ તમારા મનમાં ભાર છે. બોલી નાખો, પૂછી લો, સમય ઓછો છે'

કૃષ્ણે સંકેત આપતા ગર્ભીત વાત કરી. પણ બંનેને સમજ ન પડી. '

'શ્વસુરજી હું પ્રશ્નો પૂછતાં થાકી ગઇ મેં તો હક્ક કરી પૂછી લીધું મારી પણ કોઇ ફરજ છે. તમારા પ્રત્યે મારી કોઇ જવાબદારી છે. મેં તમને બહુ થકાવ્યા. પણ હું શાંત થઇ, વ્યગ્રતા ઓછી થઇ, ફક્ત મેં વાત તમારાથી છુપાવી છે. જે આજે કહી દઉં છું બોલ, બોલ મારે સાંભળવી જ છે. આજથી

૨૫ વર્ષ પહેલા રાધાનો પતિ આયન તમારી પાસેથી મળીને બહાર નીકળ્યો ત્યારે મેં તેને રોક્યો હતો. તમને કહેલી બધી જ વાત તેણે મને કરી, ફક્ત તમારાથી જ નારાજ હતો તે તો યાચક બનીને આવ્યો હતો, બબડતો હતો શાનો અવતાર, શાના ભગવાન, શાના વચન પાળનાર, મને વચન આપ્યું હતું માંગ માંગ માંગે તે આપીશ, અને મેં માંગ્યું તો ના આપ્યું મારી પત્ની મારે પાછી જોઇતી હતી, વચનભંગ કરનારા તરીકે નિસાસા નાખી. બબડતો બબડતો નીકળી ગયો, બોલતો ગયો કે એક દિવસ પાછો આવીશ અને સંભળાવી દઇશ, દગાખોર વચનભંગ કરનાર અને જતો રહ્યો, મને ખૂબ દુઃખ થયું. મેં મનાવવાનો બહુ પ્રયત્ન કર્યો પણ તે ના માન્યો, જાણે શ્રાપ આપતો હોય તેમ બોલતો હતો મારી ના થઇ તો તમને પણ નહીં મળે મારી રાધા'

કૃષ્ણ વિચારમાં પડી ગયા બોલ્યા આજે ૨૫ વર્ષે તું આ વાત મને કહે છે.

'હા ૨૫ વર્ષે કારણ કે મારે તમારી રાધાને જીવાડવી હતી. તમે આયનની વાત સાંભળી વૃન્દાવન જાત અને તમારા કહેવા પ્રમાણે તમે જાત તો તમારા ભણકારા સાંભળી તે મરી જાત, તે અને તમે બંને જીવો છો, માટે જ તમને બંનેને જીવાડવા માટે આ વાત ના કરી, મને માફ કરશો, અને બીજી કઇ વાત હા તેને પણ તમારી સામેની નારાજગીની જ છે. એકલવ્ય પણ મને મળતો ગયો હતો. તમારી મર્યાદાને લીધે તે ૨૫ વર્ષ પહેલાંના પ્રસંગોમાં ચૂપ રહ્યો તેને અહીં પાંડવોને જોયા હતા પણ તે શાંત રહ્યો. તેમને કોઇ હાનિ પહોંચાડી નહોતી તે તો બધી તૈયારી કરી

આવ્યો હતો. પણ જતા જતા સંભળાવતો ગયો કે વાસુદેવ જે પાંડવોને લીધે તમે યુધ્ધ કર્યું તે તમારા કોઇ દિવસ થવાના નથી, જે દ્રોણે પોતાના પ્રિય શિષ્યને લીધે મારો અંગૂઠો કપાવ્યો તે જ ગુરૃની તમે ક્રૂરતાપૂર્વક હત્યા કરાવી. તે જ પાંડવોના ધર્મરાજ  પાસે જુઠું બોલીને મરાવ્યા, બ્રહ્મહત્યા કરી, તેઓને તો ગાદી જ જોઇતી હતી. તે મેળવવા તમારો ઉપયોગ, ગેરઉપયોગ કર્યો. કામ પતી ગયા પછી કોઇ દિવસ તમારી ખબર પણ પૂછી નહોતી આજે ૧૦ વર્ષે તમારૃં કોઇ કામ હશે માટે આવ્યા હશે, તમે ખોટા માણસનો પક્ષ લીધો'

કૃષ્ણને વાતમાં દમ લાગ્યો ૧૦ વર્ષથી તેમના તરફથી કોઇ વ્યવહાર કે સંબંધ હતો જ નહીં પોતાની બેન આપી હતી તે પણ તેઓ ભુલી ગયા હતા. શું ખરેખર પાંડવોએ પોતાનો લાભ જ લીધો હતો ? ગુંચવાઇ ગયા, ચાલો મારા કર્મમાં જે લખાયું હશે તેમ માની હસી લીધું.

'બોલો ગંગાધર તમારે શું કરવું છે. મારી આજ સુધીની જિંદગીથી તમે વાકેફ જ છો કંઇ બાકી રહી જાય છે'

'હા વાસુદેવ, તમારા બે અલગ રૂપ મેં જોયા છે. એકમાં તમે ઘાતકી હત્યારા, કુદરતનો નાશ કરનાર, પ્રકૃતિનું નિકંદન કાઢનારા અને બીજામાં પ્રકૃતિ પ્રેમી, તે કેવી રીતે ?

'તમે મારી ઉપર બહુ મોટો આક્ષેપ મૂક્યો ? મને હત્યારા સુધી કહી નાંખ્યું માંડીને વાત કરો'

'હા, વાત કહેવા જ આવ્યો છું. તમે આમ શા માટે કર્યું ? ગંગાધર બોલ્યા: 'હે વાસુદેવ તમે સતયુગ, ત્રેતા, દ્વાપર ત્રણે યુગના તમે દેવ છો,

પણ તમે પાંડવોના લાભાર્થે ખંડવા દહન કર્યું, કરાવ્યું, કોઇને રોક્યા નહીં. ટોક્યા નહીં, હજારો માઇલના જંગલો તમે અગ્નિને અર્પણ કર્યા, તમને તો ખબર જ હશે કે ઇન્દ્રપ્રસ્થ બાંધવા તમે કુદરતનું કેટલું મોટું નુકસાન કર્યું. હજારો આદિવાસી આ દાવાનળમાં બળી ભસ્મ થઇ ગયા, હજારો પ્રાણી, પક્ષી, નાગ, વન્ય જીવન, ઔષધ, જટીબુટ્ટી, વૃક્ષો, ઋષિના આશ્રમો, નાગ વિસ્તાર, તળાવો, નદી સુકાઇ ગયા, જીવવા માટેની ખેતી, અનાજ ફળ ફૂલ બધું કરમાઇ ગયું આટલો મોટો કુદરતનો વિનાશ શું ફક્ત છ જણને રહેવા માટે લાખોને ઘર બહાર કર્યા. શું મળ્યું તમને? તેઓને ઘર બહાર કરીને વર્ષો સુધી અગ્નિ શાંત જ ના થયો તેની ભૂખ ઓછી જ ના થઇ ને એક પછી એક જંગલોનો નાશ કરતા જતા હતા. ચારે બાજુ વિનાશ વિનાશ, તમે આ સૃષ્ટિના રચયિતા અને તમે જ ભક્ષક, મરનાર ન્યાય માંગવા જાય તો કોની પાસે, તમે તો તમારા મિત્રની મદદમાં હતા'

કૃષ્ણ વિચારમાં પડયા વાત તો સાચી હતી. છ જણ માટે આટલી મોટી હોનારત શું તેઓ પાંડવોમાં આટલા બધાં અંધ થઇ ગયા હતા પોતે જ રચેલી સૃષ્ટીનો નાશ કર્યો. અને આ સૃષ્ટિ ઊભી કરતાં હજારો વર્ષ વીતી જશે. માનવ સમાજને કેટલું મોટું નુકસાન પોતાનાથી થઇ ગયું. શું મળ્યું? કૃષ્ણને સુદર્શન ચક્ર અને અર્જુનને ગાંડીવ.'

ગંગાધરે આગળ ચલાવ્યું '

હજારો સસલાં, હજારો હરણ, શિયાળ, વરૂ, સાપ, વાઘ, સિંહ, ચિત્તા, હાથી બધાં જ નાશ પામ્યા, જમીનમાં તિરાડો પડી ગઇ, જમીન તપીને પથ્થર

જેવી થઇ ગઇ બીજા હજારો વર્ષ ત્યાં ખેતી શક્ય જ નહોતી. શા માટે તમે કુદરત સામે આટલો ભય ઊભો કર્યો?

દુનિયાને તમારી પ્રવૃત્તિ અને પ્રકૃતિ સમજાતી નથી કેશવ ? મેં તો આખું મહાભારત નજરે જોયું છે તમારૂં બીજું રૂપ પણ મેં જોયું છે. બેમાંથી તમારૂં કયું રૂપ સાચું માનવું કે ક્યાં તો તમે સુધરી ગયા. ગીતાના ૧૦માં અધ્યાયમાં તમે પ્રકૃતિ પ્રેમ અને ક્યાં ક્યાં તમારો વાસ છે તેની વાત અર્જુનને અને દુનિયાને કહી છે. તે સાંભળો તમે તો ગીતા ભૂલી ગયા છો તેવું વારંવાર કહો છે તો હું તમને યાદ કરાવું તમે શું બોલ્યા હતા.

જે ખંડવા દહનમાં તમે પ્રકૃતિનો નાશ કર્યો તે જ ગીતામાં તમે પ્રકૃતિ પ્રેમી પ્રકૃતિના ગુણગાન ગાયા છે. પ્રકૃતિમાં તમારો વાસ છે સમજ નથી પડતી ખંડવા દહન વખતે શું એ પ્રકૃતિમાં તમારો વાસ નહોતો અને ગીતામાં કહ્યા પ્રમાણે તમારો વાસ આવી ગયો?

'ગંગાધર, સાચું કહું મને કશું યાદ નથી'

કૃષ્ણ બોલ્યા:'પણ મેં ગીતામાં શું કહ્યું તે કહે મને આનંદ થશે મારે જાણવું છે અને ગંગાધર બોલ્યા ગીતાના ૧૦માં અધ્યાયમાં તમે અર્જુનને કહ્યું હતું કે વૃક્ષોમાં હું પીપળો છું. (પીપળો એટલા માટે કે તે ૨૪ કલાક પ્રાણવાયુ આપે છે) દેર્વિષમાં હું નારદ છું (નારદ એટલે શુધ્ધ, શુધ્ધતા) પર્વતમાં હું મેરૂં છું જળાશયમાં હું મગર છું. ઋષિઓમાં હું ભૃગું છું. પશુઓમાં હું સિંહ છું જનમાં હું અર્જુન છું. ગાયોમાં કામધેનું છું, પક્ષીમાં હું ગરૂડ છું  વગેરે.

આ બંને પ્રસંગોમાં તમે ક્યાં ધર્મની સ્થાપના થઇ તે સમજાવો, અને આ મને પ્રસંગમાં ધર્મની સ્થાપના થઇ જતી હોય તો સારૃં જ ગણાય, પણ, પણ...'

કૃષ્ણ વિચારમાં પડી ગયા. શું તેમને આ વાત ધ્યાનમાં નહોતી લીધી ? અને ગંગાધરે વાત પૂરી કરી.

****

કુરૃક્ષેત્રનું યુધ્ધ શરૃ થઇ ગયું હતું ધર્મ અને અર્ધમનું યુધ્ધ નામ આપવામાં આવ્યું હતું બધાં જ ધર્મ માટે લડતા હતા, લડવાના હતા સમય જ નક્કી કરવાનો હતો કયાં ધર્મ, કયાં અધર્મ? ભીષ્મે ૧૦ દિવસ બગાડયા, એક રીતે જોવા જઇએ તો આ ૧૦ દિવસ દુર્યોધનના પક્ષે લડીને દુર્યોદનને સૌથી વધુ નુકસાન પહોંચાડયું. લડવાનો ઢોંગ કરી દુર્યોધનને દગો દીધો. ઈચ્છામૃત્યુના વરદાન ધારક તેઓ નક્કી કરી શક્યા હોત હું જ્યાં સુધી જીતું નહીં ત્યાં સુધી મરૃં નહીં. ઉલ્ટાનું કૃષ્ણના કહેવાથી પોતાના મૃત્યુનું રહસ્ય કહી મોત સામે ચાલીને નોંતર્યું.

બીજા યોધ્ધા દ્રૌણ તેને પાંચ દિવસ બગાડયા મનથી તેઓ પણ લડયા નહીં. શિષ્ય સામે લડવાનું હતું. મનથી પાંડવો સાથે સ્થુળ કૌરવ સાથે,

વાત એવી બની હતી કે ૧૪ દિવસનો યુદ્ધ સમાપ્તિ પછી બધાં પોતપોતાની છાવણીમાં હતા. આરામ કરતા હતા. દ્રૌણની છાવણીની બાજુમાં જ કર્ણની છાવણી હતી. કર્ણનો યુધ્ધમાં જવાનો વારો આવ્યો નહોતો તે આરામ કરતો હતો, રાત્રે બીજે દિવસની વ્યુહમાં તે ભાગ લેતો,

તે સભા પૂરી કરી પાછા ફરતા એક માનવની હીલચાલ તેને શંકાશીલ લાગી, તે દ્રૌણની છાવણીની આગળ પાછળ ફર્યો કરતો, તેને એવું લાગ્યું કે તે દ્રૌણને મળવા માંગે છે. પણ તક નથી મળતી. તે વ્યક્તિને તેણે નજીક બોલાવી, તે આવ્યો.

‘કોણ છે ભાઇ ? શું કામ છે ?

તેણે પોતાના જમણા હાથનો અંગુઠો બતાવ્યો.

‘હું એકલવ્ય’

કર્ણ ચોંકી ગયો શું આ જ એકલવ્ય તે પહલાં મળ્યા નહોતા,તેનું નામ સાંભળ્યું હતું પણ જોયા પણ નહોતા. તેની સાથે જે રીતે અવ્યવહાર, અન્યાય થયો હતો તેનાથી તે પણ દ્રવિત હતો દુઃખી હતો, અત્યારે, આ યુધ્ધના મધ્યાંતરે એવું તો શું કામ પડયું દ્રૌણનું ?

એકલવ્યએ કહ્યું: ‘હું દ્રૌણને મારવા આવ્યો છું, હું તો દુર્યોધનના પક્ષે લડવા આવ્યો હતો, મારી સાથે મારી સેના પણ છે પણ મને શુદ્ર સમજી, મને યુધ્ધમાં ભાગ ના લેવા દીધો અને આ નિર્ણયમાં દ્રૌણ અગ્રેસર હતા. મને ખબર નથી પડતી કે હું તો સહાય કરવા આવ્યો હતો તેમને શું વાંધો હોઇ શકે ત્યારથી મને શંકા પડી કે  આ દુર્યોધનને હરાવશે માટે જ હું તેમને મારવા આવ્યો છું’

કર્ણ વિગત સાંભળી વિચારમાં પડી ગયા એકલવ્ય કેટલો ઉંચો માણસ છે, સત્ય બોલે છે. દુર્યોધને તો બોલાવ્યો નહોતો છતાં પણ પોતાના અપમાનનો બદલો લેવા તેના પક્ષમાં લડવા તૈયારી કરીને આવ્યો હતો. કર્ણ તેને સમજાવીને પોતાના કક્ષમાં લઇ ગયા.

'ભાઇ બેસ તારી વાત કર આમ જોઇએ તો આપણે બંને સરખા શોષિત છીએ. પણ મારા કરતા તમે વધારે'

એકલવ્યે પોતાની આપવીતી કહી, કર્ણની તમામ વાત તે જાણતો હતો, ફક્ત જન્મનું રહસ્ય નહીં. તેનો ગુસ્સો વર્તમાન સ્થિતિ ઉપર હતો, વ્યવસ્થા ઉપર હતો, ઉંચ-નીચના ભેદ ઉપર હતો. છૂત-અછૂત ઉપર હતો, તેણે કર્ણને પૂછયું શું મારા જન્મનો અધિકાર મારો છે? મારે ક્યાં જન્મવું તે શું? હું નક્કી કરૂં છું? અને જો આ બધું મારા હાથમાં ના હોય તો મારો શું વાંક, મેં સાંભળ્યું છે કે આ ભારત વર્ષના મૂળમાલિક અમે હતા પણ અમે નબળા થોડી અંધશ્રધ્ધામાં સપડાયેલા, વર્ણે થોડા કાળા, તમે બહારથી આવેલા, સારા હથિયાર, સારી ભાષા, સારો ખોરાક, સારા ઘોડા, સારા રથ, ઉંચા પહોળા, તમારી સ્ત્રીઓ અમારા કરતાં સુંદર, ઘાટીલી, નયનગમ્ય, પણ તેમાં અમારો શો વાંક?

આ તો કુદરતની કરામત છે. જો જન્મથી જ સંસ્કાર, કેળવણી મળતી હોય તો બધાંને સરખા ના બનાવ્યો હોત? ભગવાને તો ભેદ-ભાવ પાડયા નથી. અમારામાં પણ બુધ્ધિ છે. હા, વિદ્યા ઓછી છે. મારો ગુન્હો શું? શું હું સત્ય બોલ્યો તો ગુન્હો? મને ગુરૂ દ્રૌણે પૂછયું તારા ગુરૂ કોણ? મેં તેમને નામ આપ્યું અને મારી ગુરૂદક્ષિણામાં તેમણે અંગુઠો માગી લીધો, હું નાનો હતો, લાગણીમાં આવી આ પગલું લઇ લીધું. આજે એ અંગુઠો માંગ્યો હોત તો ના આપત કહેત કે સ્પર્ધા કરો કે જે જીતે તે સર્વોચ્ચ અને હારે તે અંગુઠો આપે, મને ખાતરી જ છે અને હતી કે સ્પર્ધા તો હું જ જીતી જાત. આ કેવો શિષ્યપ્રેમ? જ્યાં વિદ્યા, જ્ઞાન અને શોર્યનું માન નથી તે ભૂમિ તો

વાંઝીયણ ગણાય. મારી વિદ્યા, મારી શક્તિનો ઉપયોગ કરત તો હું તેમનું ઘરેણું બની ગયો હોત. અર્જુન ડાબો તો હું જમણો હાથ બનત, તમે એક ક્ષણ માટે બહાર આવો'

ચારે બાજુ અંધકારે સામ્રાજ્ય જમાવ્યું હતું. થોડા ઝાંખા ઓજસમાં એકલવ્ય બહાર આવી પછી પોતાનો અંગુઠો બતાવ્યો, જમણો હાથનો અંગુઠો કપાયેલો હતો કર્ણ કંપી ગયો કેટલો સ્વાર્થી આ સમાજ? પોતાના ગૌરવ માટે પોતાના મિથ્યાભિમાન માટે કેટલી મોટી કિંમત માંગી.

'શું હજારો વર્ષથી શું અમારે જન્મના આધારે શોષિત જ રહેવાનું? શું અમારી વિદ્યાની કોઇ કિંમત નહીં? અમારૂં કોઇ માન ગૌરવ નહીં અમારા બાળકો, વંશને તુંચ્છકારથી બોલાવાના? અમારી ગણના માણસમાં જ નહીં? અમારૂં કોઇ સ્વમાન નહીં? એકલવ્યનો આક્રોશ કર્ણને સ્પર્શી ગયો. શું ચાલી રહ્યું છે આ બધું શું? આને ધર્મ કહેવાય? આની સામે લડવું તે ધર્મે કહેવાય, અને તેને ધર્મયુધ્ધ કહેવાય જ્યારે અહીં તો બધું જ ઉંધુ ચાલે છે. અન્યાય ક્યાં સુધી?

'એકલવ્ય, કાલે સવારે જ હું દુર્યોધનને કહી હું દ્રૌણને નિવૃત કરી સેનાપતિ બની જઇશ અને તરત તારી સેનાને હું કૌરવ પક્ષે સમાવી લઇશ, મારા અને તારા દુશ્મન એક છે કદાચ કોઇ તકલીફ પડશે તો એવું માની લેજે કે તારો ગુસ્સો અર્જુન સામે છે, ભલે દ્રૌણ એકાદ દિવસ લડી લે જે ૨૦૦-૫૦૦ પાંડુસેના મરે હું જે દિવસ સેનાપતિ થઇશ તે દિવસે તું મારી સેનામાં મારો અને તારો દુશ્મન એક જ છે. માટે તું આજની રાત મારી સાથે રહે આપણે ઘણી વાત કરવી છે. આ લોકો કેટલા સ્વાર્થી છે.

તેનો એક દાખલો આપું. હું કૌરવપક્ષ છોડી પાંડવપક્ષમાં જઉં તો દ્રૌપદીની લાલચ મને આપી હતી જે દ્રૌપદીએ મારૂં અપમાન કર્યું તે જ દ્રૌપદી મારા બાળકોની માતા બનશે તેવી વાત કરી હતી'

કર્ણે જાણી જોઇને કૃષ્ણનું નામ લીધું તેઓને તો બચાવી લીધા, આ વાત પોતે જ જગતમાં જાહેર કરે તેવું તે ઇચ્છતો હતો. કેવા અમે શોષિત પાત્રો? કર્ણ વિચારતો હતો કે અમારા સિવાય બીજું એક પાત્ર પણ જિંદગીમાં શોષિત હતું પણ તે સ્ત્રી હતી બોલી શક્તી નહોતી તે હતી દ્રૌપદી પરણી અને દુઃખી થઇ.

'સામાજિક રિવાજ, કુરિવાજ, વ્યવસ્થાનો ભોગ આપણે બનતા આવ્યા છીએ.'

એકલવ્યએ આકાશ બાજુ જોઇને કર્ણને કહ્યું: 'મારો અંગુઠો કપાયો છે પણ મેં મારી આગવી રીતથી વિદ્યાના અભ્યાસ કરી ફરી અંગુઠાને બદલે બીજી આંગળીનો ઉપયોગ કરી તીર ચલાવી શકું છું તેણે કર્ણને કહ્યું આકાશમાં ચમકતો કોઇ તારો તમે નક્કી કરો મને બતાડો અને પછી જુઓ કર્ણ નવાઇ પામ્યો શું બોલી રહ્યો છે આ એકલવ્ય, અને કર્ણ એ દૂરનો એક સર્પ્તિષમાંનો એક રાત્રિ તારો બતાવ્યો, અને એકલવ્યે એક ખાસ તીર ભાથામાંથી કાઢયું અને કહ્યું જુઓ. એમ કહી તીર આકાશ તરફ છોડયું બીજી ક્ષણે કર્ણએ જોયું તો જે તારો ચમકતો હતો તે હવે દેખાતો જ નહોતો, ક્યાં ગયો? એકલવ્યએ તેને તીરથીં ઢાંકી દીધી હતો, કર્ણ સ્તબ્ધ થઇ ગયો એક તીરથી નભમાં ચમકતા તારાને ઢાંકી દીધો આટલી શક્તિ આટલી પ્રવીણતા અંગુઠા વગર ચલાવેલું તીર જે ઝડપે નભમાં ગયું તેની

ખબર જ ન પડી, ન અવાજ આવ્યો કર્ણે તેની પીઠ થાબડી. બોલો કર્ણ મને જો તક મળી હોત તો મારા દુશ્મનની શી હાલત થાત, પણ હું આદિવાસી, શુદ્ર મારી કોઇ કિંમત નહીં ન મારો કોઇ ગુરૂ જે મને સમાજ પાસે રજૂ કરે અહી તો ગુરૃ અંગૂઠો કાપી લીધો શું કરૃં ? અને કર્ણથી ઊંડો નિસાસો નખાઇ ગયો, પોતાની પણ આ જ દશા હતી. પરશુરામ પાસે પોતે પણ શ્રાપિત થઇને પાછો આવ્યો, શ્રાપનો ભોગ બનતો આવ્યો, એક બ્રાહ્મણની ગાય મારાથી અકસ્માતે મરી ગઇ ત્યારે એ બ્રાહ્મણે શ્રાપ આપ્યો: જેમ  પૈંડા નીચે તે મારી ગાયને કચડી છે તે જ રીતે રથના પૈંડા પાસે તું પૈડાને કાઢતી વખતે મરીશ.

પરશુરામની સેવા કરતી વખતે મારી સહનશક્તિની કસોટી થઇ હું ઉતિર્ણ થયો તેના બદલમાં મને શ્રાપ મળ્યો ખરી વખતે મેં શીખેલી વિદ્યા ભૂલી જઇશ. શું આ બ્રાહ્મણ કહેવાય, શું આ ગુરૃ કહેવાય ? ગુરૃનો શું વાંધો હોય જે પોતે શીખવેલ વિદ્યાની પરીક્ષા લે અને ઉતિર્ણ થાય તો છાતી ગજ ગજ ફૂલે, ગૌરવ લે, ગર્વ થાય, અને શીખવેલી વિદ્યા સફળ થઇ ને આ વિદ્યા સમાજમાં આગળ વધશે તેનો સંતોષ લે. પોતે શીખેલી વિદ્યા યોગ્ય વારસદારને આપી છે તેનો આનંદ હોવો જોઇએ. તેનું જીવન સાર્થક ગણાય, પણ અહીં તો બંનેનું જીવન વિપરીત પસાર થયું. તે ઉપેક્ષિત જ રહ્યા. કર્ણે જોયું તો આકાશમાં ફરીથી અમી તારો ધીરે ધીરે દેખાવા લાગ્યો. પોતે પણ આટલો મોટો ધનુર્ધર હતો પણ આવી શક્તિ તો તેનામાં પણ નહોતી. તેને એકલવ્યને કહ્યું:

‘હું તારાથી મોટો છું પણ વિદ્યામાં તું મારાથી આગળ, હું તને પ્રણામ કરૂં છું અને મૂળ વાત દ્રોણને મારવાની જરૂર નથી. તેમને તેમના કર્મે જ મરવા દે કે જીવવા દે. તેમને તો પોતાનું જીવન ધૂળમાં મેળવ્યું છે ગુરૂ તરીકે, બ્રાહ્મણ તરીકે તે કલંકિત છે. તે કલંકિત રીતે જ ઓળખાશે, અમર તો તું થઇશ, તારી અને તેમની સરખામણી યુગો સુધી થતી રહેશે. અને તારી સાથે સમાજની સહાનુભૂતિ હશે. જે પાંડવો પોતાના ના થઇ શક્યા તે બીજા કોના થશે ? જન્મથી ધર્મપુત્ર તરીકે ગણાયા પાંડુ પુત્ર તરીકે, આ તેમની બેવડી પ્રતિભા, બેવડી ઓળખાણ ભરોસાલાયક નથી. કામ પતે તે કોઇની સાથે સંબંધ રાખશે નહીં, રાખતા પણ નથી’

બંનેની વાત પૂરી થઇ સહેજ અવાજ થયો, જોયું તો દ્રૌણ ઉભેલા હતા. બંને ચોંકી ગયા. બંનેએ પ્રણામ કર્યા દ્રૌણે આશીર્વાદ આપ્યા.

હું તમારા બંનેની વાત પહેલેથી જ સાંભળતો હતો મને કોઇ અવાજ આવ્યો, યુદ્ધ ચાલે છે. સચેત રહેવું જરૂરી હું બહાર આવ્યો ત્યાં તમને જોવા હું શાંત રહ્યો. તમારા બંનેની વાત સાંભળી હું મારી જાતને ગુન્હેગાર માનવા લાગ્યો, શું મારાથી આટલી મોટી ભૂલ થઇ ગઇ. શું હું શિષ્ય અર્જુન પાછળ આટલો આંધળો થઇ ગયો હતો એક ઉન્નત, કાબેલ, કે યોગ્ય શિષ્યને મેં અન્યાય કર્યો ? હું મિથ્યાભિમાનમાં કેટલો ગર્વિત થઇને અભિમાનથી છકી ગયો હતો, એક બ્રાહ્મણ, એક ગુરૂએ જે કર્તવ્ય બજાવવાનું હતું પણ તે ચુકી ગયો, મારી ફરજ ભૂલી ગયો હતો, સ્વાર્થમાં આંધળા થઇ ગયો હતો. મારા જન્મનું અભિમાન, ઉચ્ચ જ્ઞાતિનું ગૌરવ, આ અહંમમાં જે મને એકલવ્ય માટે તિરસ્કાર અને અણગમો થયો હતો, હું તે

વખતે ભૂલી ગયા હતો કે મેં તો કોઇ દિવસ એકલવ્યને ભણાવ્યો જ નહોતો, તેને કોઇ શિક્ષણ આપ્યું જ નહોતું. તેની કારકીર્દિમાં મારું કોઇ યોગદાન જ નહોતું મેં તો તેને જોયો પણ નહોતો, પણ તે કલા અને કુશળતાથી હું ભયભીત થઇ ગયા હતા મેં એકલા અર્જુનની સલામતી નહીં પણ  મારી પોતાની પણ સલામતી, મારા નામની પડેલી હતી, આર્યવતમાં કોઇ મારાથી સર્વોચ્ચ હોય તે મને પોષાય નહીં, અહંમ ઘવાય'

અને અચાનક દ્રૌણ થોડી વાર ચૂપ રહ્યા પછી બોલ્યા: 'એકલવ્ય ખરેખર તું આ વિદ્યા મને લક્ષમાં રાખીને શીખ્યો હતો ?

'હા મારા આરાધ્ય ગુરૃ તમે જ હતા. મેં જ તમને આદર્શ માન્યા હતા મારે તો આર્યવર્તમાં નામ કમાવવું હતું એક શૂદ્ર થઇને પણ પારંગત થઇ શકાય છે. વિદ્યા ઉપર કોઇનો ઇજારો હોતો નથી મારે સાબિત કરવું હતું અને મેં સાબિત કર્યું. ભલે તમે મારો અંગુઠો માંગી લીધો મને કોઇ રંજ નથી  ઉલ્ટું હું તો તમારો આભારી છું. જો તમે મારો જીવ પણ માંગ્યો હોત તો પણ આપી દેત, આ તો સસ્તામાં પત્યું હું તો આજે પણ તમને ગુરૃ જ ગણું છું. તમારી જ પ્રેરણાથી આગળ વધું છું. ભલે અંગુઠો ગયો તો પણ મેં મારી શક્તિથી નવી વિદ્યા પ્રાપ્ત કરી લીધી છે. તમે તો ક્યારના અહીં ઊભા છો મેં છોડેલું તીર હજુ આકાશમાં જ ભ્રમણ કરે છે, ઊભા રહો હું તેને પાછું બોલાવું છું. તેણે બીજું એક તીર છોડયું થોડી વારમાં પહેલા તીરની સાથે ચોંટીને બીજું તીર પૃથ્વી પર પાછું આવ્યું દ્રૌણ અને કર્ણ બંને જોતા જ રહી ગયા.  બંને આટલા મોટા ધનુર્ધર પણ એકલવ્ય પાસે વામણા

લાગતા હતા. તેમાં પણ ખાસ તો દ્રૌણ, ગુરૃદેવ ! એકલવ્ય બોલ્યો, કાલનો દિવસ તમે આરામ કરો કાલે ૧૫મો દિવસ છે સાંજ પહેલાં પરિણામ આવી જશે ફરી પછી તમારે લડવાની જરૃર જ નહીં પડે, સાંજે બધાં જ પાંડવ પક્ષના બધાં રડતા હશે, વિલાપ કરતા હશે મારા માટે આ ડાબા હાથનો ખેલ છે'

હવે ફરી ચોંકવાનો વારો દ્રૌણનો હતો શું એકલવ્ય પાસે એવા શસ્ત્ર હશે કે જે સર્વનાશ કરી શકે તેમનું શેતાની મગજ સક્રિય થઇ ગયું. પાંડવો હારે તો પોતે હાર્યા બરાબર. ભલે તે દુર્યોધન પક્ષે લડતા હતા પણ તે બધાં જ ભીષ્મ, દ્રૌણ, ભવિષ્યમાં કર્ણ સિવાયના બધાં જ સેનાપતિ પાંડવ તરફી જ હતા તેઓ તો નક્કી કરીને જ બેઠા હતા.

તેઓ બોલ્યા: ' એકલવ્ય શું હજુ તું મને તારો ગુરૃ માને છે?

' હા, હા.'

એકલવ્યે જવાબ આપ્યો.

'તો પછી એક વધુ વખત મને ગુરૃદક્ષિણા આપ હું માગું છું'

એકલવ્ય બોલતાં બોલી ગયો, ફસાઇ ગયો, કર્ણ આ શેતાની પ્રપંચી બ્રાહ્મણ ઉપર ક્રોધે ભરાયો. શું હતો તેનો તેની પાસે ગુરૃદક્ષિણા માંગવાનો હક્ક ?

કર્ણે કહ્યું:'એકલવ્ય, કોઇ પણ ગુરૃદક્ષિણા આપવાની જરૃર નથી. આ બ્રાહ્મણ નથી બ્રહ્મરાક્ષસ છે. આજે પોતે ગુરૃ થઇ ગયા, આવા લોકો જ સમાજના અપરાધી છે'

એકલવ્ય બોલ્યો: કર્ણ મેં તો તેઓને ગુરૃ માનેલા છે. બહુ બહુ તો શું

માંગશે પહેલાં અંગુઠો માંગીને મને મારી જ નાંખ્યો છે. હવે વધુ શું માંગશે ? આમ પણ દુનિયા તેઓને મારા માટે તિરસ્કાર કરે જ છે, હવે વધુ કરશે,તેઓનો જીવ અવગતિએ જશે અને હું કોઇ અમર નથી પણ ઇતિહાસમાં હું અમર થઇ જઇશ, કોઇ ગુરૂ ઉપર ભરોસો નહીં મૂકે, માંગો માંગો જે માંગવુંહોય તે માગો ગુરૂજી'

દ્રૌણ ગંભીર થઇને બોલ્યા 'હું આજે કઇ વધારે નથી માંગતો પણ તારી વાત સાંભળી હું ધ્રૂજી ગયો છું. તારો અંગુઠો કપાઇ ગયો છતાં તારી ધર્નુવિદ્યા જોઇને હું દંગ થઇ ગયો છું. આવી વિદ્યા મેં વિચારી પણ નહોતી જ્યારે  તું તેમાં પારંગત છે. તું એક જ દિવસમાં તારી વિદ્યાના જોરે તું સમગ્ર પાંડવ સેનાનો નાશ કરી શકીશ. એમાં કોઇ શંકા નથી. અને હું તારી પાસે એ જ માંગું છું આ કુરૂક્ષેત્રના યુધ્ધમાં તું કોઇ પણ શસ્ત્ર પાંડવો સામે ઉપાડીશ નહીં' કર્ણ, એકલવ્ય બંને આ બ્રહ્મરાક્ષસને જોતા રહી ગયા આટલો પ્રપંચ, આટલો સ્વાર્થ, આટલી લુચ્ચાઇ શું થયું છે, આ બ્રાહ્મણને ! થોડી વાર ત્રણે ચૂપ રહ્યા.

એકલવ્ય  દ્રોણ સામે તાકી રહ્યો અને કહ્યું:' હું તમારી માંગણી સ્વીકારૂં છું અને ગુરૂદક્ષિણાથી તમને વચન આપું છું આ યુધ્ધથી હું અલીપ્ત રહીશ'

---

જે પાંડવો માટે દ્રૌણે પોતાની વિદ્યા લજવી, એક નિર્દોષને વધેરી નાંખ્યો. પોતે વિદ્યાને દગો દીધો પોતાનું બ્રહ્મતત્વ ખોયું  તે જ પાંડવો તેના મોતનું કારમ બન્યા તે જ પ્રિય શિષ્યએ તેમનો વધ કર્યો, તે જ ધર્મરાજ જુઠ્ઠુ

બોલ્યા, અને દ્રૌણ ગયા. ગંગાધરે વાત પૂરી કરી. કૃષ્ણનું મગજ બહેર મારી ગયું હતું, આ વાતથી તેઓ અજાણ હતા.

ગંગાધરે આગળ ચલાવ્યું: ‘વાસુદેવ, યુધ્ધ પહેલાં બંને પક્ષે તમારા હાજરીમાં જ નીતિ નિયમો ઘડાયા હતા. મને બતાવો કે કૌરવ પક્ષે એક પણ વખત નિયમનો ભંગ થયો છે ખરો ? ના, ના, જયારે તમારી બાજુ અન્યાય, હત્યા, અધર્મ, અધર્મ જ હતો, તમે પોતે જ પ્રતિજ્ઞા લીધી હતી કે હું નિઃશસ્ત્ર રહીશ, હથિયાર નહીં ઉપાડું અને તમે જાતે જ ભીષ્મને મારવા ધસી ગયા, અને ભીષ્મે હથિયાર મૂકી દીધા, તમે તમારા અવતારની એક મોટી અસર ઉભી કરી તેમને આંજી દીધા હતા. ભીષ્મ પછી દ્રૌણનો વારો પણ જુઠાણા ફેલાવીને જ વધ કર્યો, કર્ણના રથના પૈંડા જમીનમાં ખૂપી ગયા હતા તે નિઃશસ્ત્ર હતો  તેમજ રથની નીચે ઉતરેલો હતો અને નિયમ મુજબ તેના ઉપર શસ્ત્ર ના ચલાવાય અને તમે અર્જુનને વારંવાર કર્ણને મારવાનો આદેશ આપ્યા કરતા અને અર્જુને કર્ણને માર્યો શું આ ધર્મયુધ્ધ હતું ? આને ધર્મયુધ્ધ કહેવાય ?

જે કર્ણને તમે થોડા દિવસ પહેલાં જ હસ્તિનાપુરના રાજા બનાવવા, પાંડવોને તેમના ચાકર બનાવવા, દ્રૌપદીને તેની પટરાણી બનાવવા, કર્ણના બાળકોની માતા બનાવવા નીકળ્યા હતા તે જ કર્ણને આટલો ઝડપથી કયા કારણસર અર્જુનને નિયમનો ભંગ કરી વારંવાર મારવા ઉશ્કેર્યો ? શું કર્ણ પાસે એવું તમારૂં કોઇ રહસ્યુ હતું કે જેનાથી કર્ણ તરફથી એ વાત જાહેર થાય તો તમને નુકસાન થાય ?

કૃષ્ણ કશું બોલ્યા વગર ચૂપ જ રહ્યા:

'હા ગંગાધર તારી વાત સાચી છે. મારે કોઇ જવાબ આપવો નથી'

લક્ષ્મણા પણ મૂઢ થઇ ગઇ. શું ચાલી રહ્યું છે તેની તેને સમજ ના પડી. આ કેવો ધર્મ ? આ કેવું ધર્મયુધ્ધ ? શા માટે આ યુધ્ધ લડાયું, શા માટે આટલો મોટો નરસંહાર, આટલું મોટું પર્યાવરણનું નુકસાન અને શું મળ્યું ? કૃષ્ણ પણ છેલ્લા ૩૫ વર્ષથી અજાણ્યા થઇને જ જીવ્યા, ના તો તેઓ દ્વારકાની બહાર ગયા કે ના તો પાંડવોની પ્રીત તેમને મળી. તેમને ઘણી વખત લાગતું. શું તેઓએ ખાલી ખાલી જ અવતાર લીધો છે ! આકાશવાણી તો કંસનો નાશ કરવાની હતી તો પછી આ બધું આવી પડેલું બખડજંતર શા માટે ? કંસને મારી અવતાર સમેટી લેવાનો હતો. પ્રહલાદ અને હિરણ્યાકશ્યપ, વામન અવતાર અને તેમના બીજા અવતારો એક ધ્યેય, એક વ્યક્તિ માટે જ હતા જ્યારે અહીં તો કંસના વધ પછી શા માટે નવી જવાબદારી આવી પડી અને તેમને સ્વીકારી પણ ખરી. કોઇ દિવસ પાંડવોએ કોઇ અસંતોષની ફરિયાદ ક્યારે તેમની પાસે કરી નહોતી. આ તો આવ પથરા પગમાં પડ તેવો ઘાટ હતો. લક્ષ્મણા ગંગાધર ઊભા થયા, કૃષ્ણએ બંનેને આશીર્વાદ આપ્યા,

રાત્રે ચિંતા વગર સૂતા રાત્રે તેમને રાધાની જરૂર લાગી. તે ઘણી વખત રાધાને સ્વપ્નામાં બોલાવતા. તે આવતી પણ ખરી અને ઘણી વાત કરતા, જિંદગી જીવતા, માણતા, અને સવારે તે આભાસમાંથી જતી રહેતી. આમ તો ઉંમરને લીધે ઘણી વખત વિસ્મૃતિ થતી હતી. ઘણી વખત ઝબકીને જાગી જતા, ગભરાઇ જતા પોતાની સાથે જ વાત કરતા, બાળપણ યાદ આવી જતું વારંવાર ખોવાઇ જતા, બીક લાગતી હતી, શાની

તેની ખબર નહોતી પડતી. જેણે ૧૮ અક્ષોહિણી સેનાને પોતાની સામે મરતી જોઇ તે આજે ગભરાયેલા હતા કે શું ? તેઓ બધાં ભૂત થઇને તેમને કહેતા તો નહોતા ને કે શા માટે અમને મરાવ્યા ? અમારૃ કુટુંબ, આર્યવર્ત પાયમાલ કર્યું કોઇ તેમનો પીછો કરતું હોય તેમ લાગ્યા કરતું. ઘણી વાર વર્ષો ગણતા ગંધારીનો શ્રાપ સાચો પડે તેની રાહ જોતા સૂમસામ બેસી રહેતા, વારંવાર ગણ્યા કરતા ઘણી મથામણ પછી નક્કી શકતા આજે ૧૨૫મું વર્ષ તેમને ચાલે છે. હવે સમય બહુ ઓછો છે. ભાગ્યે જ ચાર પાંચ મહિના જવાના બાકી છે. બીક નહોતી લાગતી,મૃત્યુ જલ્દી આવે તેવી ઇચ્છા કરતા. વારંવાર શું બાકી રહી ગયું તે વિચારતા, યાદી બનાવતા, કોનો વિશ્વાસ કરવો?

નામ નક્કી કરવામાં મહિનાઓ નીકળી ગયા અંતે છેલ્લે બે નામ ઉપર પસંદગી ઉતારી, બંને પારકા હતા. ઘરના ૮૦ પુત્રો, ઘણા પૌત્રો, ૧૦૦ ઉપર ભાઇ-બહેન, ૮ પત્ની, ૮૦ પુત્રવધૂ આટલું ભર્યું ભર્યું કુટુંબ અને કોઇની પર વિશ્વાસ નહીં છેલ્લે તેમને લક્ષ્મણા અને ગંગાધર નક્કી કર્યા.

સત્ય અને રહસ્ય કહેવાનું નક્કી કર્યું પોતાના મૃત્યુનું, ૮ રાણી, દ્રૌપદી, રાધાના સંબંધ તેમને બોલાવવાનો, તેમની હાજરીમાં નિર્વાણ કરવું. પણ કૃષ્ણ બધાંના નસીબ ઘડતા પણ પોતાના નસીબમાં શું છે ? તે જાણતા નહોતા આખરે અવતાર પણ મનુષ્યનો લીધો હતો, જન્મ મૃત્યુ ઉપરવાળાના હાથમાં હતા. વિધિની વક્રતા પણ જુઓ, આટલા બધાં ! પણ કોઇને પોતાના ના કરી શક્યા, એક દિવસ લક્ષ્મણાને બોલાવીને કહ્યું:

'દિકરી મેં તને વચન આપ્યું હતું કે મારા ને રાધાના સંબંધમાં થોડી વધુ વાત કરીશ ગંગાધરને બોલાવ તે શ્રુતિ, શ્રુતિ બ્રાહ્મણ છે ભવિષ્યમાં આ બધી વાત જગત સમક્ષ તેને જ કરવાની છે તે યાદ રાખશે તો જ વાત જીવશે'

તે આવ્યા અને કેશવે  કહ્યું:' ગંગાધર આ મારી જિંદગીની અંગત વાત આજે કરૃં છું તારે આ વાત હું કે તું જીવતો હોઉં તો કરવાની નથી પણ તારો વંશ કરશે તો વાંધો નથી. હું ને રાધા મળ્યા. હું તેના અને તે મારા પ્રેમમાં હતી. અમે બંને શરીરથી અલગ પણ મનથી એક. હું અને તે એકબીજા વગર જીવી શકતા નથી. મારો અને તેનો સંબંધ ફક્ત ચાર વર્ષ ચાલ્યો હું રોજ તેને મળતો અમે બંને ખૂબ પ્રેમ કરતા તે કરવામાં અમને આનંદ મળતો.  અમે બંને એ નક્કી કર્યું હતું કે મારે રોજ તેને એક નવા નામથી બોલાવવી. હું રોજ તેને જ્યારે પ્રેમ કરતો ત્યારે નવા નામથી બોલાવતો હું નવું નામ આપતો અને તે તે પહેલાનાં બધાં નામો કડકડાટ બોલતી. તેણે પણ મારા અનેક નામો પાડેલા જે આજે પણ પ્રચલિત છે. લક્ષ્મણા, સાચું કહું  ? આયન રોજ બહાર ઊભો રહેતો હતો તેની અમને બંનેને ખબર નહીં, નહીં તો આજે સ્થિતિ જુદી હોત પણ હું ખોટું બોલું છું હું રાધાને છોડી શક્યો ના હતો.

મારે તમને બંનેને એક જવાબદારી સોંપવી છે તમે નિભાવશો તેવી મને ખાત્રી છે. તમારે બંનેએ દ્વારકા છોડીને એક માસ માટે બહાર જવું પડશે, તૈયાર છો ?

‘શું વાત છે ?’

ગંગાધરે પુછ્યું ‘વાસુદેવ કેમ અધીરા થયા છે ? શું થાય છે ?

‘ગંગાધર, મારો સમય આવી ગયો છે’

‘શું વાત કરો છો ?

‘હા અને લક્ષ્મણા તૈયાર થાવ તારે માથે મોટી જવાબદારી સોંપું છું ઝડપ કરજે બે-ત્રણ દિવસમાં જ જવું પડશે. નહીં તો મોડું થઇ જશે’

‘પણ શું હું આ જવાબદારી સંભાળી શકીશ હું તેમને મનાવી શકીશ’

‘તું કોની વાત કરે છે ?

‘શ્વસુરજી હું જાણું છું કે તમે ધીરે ધીરે લીલા સંકેલતા જાવ છો હું એજ કુરૂવંશમાંથી આવી છું જ્યારે મારી દાદી ગંધારીએ તમને ૩૬ વર્ષનો શ્રાપ આપ્યો હતો ત્યારે હું ૮ - ૧૦ વર્ષની હતી આજે ૭૦-૭૫ ની થઇ છું. આ ૩૬ વર્ષ મને યાદ છે. ટૂંક સમયમાં ૩૬ વર્ષ પૂરા થવાના છે ક્યારે તે મને ખબર નથી. પણ હું સમજી ગઇ છું તમે કોને બોલાવવા માંગો છો ? બંનેને, બેમાંથી એકને મારે સમજાવીને લાવવાની છે. બોલો રાધા કે દ્રૌપદી મારે કોની પાસે જવાનું છે?’

કૃષ્ણ ચોંકી ગયા અને કહ્યું ‘લક્ષ્મણા તું આટલી ચતુર તેં મારૂં મન કળી લીધું મને સ્વપ્ને પણ ખ્યાલ નહીં કે તું આટલી વિચક્ષણ હોઇશ પણ હું જે તને ઓળખી ના શક્યો, હા લક્ષ્મણા, તારે રાધાને બોલાવવા જવાનું છે’

‘તે, નહીં આવે પણ સમજાવીશ, બળજબરી પણ કરીશ’

’જો આયન જીવતો હોય તો તેને મારી પુત્રી ઉષા તેના પતિ, મને નામ પણ ખબર નથી તેનાં બાળકો, તેનાં બાળકો બધાંને લઇ આવજે ઝડપથી,

રાધાને કહેજે કે હું જવાની તૈયારીમાં છું અને એક નામ આપજે તેને આ નામ યાદ કરાવજે શું છે આ નામમાં? લક્ષ્મણાએ પૂછયું. કૃષ્ણ એ સહેજ સંકોચ સાથે કહ્યું આ નામ મારા છેલ્લા મિલન વખતે તેને બોલાવી હતી અને તે નામની સાથે જ ઉષાનો પિંડ રચાયો હતો શું કહું  તેને "કાલિન્દી" કહીને બોલાવજે. પણ તે તને જવાબ નહીં આપે આપે તો વાંધો નહીં પણ જો જવાબ ના આપે તો કહેજે કે રાધાકૃષ્ણ તેને પહેલું નામ નહોતું ગમ્યું મને એવું નામ આપો કે તેમાં હું ને તમે બંને સંકળાયેલા હોય અને મેં તેને રાધાકૃષ્ણ નામ આપ્યું આ મારૂં છેલ્લુ પ્રત્યક્ષ અને દૈહિક મિલનનું નામ હતું. અને હું તેને છોડીને નીકળી ગયો તે આજ સુધી મળ્યો નથી તે તારી વાત નહીં જ માને પણ લાગણીમાં લેજે, છેલ્લાં દર્શન, છેલ્લી મુલાકાત છે. જરૂરથી લાવજે, નહીં તો મને અને તેને આખી બાકી જિંદગી રંજ રહી જશે'

---

ત્રીજે દિવસે લક્ષ્મણા રાજ વ્યવસ્થા સાથે વૃન્દાવન જવા નીકળી ગઇ. તે જ દિવસે ગંગાધર પણ દ્રૌપદીને સમાચાર આપવા, તેને બોલાવવા નીકળી ગયો કૃષ્ણને આશા હતી કે બંને દોઢેક માસમાં પાછા આવી જશે પણ નસીબ બે ડગલા હંમેશાં આગળ ચાલતું હોય છે. કૃષ્ણ તેમાંથી અલગ ન હતા. દ્વારકાની પરિસ્થિતિ રોજ બગડતી જતી હતી, પ્રજા આઝાદ અને સ્વછંદી થઇ ગઇ હતી. વૈશ્યાવૃતિ અને મદ્યપાન એટલું વધી ગયું હતું પ્રજા આ પ્રવૃતિમાં જ ધૂર્ત થઇ ગઇ હતી. કોઇ આદર, માન, સ્વમાન રહ્યું જ નહોતું રોજ યાદવાસ્થળી થતી.

કૃષ્ણ પોતે ત્રસ્ત થઇ ગયા હતા. છેલ્લા ઉપાય તરીકે તેમણે દ્વારકામાં મદ્યપાન ઉપર પ્રતિબંધ મૂક્યો. પણ કૃષ્ણનું કોણ સાંભળે? જ્યાં બલરામ જ નશામાં ધૂર્ત હોય પછી શું ? બળજબરીથી કશું થતું નથી. સમજાવટથી કોઇ માનતું નહીં, નિરાશ થયેલા કૃષ્ણે સોમનાથ મહાદેવના દર્શને જવાનો સંઘ કાઢયો.

લગભગ ૫૧૧૫ વર્ષ પહેલા ૧ ફેબ્રુઆરીએ દ્વારકાથી સંઘ નીકળ્યો, કૃષ્ણના આદેશથી દ્વારકામાં રહેતા તમામ પુરૂષો, બાળક, જુવાન, વૃધ્ધો સાથે સંઘ નીકળ્યો.દ્વારકા આખું ખાલી. દ્વારકામાં ફક્ત બે જ પુરૂષો રહ્યા એક કૃષ્ણના પિતા વાસુદેવ અને બીજો બાળવ્રજ જે પોતાના પૌત્રનો પુત્ર હતા. શું આ પણ કોઇ સંકેત હતો ભાવિ જોઇ યાદવોની વિનંતીથી કૃષ્ણએ આ પ્રવાસ દરમ્યાન મદ્યપાનની છૂટ આપી હતી. ફરી પાછા દ્વારકા પહોંચ્યા પછી કડક રીતે સંપૂર્ણ નિષેધ, બધાએ સ્વીકાર્યું હતું. ધીરે ધીરે સંઘ સોમનાથથી નજીક પહોંચતો હતો ફરી પીવાનું મળવાનું નથી તેમ સમજી સવાર, બપોર, સાંજ, રાત , યાદવો પી પી કરતા તોફાનો કરતા રસ્તામાં આવતા આજુબાજુના ગામમાં ધૂસી જઇ બળજબરીથી વ્યભિચાર કરતા, કોઇને એવું નહોતું કે સોમનાથ મહાદેવના દર્શન માટે જઇ રહ્યા છે માટે આવું ના કરાય. પણ કોઇ ક્યાં માનતું ? બધાં જ નિરંકુશ થઇ ગયા. રોજ કૃષ્ણ નિસાસા નાખતા દ્રવિત થતા. દુઃખી થતા અને કેમ ના થાય પોતાના જ પોતાના ના રહ્યા, ના થયા, જે કૃષ્ણ પુત્ર પ્રેમમાં પોતાના ૮૦ પુત્રોને ધર્મયુધ્ધમાં ના લઇ ગયા અને તેમને બચાવી લીધા હતા. તેમને અત્યારે, તેમના પુત્ર, પૌત્રને આટલો નશો વ્યભિચાર કરતા જોઇ પોતાને

મોત વહેલું આવે તેવી પ્રાર્થના રોજ કરતા પણ પછી મન વાળી બોલતા. દરેક પોતાના કર્મ ભોગવવાના જ છે અને મેં પણ માનવ અવતાર લીધો છે મેં પણ જે કર્મ કર્યા છે તેના જ ફળ હું અત્યારે ભોગવું છું ફક્ત તેમને રાહત ત્યારે જ થતી જ્યારે તે દ્રૌપદી કે રાધાના વિચારોમાં ખોવાઇ જતા જીવવા માટે હવે બે જ પાત્રો તેમની જિંદગીમાં બચ્યા હતા તેમને મળી લે, બંનેની માફી માંગી લે એટલે જીવતર પૂરું પણ ફરી ભાવિના ગર્તમાં કોણ છે ? તેનું તેમને પણ ક્યાં ખબર હતી લક્ષ્મણા, ગંગાધર ગયે ૨૦ - ૨૫ દિવસ થઇ ગયા હતા ગમે ત્યારે આવવા જોઇએ શું રાધા અને દ્રૌપદી આવશે ખરા ? હા જરૂર આવશે તેમને તે બંને ઉપર વિશ્વાસ હતો સંદેશો જ એવો હતો કે છેલ્લા દર્શન છેલ્લી મુલાકાત બસ પછી ખાલી, ખાલી લક્ષ્મણા તો કોઇ પણ ભોગે બધાંને લઇ જ આવશે ગંગાધર પણ દ્રૌપદીને લઇને આવશે કદાચ પાંચે સાથે આવે, વૃશાલી, સુપ્રિયા તો અહીં જ છે. એક વાત કહેવાનું રહી ગયું દુર્યોધનની બંને પત્ની ભાનુમતી, ઉરભંગાને સાથે લાવજે.

તેમને એજ શંકા પડતી કે પોતાનું ધાર્યું થશે કે નહીં એક દિવસ દારૂકને બોલાવ્યો:

'દારૂક તારા અશ્વશાળામાંથી શ્રેષ્ઠ અશ્વો લઇને નીકળ જલ્દી પહોંચ, પહેલાં વૃન્દાવન પછી હસ્તિનાપુર'

પણ દારૂક ના ગયા તેમને કૃષ્ણનો સાથ છોડવો નહોતો જિંદગીમાં પહેલી વખત તેણે કૃષ્ણનું માન્યું નહોતું તેણે સંઘ તો છોડી દીધો, દ્વારકા જતા રહ્યા અને આખરે સંઘ સોમનાથ પહોંચ્યા, ભોળાનાથના દર્શન કર્યા.

ભંડારો કર્યો ચારે બાજુથી ઉમટેલી પ્રજાને ખૂબ દાન આપ્યું. બ્રાહ્મણોના આશીર્વાદ લીધા. અને દ્વારકા પાછા ફરવા સંઘને આદેશ આપ્યો. હજુ રાધા કે દ્રૌપદી કેમ ના આવ્યા? અને યાદવો સોમનાથથી થોડે દૂર પ્રભાસ ક્ષેત્ર ભાલકા વન પાસે પહોંચ્યા જ્યાં ત્રિવેણી સંગમ થતો હતો ત્રણ પવિત્ર નદી હીરણ, કપિલા અને કુવારી સરસ્વતીનો મુરલી સંગમ થતો હતો અને ત્રણે સિંધુ સમુદ્રમાં સમાઇ જતી. કૃષ્ણ વિચારતા હતા કે આ જ રીતે અત્યારે રાધા દ્રૌપદી અને રૂકણી તેની પાસે હોત તો ત્રણેને પોતે સમાવી લેત પણ, પણ શું ?

અહીં ફરીથી વિધાતા, મહાકાલને આશ્રિત હતા. અને બધાં દરિયામાં નશામાં નહાવાપડયા. રસાલો દરિયા કિનારે વિસામા માટે બેઠો. પોતાને નાહવું નહોતું, થાક લાગતો હતો પોતે એક પીપળાના ઝાડ નીચે આરામ કરવા પગ ઉપર પગ ચઢાવીને બેઠા બધાંએ પુષ્કળ મદ્યપાન કર્યું હતું અને ત્યાં જ મોટા ઝઘડાનો અવાજ આવ્યો, મારામારી થઇ હોય એવું લાગ્યું જોયું તો બધાં જ યાદવો એકબીજા સાથે ઝઘડતા હતા. ઝઘડાનું કારણ સાત્યકી અને કૃતવર્માથી શરૂ થયું કૃતવર્માએ સાત્યકીને ગાળો આપી, ગમે તેવા અપશબ્દો બોલ્યા અને યુધ્ધ દરમ્યાન તેણે ભૂરીશ્રવાને ખોટી રીતે માર્યાનો આક્ષેપ મૂક્યો આ બાજુ સાત્યકીએ પોતાના ૧૦ પુત્રોને ભૂરીશ્રવાને માર્યા તેને વાત કરી બંને ઉશ્કેરાયા પછી બંને બાજુ પક્ષ પડી ગયા એકબીજા સાથે લડવા લાગ્યા, એકબીજાને મારવા લાગ્યા, વાત વધતી ગઇ અને બધાં મૃત્યુ બાકી રહ્યા કૃષ્ણ એકલા અટૂલા બેસી રહ્યા. લક્ષ્મણા અને ગંગાધરને ગયે આશરે ૪૦ દિવસ થઇ ગયા હતા હજુ

આવ્યા નહોતા. શું થયું હશે કૃષ્ણે આશા છોડી દીધી પોતાના જીવતાં આવશે કે નહીં ? ચારે બાજુ લાશ, મડદાં, વરૂ, શિયાળ, ગીધ, સમડી, બાજ, કૂતરાં લાશોને ચુંથતાં હતાં તેમને તો ઉજાણી થઇ ગઇ હતી. પોતાના જ પુત્ર, પૌત્ર, ભાઇ, ભાંડુ, નગરજનો, સગાં-વ્હાલાં અને મોટાભાઇ બલરામ ચુંથાતા હતા, પોતે એટલા અશક્ત થઇ ગયા હતા કે ઊભા થવાની હિંમત નહોતી. કોઇ કોઇ કૂતરૂં તેમને પણ ચુંથવા આવી જતું પણ તે જીવતા હતા માટે દૂરથી જોયા કરતું પોતાની સામે જ ગંધારીનો શ્રાપ સાચો પડયો. ગંધારીનું સત ફળ્યું. શું કૌરવ પક્ષે ધર્મ હતો, પાંડવ પક્ષે કોઇ પણ શ્રાપ કે વરદાન આપવાને સમર્થ નહોતા, નિસાસા નાખતા બેસી રહ્યા. ધીરે ધીરે સંધ્યા ઢળતી હતી. રાધા, દ્રૌપદી, મગજમાંથી ખસતી નહોતી પાછલી જિંદગીનું વિહંગાલોકન કરતા રહ્યા કેટલાં પાત્રો, કેટલા તેમના પરિચયમાં આવેલા, તમામ વારાફરતી આવવા લાગ્યા. સૌથી છેલ્લે આવ્યા રાધાનો પતિ આયન, અને દ્રારકાનો દુઃખી કરસન, બંનેને માટે સહાનુભૂતિ થઇ. વિચારોની તંદ્રામાં પડી ગયા ભૂખ પણ લાગી હતી પણ ચારે બાજુ કશું હતું નહીં. કેવી લાચારી પોતાના માટે છપ્પન ભોગ તૈયાર થતા હતા અને આજે અન્નનો દાણો પણ નહીં. કેવી કરૂણતા પણ ઊંડે ઊંડે વિચારતા મારા જ ઊભા કરેલા સિધ્ધાંત કરેલાં કર્મના ફળ ભોગવવાના છે. મેં કોઇનું અન્ન છીનવ્યું હશે આ જન્મે કે ગયા જન્મે, માટે જ મારે ભૂખ્યા રહેવું પડે છે ચાલો આ પણ જોવાનું જોઇ લીધું ચારે બાજુ મચ્છર, તમરા, જીવ જંતું ફરવા લાગ્યા હતા. હાથ હલાવીને ઉડાડવાની હિંમત પણ નહોતી. અને અચાનક થોડો દુઃખાવો થયો કોઇ તીક્ષ્ણ વસ્તુ

પગમાં લાગી તેવું લાગ્યું ઢળેલી આંખો ખોલતાં વાર લાગી. દુખાવો થતો હતો જોયું તો એક તીર પગમાં ખૂંપી ગયું હતું તેને બહાર કાઢવાની પણ હિંમત નહોતી. લોહી વહેવા માંડયું. લોહીની ધાર શરીરને અડી ગરમ લોહીનો અનુભવ થવા લાગ્યો. અને ગંધારી યાદ આવી ગઇ હે ગોવિંદ આજથી બરાબર ૩૬ વર્ષે મારી માફક તમે નિર્વંશ થઇને મરશો તમારો યદુવંશનો સર્વનાશ થશે. પૃથ્વી બે કુરૂક્ષેત્ર જોશે.

એક મારૂં, એક તમારૂં અને બંનેના નિયત તમે જ હશો. દુનિયામાં તમારા જેવા દુઃખી કોઇ નહીં હોય મારા પુત્રોને તો અગ્નિદાહ આપવા યુયુત્સુ છે. પણ તમારા નસીબમાં તો બીજું જો લખાયું છે ? કદાચ તમને તે પણ નસીબ નહીં હોય જે રીતે હું રીબાઉ છું તેનાથી વધુ તમે રીબાશો, ગોવિંદ શું મેળવ્યું, તમે વિચારી લેજો. તમારા કરેલા કર્મોનો ભોગ તમે જાતે જ ભોગવશો ત્રણે લોકનું સૌથી કરૂણ મોત તમને મળશે તમે કમોતે મરશો. અને આ પાંડવો તો અગ્નિ પણ નહીં પામી શકે તે તો અવગતિએ જશે.

કૃષ્ણ હસ્યા. હા, ગંધારી તમે સાચા હતા. તમારા શ્રાપની જ રાહ હું જોતો હતો. મારી લીલા તમારા શ્રાપથી પૂરી થતી હતી તમે તો મારા તારણહાર છો. મને મોક્ષ તમારા જ હાથે લખાયું છે. આ જ મારૂં કર્મ અને આ જ મારૂં નસીબ છે. તમે કેટલા તપસ્વી કે મારા જેવા યોગેશ્વરને પણ તમે શ્રાપ આપી શકો અને તે સાચો પણ પડ્યો.

તીર મારનાર જરા સામે આવ્યો કૃષ્ણએ તેને માફ કર્યો તેને અભયદાન આપ્યું. તેને સ્વર્ગ મળશે તેવું વચન આપ્યું. તું તો નિમિત છે

તારો કોઇ વાંક નથી ભાઇ, તારો પરિવાર તારી રાહ જોતો હશે, મારો પરિવાર તો સાથે મરેલો પડયો છે. જરા ખૂબ રડયો તેને ખબર નહોતી પણ પોતે માનવ વધ કર્યો છે તેવું માનતો હતો. ને નિરાશ થઇને ગયો થોડી વારમાં પાછો આવ્યો, કૃષ્ણે ફરી આંખ ખોલી જોયું તો જરા ધ્રૂજતો હતો.

'એક વાત પૂછું ? તેણે કૃષ્ણને પૂછયું

'હા પૂછ શું તમે કૃષ્ણ વાસુદેવ છો?

'તને કેવી રીતે ખબર પડી ?

'મેં તમારા માથા પર મોરપિચ્છનો સાદો મુગટ જોયો એટલે.

'હા હું જ કૃષ્ણ વાસુદેવ'

તે પગમાં પડયો. કૃષ્ણે એ કહ્યું લે ,મેં તેને માફ કર્યો છે, તે વિદાય થયો.તેના ગયા પછી યાદ આવ્યું તેને રોકવા જેવો હતો ભૂખ લાગી હતી પણ નસીબમાં અન્ન નહીં હોય, છેલ્લું ક્યારે ખાધું હતું યાદ કરવાનો પ્રયત્ન કર્યો. યાદ ના આવ્યું પણ સવારે નીકળતી વખતે સોમનાથના ભંડારામાંથી પ્રસાદ લીધો હતો. રાત તેનુ સામ્રાજ્ય જમાવતી હતી. હિંસક પ્રાણીના અવાજો આવતા હતા સારૂં હતું કોઇ નજીક નહોતું આવતું તેમને તો ખાવાનો મોટો જથ્થો મળી ગયો હતો. પછી અહીં શું કરવા આવે ?

ઠંડી હવા, ખુલ્લું વાતાવરણ, તમરાનો અવાજ જંગલી પશુની ત્રાડ, કૂતરા ભોંકવાનો અવાજ આ ભોંકવાનો અવાજ જાણે નાત જમવા બોલાવતો હોય તેમ લાગતું ક્યારે ઊંઘી ગયા તે સમજ ના પડી. સવારે જાગ્યા તો ખૂબ નબળાઇ આવી ગઇ હતી ભૂખ પણ લાગી હતી પણ ઊભા

થવાની તાકાત નહોતી. હવે જંગલી પશુ તેમની પાછા નજીક આવતા આજુબાજુના પથ્થરો મારી ભગાવતા આકાશમાં કાગડા, સમડી, ગીધ ચક્કર મારતા થઇ ગયા હતા. તેમને ક્યાં ખબર હતી કે આ કૃષ્ણ છે અને હોય તો પણ શું ? તેમને કયાં ભગવાનની જરૃર હોય છે. ભગવાનની જરૃર તો માણસને હોય છે. ભક્તોને હોય છે. ધીરે ધીરે ભાન ગુમાવતા જતા હતા અને થોડી વારમાં જરા આવ્યો તેમને ઢંઢોળ્યા જગાડયા હસ્યા જરાએ ધીરે રહીને તીર ખેંચી લીધું લોહી થીંજી ગયું હતું. થોડી રાહત થઇ દુર્વાસાનું વરદાન યાદ આવી ગયું રૃકમણીએ અહીં જ તળિયે ઘી નહોતું લગાડયું અને ત્યાં જ તીર વાગ્યું બાકીનું શરીર તોઅભેદ હતું. ધીરા અવાજે બોલ્યા:

'આવ ભાઇ, બેસ મારૃં ધ્યાન રાખ. કોઇ આવતું જ હશે મારે દ્વારકા જવું છે. તું મને લઇ જઇશ?

'હા, જરૃર લઇ જઇશ પણ મારી પાસે કોઇ વાહન નથી કેવી રીતે લઇ જઇશ ?

'હા તારી વાત બરાબર છે. સાંભળ મારી વાત ધ્યાનથી સાંભળ હું તો મરવાનો જ છું. મારો અંત નજીક જ છે'

'એવું ના બોલો' જરા બોલ્યો,

'જરા તું તો મારો "મોક્ષ દાતા" છે. અહીં કોઇ પણ આવે હું જીવતો હોઉં કે મરેલો મારી પુત્રવધૂ લક્ષ્મણાને કહેજે કે મારા અગ્નિ સંસ્કાર પછી સાતમે દિવસે દ્વારકામાં જે કોઇ રહેતા હોય તે અને બીજા જીવોને લઇને

દ્વારકા કોઇ પણ હિસાબે છોડી દે, ખાલી કરી દે કદાચ દ્રોપદી-પાંડવો આવશે તો તેમની સાથે જતા રહે.

જેવી પ્રજા અને મારા વંશજ દ્વારકા છોડશે તે જ ક્ષણે દ્વારકામાં સુનામી આવશે અને દ્વારકા ડૂબી જશે દ્વારકા રસાતાળ થઇ જશે દ્વારકા દિરયામાં ડૂબી જશે. ગંધારીનો શ્રાપથી યદુવંશનો નાશ તો થશે જ પણ મેં તો તેમને જ્યાં અનીતિ આચરી હતી તે જ ભૂમિ રસાતાળ કરવાનું ઠેરવ્યું છે મેં વરૃણ દેવતાને વિનંતી કરી છે સ્ત્રી, બાળકો, વૃધ્ધોને નીકળી જવા દેજો તેમનો કોઇ વાંક ગુન્હો નહોતો. આટલી વાત જરા, તું લક્ષ્મણાને કરી દેજે. અને જો કોઇ ના આવે ત્યાં સુધી તું અહીં જ રહજે'

કૃષ્ણની આંખો ઊંડી ઉતરતી જતી હતી મનમાં બબડતા જતા. રાધા, રાધા તું આવી જા હું તારી રાહ જોઉં છું. મને માફ કરજે હું તારો થઇ ના શક્યો. તેમણે સમુદ્ર બાજુ નજર કરી એક બહુ મોટું મોજું આવ્યું કિનારે પડેલા મોટાભાગના યાદવોને પોતાનામાં સમાવી પાછું જતું રહ્યું. થોડી વાર પછી જોયું તો ત્યાં બગલા અને બીજા પક્ષીઓ પટમાંથી જીવડાં ખાતાં હતાં યાદવોના શરીર જે સડી ગયા હતા તેમાં પડેલા જીવ-જીવડાં ખાતાં હતાં. શી કરૃણતા? બધાંને જ તેમના કરેલા કર્મના ફળ ભોગવવા જ પડે છે. અને જરાની હાજરીમાં કૃષ્ણએ જીવ છોડયો. સમય હતો બપોરના ૨ વાગે ૨૮ મીનીટ, ૩0 સેકન્ડ ઇ.સ. પૂર્વે ૩૧૦૧, અને આજના દિવસે ૧૮ ફેબ્રુઆરી  ૨૦૧૫ (એટલે કે આજથી ૫૧૧૫ વર્ષ) વર્ષ પહેલા પ્રભાસક્ષેત્રે, ભાલકાવન. સોમનાથ, કપીલા, હીરણ, સરસ્વતી નદીઓના ત્રિભેટે સૂર્ય નારાયણની હાજરીમાં નારાયણે જીવ છોડયો, ત્યારે આકાશમાં

ભરબપોરે એક ઠંડીલહેર અને તેજ આભામંડળની રચના થઇને એક લીસોટો આંખમાંથી નીકળી બ્રહ્મલોકમાં વિલીન થઇ ગયો. આ હતો કૃષ્ણનો કરૂણ અંત. હવે પછી બે ત્રણ દિવસ જરા ત્યાં બેસી રહ્યો. કોઇ નહોતું દેખાતું કોઇ આવતું નહીં. શું કરવું તેની સમજ પડતી નહોતી. આખો દિવસ પશુ-પક્ષીને શબથી દૂર રાખવાનો પ્રયત્ન કરતો રહેતો. છેક ચોથે દિવસે શોધતા શોધતા બે ઘોડેસવાર ત્યાં આવ્યા હતા, છેલ્લા બે મહિનાથી દ્વારકા ખાલી હતી બધાંને ચિંતા થતી હતી. શોધખોળ ચાલુ થઇ અને અહીં સુધી આવ્યા. તેમની પાછળ દૂરથી એક રસાલો આવતો જોયો. બધાં નજીક આવ્યા. જરાએ બધી હકીકત કહી. બધાં આંસુમાં ગરકાવ થઇ ગયા. શું ત્રિભુવનની આ દશા? આ મોત? આ તો કમોત જ ગણાય મૃત્યુ સમયે, છેલ્લી ક્ષણે એક સૂત. કેવી વાત અને તેમનો મોક્ષ પણ તેના જ હાથે? રસાલામાં પાંડવો, દ્રૌપદી, ભાનુમતી, ઉરભંગા, યુયુત્સ હતા આ રસાલો ગંગાધર સાથે આવ્યો હતો, જ્યારે બીજો રસાલો લક્ષ્મણા સાથે આવ્યો હતો તેમાં વૃશાલી, સુપ્રિયા, કૃષ્ણની આઠે પટરાણી, તેમની પુત્રવધૂ, તેમની પણ પુત્રવધૂઓ અને થોડી વૃધ્ધા દ્વારકાથી આવી હતી.

છેલ્લા રસાલામાંથી એક વૃધ્ધ જાજરમાન સ્ત્રી ઉતરી આ રાધા હતી. તેની સાથે તેનો પતિ આયન, કૃષ્ણની પુત્રી ઉષા, તેનો પતિ, તેનાં બાળકો તેનાં પુત્ર-પુત્રી ઉતર્યા. શું કરવું તે નક્કી ના કરી શક્યા, વિલાપ, આક્રંદ, ધ્રૂસકા વાતાવરણમાં ગુંજતા હતા. હજુ બે દિવસ રાહ જોવાનું લક્ષ્મણાએ કહ્યું. કેમ? કૃષ્ણની અંતિમ ઇચ્છા હતી તેમને મૃત્યુ પછી યમુનાના પાણીથી નવડાવવાના હતા અને વૃન્દાવનની ગાયોના છાણામાંથી અગ્નિસંસ્કાર

કરવાનો હતો, સાથે ત્યાંની જ ગાયોના ઘીમાં જ બધી વિધિ કરવાની હતી. બધાં ચોંકી ગયા પણ લક્ષ્મણાએ કૃષ્ણની અંતિમ ઇચ્છા આ હતી તેમ કહ્યું તાબડતોબ દ્વારકા દૂતને મોકલી બધી વ્યવસ્થા કરવાનું કહ્યું. દારૂક સાથે ગયો.

બે દિવસ સુધી રસાલાએ યાદવોના અવશેષ શોધવાનો પ્રયત્ન કર્યો પણ કશું ન મળ્યું જરાએ બધી વાત કહી, સમુદ્રે તેમને સમાધિ આપી દીધી હતી. બધાં જ શોકમાં હતા બધી સાધન સામગ્રી આવી ગઇ ત્રણે નદીના ત્રિભેટે વચ્ચોવચ કૃષ્ણને રાખવામાં આવ્યા તે પહેલાં તેમની અંતિમ ઇચ્છા પ્રમાણે પાંડવોએ તેમને નવડાવ્યા, ઘી ચોપડયું અને પીઠ ઉપર છાણનાં ઔછાણાં ગોઠવ્યાં.

કૃષ્ણને તેમની ઉપર સુવાડયા માથા પાસે રાધા ઉભી હતી. જર્જરિત, ક્ષીણ માથા ઉપર હાથ ફેરવતી હતી. ડાબા પગ પાસે દ્રૌપદી, જમણા પગ પાસે રૂકમણી અને કૃષ્ણની બીજી રાણીઓ તેમના કુટુંબી ઊભા હતા, આજે રાધાએ જે શ્રૃંગાર કર્યો હતો તે જોઇ બધાં સ્તબ્ધ થઇ ગયા. બધી જ રાણી-પટરાણી, દ્રૌપદી રાજમહેલમાં વસતી હતી બધું જ હતું પણ રાધા પાસે જે હતું તે તેમની પાસે તેમાંનું કશું જ નહોતું એક સરસ સાદો ગોપીનો પહેરવેશ. આ કૃષ્ણએ તેને જ્યારે બચાવેલી ત્યારનો, તે દિવસનો પહેરવેશ હતો. કૃષ્ણની રાહ જોઇને સાચવી રાખ્યો હતો, કૃષ્ણની ઘણી રાહ જોઇ પણ ના આવ્યા. આજે તેની સમીપ હતા પણ નિર્જીવ હતા. ફક્ત એક જ વાત બોલતી હતી ।। શ્રી કૃષ્ણ શરણમ્ મમ ।। ।। શ્રી કૃષ્ણ શરણમ્ મમ ।। હું તમારી પાસે આવું છું, તમે મને દગો આપ્યો. કોલ તો સાથે સાથે

જીવવાનો અને મરવાની વાત હતી. બધાંની નજર રાધા સામે હતી તેની બાજુમાં ઉષા ઊભી ઊભી હીબકાં  લેતી હતી. તે પિતૃ-વંદના બોલતી હતી.

|| ઓમ પિતૃભ્ય: સ્વામિભ્ય: સ્વધા નમઃ ||
સમાહ્વયે દિવ્ય પિતૃન કુલેશાન,
રક્તૌત્યલાભાનિહ રક્તનેત્રાન.
સુરક્તમાલ્યામ્બર ભૂષિતાંશ્ચ
નમામિ પીઠે કુલ વૃદ્ધિ હેતો:||

(અર્થ :- હે દિવ્ય પિતૃઓ મારા કુળના દેવ મૂળ રૂપે છો. તમારા રક્ત (લાલ શુકન રૂપ) નેત્રો છે એવા જ વસ્ત્રો માળાઓથી ભૂષણ પામેલા છો તે સદાય પીઠ પર બિરાજમાન રહો કુળ વૃદ્ધિના હેતુરૂપ છે.)

વારં વાર ઉષા ધ્રૂસકે ચઢતી હતી. તેના પિતાશ્રી દુનિયાના તાત. સર્જનહાર, દ્વારકાધીશ, યોગેશ્વર છતાં જન્મ, પછી તેણે કોઇ દિવસ તેમને જોયા નહોતા. તે રાધાને  કહેતી મારે પિતાને મળવા જવું છે. પણ રાધા હંમેશાં સમ આપીને જવા દેતી નહોતી. આશરે ૨૫ વર્ષ પહેલાં કરિયાવર આવ્યું હતું. તેણે બાપની ઇચ્છા સ્વીકારી હતી તે વખતે પણ તેને જીદ કરી હતી પણ રાધા માની નહીં આવશે, મારી જરૂર હશે તો આવશે, તેઓ ના આવ્યા રાધા ગઇ નહીં બંને વચ્ચે તે અટવાઇ ગઇ અને આવી ત્યારે

ઔખૂબ મોડું થઇ ગયું દ્વારકાના કૃષ્ણના કુટુંબે તેનો અને રાધાનો તરત સ્વીકાર કરી લીધો હતો. બધાંએ તેને ખૂબ વહાલ આપ્યું રાધાને પણ ઔખૂબ આદર પ્રેમ-ભાવથી સ્વીકારી લીધી, રાધાના પતિ આયનને પણ સૌએ માન આપ્યું.

ગમગીન વાતાવરણ વચ્ચે રાધા બોલતી જ રહી ને અટકતી જ નહોતી. ચારે બાજુ હવામાં રાધાના શબ્દો ગુંજતા હતા.

જ્યાં અગ્નિ આત્માને બાળી શકતો નથી ને અજર અમર છે. અને આ બધાં વચ્ચે લક્ષ્મણા નાના વ્રજને લઇને આવી. કૃષ્ણના ૮૦ પુત્રમાં સૌથી જયેષ્ઠ પ્રદ્યુમનનો પુત્ર અનિરૃધ્ધ. તેનો પુત્ર વ્રજના હાથમાં અગ્નિ પકડાવ્યો. તેનો સાથ ઉષાએ આપ્યો. કૃષ્ણના છેલ્લા બે હયાત વંશે તેમના મુખાગ્નિ કરી અગ્નિદાહ આપ્યો, વાતાવરણમાં નિરવ શાંતિ, ઘીની આકાશમાં જતી સુંગધિત ધૂમાડો બ્રાહ્મણો  મંત્રોચ્ચાર કરતા હતા અને બધાંએ પાછળ જોયું રાધાએ બોલવાનું કયારનું બંધ કરી દીધું હતું તેણે કૃષ્ણના મુખારવિંદ વખતે જ પોતાનો જીવ છોડી દીધો હતો.

તેના છેલ્લા શબ્દો હતા, મને માફ કરશો મારો જ વાંક છે. હું જ હઠીલી, તમારી પાસે ના આવી. અને કૃષ્ણએ રાધાને કહેલો શ્લોક તેને યાદ કર્યો

।।ઓમ વૃષભાનુજ્ચૈ વિધ્નહે કૃષ્ણિપ્રયાચૈ ધીમહિ તન્નો
રાધા પ્રચોદયાત ।।

કૃષ્ણની ચિતા અડધી બળી ગઇ હતી. અને ત્યાં જ રાધાની બીજી ચિતા તૈયાર થઇ ફરી વ્રજ અને ઉષાએ મુખાગ્નિ કર્યું બંનેના આત્મા

પરમાનંદમાં વિલય થઇ ગયા, બધાં જ શાંત, મૌન હતા એકલી લક્ષ્મણા દૂર ઊભી ઊભી પોતાની પુત્રી સુમીત્રાનો હાથ પકડી બોલતી હતી પિતાજી મેં તમને મારી શક્તિ પ્રમાણે ન્યાય અપાવ્યો, મને તમારી દિકરી હોવાનો ગૌરવ છે. અને તેણે કૃષ્ણની ચિતા સામે જોયું અને બબડી હે કૃષ્ણ તમે પણ તમારા કર્મના જ ફળ ભોગવ્યાં, તમારી જ ગીતા તમને અર્પણ કરૂં છું. આત્મા અજય, અમર છે તેને અગ્નિ સ્પર્શ નથી કરતો.

બધાંજ ભેગા થઇને રાધા અને કૃષ્ણનાં અસ્થી મુરલી સંગમ સ્થળે પધરાવ્યા બંને ભૂતકાળ થઇ ગયા,

શું મેળવ્યું ઉષાએ ? શું મેળવ્યું આયને ?  બંને પોતાના કુટુંબ સાથે મથુરા જવા નીકળ્યા. વૃશાલી, સુપ્રિયા, પાંડવો, દ્રૌપદી, કૃષ્ણનું સ્ત્રી કુટુંબ એક માત્ર વારસદાર વ્રજ દ્વારકા જવા નીકળ્યા. જરાએ કહેલા કથન પ્રમાણે હવે ફક્ત છ દિવસ રહ્યા હતા બધાં જ ઝડપથી દ્વારકા પહોંચ્યા. દેવકી વસુદેવ અને ઉગ્રસેનને યાદવાસ્થળીની વાત કરી વાતનો આઘાત તેઓ જીરવી ના શક્યા તે દેવલોક થયા દ્વારકામાં રહેલા વૃધ્ધો, સ્ત્રી, બાળકો અને તમામ પોતાનાથી થાય તેટલી માલ મિલકત લઇને બહાર નીકળ્યા આજે સાતમો દિવસ હતો બધાં જ બહાર નીકળી ચાલવા લાગ્યા છેલ્લે બે રહ્યા. લક્ષ્મણા અને ગંગાધાર, દ્વારકાની સરહદ બહાર નાગેશ્વર મહાદેવ પાસે ઊભા રહ્યા અને અચાનક સુનામી આવી આખું દ્વારકા સમુદ્રમાં ગર્ક થઇ ગયું સંપૂર્ણ વિનાશ. દૂર કૃષ્ણના મહેલમાં ૭૦ ફૂટ ઉંચી ધજાની ટોચ દેખાતી હતી. આ જ કૃષ્ણનો અંત  હતા તેની સાબિતી હતી.

અને ધીરે ધીરે આગળ જતા રસાલા સાથે બધાં હસ્તિનાપુર તરફ જવા નીકળ્યા. લક્ષ્મણા બોલી શું મળ્યું વાસુદેવ તમને ?

****

## થોડી વધુ વાત, થોડા વધુ પ્રશ્ન

(૧) સંબંધોના સરવાળા સમજાતા નથી, સમજવા પણ નથી પણ આપને ધ્યાન દોરૂં છું.

* કૃષ્ણ સંધિ માટે કુરૂસભામાં ગયા, દુર્યોધન તેમને પકડીને વધ કરવાની તૈયારીમાં હતા. કૃષ્ણએ વિરાટ દર્શન કરાવ્યા. કર્ણ સાથે નીકળી ગયા થોડા જ દિવસમાં દુર્યોધન કૃષ્ણ પાસે યુધ્ધમાં સહાય માંગવા ગયા તો કૃષ્ણએ તેને નારાયણી સેના આપી આમ કેમ ??
* ૯૩ વર્ષના બલરામની સગી બહેન સુભદ્રા, અર્જુનની પત્ની તેમનો દિકરો અભિમન્યુ, બલરામની દીકરી શશીરેખા ફક્ત ૧૬ વર્ષની, તેને અભિમન્યુ સાથે પરણાવી હતી ?? ઉત્તરા તેની બીજી પત્ની
* દુર્યોધન અને ભીમ બંને એકબીજાના સગા સાટુ ભાઇ થાય, દુર્યોધનની પત્ની ભાનુમતી, ભીમની પત્ની જલંધારા બંને સગી બહેનો કાશી નરેશની દિકરીઓ. તે જ કાશી જ્યાંથી અંબે, અંબાલિકા, અને અંબાનું ભીષ્મે અપહરણ કર્યું હતું.
* કંસ અને દેવકી સગા ભાઇ બહેન નહોતા કંસ એકલા જ હતા દેવકી તેના કાકાની દીકરી હતી. ઉગ્રસેનના ભાઇ દેવકની તે દિકરી હતી.

* મહાત્મા યુયુત્સુ ધૃતરાષ્ટ્ર દ્વારા વૈશ્યાથી થયેલો પુત્ર હતા તે કૌરવ ગણાયા હતા. કુલ ૧૦૨ કૌરવ ગણાય. સુગંધા તેની માતાનું નામ હતું. એવું મનાય છે કે પાંડવો સ્વર્ગમાં ગયા ત્યારે પરીક્ષિતની જવાબદારી કૌરવ મહાત્મા યુયુત્સુને સોંપતા ગયેલા.

કૃષ્ણના અંતની મૂળ વાત. હવે મૂળ મૌશલ પર્વ સોમનાથના દર્શન કરી બધાં જ યાદવો બહાર નીકળ્યા ખૂબ ઝઘડો થયો ઝઘડાના મૂળમાં ભૂરીશ્રવાનો વધ અને સાત્યકીના ૧૦ પુત્રોના વધની ખૂબ ઉગ્રતા વચ્ચે, ગાળાગાળી વચ્ચે મામલો વકર્યો. હાથાપાઇ ઉપર, આવી ગયા, કિનારે ઉગેલું તીક્ષ્ણ ઘાસથી લડવા લાગ્યા. બધાં જ અંદર અંદર કપાઇ ગયા કૃષ્ણે પોતાની જ સામે તમામને મરતા જોયા કૃષ્ણને ગીતા યાદ આવી અહીં કોઇ ભાઇ નથી, બહેન નથી, બધાં જ મારા સર્જેલા છે તેમના કર્મ જ તેમને જીવાડે છે મારે છે. જોત જોતામાં હાજર રહેલા યાદવો અંદર અંદર લડીને ખતમ થઇ ગયા કૃષ્ણ એકલા જ રહ્યા. દૂર પીપળાના ઝાડની નીચે આરામ કરતા બેઠા હતા. પગની ઉપર પગ ચઢાવી થાક ઉતારતા હતા. જરાએ તીર છોડયું પગમાં વાગ્યું જરાને માફી આપી મોકલી દીધો. જો કોઇ આવી જાય તો તેને દંડ આપે માટે જવા કહ્યું અને કૃષ્ણે એકાંતમાં એકલા જીવ છોડયો, બે ત્રણ દિવસ પછી દારૂક તેમને શોધતો આવ્યો, કૃષ્ણના શબની પાસે જંગલી પશુ, હિંસક પશુઓ, કીડા-મંકોડા, જીવજંતું તેમના શરીર પર ફરતા હતા. તે ગભરાઇ ગયો શું કરવું દ્વારકામાં તો કોઇ યાદવ હતું જ નહીં પોતે શુદ્ર, પોતે અગ્નિસંસ્કાર કરી ના શકે તેણે નક્કી કર્યું પાંડવોને બોલાવવા શબની આજુબાજુ ઝાડી ઔઝાંખરા, પથ્થરો,

ગોઠવી તે હસ્તિનાપુર જવા નીકળ્યો. કૃષ્ણને કૃષ્ણના જ ભરોસે છોડી દીધા.

હસ્તિનાપુર જઇને પાછા આવતા આશરે ચાલીસ -પિસ્તાલીસ દિવસ થયા હશે. ત્યાં સુધી કૃષ્ણનું નિર્જીવ શરીર એકલું, અટુલું પડી રહી જેને પામવા, જેને મળવા દરેક જીવ તલપાપડ થતો તે આજે દિવસોથી નધણિયાતો એકલો પડયો હતો. જાનવર તેના ખોરાક માટે ખેંચી જાય તો નવાઇ નહીં. માટે જ ચારે બાજુ પથ્થરો મૂકેલા હતા. પાંડવોને લઇને દારૂક પાછો આવ્યો બધાં ખૂબ જ ગ્લાનિમાં હતા તેમાં ખાસ તો દ્રૌપદી, દ્વારકાથી બધાં આવ્યા હતા. આશરે ૪૦ થી ૪૫ દિવસ પછી તેમના શરીરને અગ્નિસંસ્કાર મળ્યા પાર્થિવ શરીર દુર્ગંધ મારતું હતું. ગરમીમાં બળીને કાળુ થઇ ગયું હતું. શરીરમાં હાડકાં દેખાતાં હતાં. આવી અવદશામાં તેમનો અગ્નિસંસ્કાર થયો.

હિંદુ ધર્મના રિવાજ પ્રમાણે સૂર્યાસ્ત પહેલાં મરનારનો અગ્નિદાહ સૂર્યાસ્ત પહેલાં થાય તો સારૂં. અહીં આશરે ૪૫ દિવસ થયા હતા. પાર્થિવ શરીર ચુંથાઇ ગયું હતું. ઓળખાતું નહોતું. આવી દશા જગતના તાતની થઇ હતી તેઓ કમોતે મર્યા. કોઇ તેમને પાણી પીવડાવનારૂં પણ નહોતું ન તો તેમને ચાર જણ ઉંચકનાર મળ્યા. ના ચાર ખભાનો આશરો માટે જ કહ્યું છે ને " જ્યાં નામ હોય ત્યાં નાશ હોય."

અને આ વાતની શરૂઆત ગોપી તળાવથી નાની દીકરી લલીતાના નામથી ચોંકેલા કૃષ્ણથી થઈ હતી અને વાતનો અંત તેજ સ્થળે આવે છે. લક્ષ્મણા, ગંગાધરે દ્વારકા છોડી દીધું, નાગેશ્વર જ્યોર્તિલિંગ દ્વારકાની

સરહદની બહાર હતું. મંદિરની નજીક જ નવું નાનું વૃન્દાવન બન્યું હતું જ્યાં કૃષ્ણની સાથે વૃન્દાવન અને મથુરાથી આવેલા ગોપ પરિવાર રહેતા હતા કૃષ્ણના ગયાના ખબર મળ્યા, સાંભળ્યા. પાંચ છ પેઢીથી આ પરિવાર અહીં રહેતો હતો. ગોપાલની પૂજા અને કૃષ્ણ ભક્તિ તે જ તેમની જિંદગી. હવે કૃષ્ણ રહ્યા નથી. માનવા તૈયાર નહોતા, કૃષ્ણ વગર જિંદગી હોઇ જ ના શકે નાની ગોપ કન્યાથી લઇને તમામ ગોપીઓએ સામુહીક ગોપીતળાવમાં આત્મહત્યા કરી તેમાં લલીતા પણ હતી. આ તો કેવો શુધ્ધ, નિર્મલ પ્રેમ, આત્માનો પ્રેમ કેટલી ગોપીએ તો કૃષ્ણને જોયા પણ નહોતા. એક આખો મિત્ર, સખી સંપ્રદાય પ્રેમ માટે પોતાનું અસ્તિત્વ મીટાવી દેનારી ગોપીઓને ભાવાંજલિ.

વિચારો કેવી ખુમારીવાળી પ્રજા હતી કૃષ્ણ ઘણી સ્ત્રીઓના પરિચયમાં હતા પણ તેમની પાછળ મર્યા ગોપીવૃન્દ, રાધા, બીજું કોઇ નહીં, જે રાણી, પટરાણી જેમણે આખી જિંદગી સુખ-શાંતિ, વૈભવ, છપ્પનભોગ, શ્રૃંગાર, નોકર, ચાકર અને ખુદ કૃષ્ણ સાથે જિંદગી વિતાવી પણ તેની પાછળ જનારા કોઇ નહીં. કૃષ્ણને રાધાના સંબંધ ૪ થી ૫ વર્ષના જ હતા. શું એક સ્ત્રી આખું આયુષ્ય કોઇની યાદમાં બાળી શકે ખરી ? માટે જ આજે રૂકમણી કૃષ્ણ નથી બોલાતું, ગોપીઓને યાદ કરાય છે. અને રાધા કૃષ્ણ બોલાય છે. તેમાં પણ રાધા પહેલી દુનિયાનો પહેલો પ્રેમ, તેમને આપણને પ્રેમ કરતા શીખવ્યું તે પહેલા વિશ્વના પહેલાં વિશ્વપ્રેમી.

# દ્રૌપદીની વ્યથા અને કથા

કૃષ્ણની ૧૨૫મી વર્ષગાંઠ ધામ-ધૂમથી ઉજવાય. તેમાં થોડો કુટુંબ કલેશ થયો. થોડી વ્યગ્રતા થોડી ઉગ્રતા, દુઃખ, અણગમો, નફરત અને અજંપો આ બધાંનો ભોગ કૃષ્ણએ બનવુ પડયું. કૃષ્ણ લાચાર હતા. જીવનભર પોતે કરેલા કાર્યોનો પોતાના સગાં જ હિસાબ માંગશે અને પોતે તેનો તેઓ જવાબ આપી નહિ શકે તેનો રંજ તેમને કોરી ખાતો હતો. અડધું દ્વારકા પોતાના પિતા વસુદેવ ભોજના વંશજોથી ઘેરાયેલું હતું. સાત - સાત પેઢી, અસંખ્ય ભાઇ-બહેનો, પુત્ર-પૌત્રી, મામા-મામી, માસી-માસા, કાકા-કાકી, વેવાઇઓ, પિત્રાઇઓ, તેમના બાળકો અને તેમના કુટુંબો. કૃષ્ણ હવે તેમને ઓળખી પણ નહોતા શકતા. છતાં પણ એકબીજાની લોહીની સગાઇથી તેઓ સંકળાયેલા હતા. વિધિની વક્રતા એવી હતી કે જગતનો નાથ યોગેશ્વર, સહસ્ત્રનામ ધારી, આર્યાવર્ત જેની પૂજા કરે દેવો તેમને મળવા નીચે આવે. ઋષિઓ તેમના ગુણગાન ગાય. બ્રાહ્મણો તેમને સતત આશીર્વાદ આપતા રહે. મહેલના પ્રાગણમાં બારે મહિના યજ્ઞાના હવનો થતા રહે, આર્યવર્તનો એક પણ ઉત્સવ એવો ન હોય જે રંગેચંગે પ્રજાએ ઉજવ્યો ના હોય. પણ બેચેની તેમને ઘેરી વળેલી. યાદ-શક્તિ સારી હતી. શરીર જવાબ આપતું હતુ. વૈદ્યને વારેઘડીએ બોલાવવા પડતા. પોતાની નહીં પણ કુટુંબની દ્વારકાની ચિંતા ઘેરી વળેલી. મથુરાથી ભાગ્યા. આખા દેશમાં ભ્રમણ કર્યું. અને છેલ્લે દ્વારકા પર નજર ઠેરવી ત્રણે બાજુ દરિયો અને ચોથી બાજુ વિશાળ રૈવતક પર્વત, ફળદ્રુપ જમીન સારો વરસાદ, ચારે બાજુ વનરાજી અને સૌથી મોટું આકર્ષણ સપાટ મેદાન અને દ્વારકાની

રક્ષા કરતા જ્યોર્તિલિંગ એક સોમનાથ, બીજુ નાગેશ્વર. દ્વારકાથી નાગેશ્વર રથ મારફતે પંદર મિનિટમાં પહોંચી જવાતું. શિવલિંગ બાજુમાં વિશાળ તળાવ (ગોપી). બહારના હુમલાની સામે ભૌગોલિક રીતે આના જેવી સલામત જગ્યા આર્યાવર્તમાં બીજી એકેય નહોતી. જ્યાં ખેતી સમૃધ્ધ ત્યાંની પ્રજા ઉજળી, ત્યાં લક્ષ્મીનો વાસ. અને દ્વારકાના મધ્યે પોતાનો મહેલ. મહેલ ઉપર ૭૧ ફૂટ ઊંચી ધજા, સો ગાઉ દૂરથી પણ મહેલની ધજા વટેમાર્ગુઓ જોઇ શકતા. હવે કૃષ્ણે અને લક્ષ્મણાએ માનસિક સમાધાન કેળવી લીધેલું. લક્ષ્મણા કૃષ્ણની સૌથી લાડકી પુત્રવધૂ હતી. આખો દિવસ લક્ષ્મણા, લક્ષ્મણાં બોલતાં તેમની જીભ સુકાતી નહોતી. કૃષ્ણની તમામ નાની-મોટી જરૃરિયાતો, લક્ષ્મણા હસતાં હસતાં પૂરી કરતી. કૃષ્ણની આઠે રાણીઓને પણ લક્ષ્મણા પ્રિય હતી. તેમનો પણ ઘણો બોજો લક્ષ્મણાએ સહજ સ્વીકારી લીધેલો હતો. દાસી, દાસ ચાકરો તેનો આદેશ ઉપાડવામાં આનંદ અનુભવતા.

યાદ રહે આ લક્ષ્મણા એટલે દુર્યોધન અને ભાનુમતિની એકમાત્ર પુત્રી તેનો બાપ દુષ્ટ છે એવી વાત સમગ્ર આર્યાવર્તમાં વાત ફેલાવીને તેને બદનામ કરવામાં આવેલો. તેને જ નામે ધર્મયુધ્ધ કરી આર્યાવર્તનો વિનાશ નોતરેલો. તે મા-બાપની સંસ્કારી દીકરી લક્ષ્મણા મહેલમાં બીજી એક વ્યક્તિ, શ્રુતિ બ્રાહ્મણ ગંગાધરની બહુ બોલબાલા હતી. દ્રારકામાં તેઓ કૃષ્ણની ૧૦૦મી જન્મજયંતિએ આવેલા. લક્ષ્મણાએ તેની પાસે ભૂતકાળ સાંભળ્યો અને તેણે જ કહેલી વાતોથી કૃષ્ણ અને લક્ષ્મણા વચ્ચે સંઘર્ષ થયેલો. ગંગાધરના પિતાશ્રી ગંગા પંડિત અને તેના પિતા રામદાસ આ

ત્રણેને મહાભારતના ઉદ્ભવથી તે અંત સુધી અને આજ સુધી મહાભારતના એકેએક પ્રસંગો, બીનાઓ, કથાઓ. શબ્દે-શબ્દ યાદ હતા. દુર્વાસાએ કુંતીને આપેલા વરદાનથી સ્રોતી રામદાસ ઇન્દ્રપ્રસ્થ સુધી જીવિત હતા. ત્યાર પછી ઇન્દ્રપ્રસ્થ લઇને કુરુક્ષેત્રના યુધ્ધ સુધી ગંગા પંડિત અને ત્યાર પછી તેમના પુત્ર ગંગાધર શાસ્ત્રી આ ત્રણે પેઢીઓએ મહાભારતની મર્યાદા અને વિગત યથાતથ સાચવી. કોઇને અન્યાય ન થાય તે રીતે યાદ રાખેલું અને જે પૂછે તેને તેનો સચોટ જવાબ આપે. કોઇ તેમનો ખરો અભિપ્રાય પૂછે તો તે ટાળે. પણ ન છૂટકે વિશ્લેષણ કરવું પડે તો સત્યને આધાર રાખી દેવોના વરદાનને અનુકૂળ અર્થઘટન કરી આપે. માનવું ન માનવું એ યજમાનનો હક્ક છે.

લક્ષ્મણાના આગ્રહથી ગંગાધર શાસ્ત્રી અતિથિ તરીકે રોકાયેલા હતા. તમામ સ્રીવૃંદ અને બાળકોને કથા કહીને મનોરંજન પુરું પાડતા. યજ્ઞા-હવનની વિધિમાં પણ તેઓ સક્રિય હતા. જાણે દ્વારકાના રાજ પુરોહિત ન હોય!

લક્ષ્મણા શ્વસુર કૃષ્ણને કાયમ કહ્યા કરતી, તમે તો મહાભારતમાં દ્રૌપદીના સ્વયંવર વખતે પ્રવેશેલા છો. તે પહેલાં તમે વૃંદાવન, મથુરા અને દ્વારકામાં સ્થિત હતા. તમારે મારી હાજરીમાં મહાભારતનો પૂર્વાર્ધ જાણવો જોઇએ, સમજવો જોઇએ, ન્યાય કરવો જોઇએ અને મૂલ્યાંકન કરી કોઇને દોષ મુક્ત કરવા જોઇએ. કૃષ્ણ આ વાત કાયમ ટાળતા અને હસી કાઢતા. અને લક્ષ્મણા પણ હસતાં હસતાં કહેતી હું તમને એક દિવસ મનાવી લઇશ અને શાસ્ત્રી પાસે સંભળાવીશ પણ તમારે ગભરાવાની શું

જરૂર છે ? તે સમયે તમે સક્રિય નહોતા. પાંડવો કે કૌરવો તમારા જીવનમાં આવ્યા નહોતા. પછી કોઇની તરફેણમાં મૌન રહેવું તે પણ મોટો ગુનો ગણાય. મારે તો તમારી પાસે મારા પિતાશ્રી નિર્દોષ હતા એ સાબિત કરવું છે અને દુનિયાનો ભ્રમ અને વિચલિત વાતો ખંડિત કરવી છે. અને એક દીકરી આ સાબિત કરીને સમાજને બતાવશે તે જ મારૂં સાચું તર્પણ હશે. અને કૃષ્ણ તેને આશીર્વાદ પણ આપતા. આ આશીર્વાદ તેમની સંમતિ છે તેવું તે સ્વીકારતા પણ સમય નથી આવ્યો તેમ કહેતા.

લક્ષ્મણા પાકી ગણતરીબાજ હતી. ૧૦૦મી વર્ષગાંઠ ઉજવ્યાને ૨૪ વર્ષ થઇ ગયેલા. પોતે પણ દાદી-પરદાદી થઇ ગયેલી. પણ તેના મગજમાંથી તેના બાપનો અન્યાય નીકળતો નહોતો. તે હંમેશાં કૃષ્ણને કહેતી મેં તમારી જ કહેલી ગીતા અને આખી ગીતા સાંભળેલી છે. તેમાં જન્મ, સ્ત્રી અને ધન નસીબથી મળતું હોય છે. હું દુર્યોધનને ત્યાં જન્મી તે મારા હાથની વાત ન હતી. મારૂં નામ પણ મારા હાથની વાત ન હતી. મારૂં ભાગ્ય મને ત્યાં લઇ જશે તે પણ મારા હાથની વાત ન હતી, મારો તો હસ્તિનાપુરમાં સ્વયંવર રચાયો હતો. હું કોઇકને નક્કી કરૂં તે પહેલાં મારૂં ભાગ્ય શામ્બે ઘડી કાઢેલું. સ્વયંવરમાંથી જ યુધ્ધ કરી મને ઉપાડી ગયો. અને હું તેને વરી. આર્યવર્તના શ્રેષ્ઠ કુળમાં હું પુત્રવધૂ તરીકે આવી મને તેનું ગૌરવ છે. તમારી સાથે તમારા અનુભવ વર્તણુંકમાંથી હું ઘણુ શીખી હું પણ એકલવ્યની માફક દ્રોણની મુર્તિ બનાવી, તેવી રીતે તમારી મુર્તિ બનાવી તમને ગુરૂ બનાવી. પૂજા કરી તમને સ્થાપિત કર્યા. દુનિયાની માટે તમે યુગપુરૂષ છો, યુગદ્રષ્ટા છો, યુગનિર્માતા છો. યોગી અને સંસારી બંને

છો. પણ મારા માટે મારા સસરા મારા આદર્શ છો. ગત વર્ષોમાં મારો મારા પિતાશ્રી બાબતનો આક્રોશ મેં તમારી સામે વ્યક્ત કર્યો. તમે સસરાની માફક મને રાહત કરી મારી વાત સ્વીકારી. હું તમને ખોટા ઠેરવવા નહોતી માંગતી. પણ તમે જે વિચારો છો અને અમલ કરો છો તેમાં તમારી લાગણીઓ ફક્ત અને ફક્ત પાંડવો તરફી જ, એકતરફી છે. તે કયા કારણોસર છે તે ખબર પડતી નથી.

પરિક્ષિતનો ગર્ભ સજીવ કરતી વખતે તમે જે સંકલ્પ લઇને ૬ શ્લોક ઉચ્ચાર્યા તેમાં પાંડવ તરફી પક્ષપાત દેખાઇ આવે છે. પહેલા શ્લોકમાં બોલ્યા કે  મેં કંસ, કેશી, અને શિશુપાલનો વધ અયોગ્ય નથી કર્યો તો ગર્ભ સજીવ થાય. બીજો શ્લોક મેં આખી જિંદગી પાંડવોનો કંઇ અહિત ના કર્યું હોય અને તેમના ક્ષેમ માટે આ બધું કર્યું છે.

બસ અહિં જ તમારી વૃત્તિ અને પ્રવૃત્તિ છતી થઇ જાય છે. મારા પિતા દુર્યોધન અને બાકીના કૌરવોએ તમારૃં અંગત શું બગાડયું હતું છે તેનો જવાબ તમારી પાસે ?

વૃક્ષણી વંશના રાજા ભોજ તેમજ દિકરો વસુદેવ અને તેમના દિકરા તમે તેમના પોતાના ભાઇની દિકરી કુંતીને ભોજે દત્તક લીધેલી. તે સંબંધે તે તમારા ફોઇ થાય તમે મામા ફોઇનાં થયા. પણ તમે આશરે ૫૦ વર્ષ થયા અને યુધિષ્ઠિર ૫૦ વર્ષના થયા ત્યાં સુધી તમે મામા ફોઇનાં સંતાનો કોઇ દિવસ એકબીજાને મળ્યા નહોતા કે ખબર અંતર પૂછયા નહોતા. અચાનક દ્રોપદીના સ્વયંવર વખતે પાંડવો ગુપ્ત વેશમાં આવી પહોંચ્યા. અને તમે અનુમાન કરી તે પાંડવ જ છે તેવું કલ્પી લીધું. જે દ્રોપદી

આગલા દિવસ સુધી તમને વરવા તમારી સાથે જિંદગી જીવવા, કાલા-વાલા કરતી હતી. તે અવગણીને તમારા કહેવાથી તિરસ્કૃત કર્ણ કાકાનું અપમાન કરાવડાવ્યું અને દ્રોપદીએ  અનુમાન કરી તમારા ઇશારે અર્જુનને વરી.

તમારા મનમાં ત્યાર પછી પાંડવોને અન્યાય થયો છે. તે સ્વીકારી, પૂર્વગ્રહથી પિડાય ને મનમાં ગાંઠ વાળી તેમને દુશ્મન ગણી લીધા. તમારા ફોઇના દિકરા છે. તે અસુરક્ષિત છે. તે અનાથ છે. તે નબળા છે. અને બિનસલામત છે. હસ્તિનાપુરમાં તેમની સાથે કોઇ નહોતું તે તમે સ્વીકારી લીધું અને આખી જિંદગી તેમને સાચવવા પ્રયત્નશીલ રહ્યા. સસુરજી, ખરેખર પાંડવો નબળા જ હતા. હું પણ સ્વીકારૂં છું. તેમની જીવન રેખા જુઓ. તેમણે ભરેલા બધા જ પગલામાં તમારી ગેરહાજરી સમયે તેઓ નબળા અને હારેલા હતા. તમારી હાજરી તમારી બુધ્ધિ, તમારા દાવપેચ અને કુટીલતા જ તેમને જીતાડતા હતા.

તમારા ફોઇના દિકરા છે. તેમ સમજી તેમને મદદ કરી. હવે મારે તમને સવાલ પૂછવો છે. તમે તમારા ભાઇઓને મદદ કરી તે યોગ્ય જ હતું તે હું સ્વીકારૂં છું. કરવી પણ જોઇએ. અને તમે જો ના કરી હોત તો તમે તેમને અન્યાય કર્યો ગણાત. તમે અભિનંદનને પાત્ર છો. પણ મારા અંધ દાદા દાદી સ્વેચ્છાએ આંખે પાટા બાંધનારી દાદી ગંધારીને મદદ કરવા. મારા પિતાશ્રીના મામા, જેમ તમે તમારૂં દ્વારકાનું રાજપાટ છોડી હસ્તિનાપુરમાં આવ્યા. તેમ શકુનીમામા, પોતાનું રાજપાટ છોડી. પોતાની અંધ બહેન અને બનેવીની અને તેમના દૂધ પિતા ૧૦૧ ભાણાંઓની

કાળજી લેવા હસ્તિનાપુર આવ્યા. તે શકુનીમામાને આખી દુનિયામાં બદનામ કર્યા. ધૃણાસ્પદ ઠેરવ્યા. તમે પાંડવોનું હિત સાચવ્યું તેમ શકુનીમામાએ પોતાના અંધ બહેન-બનેવી અને ૧૦૧ ભાણિયાઓનું હિત સાચવ્યું. તેમાં ખોટું શું કર્યું તમે તમારા સગાઓને અને પાંડવોને સાચવવા દાવપેચ રમ્યા તેમ શકુની મામાએ પોતાના ભાણિયા સાચવવા સામે દાવપેચ રમ્યા, હિસાબ સરખો.

મેં ગંગાધર શાસ્ત્રી પાસેથી સાંભળ્યું છે કે ઇન્દ્રપ્રસ્થમાં મારા પિતાશ્રીના અપમાન આંધળાનો છોકરો તે આંધળો. તે મારા પિતાશ્રી અપમાનનો ઘૂંટડો પીને મન મનાવી લીધેલું. બધા એવું માને છે કે આ અપમાનનો બદલો મારા પિતાશ્રી અને શકુની મામાએ જુગાર મારફતે લીધો. પણ ના એવું નથી. ઇન્દ્રપ્રસ્થની સ્થાપના થયા પછી, ૧૬ વર્ષ સુધી પાંડવોએ પોતાના રાજમાં રાજ કર્યું છે. તે વખતે પણ કુંતી હસ્તિનાપુરમાં જ હતા. વેર વાળવું હોત તો બીજે દિવસે કે ટૂંક સમયમાં યુધ્ધ કરી શકતે. પણ ૧૬- ૧૬ વર્ષનો સમય વતી ગયા પછી જુગાર રમવાનું આમંત્રણ આપ્યું અને તેમણે સ્વીકારી લીધું. તેઓને તો ખબર હતી અને તેઓ માનતા હતા કે મારા પિતાશ્રી એ મારા મામા દુષ્ટ છે. ઇર્ષાથી પિડાય છે. તો જુગારનું આમંત્રણ સ્વીકાર્યું શા માટે ? જુગાર રમવા આવ્યા ત્યારે પણ તેમની દાનત પણ ખોટી હતી. તેમને હસ્તિનાપુર પડાવી લેવું હતું. જુગાર રમતાં પહેલા યુધિષ્ઠિર અને શકુની વચ્ચે જુગારની બાબતમાં બધી જ સ્પષ્ટતા થઇ હતી. પછી જ જુગાર રમવાના હતા. યુધિષ્ઠિરે સ્વીકાર્યું કે આમંત્રણ આપનારા મારા પિતાશ્રીને બદલે શકુનીમામા. પાસા ફેંકશે તે ચાલશે. બે-

ચાર દાવ રમ્યા પછી અને હાર્યા પછી પણ શકુની મામાએ કહ્યું કે લો આ પાસા અને હવે તમે નાંખો. પણ યુધિષ્ઠિરે આ વાત સ્વીકારી નહીં. અને મામાને સોગઠાં નાંખવાં કહ્યું. ક્યાં અમારો પ્રપંચ હતો, ક્યાં દગો હતો. અને જુગાર નશો જ એવો છે કે તમારી બુધ્ધિ બહેર મારી જાય છે, સહદેવ તો ત્રિકાળજ્ઞાની હતા. તે તો ભવિષ્ય જોઇ શકતા હતા. આવનાર વિનાશને સમજતા હતા. તેમણે ઊભા થઇને તેમને રોક્યા કેમ નહીં ? અને મૂક બનીને બેસી રહ્યા. આ તેમની વિનાશ કાળે વિપરીત બુદ્ધિ હતી. રાજકારણ એવું કહે છે કે દુશ્મન પક્ષનો ગમે તેવું લોભામણું આમંત્રણ હોય તો જવું ના જોઇએ. અને જાવ તો શાણા-ડાહ્યા મંત્રી અને વૃધ્ધોને લઇને જવું જોઇએ. ઉલ્ટાનું અમારી કુરૂ સભામાં તેમના જ હિતેચ્છુ, પિતામહ ભીષ્મ, વિદુર કાકા, ગુરૂ દ્રૌણ અને મારા કાકા વિકર્ણ હાજર હતા. આ બધાએ પણ તેમને રોક્યા નથી. બધા મૂક બનીને કોણ જીતશે - કોણ હારશે તેની રાહ જોતા બેઠા રહ્યા. બીજો રાજકારણનો નિયમ છે, દુશ્મનના ઘરે કુટુંબ કબીલા સાથે ના જવાય. કોઇ વ્યક્તિને દારૂનું વ્યસન હોય તો દારૂ પીવા પીઠા ઉપર પોતાની પત્નીને લઇને ના જાય. તેઓ હસ્તિનાપુર આવ્યા ત્યારે દ્રોપદી અને બીજી પત્નીઓને સાથે લઇને આવ્યા હતા. જાણે મેળામાં ના આવ્યા હોય પણ તેમની દાનત ચોખ્ખી નહોતી. યુધિષ્ઠિર તો છલોછલ વિશ્વાસથી ભરેલા હતા કે તેઓ હસ્તિનાપુર જીતીને જશે. શકુનીને વારંવાર યુધિષ્ઠિરને પાસા ફેંકવાની વિનંતી કરી પણ યુધિષ્ઠિરે તેનો સ્વીકાર ના કર્યો. સામાન્ય રીતે જે લોકો જુગાર રમતા હોય છે. તેઓ રમતની શરૂઆતના પહેલા નિયમો ઘડતા હોય છે અને તે નિયમને

આધાર રાખી રમત રમાતી હોય છે. જેવી કે તમે પત્તા રમતા હોય તો વીસ બાજીએ પત્તાની કેટ બદલી કાઢવી પડતી હોય છે. એક દાવ પોતે લે, બીજો દાવ સામેવાળાને આપે અહિંયાં કોઇ એવા નિયમો નક્કી થયા ન હતા. જુગારમાં શું મુકવું તેનો પણ નિયમ હોય છે. અહિં તેનો પણ ભંગ થયો છે. યુધિષ્ઠિરને શું ચળ ઉપડેલી કે હસ્તિનાપુર પડાવી જ લઉં આર્યવર્તમાં  યુધિષ્ઠિરનું નામ જીતતા અઠંગ ખેલાડી તરીકે જાણીતું હતું. દર પાંચ દાવે પંદર મિનિટનો વિરામ હોય સામેવાળાની ચાલનો અભ્યાસ કરી પોતાની નીતિ બદલી શકે. પણ અહિંયાં એવું કશું થયું નથી. દાવ રમતો ગયો, પાંડવો હારતા ગયા. બધું ગુમાવી દીધુ. છેલ્લે દ્રૌપદીને પણ હારી ગયા. દુનિયામાં એક એવો દાખલો બતાવો, પુરૂષ પોતાની સ્ત્રીને ગિરવે મૂકે. અહીં પહેલાં એ નક્કી કરવાની જરૂર છે કે આ સમયે દ્રૌપદી કોની પત્ની હતી? જો તે યુધિષ્ઠિરની હોય તો તે મૂકી શકે પણ જો બાકીના ચારની હોય તો તેનો હક્ક નથી લાગતો. પાંડવોના વિદુર કાકા, દ્રૌણાચાર્ય, કૃપાચાર્ય વગેરે સભામાં હાજર હતા. વિદુરનું માન પાંચેય પાંડવો સ્વીકારતા હતા. તો વિદુરે, દ્રૌણે, ભીષ્મએ કોઇને રોક્યા કેમ નહીં ? અજુગતુ નથી લાગતું ? પાંડવો વરણાવૃતમાં ગયા. ત્યારે પાંડવોનું અહિત ના થાય તે માટે વિદુરે તેમને ચેતવ્યા હતા. જ્યારે અહીંયા તો સર્વનાશ થવાનો હતો. તે સૌ જાણતા હતા. (નોંધ :- મુળ મહાભારતમાં દ્રૌપદી ચીરહરણની કોઇ વાત નથી. પાછળથી તે ઉમેરવામાં આવી છે પણ જેણે ઉમેરી તે રસપદ્ર છે. અને આ જ મહાભારતનો ટર્નીંગ પોઇન્ટ છે.)

બધાંની સમજાવટથી ધૃતરાષ્ટ્ર, યુધિષ્ઠિરને હારેલું પાછું આપ્યું, શાંતિથી દરેક પોત પોતાને ઘરે પાછા ગયા. (નોંધ :- સમજુ અને વહેવારૂ સ્ત્રી પોતે આગામી ક્યા દિવસે માસિક ધર્મમાં બેસતી હોય છે. તે જાણતી હોય છે. દ્રૌપદી આ વાત કેમ ના સમજી ? અને જુગાર રમવા આવા પ્રસંગે પાંડવો સાથે જતી રહી. ના જવું જોઇએ, ગઇ તો જાહેર કરવું પડયું કે હું રજસ્વલા છું. એક કપડે છું. આ બધી વસ્તુને તે અટકાવી શકી હોત. સ્ત્રીઓ સામાન્યપણે રજસ્વલા હોય તો કેટલીક વખત ઘરમાં કે પોતાના પતિને ખબર નથી આપતી. અહિંયા તેણે કુરૂસભામાં બુમો પાડી કહેવું પડયું કે હું રજસ્વલા છું, એક વસ્ત્રે છું.

તો શું? દાવમાં મૂકનારનો વાંક કે જીતનારનો વાંક?

આ જ સમયે ફરી ધૃતરાષ્ટ્ર તરફથી ફરી જુગાર રમવાનું આમંત્રણ મળ્યું અને યુધિષ્ઠિરે સ્વીકાર્યું. હવે જો યુધિષ્ઠિર શાણા હોત તો, ડાહ્યા હોત તો, ચાર પાંડવો અને દ્રૌપદીને ઇન્દ્રપ્રસ્થ મોકલી દીધા હોત્, પણ અહિંયા ફરી સરઘસ કાઢી રજસ્વલા દ્રૌપદીને સાથે લઇ જઇને જુગાર રમવા બેઠા. આ વખતે ફક્ત એક જ દાવ રમવાનો હતો. આરપાર કે પેલે પાર યુધિષ્ઠિર બેવકુફ, મુરખના સરદાર, ભાન ભૂલેલા વ્યસની અને સ્ત્રીઓની કોઇ કિંમત તેમનામાં ન હતી. તેઓ પોતાની જાતને ચારેય ભાઇઓને, ઇન્દ્રપ્રસ્થને, તેમની તમામ સંપત્તિને દાવમાં મૂકે છે. દ્રૌપદીને બાજુમાં રાખે છે. અને છેલ્લે દ્રૌપદીને નજીક બોલાવે છે. અને યુધિષ્ઠિર ઉભા થઇને જે વાક્યો દ્રૌપદી માટે બોલે છે. તે વાક્યોથી દ્રૌપદી જો સ્વમાની હોત તો ત્યાંથી નીકળી ગઇ હોત. તેને પણ આ લોકો શું કરવા માંગે છે તેની ખબર

નહોતી. અને યુધિષ્ઠિરે બોલવા માંડી. ના ઊંચી કે ના નીચી, ના જાડી કે પાતળી. ભરાવદાર સાથળવાળી પુષ્ટ નિતંબોવાળી તેના સ્તનો ઉર્વશી જેવા, જે કદી વશમાં ન રહે, તેની મુખાકૃતિ કામી સંતોષ આપનારી, કાળી-અણિયાળી આંખો. તેની આંખમાં કામ કાયમ પ્રજવલ્લિત હોય . પાછળ માથાના વાળ જાણે નાગણ હોય તેમ  સાથળ સુધી પ્રસરેલા હોય, ચાલે તો મૃગનયની, ઉભી રહે તો ગજગામિની. એવી પાંચેય ભાઇઓની પત્ની અનેે મારી પ્રિય દ્રૌપદીને હું દાવ પર શકું છું. મામા પાસા ફેંકો અને યુધિષ્ઠિર કંઇ વિચારે તે પહેલાં જ દુર્યોધન, દુશાસન અને શકુની હવે ઉલ્લાસથી મોટેથી બૂમ પાડી તમે હાર્યા અને અમે જીત્યા. વચ્ચેનો રસ્તો કાઢયો. તમારે બધું છોડી વનવાસ જવાનું તેરમું વર્ષ અજ્ઞાતવાસ. જો તે દરમ્યાન પકડાઇ જાવ તો ફરી બાર વરસ વનમાં અને ના પકડાવ તો ઇન્દ્રપ્રસ્થ પાછું તમારૃં. પાંચે ભાઇઓ અને દ્રૌપદી દુઃખી કલ્પાંત કરતા. યુધિષ્ઠિરને મ્હેણાં-ટોણાં મારતા નીકળી ગયા. આ દુનિયાનો પહેલો રાજા હતો કે જેણે પોતાની પત્ની અને બીજાની પત્ની ગિરવે મૂકી અને હારી ગયો. વિનાશ કાળે વિપરિત બુધ્ધિ.

હવે એ વાસુદેવ ધર્મ કોની પાસે? જે ધર્મરાજ કહેવાય છે તે પોતાના ભાઇ ભાભી, પત્ની પોતાની તમામ માલ મિલકત જુગારમાં મૂકીને હારી જાય અને સૌથી નીચ વાત દ્રૌપદીને બધાંએ જોયેલી હતી. બધા સ્વયંવરમાં પામવા પણ ગયેલા કે નથી ત્યાં શકુની કે દુઃશાસને પૂછયું કે દ્રૌપદી કેવી લાગે છે? વગર પૂછે, વગર કહ્યે, તેમણે દ્રૌપદીનું જે કામુકતાથી તેના શરીરનું વર્ણન કર્યું. તે જ ધર્મ અને ધર્મરાજ અને જેને

પક્ષે અધર્મ છે. જીતેલી મિલકત પાછી આપી. ગમે તેટલું બીજું પ્રલોભન આપે તો પણ ભાન ભૂલેલા, સ્વાર્થી અને લાલચું યુધિષ્ઠિર ફરીથી રમવા શા માટે ગયા ? દુનિયામાં એવો એક દાખલો બતાવો કે જીતેલું કોઇ પાછું આપે ? શ્વસુરજી શું તમે આપો ખરા ? અમે તે આપીને બતાવ્યું કોઇના કહેવાથી પણ અમે ધર્મનું રક્ષણ કર્યું ગંગાધર શાસ્ત્રીએ તેને ટેકો આપ્યો.

ગંગાધર શાસ્ત્રીએ કૃષ્ણની સામે જોઇને કહ્યું કે તમારા મહાભારતમાં પ્રવેશતાં પહેલાં આ ચાર પાંચ પ્રસંગોથી સાબિત થાય છે કે ધર્મ કૌરવ પક્ષે હતો.

****

## દ્રૌપદી કર્ણ ને મળવા ગઇ

યુધ્ધના ભણકારા  વાગતા હતા ચારે બાજુ યુધ્ધ, યુધ્ધની  વાતો સંભળાતી હતી. હું, દ્રૌપદી માનતી હતી કે યુધ્ધ મારી જીદને લીધે જ થાય છે. થવાનું છે. કોઇને યુધ્ધ જોઇતું નથી. યુધ્ધની અને ત્યાર પછીની તારાજી પોતે સમજતી હતી અને જાણતી પણ હતી. તે તો યજ્ઞાસેની હતી, જવાળામાંથી યજ્ઞામાંથી પેદા થયેલી. તેના રોમ રોમમાં ઇર્ષાના બીજ હતા. જન્મેલી જ પુખ્ત, જ્વાળાઓ કોઇ દિવસ શાંત નહોતી થતી. ઘણા દિવસથી ઊંઘ નહોતી આવતી. પાસા બદલ્યા કરતી, કેટલી વખત ડૂસકું પણ ભરાઇ જતું આંખ પણ ભીની થઇ જતી. પણ શું કરે ? લાચારી હતી દર બે મહિને પતિ બદલાય, એક નવા સ્વપ્નના દર્શન થાય, એજ મીઠી મીઠી કાલી કાલી વાતો દરેક પતિ તેને પંપાળ્યા- ફોસલાવા કર્યા કરે પણ પોતાના ઉપર શું વીતે છે તેની કોઇએ કલ્પના નહોતી કરી. પોતે તો દરેક

પતિ માટે કામક્રીડા કરવાનું રમકડું હોય તેમ તે માનવા લાગી હતી. એક પતિનો વારો ૧૦મે મહિને આવે એટલે તેમનામાં રહેલા તમામ તાકાતનો ઉપયોગ તેની ઉપર કરતા તે થાકી જતી, હું ફરી મળવાની જ ના હોય તેમ રોજ રાત્રે હું વિકૃત રીતે ચુંથાતી, મૂંગે મોઢે એ સહન કરતી, જિંદગીથી કંટાળી, થાકી ગઇ હતી. પાંચમાંથી કોઇ સમજવા તૈયાર જ નહોતા, તેને પણ આરામની જરૂર હતી. પહેલાં ગમતું પણ હવે તે આકરૂં લાગતું, તેમના તરફ અણગમો પણ થતો, તિરસ્કાર પણ થતો, દૂર રહેવાનો પ્રયત્ન કરતી પણ તે પોતે પુરૂષ છે તેવું દરેક સમયે સાબિત કરવા મથતા તેમને તો પાશવી આનંદ મળતો પણ મારૂં શું ? તેનો કદી વિચાર કર્યો નહોતો.

હું તો યજ્ઞામાંથી જુવાન થઇને જ જન્મી હતી, તે બધા પાંચેય પતિ મારાથી ૨૦-૨૫ વર્ષ મોટા હતા. તેમાં ભીમ સિવાય બધાએ પોતાની જિંદગીમાં સ્ત્રી એ શું  છે તેનો અનુભવ પહેલી જ વખત કર્યો હતો. દર ૨ મહીને મારા સંબંધો બદલાઇ જતા. જ્યારે હું સૌથી નાના નકુલની સાથે હોઉં ત્યારે બાકીના ચારેય મારા જેઠ થતાં અને જ્યારે યુધિષ્ઠિર સાથે હોઉં તો બાકીના બધા મારા દિયર થતા. હું અર્જુન સાથે હોઉં તો યુધિષ્ઠિર અને ભીમ મારા જેઠ અને સહદેવ, નકુલ મારા દિયર થાય, વિધિની વિસામણ કઇ જુદી જ હતું. દિયર, જેઠ, પતિના સંબંધમાં મારૂં દાંપત્યજીવન અટવાયેલું હતું, હું કોઇ એક પાસે હોઉં તો બાકીના ચાર ઇર્ષા અને નિસાસા નાખતા મેં જોયા છે. અનુભવ્યા છે. અને તેમનો વારો આવે ત્યારે બીજા

સાથે પોતાની સરખામણીની ચર્ચા પણ કરતા, મારી પાસે તેનો કોઇ જવાબ નહોતો.

દ્રૌપદી વિચારતી કે દરેક પુરૃષ આવા જ હશે. પોતે બીજા કરતાં સર્વશ્રેષ્ઠ પૂરવાર કરવાનો પ્રયત્ન કરતા હશે. તે મનમાં આ બધા ઉપર હસતી કેવા સ્વપ્નાં જોયાં હતાં અને શું ચાલી રહ્યું છે. પોતાની કોઇ કિંમત નહીં. પાંચે ને સાચવતાં તે નીચોવાઇ જતી. એક જ ઘરમાં રહેવાનું અને છતાં દયાની, લાચારીની સ્થિતિ. આ સ્થિતિનો જવાબદાર કોણ ? અને મનમાં પહેલું નામ આવતું "કૃષ્ણ"ને ફક્ત કૃષ્ણ જ તે કૃષ્ણ પાછળ ઘેલી હતી અને તે ઘેલછામાં તેમણે જે કહ્યું, તે વગર વિચાર કરે કરી બેઠી શું સ્વપ્ના જોયા હતા તેમની સાથે જિંદગી જીવવાનાં અને આજે તે કયાં હતી.

## પ્રકરણ-૨

માંડ ૧૯ની થઇ હશે ને દ્રુપદે રાજ પુરોહિતને બોલાવ્યા, દ્રૌપદીના લગ્નનું મુહૂર્ત કાઢવાનું કહ્યું, મુહૂર્ત નીકળે સ્વયંવરની વાત આવી, કૃષ્ણની મરજી પૂછી કે શું કરવું તે સમયે રાજકુળમાં  સ્વયંવરનું મહત્વ હતું, વળતા જવાબમાં તે બોલી મારે આર્યવર્તનો શ્રેષ્ઠ પુરૃષ જોઇએ છે. જે મારા ગૌરવ, મારી ઇચ્છા, મારૃં રક્ષણ અને મને માન આપે, મને ખબર છે કે મારૃં શરીર અને રૃપ મને ખાઇ જશે, તે ભાર નીચે હું દબાઇ જઇશ એવું ના થાય, મારા સ્વમાન, શીલનું રક્ષણ કરે તેવો ભડવીર મારે જોઇએ છે. છે કોઇ એવો પુરૃષ જે મારી બધી જ ઇચ્છા સંતોષે, અને રાજપુરોહિતના મનમાં બે નામ આવ્યા એક કૃષ્ણ, બીજું અર્જુન પણ તરત જ અર્જુનના

નામ પર પસ્તાવો થયો તે તો ખાડવવનમાં લાક્ષાગૃહમાં મોત નિપજ્યું હતું.

એટલે છેલ્લે કૃષ્ણ જ રહ્યા આમ પણ આર્યવર્તમાં તેમનું નામ ગુંજતું હતું તેમના ચમત્કાર અને ચતુરાઇની ચર્ચા-અફવા ચાલતી જ હતી. દ્રૌપદીએ આ બધી વાત સાંભળી હતી. તે મનથી તેમને વરી ચૂકી હતી. તેમનાં સ્વપ્નાં જોતી, રાજ્યના ચિત્રકાર પાસે તેને કૃષ્ણનું કાલ્પનિક ચિત્ર પણ બનાવડાવ્યું હતું. પોતાના શયનખંડમાં પોતાના ખાટલા નીચે સંતાડીને રાખ્યું હતું. રોજ રાત્રે તે ચિત્રને કાઢી કલાકો સુધી તેની સાથે વાતો કર્યા કરતી તેને સાથે લઇને સૂઇ જતી, તે ચિત્રને પ્રેમ કરતી, તે સંકોચ વગર કૃષ્ણની નજીક જતી રહેતી. આ પ્રેમ કહેવાય કે ઘેલછા તેની તેને ખબર નહોતી પણ તે મનથી તનથી કૃષ્ણની થઇ ગઇ હતી. હજુ સુધી તેણે કૃષ્ણને જોયા પણ નહોતા પણ બંને વચ્ચે એક સામ્ય હતું તે કૃષ્ણા હતી અને તે કૃષ્ણ.

સ્વયંવરનું મુહૂર્ત નીકળી ગયું. શું સ્પર્ધા રાખવી તે ભાઇ ઉપર છોડી દીધું હતું. શીખંડી તેમાં મદદરૂપ થવાનો હતો, ત્રણે એક જ દિવસ એક જ ઘડીએ યજ્ઞામાંથી જન્મ્યા હતા. કોઇ નાના કે મોટા નહીં. ત્રણેમાં સંપ પણ હતો. તેનું બધાં માનતા કંકોત્રી લખવાની યાદી બનવા લાગી. દ્રુપદ અને રાજપુરોહિત યાદી તૈયાર કરતા હતા. ભારત વર્ષના રાજા-રજવાડાના નામો લખાતાં જતાં હતાં. તેમ તેમ દ્રૌપદી બેચેન થતી જતી હતી. હજુ કૃષ્ણનું નામ યાદીમાં આવતું નહોતું. તે ઊંચી નીચી થતી હતી. આતુરતા તેને કોરી ખાતી હતી. હજુ નામ ના આવ્યું કદાચ તેમને ના પણ બોલાવે,

ના કેમ બોલાવે કેવી રીતે ચાલે, ધીરજ ખૂટતાં તેણે વચ્ચે પૂછી જ લીધું કૃષ્ણ વાસુદેવનું નામ કેમ નથી લખતા ? રાજપુરોહિત ચોંકી ગયા, જવાબ તૈયાર હતો તેમની જરૂર નથી, કહ્યું કે આપણે એવા રાજા, મહારાજાને આમંત્રણ આપીએ છે તેમાં કૃષ્ણ ના હોય તે યાદવ છે. તે નાના દ્વારકાનો રાજા છે. આવા નાના રાજાઓને બોલાવીએ તો લગ્નનું મહત્વ જ ના રહે, અને પાછા જરાસંઘ પણ આવવાના છે. રાજાના રાજા, મહારાજ જરાસંઘ અને કૃષ્ણની દુશ્મની જાણીતી હતી ના કરે અને બંને વચ્ચે સંઘર્ષ થાય તો સ્વયંવર બાજુ પર રહી જાય અને યુધ્ધ થઇ જાય અને પછી દ્રુપદની આબરૂ, તેની ખુંવારીથી રાજનો નાશ થાય, અને શું જરૂર છે. એક કૃષ્ણ નહીં આવે તો ?

દ્રૌપદી તારા માટે એક એકથી ચઢિયાતા રાજાઓ હાજર રહેશે અને આ તો સ્પર્ધા છે તારી ઇચ્છાને જે માન અપાશે, પણ દ્રૌપદ તેની ઇચ્છા સમજી ગયા તે મુંઝાયા, રાજપુરોહિતની વાત સાચી હતી પણ દીકરીની ઇચ્છા પણ સમજતા હતા. તેના નસીબમાં જે હશે તે, તે વિચારીને તેમણે પુરોહિતને કહ્યું, કૃષ્ણને પણ લખો અને આમ સ્વયંવરની યાદીમાં ડરમાં ક્રમાંકે કૃષ્ણનું નામ ઉમેરાયું અને આમ પહેલી વખત કૃષ્ણનો મહાભારતમાં સત્તાવાર પહેલો પ્રવેશ થયો. અત્યાર સુધી તે ભારત વર્ષના વિશાળ ફલક ઉપર પહેલાં કદી આવ્યા નહોતા, પાંડવોને કોઇ દિવસ મળ્યા નહોતા, જોયા નહોતા અને દ્રૌપદીની ઉંમર ૧૯ વર્ષ અને કૃષ્ણની ઉંમર આશરે ૫૦ વર્ષની હશે.

દ્રૌપદીના આગ્રહથી દ્વારકાના કૃષ્ણને પણ આમંત્રણ મળ્યું. આમંત્રણનો અસ્વીકાર કોઇ રાજા કરી ના શકે ભલે તે વૃધ્ધ હોય. નિસંતાન હોય, હારેલો હોય કે નબળો હોય દરેક હાજર રહેતા. સ્વયંવરની સ્પર્ધા તે જ દિવસ જાહેર થતી. ઘણી વખત એક પણ ઉમેદવાર ના મળતાં, સ્પર્ધા ફરી ગોઠવવી પડતી. સ્વયંવર, તેમાં બળવાન રાજા રાજકુમારીનું અપહરણ કરી જતા, યુધ્ધો થતાં જાનહાનિ થતી. અને દિકરી રહેંસાઇ જતી. દ્રુપદને ફક્ત એક જ ડર હતો ચક્રવર્તી મગધનરેશ જરાસંઘનો અને તેની તાકાતનો તેણે ભારતવર્ષના ૧૦૦ નાના મોટા રાજાને હરાવી તેમના રાજનો કબજો લીધો હતો, બંદી પણ બનાવ્યા હતા, તેની સામે કોઇ હરીફ નહોતો, કૃષ્ણ પણ તેના ડરથી મથુરા છોડી સલામત જગ્યા સુધી દ્વારકા જતા રહ્યા હતા.

(૫)

આખું  પાંચાલ રમણે ચઢયું હતું, દ્રૌપદીનો સ્વયંવર જોવો હતો. કોઇનો પગ ઘરમાં રહેતો નહોતો. કોઇની પાસે ફાજલ સમય નહોતો બધા પોતાની રીતે પાંચાલને સજાવવામાં લાગી ગયા હતા. ખજાનો ખુલ્લો મૂકી દેવામાં આવ્યો હતો. એકની એક દિકરી દ્રૌપદીના લગ્ન છે. દિવસો નજીક આવતાં ઉત્તેજના વધતી જતી હતી. નિયમ પ્રમાણે ૪ દિવસ પહેલા રાજાઓએ આવવાની શરૂઆત કરી. દ્રૌપદી ઝરુખામાં પોતાની સખીઓ સાથે ઊભી રહેતી, આવનાર રાજા ઝરુખા પાસે આવીને ઊભા રહે, પંડિત એ રાજાના ગુણગાન કહે. વંશાવેલી કહે. કયા રાજના સ્વામી છે તે જણાવે અને પછી રથ તેમના ઉતારે લઇ જવાય, ત્યાં તેમના મનોરંજન માટે શ્રેષ્ઠ

ભોજન, સંગીત, શ્રેષ્ઠ વૈશ્યા, શિકાર માટેના રથ, નોકર, ચાકર, સેવિકા, બધું જ તૈયાર રહેતું. તે સમયમાં વૈશ્યાગમન સરળ હતું તેનો કોઇને છોછ નહોતો સમાજમાં આ બધું સ્વીકૃત હતું. જેવો રાજા તેવી શ્રેષ્ઠ રૂપસુંદરી તેમના માટે તૈયાર રહેતી. વૈશ્યાનું રાજ દરબારમાં પણ સ્થાન હતું કુમાર કે કુંવરી બાલ્યાવસ્થા ઓળંગે ત્યારે રાજમાં આશ્રિત વૈશ્યા, રાજકુમાર, રાજકુમારીને કામની માહિતી આપે, ચરમસીમા અને આનંદના વિવિધ પાઠ શીખવાડે, અને આ કુદરતી, સહજ છે તેમ મનાવી તેમાં પારંગત બનાવે, દ્રૌપદી પણ તેનાથી દૂર નહોતી તે પણ આ અનુભવ લઇ ચૂકી હતી. આ સ્વીકૃત નિયમ હતો. કેટલી વખત રાજકુમાર કે રાજકુમારી થાકેલી હોય તો તેમાના નિવાસ, પ્રવાસણ આ જવાબદારી સ્વીકારતા. આ બધું ફરજીયાત હતું કારણે દરેક રાજા બહુ પત્ની ધરાવતા હતા, કામક્રીડામાં પારંગત રાણીની પાસે રાજા વારંવાર જતા બીજી પાસે ઓછા જતા. એટલે રાણીઓમાં પણ અંદર અંદર સ્પર્ધા, પ્રપંચ, કાવત્રાં, કાવાદાવા, સર્વોશ્રેષ્ઠ, સર્વોપરી રહેવાની ઇચ્છા તેનાથી તે રાણી મટી માનીતી કે પટરાણી, ખજાનાની ચાવી, સત્તા અને ઐયાસી પ્રાપ્ત કરતી, થતી.

(૬)

સ્વયંવરને બે દિવસ બાકી હતા મોટા ભાગના રાજા મહારાજા આવી ગયા'તા, પણ જેના માટે તે તલપાપડ હતી તે કૃષ્ણ હજુ આવ્યા નહોતા ચિંતાતુર થઇને વિચારતી કે શું નહીં આવે ? નહીં આવે તો ? હું સ્વયંવર બંધ રખાવીશ, મનથી તનથી વરી ચૂકી છું, પતિ તરીકે સ્વીકારી લીધા છે.

મનમાં સારા ખરાબ વિચારો આવવા લાગ્યા, અધીરી થઇ ગઇ, દાસીને ચાર પાંચ વખત તેમના ઉતારે મોકલી આપી, કદાચ બારોબાર જતા રહ્યા હોય તો દરેક વખત ખાલી હાથે પાછી આવતી, કોઇ સમાચાર નહોતા સાંજ પડવા લાગી હતી. થોડા જ સમયમાં સૂર્ય આથમવાનો હતો, નિયમ પ્રમાણે કોઇ રાજા સૂર્યાસ્ત પછી ના આવી શકે,

દ્રૌપદીના આંખમાંથી ચોધાર આંસુ નીકળવા લાગ્યા, મુંઝાઇ ગઇ, ધ્રૂસ્કે ચડી ગઇ, તેનું ભાગ્ય ફૂટેલું છે. જે ને માન્યા તેને બદલે બીજાનું પડખું સેવવું પડશે, વિચારોથી ધ્રૂજી ગઇ કંપારી છૂટવા લાગી, આપઘાતના વિચારો આવતા.

અને દૂરથી થોડો કોલાહલ થતો સંભળાયો, કૃષ્ણ વાસુદેવની જય, આ ઉચ્ચાર વારે ઘડીએ વાતાવરણમાં ગુંજતા, ટોળું ધીરે ધીરે નજીક આવતું ગયુ. અને તેને હાશ થઇ કોઇકે આવી કહ્યું આ રસાલો દ્વારકાશીધ કૃષ્ણનો છે, તેને હાશ થઇ શાંતિ વળી, શું હું તેમને જોઇ શકીશ છે? તેનામાં તેટલી હીંમત? ભાવિ ભરથાર, જોયેલા દાંપત્યજીવનના સ્વપ્ન, મોં પર શરમ ના સેરડા, મોં લાલચોળ શ્વાસની ગતી વધતી ગઇ, તેને ટેકાની જરૂર પડી અને થોડી વારમાં તેમનો રથ તેના ઝરૂખા પાસે આવીને ઉભો રહ્યો, દ્રૌપદીની આંખો નીચે ઢળેલી હતી.  પૂરોહિતે આવી કૃષ્ણના વખાણ કરવા લાગ્યા, દ્વારકાના રાજા યુગપુરૂષ, યુગદ્રારા, યોગી, યોગેશ્વર, ભોગી, સ્ત્રીઓને જીતનાર, મનના માણિગર, આર્યવર્તના શ્રેષ્ઠ પુરૂષ કૃષ્ણ વાસુદેવ. જયગોષ પુરો થયો. હવે દ્રૌપદીમાં ઉંચે જોવાની હિંમત આવી, થોડી ક્ષણ માટે સુદબુધ ખોઇ બેઠી તે કૃષ્ણને જોતી જ રહી. તેની કલ્પના

સાચી પડી ચિત્રકાર પાસે દોરાયેલા તેમના ચિત્ર આબેહુબ દ્રશ્યનું ચિત્ર હતું શું આ ભાવિનો સંકેત હતો. મનમાં તેમની છબી એન તેને આપેલી સૂચના પ્રમાણે ચિત્રકારે છબી બનાવી હતી અને તે કૃષ્ણની જ નીકળે, સખીએ આવીને ઢંઢોળી, વિવેક કરવા કહ્યું દ્રૌપદી જાણે નમી તેમને પ્રણામ કર્યો. કૃષ્ણ મારકણું હસ્યા હાસ્યમાં આમંત્રણ હતા મળવાની ઇચ્છા હતી. અને અચાનક પુરોહીત આ વાતાવરણમાં ભંગ પાડવા આગળ બોલવા લાગ્યા, તેમની સાથે છે તેમનો શ્રેષ્ઠ પુત્ર પ્રદ્યુમન અને તેની સાથે પ્રદ્યુમનનો જયેષ્ઠ પુત્ર અનિરૃધ્ધ, કૃષ્ણ પુત્ર, પૌત્રને લઇ દાદાની જવાબદારીએ આવ્યા હતા, ફરી દ્રૌપદી ધ્રૂજી ગઇ કૃષ્ણ સ્પર્ધામાં ભાગ નહીં લેં, પોતાના પુત્ર કે પૌત્રને ઉતારશે. શું મારે તેમની પુત્રવધૂ બનવાનું છે. કંપી ગઇ આવું ના બને, આવું ના થવા દેવાય, હું હાર પહેરાવી દઇશ, ભલે મને કૃષ્ણ ના મળે પણ હું તેમની પુત્રવધૂ તો નહીં જ થઉં, જેને સ્વપ્નમાં માણ્યો હતો, ભોગવ્યા હતા તેને છોડીને તેના પુત્રની પત્ની, આ તો વિકૃતિ ગણાય હું તો એની થઇ ચૂકી છે અને મનોમન તેણે કંઇક નક્કી કરી લીધું. રથ તો આગળ વધી ગયો. પાછળ રહી ગયા દ્રૌપદીના નિસાસા, હાય, દુઃખ, પણ દ્રૌપદી પણ પીછો છોડે તેવી નહોતી.

સંધ્યાકાળ શરૂ થઇ ગયો હતો ચારે બાજુ પાંચાલ નગર ઝળહળી ઉઠયું હતું ફરી દિવસ ઉગી નીકળ્યો, ચારે બાજુ દિવસ જેટલો પ્રકાશ, ગામમાં હજુ પણ હવન, મનોરંજન, સંગીત, પકવાનના જલ્સા ચાલતા હતા. પણ દ્રૌપદી બેચેન હતી. રાત પડી પોતના અંગત ખવાસને બોલાવી પાલખી તૈયાર કરવા કહ્યું. તે પહેલાં કૃષ્ણની છાવણી ક્યાં છે તેની તપાસ

કરવાની સૂચના આપી. ખવાસ આવી સૂચના આપી કે બધું બરાબર છે. અને દ્રૌપદી હાથમાં કોઇ ચીજ લઇને સાવચેતી રાખી પાલખીમાં બેઠી. થોડી જ વારમાં પૂર્ણ પ્રકાશિત છાવણી પાસે પાલખી આવીને ઊભી રહી. ચારે બાજુ ચોકીદારનો કડક પહેરો હતો. તેને નવાઇ લાગી બીજા કોઇ રાજાની છાવણીમાં આવું નહોતું અને અહીં જ કેમ ? તેણે ખવાસને કારણ પૂછયું ટૂંકો જવાબ મળ્યો જરાસંઘની દુશ્મનીને લીધે, તે ચોંકી ગઇ. તેણે અંદર જવાનો પ્રયત્ન કર્યો ચોકીદારે તેને ઓળખી નહીં, સારૂં જ કહેવાય ના પાડી, ખવાસે ઓળખાણ આપીને અંદર સંદેશ મોકલ્યો. તરત જ આદર સાથે તેને અંદર લઇ જવામાં આવી, વિશાળ સુશોભિત છાવણીમાં તે પ્રવેશી ચારે બાજુ સરસ આછો પ્રકાશ ફેલાયેલો હતો, મશાલમાંથી સરસ મીઠી મારક સુગંધ આવતી હતી. વિશાળ દિવાન ખંડ અંદર સરસ ગાદી-તકિયા સમક્ષ ઝુલવાળા મોટા પડદા જે એકબીજાના કક્ષને અલગ પાડતા હતા. તે નવાઇ પામી આટલી વિશાળ છાવણી તેને આ પહેલાં જોઇ નહોતી. બહાર નજર કરી તો આશરે ૫૦ ઘોડા, હાથી, રથ વગેરે સજ્જ તૈયાર થઇને ઊભા હતા. પોતાના પુત્ર અને પૌત્રના કક્ષ જુદા હતા. અહીં કૃષ્ણ એકલા જ હતા, ચારે બાજુ ઝુમ્મરો લટકતા હતા. સમય અનુસાર તે પ્રકાશ પાડતા હતા. તેણે સ્વર્ગ જોયું નહોતું પણ અહીં તેને સ્વર્ગનો અનુભવ થતો જોયો, તે ચકિત થઇ ગઇ હતી, બઘવાઇ ગઇ હતી. અત્યાર સુધી કૃષ્ણ ચૂપ જ હતા, દ્રૌપદી પણ ચૂપ હતી ને બધુ જોયા કરતી અને કૃષ્ણ દ્રૌપદીનું બારીક અવલોકન કરતા હતા તે તેનાથી પ્રભાવિત થયા, પણ કશું બોલ્યા નહીં, તે જાણતા કે હવે તે શું બોલશે તેની પાસે જ

બોલવા દેવી, સ્ત્રી પોતાની લાગણી છુપાવી નથી શકતી તે અહી આવી તેનો અર્થ બહુ સાફ હતો કે તે સર્મિપત થવા આવી હતી. અને શાંતિનો ભંગ કરતા દ્રૌપદી બોલી:

‘ગોવિંદ હું મર્યાદા તોડીને તમારી પાસે આવી છું. બે દિવસ પછી મારો સ્વયંવર છે કોઇને ખબર પડે તો યુધ્ધ ફાટી નીકળે, પણ મને તેનો કોઇ ડર નથી. હું એક સ્ત્રી થઇને હિંમતથી તમારી પાસે કબૂલ કરૃં છું. હું તમને પ્રેમ કરૃં છું, મનથી હું તમને વરી ચૂકી છું. મેં તમારા જ સ્વપ્ના જોયા છે, મારે તમારી સાથે જ જીવન જીવવું છે. મારો સ્વીકાર કરો’

કૃષ્ણ દ્રૌપદીની હિંમત જોઇને વધુ પ્રભાવિત થયા, એક રાજકુમારીના બે દિવસ પછી લગ્ન છે. આખું ભારત વર્ષ ભેગું થયું છે તેને મેળવવા, પામવા, હજુ તેનું રૂપ નજીકથી જોયું નથી પૃથ્વી પર આવુ સૌંદર્ય, સરસ કામણગારી, મારકણી, ભરાવદાર અંગ, પૃષ્ઠ સાથળ, સપ્રમાણ નિતંબ, ના ઉંચી ના નીચી, ના કાળી ના ગોરી, ચાલે તો મૃગનયની, બોલે તો મંદિરની ઘંટડી રણકે, દંતાવલી જાણે કમલની પાંખડી, સરસ કાંચુકીબંધ,બહાર આવવા મથતા સપ્રમાણ પાયોધરા, પળ માટે તે રૂપમાં ખોવાઇ ગયા, સૂમ થઇ ગયા અને અનાયાસે બંનેની સરખામણી કરવા લાગ્યા તેમને સમજ ના પડી કે કોણ વધુ સુંદર, મગજમાંથી આ વિચાર હડસેલી દીધો, દ્રૌપદી ભીની થઇ ગઇ હતી. મનમાં ગડમથલ ચાલતી હતી આગળ શું બોલવું? શું કહેવું કૃષ્ણે જ પહેલાં કરી દ્રૌપદીની પાસે આવ્યા હાથ પકડી ધીરે રહીને તેને ગાદી પાસે લઇ ગયા, તેને આસન ઉપર બેસાડી. જ્યારે તેમણે દ્રૌપદીનો હાથ પકડયો, ત્યારે બંનેનો હૃદયનો એક

ધબકારો ચૂકી ગયો તેની નોંધ બંનેએ લીધી. અને ફરી દ્રૌપદી બોલી, હું તમારા વગર રહી નહીં શકં, નહિ જીવી શકીશ, ગોવિંદ હું બધુ કરવા તૈયાર છું. તમને જોયા પછી હું કામમાં વિહ્વળ થઇ ગઇ છું. મારૂં મન મારા કાબૂમાં નથી તમે મને તમારામાં સમાવી લો. તે ઊભી થઇને કૃષ્ણ પાસે આવી નીચે નમી, ચરણ સ્પર્શ કર્યા. આંખમાં ગરમ આંસુ કૃષ્ણના પગ ભીંજવતા હતા કૃષ્ણ દિગ્મૂઢ થઇ બોલ્યા વગર આ અનુભવ લેતા રહ્યા, દ્રૌપદી તેમના પગમાં ફસડાઇ પડી ગઇ હતી. સભાન અવસ્થામાં બોલતી, બબડતી હતી, ગોવિંદ મારો સ્વીકાર કરો, હું તમારી જ છું. કયાં સુધી મૌન ખામોશીમાં ? દ્રૌપદી બબડતી રહી, રડતી રહી. કૃષ્ણને પણ તેની તરફ ખેંચાણ થયું આ કામ હતો કે પ્રેમ ? તેની બંનેમાંથી કોઇને પણ ખબર નહોતી. જો કામ હોત તો ક્ષણની વાત હતી પણ જો પ્રેમ હોય તો જન્મોની વાત હતી. બંનેમાં આતુરતા હતી, ઉન્માદ હતો, આવેગ હતો પણ મર્યાદા પણ હતી કલાકો સુધી બંને કશું બોલ્યા વગર સામ સામે હાથ પકડીને બેસી રહ્યા, સવારે કૂકડો બોલ્યો, બંને તંદ્રામાંથી જાગ્યા રાત વહી ગઇ હતી, ધીરે ધીરે ચહલપહલ થતી જતી, મંદિરમાં ઘંટ વાગ્યા, બ્રાહ્મણો મંત્ર બોલતા ત્રિકાળ સંધ્યા માટે નદી તરફ જતા હતા. બંને આળસ મરડીને બેઠા થયા, હજુ પણ દ્રૌપદી કૃષ્ણના સાંનિધ્યમાં થોડી ધ્રૂજતી હતી. આ શરમ હતી, કે હાજરીનો પ્રભાવ તે નક્કી નહોતું થતું. પ્રભાતના અજવાળામાં દ્રૌપદીની કાયા વધારે તેજસ્વી, ઓજસ્વી લાગતી હતી તેણે પહેરેલા કપડાં, ઘરેણાં, પગરખાં, આજ સુધી કૃષ્ણે કોઇ દિવસ કોઇ સ્ત્રી ઉપર જોયા નહોતા.

'શું વિચાર્યું ગોવિંદ, હું તો જવાની નથી, હું તો આવી જ ગઇ છું. મેં તો તમને નાથ, સ્વામી તરીકે સ્વીકારી લીધા છે તેનો દાખલો આ રહ્યો' તેમ કહીને દ્રૌપદી પોતાની સાથે લાવેલું ચિત્ર ખોલ્યું જો તમારી ગેરહાજરીમાં મારી કલ્પના પ્રમાણે મેં તમને ચિતરાયા છે જોઇ લો હું સાચી છું કે નહીં ? અને ચિત્ર ઉપરથી કપડું હટાવ્યું કૃષ્ણએ જોયું તો જાણે પોતાનું પ્રતિબિંબ સામે હતું. બંને એકબીજાને મળ્યા નથી તો આ ચિત્ર તેણે કેવી રીતે તૈયાર કરાવ્યું. કૃષ્ણ દંગ થઇને દ્રૌપદી અને ચિત્રને જોતા રહ્યા, શું આ છોકરી ગાંડી થઇ ગઇ છે. પોતાના સિવાય બીજું વિચારતી ન હતી. હવે ગભરાવવાનો વારો કૃષ્ણનો હતો જો તેનો તે અત્યારે સ્વીકાર કરે તો અહીં આવેલા તમામ રાજા દ્રુપદના અને તેના દુશ્મન થઇ જાય યુધ્ધ થાય, પાંચાલનો નાશ થાય તેમાંથી કોઇ બળવાન દ્રૌપદીનું અપહરણ પણ કરી જાય સર્વનાશ થાય. આ વિચાર આવતાં તે ગભરાયા, આવેગ, પ્રેમ, આવેશ, કામ તે જુદી વાત છે અને હકીકત જુદી વાત.

દ્રૌપદી બોલી કેશવ આ ચિત્ર સાથે મેં તમારી સાથે દાંપત્યસુખ માણ્યું છે, હું તો તમારી થઇ જ ગઇ છું જો તમે મારો સ્વીકાર નહીં કરો તો હું આત્મહત્યા કરી લઇશ આ ભવમાં તો હું તમારી જ, તમારી સાથે જ રહીશ, તમારી દાસી થઇને પણ રહીશ. મારા તરફથી તમને કોઇ ફરિયાદ નહીં મળે અને હું તમને પ્રતાપી પુત્ર ભેટમાં આપીશ. કૃષ્ણ સાંભળતા જ રહ્યા અને ધ્રૂસકે ચઢી અચાનક છાવણીમાંથી બહાર નીકળી ગઇ, જતાં પહલાં કહેતી ગઇ આજે રાત્રે હું ફરી આવીશ તમારો જવાબ હા માં જ હોવો જોઇએ,

અને તે પાલખીમાં બેસીને સડસડાટ જતી રહી, કૃષ્ણ ઉપર એક ઊંડી છાપ પાથરી ગઇ. તેમને પણ આખી રાતનો ઉજાગરો હતો, તે પણ આડા પડયા ને ઉંઘી ગયા.

(૭)

આખો દિવસ સ્વયંવરની જગ્યાએ રાજાઓની અવર જવર થતી રહી સ્પર્ધા શાની થવાની હતી તેનું નિરીક્ષણ કર્યું જેણે રચના કરી હતી તે તેમના માટે અશક્ય હતું કેટલા તો મનથી જ સ્પર્ધામાંથી ખસી ગયા હતા. હાજર રહેવા ખાતર હાજરી આપશે, દુર્યોધન પણ કર્ણ સાથે આવ્યા હતા. તેમણે સ્થળ સ્પર્ધા જોઇ, તેમના માટે પણ અશક્ય હતું મનમાં ખુશ થયા આ સ્પર્ધામાં ફક્ત બે જણ ભાગ લઇ શકશે. એક અર્જુન બીજા કર્ણ, અર્જુન તો મરી પરવાર્યો છે તો રહ્યો કર્ણ અને કર્ણ જેવાના હાથમાં દ્રૌપદી આવે તો પાંચાલ જેવું મોટું રાજ્ય હસ્તિનાપુરની તાકાત વધારનારું થઇ પડે. અહીં તેની દુરંદેશી કામે લાગી ગઇ પણ વિધાતાએ કંઇ બીજા જ ખેલ કર્યા હતા. તેને ઊંડે ઊંડે ડર હતો કે જરાસંઘ અથવા કૃષ્ણ કોઇ ખેલ ના કરે તો સારૃં આ બંને પરપીશ્યા બધી બાજી બગાડી નાખતા, પોતાને ના મળે પણ બીજાને ના મળવા દે તેવા વિઘ્નસંતોષી હતા. ખાય ના અને ખાવા દે નહીં તેવા હતા. પણ કૃષ્ણ તો પોતાના પુત્ર, પૌત્રને લઇને આવ્યા હતા. પ્રદ્યુમન અને અનિરૃધ્ધ બંને પરણેલા હતા હવે આ સ્થિતિમાં તે પોતે સ્પર્ધામાં આવ્યા હતા કે પુત્ર-પૌત્ર માટે તે હજુ જાહેર નહોતું થયું. તે દરમ્યાન દુર્યોધન બીજા રાજાઓ સાથે સંપર્ક અને મિત્રતા વધારવાનો પ્રયત્ન કર્યો. કૃષ્ણને મળવા આવ્યો પણ તે ઉંઘતા હતા. તેને નવાઇ લાગી

બપોરે કૃષ્ણ સૂતા હોય બને નહીં, પોતાના ગુપ્તચરને બોલાવી માહિતી મેળવવાનો આદેશ આપ્યો, થોડા સમય પછી ગુપ્તચરે ફક્ત એટલા જ સમાચાર આપ્યા આખી રાત છાવણીમાં શાંતિ હતી પ્રકાશ ઓછો હતો કોઇ આવ્યું નહોતું, પણ દુર્યોધન માનવા તૈયાર નહોતો તેને શંકા ચાલુ રાખી, દુર્યોધન મુંઝાયેલો જ રહ્યો, સાંજ પડે દ્રૌપદી શણગાર કરવા લાગી તેને શ્રૃંગાર ગમતો તેનામાં સુંદર દેખાવાની આવડત હતી. તે એવી આર્કષક હતી કે જોતા જ ગમી જાય, તેનું શરીર તેનો બાંધો સામેવાળામાં કામ પેદા કરતો, કૃષ્ણને ત્યાંથી દૂત આવ્યો કે આજે સાંજે તે આવે તો આગળથી નહીં પાછળથી આવે અને પાલખી દૂર ઊભી રાખે ને થોડું ચાલીને રસોડા મારફતે અંદર આવે, કૃષ્ણ અગમચેતી વાળા હતા, તેમને જરાસંઘ, શીશુપાલ અને દુર્યોધનની પ્રવૃત્તિ જાણતા હતા, યોજના પ્રમાણે જ દ્રૌપદી આવી, કૃષ્ણ આભા બની ગયા, ભાન ભૂલી ગયા, આજે દ્રૌપદી સોળ શણગાર કરી આવી હતી જાણે આજે તેના લગ્ન ના હોય, પૂરતી તૈયારી કરીને સજ્જ થઇને આવી હતી તેનામાં આતુરતા હતી, ધીરજ નહોતી, જાણે કૃષ્ણ હા જ પાડવાના છે તેવો વિશ્વાસ હતો, આજે તે લગ્ન કર્યા વગર લગ્નેતર સંબંધ બાંધવા તૈયારી કરીને આવી હતી. ગઇ કાલ કરતા આજે તેના શરીરનો ઉભાર અલગ હતો, તે પૂર્ણ સર્મિપત થવા જ આવી હતી.

આવતાની સાથે કૃષ્ણને પગે લાગી કાલે રડતી હતી આજ તે આનંદિત હતી. નજર નાખી ને કૃષ્ણને કાનમાં કહ્યું થોડા દિવસમાં હું તમને સારા સમાચાર આપીશ, એક તંદુરસ્ત, પ્રતાપી બાળક તમારા

ખોળામાં રમતો હશે, નામ નક્કી કરી રાખશો. કૃષ્ણ ચોંકી ગયા, બે દિવસથી દ્રૌપદીની દરેક વર્તણુંક તેમને ચોંકાવી દેતી હતી. આજે તો પરાકાષ્ઠા હતી. તે તો પછી તૈયારી કરીને આવી હતી, જે રીતે તેણે હક્ક જમાવવાનો ચાલુ કર્યો હતો, તે વારંવાર સ્પર્શ કરતી હતી, કૃષ્ણને ગમતું પણ આ શા માટે?

હવે કૃષ્ણે સ્પષ્ટ થવાની જરૂર હતી. તેમને પણ દ્રૌપદી ગમતી તેનો સ્પર્શ ગમતો તેને પામવા તે પણ ઇચ્છતા હતા, પણ, તેમની દુરદંશી ના પાડતી હતી એક ભૂલ, તેમણે સેવેલા ધર્મરાજ તેમનાં સ્વપ્નાં, તેમનો અવતાર, અધર્મનો નાશ, પાપીનો ધ્વંશ, મૂલ્યો, સત્ય, તંદુરસ્ત સમાજ આ બધું જ ખત્મ જે ક્ષણે ખબર પડશે કે દ્રૌપદી કૃષ્ણ સાથે પરણી ગઇ તે કૃષ્ણ પંચાલ નગરીનો નાશ, દ્રુપદ તેના બે પુત્ર, નગરજનોનો સર્વનાશ, તેના મિત્રપક્ષો, રાજાઓ પણ તેનાથી વિરૂધ્ધ અને આ બધાંની નેતાગીરી જરાસંઘ લેશે તેની સામે વેર વાળવા કદાચ પોતાનો પણ નાશ કરે, સવારે જ અગમચેતી વાપરી, પ્રદ્યુમન અને અનિરૂધ્ધને તેણે દ્વારકા પાછા રવાના કરી દીધા હતા. ભાવિની કલ્પના તેમની સામે તરવરતી હતી. દ્રૌપદીને કંઇ રીતે સમજાવી, તે માનશે ખરી ?, આત્મહત્યા તો નહીં કરે ? શું કહેવાથી તે સમજશે, માનશે ? કળથી કામ લેવું પડશે, નાટક કરવું પડશે, લાગણીમાં ખેંચવી પડશે કોઇ વચન આપવું પડશે, આમ તો તે સમજુ છે અત્યારે તેની સામે પોતે અને અર્જુન, અને કર્ણ પણ જ વિકલ્પ હતા. અર્જુન મર્યો છે તેવું જાહેર થયું હતું પણ તેનું મન માનતું નહોતું. કર્ણની અત્યારે ઉંમર અત્યારે આશરે ૬૬-૬૮ વર્ષની હતી, કજોડું ગણાય,

સ્ત્રીઓના પ્રશ્ન હોય જેમ તેમની ઉંમર વધે તેમ કામ વધે, અને પુરૃષની ઉંમર થાય તેમ કામ ઘટે, દ્રૌપદીની ચિંતા કોરી ખાતી હતી કર્ણની ઉંમર બાધારૃપ હતી. નહીં તો તેના જેવો શ્રેષ્ઠ પુરૃષ આર્યવર્તમાં બીજો કોઇ નહોતો.

કૃષ્ણને સમજ નહોતી પડતી તેને ના કેવી રીતે કહેવી આ તો આજે મધુરરજનીની તૈયારી કરી આવી હતી. તેની આંખમાં વાસનાના સાપોલિયા રમતા દેખાતાં હતાં. તેમની જીંદગીમાં આટલો જટીલ પ્રશ્ન કોઇ વાર આવ્યો નહોતો. એક ગમતી સ્ત્રી અભિસારિકા માટે તૈયાર હતી અને પોતે ના પાડવાના હતા, શેનો ભય હતો, આ ચિનગારી સમગ્ર આર્યવર્તને સર્વનાશ તરફ ખેંચી જતી, તેમણે ઉંડો, ઉનો નિસાસો નાંખ્યો, દ્રૌપદી ધીરે ધીરે કૃષ્ણની નજીક આવતી જતી હતી. તેણે તો દ્દઢ નિર્ણય લઇ જ લીધો હતો આજે તે સર્મિપત થવા જ આવી હતી અને દ્રૌપદી આગળ વધે તે પહેલાં કૃષ્ણ ઊભા થઇ ગયા અને તેનાથી દૂર થઇ દૂર ઊભા રહી ગયા દ્રૌપદીને નવાઇ લાગી અને કૃષ્ણ મૌન થઇ ગયા, ઉંચે જોવા લાગ્યા, દ્રૌપદીની કોઇ નોંધ જ ના લીધી હોય તેમ સ્થિર ઊભા રહી ગયા, મોં પર નકારના ભાવ દેખાઇ આવતાં હતા. શાંત ચિત્તે બોલ્યા:

‘દ્રૌપદી ભાનમાં આવ, વાત સમજ હું પરણેલો છું દિકરાના ઘેર દિકરા છે. મારે ઘણી પત્નીઓ છે. હું તારા માટે યોગ્ય નથી હું તારા માટે લાયક નથી. મારા અને તારા સંબંધ છતા થશે તો પૃથ્વી ઉપર ભૂચાલ આવી જશે, સર્વનાશ થશે, જરાસંઘ, પાંચાલનો તારા પિતા, તારા ભાઇઓનો નાશ કરશે, તેને હું સમજું છું, ઓળખું છું તારી અને મારી અને આર્યવર્તની

ભલાઇ તેમાં છે આપણે દૂર રહીએ. આ મિલન આ સંબંધ શક્ય જ નથી. મને માફ કર, તારા જેવીને પરણવા આખી દુનિયા રાહ જોઇને બેઠી જ છે. અને હું અભાગીયો તું સામેથી આવે છે ને હું ના પાડું છું. નસીબ મારૂં, નિસાસા નાખતાં કહ્યું'

દ્રૌપદી ફસડાઇ ગઇ તેને પણ ભવિષ્યમાં આવનાર આંધીની દહેશત હતી. ક્યાં કૃષ્ણનો સ્વીકાર ? ક્યાં સર્વનાશ, હવે તેણે નક્કી કરવાનું હતું. પુરૃષ મગજથી વિચારે છે. સ્ત્રીઓ હૃદયથી, આ જ ફરક કૃષ્ણ અને દ્રૌપદી વચ્ચે હતો, એક સ્ત્રી હૃદય આપીને બેઠી છે. સર્મિપત થવા આવી છે. બીજાની પણ હા છે પણ ભવિષ્ય અંધકારમય છે. ના તો તેની પાસે અત્યારે મોટું લશ્કર હતું કે ના તો મિત્રો, ઉલ્ટુ દ્રૌપદી તેની થયા પછી બધા ભેગા થઇને તેને પકડી લે કે વધ પણ કરી નાંખે, તે તો યુગપરિવર્તન કરવા અવતર્યા હતા. દ્રૌપદી તેમનો નિર્ણય સાંભળી ચોધાર આસુંએ રડવા લાગી દોડીને આવીને તેને વળગી પડી મેં શું ગુન્હો કર્યો છે. તમે તો નારાયણ છો, શું તમે આ બધાથી ગભરાવ છો, તો ચાલો આપણે ભાગી જઇએ, તમે મારૃં અપહરણ કરો હું વિરોધ નહીં કરૃં, હું ખુલ્લામાં આપણા સબંધનો સ્વીકાર કરીશ. શાસ્ત્રોમાં લખ્યું છે તમે તો જ્ઞાતા છો કામાતુર સ્ત્રીની માંગણીનો ઇન્કાર કરે તે પુરૃષ નર્કનો અધિકારી થાય. અત્યારે હું આજ મનોદશામાં છું, હું કામથી પિડાઉં છું, મારો અસ્વીકાર એ અપરાધ છે. હું તો તમને પ્રેમ કરૃં છું તમે પણ કરો છો તો પછી કોની ચિંતા, આમ કહી દ્રૌપદી રડમસ થઇ કૃષ્ણના ખભે માથું નાખી દીધું . સ્ત્રી પાસે પોતાનું દુઃખ દૂર કરવા પુરૃષના ખભા સિવાય બીજો કોઇ વિકલ્પ હોતો નથી. માટે જ લગ્નમાં

પુરૂષ કરતાં સ્ત્રીની પસંદગી ઉંચાઇમાં નીચે રાખવાનો રિવાજ છે. કૃષ્ણ ધીરે ધીરે દ્રૌપદીના ખભા ઉપર હાથ પ્રસરતા તેને આશ્વાસન આપતા વિચારે ચડી ગયા. શું કરવું ? ધર્માત્માને મોટું ધર્મસંકટ આવી ગયું. એવું નહોતું કે તેમને દ્રૌપદી નહોતી ગમી, તેમનું હૃદય પણ તેને સ્વીકારતું પણ ભાવિ તેમને જૂદું જ કરવા પ્રેરતા હતા, આ સ્ત્રીનો ઉપયોગ જો યુગનિર્માણ માટે થાય તો વધુ સારૃં જો પોતે તેનો સ્વીકાર કરે તો આ પ્રતિભા ઘરમાં પુરાઇ જાય તે તેવું ઇચ્છતા નહોતા. મનમાં નક્કી કર્યું કે તે ભાવિ માટે પોતે દ્રૌપદીનો અસ્વીકાર કરશે, દ્રૌપદીને હાથ પ્રસરતા અનુભવ કરતાં તે સમજતા હતા કે આ સ્ત્રી અગ્નિ કન્યા છે. તેના પિતાની વેરની ભાવના પૂરી કરવા તે જન્મી છે. તેનું શરીર અગ્નિથી સળગતું હતું અને માથા પર કામ સવાર હતો આ ઘડી એવી નહોતી કે પોતે પોતાના નિર્ણય તેને કહે. હજુ તો રાત બાકી હતી. સ્વયંવર તો કાલે મધ્યાહ્ન પછી હતો. સમય હતો મહાકાળ ઉપર છોડયું. નસીબમાં જે હશે તે બંનેવે સ્વીકારવું જ રહ્યું. રાત ધીરે ધીરે વધતી જતી હતી. દ્રૌપદીનો ડુમો ઓછો થતો જતો પણ હજુ તે તેને વળગીને ઉભી હતી, અને તેની સાથેના આલિંગનની પક્કડ વધતી જતી હતી. તેમને પણ ગમતું પણ ધર્મ વચ્ચે આવતો હતો અને ધીરે રહીને તેને જુદી કરી પાટ ઉપર બેસાડી, તે હજુ પણ વળગતી હતી, ગોવિંદ મારો સ્વીકાર કરો હું તમારા વગર નહીં જીવું. હું મરી જઇશ. એક મુગ્ધાનો આર્તનાદ કૃષ્ણને દઝાડતો હતો. તે પણ તેની બાજુમાં બેઠા, ખોળામાં તેનું માથું લઇ વાળમાં આંગળીઓ ફેરવવા લાગ્યા મનમાં બોલતા જતા, દ્રૌપદી મને માફ કર હું તારો જ છું, તારો જ રહીશ, હું તમને

મારાથી અળગી નહીં કરૂં પણ હું લાચાર છું. તે એવું માનતા હતા કે મનમાં બોલે છે પણ તે સભાન બોલતા હતા. અને દ્રૌપદી આ વાત સાંભળતા હતા ને સફાળી બેઠી થઇ ગઇ. શું લાચારી છે તમારી, અને કૃષ્ણે બધી સ્થિતિ સમજાવી દ્રૌપદી માનવા તૈયાર નહોતી, પણ કૃષ્ણે એ તેને સમજાવતા કહ્યું હું તારી સાથે પડછાયાની માફક રહીશ. હું તને એવા વીર સાથે પરણાવીશ કે તું મને ભૂલી જઇશ. હું એવું ઇચ્છતો નથી પણ તને તે વાતનો રંજ નહીં રહે આર્યવર્તમાં મારા જેવા જ શ્રેષ્ઠ આર્ય સાથે તું હોઇશ, દ્રૌપદી ના પાડતી રહીને કૃષ્ણ તેને સમજાવતા રહ્યા, દ્રૌપદીને લાગ્યું કે આ માણસના મગજમાં બીજુ કંઇ રંધાય છે. તેમની વાતમાં સંમોહન હતું ધીરે ધીરે તે કૃષ્ણની વાતમાં આવતી ગઇ અને છેવટે તેણે એક શરત મૂકી હે ગોવિંદ, હું તમારી વાત એક શરતે માનીશ આજે પહેલી ને છેલ્લી વાર મને પ્રેમ કરો, તમારા માટે આ રોજીંદું છે મારા માટે આ પ્રથમ છે અને હું ઇચ્છીશ કે તે કાયમ ટકે અને આટલું કહેતાં તેણે કૃષ્ણને જોરથી આલિંગનમાં લઇ પોતાના ધગતા હોઠ કૃષ્ણના અધર ઉપર મૂકી દીધા, કૃષ્ણએ ઉંડો શ્વાસ લઇ તેનો સ્વીકાર કર્યો કયાંય સુધી તે આ સ્થિતિમાં ઓતપ્રોત રહ્યા પછી અળગા થયા, બંનેના મોં પર ગ્લાનિ હતી પણ કાળ અને કામ પાસે મહાકાલ પણ વિવશ હોય છે. હજુ દ્રૌપદીને સંતોષ નહોતો તે વળગીને ખેંચી રહી અને એકબીજામાં ખોવાઇ ગયા, ભાન ભૂલી ગયા, ફરી સવારના કૂકડાએ તેમને જગાડયા, દ્રૌપદી સફાળી બેઠી થઇ ગઇ કૃષ્ણ પણ સ્વસ્થ થયા, દ્રૌપદીના મોં પર સંતોષ હતો આંસુથી તેનું મોં સૂજી ગયું હતું તેના મોં પર, ગાલ પર આંસુના રેલાના ડાઘ દેખાતા હતા, તેણે તે

સાફ કર્યા. કેશવ મારે જવું જોઇએ હું તમારી આભારી છું. તમે આપેલું વચન તમે પાળશો હું તો તમારી જ છું. અને કૃષ્ણ બોલ્યા હે કૃષ્ણા! હું કૃષ્ણ તને વચન આપું છું કે હું યુગનિર્માતા તો તું યુગ નિર્માત્રી, તારૂં અને મારૂં નામ ઇતિહાસમાં યુગે યુગે માનથી લેવાશે, આપણા વ્યવહાર સંબંધની ઇતિહાસ નોંધ લેશે અને તારી આબરૂ, તારા શીલની રક્ષાની જવાબદારી આજથી મારી, તને કોઇ બીજો સ્પર્શ નહીં કરી શકે.

જે તને કનડશે તેને ખબર નથી કે તું જ્વાળા છે, તારો જન્મ અગ્નિમાંથી થયો છે. મારે તને ના પાડવાનું કારણ પણ તે જ છે. તું વેરની ભાવનાથી જન્મી છે. તારા પિતૃઋણ ચૂકવવાનું છે. તેમાં હું ભાગ ના લઇ શકુ મારે તો યુગનિર્માણ કરવાનું છે. તારે તો બદલો લેવાનો છે.

મને ખબર છે તારો જન્મ જ મહાવિનાશ માટે થયો છે. તેમાં મારો સહયોગ રહેશે, આર્યવર્તમાં ધર્મની સ્થાપનામાં તું નિમિત બનીશ. જો કે તારા વર્તનથી જ કુટુંબમાં કલેશ થશે જે આગળ જતાં મહાવિનાશમાં ફેરવાશે.

કૃષ્ણએ તેને નજીક લઇને અને માથું સૂંઘ્યું અને કપાળ ઉપર ચુંબન કર્યું, જા, કાલે તારૂં ભાવિ ઘડાયું છે. ત્યાં જઇશ. એક વાત ધ્યાનમાં રાખજે હું તને જે ઇશારો કરૂં ત્યાં જ વરમાળા પહેરાવજે. મારા તને આશીર્વાદ છે. અને ભરાયેલા હૃદયે બંને છૂટા પડયા. બંનેની આંખમાં આંસુ હતા. કૃષ્ણને પ્રતિશોધ માટેનું પાત્ર મળ્યાનો આનંદ હતો  તો દ્રૌપદીને પ્રેમ ગુમાવ્યાનો રંજ હતો. પણ તેને કૃષ્ણની વાતમાં વિશ્વાસ હતો તે તેની સાથે જ રહેશે. તેની રક્ષા કરશે. સ્ત્રીને જિંદગીમાં શું જોઇએ? તેના ચારિત્રનું રક્ષણ

કરનાર, તેને ગૌરવ આપે, તેને માન આપે અને સલામતી આપે બીજું શું જોઇએ ?

સ્વયંવર તો પતી ગયો, જે બન્યું તેનો તેને ખેદ હતો પણ કૃષ્ણના ઇશારાએ જ કર્ણનું અપમાન કર્યું હતું. અપમાન તો કરી નાખ્યું પણ તેને ખૂબ દુઃખ થયું પણ તે શું કરે જેના ઉપર તેણે ભરોસો મૂક્યો અને જેના સહારે જિંદગી જીવવાની હતી તેનું ના માને તો? ભવિષ્યમાં કોઇ દિવસ તક મળશે તો માફી માંગી લઇશ, અને બ્રાહ્મણના વેશમાં આવેલા અર્જુને લક્ષ્યવેધ કરીને મને જીતી લીધી, હું વરમાળા પહેરાવી તેની થઇ ગઇ. હજુ સુધી મને ખબર નહોતી કે તેઓ પાંડવ છે અને આ પાંડવ પક્ષના અર્જુન છે. ફક્ત કૃષ્ણના બીજા ઇશારે જ હું વરી બેઠી, જે પ્રજાપતિની ઘેર ઉતરેલા ત્યાં તેઓ મને લઇ ગયા તેમની માતા કુંતીએ ભૂલ કરી અને મારે આખી જીંદગી ભોગવવું પડયું. જ્યારે હું ઝુંપડીની બહાર ઊભી હતી ત્યારે મેં જોયુ તો બાકીના ચાર પાંડવો મારી તરફ લાલચુ કામુક નજરે જોતા હતા, મને ખાઇ જવા તૈયાર હતા. તેમાં પણ સૌથી વધારે લાલચુ, કામુક નજર યુધિષ્ઠિરની હતી. દ્રૌપદી સ્થિતિ સમજી શકતી નહોતી આટલી મોટી ઉંમર છતાં બધા કુંવારા? કૃષ્ણાએ વ્યાસજીના કહેવાથી પાંચે પતિનો સ્વીકાર કર્યો દાંપત્યજીવનની વ્યવસ્થા ગોઠવી આપી જેથી તેને પણ રાહત રહે અને તેના માટે બધા પડાપડી ના કરે અને શાંતિથી દાંપત્યજીવન ભોગવી શકે. સ્વયંવરમાં અર્જુન જીતેલો એટલે તેની જિંદગીમાં પ્રથમ હક્કદાર અર્જુન જ હોય. દ્રૌપદીને ઊંડે ઊંડે અનુકૂળ

લાગ્યો, અને જ્યારે મિત્ર કૃષ્ણનો ઇશારો તેમની પસંદ કદાચ યોગ્ય જ હશે, અને વ્યાસજી અને કૃષ્ણે રસ્તો કાઢી આપ્યો.

દ્રૌપદીને જીત્યો અર્જુન એટલે તે પહેલો ત્યાર પછી દર ૬૦ દિવસ એટલે બે મહિને વારો બદલાય. બીજો પતિ યુધિષ્ઠિર, ત્રીજો ભીમ, ચોથો નકુલ, પાંચમો સહદેવ, કુલ ૧૦ મહીના વારાફરતી પાંચે ભાઇની પત્ની તરીકે રહેવાનું અને દાંપત્ય જીવન ભોગવવાનું  બાકીના ૨ મહિના પોતાના અંગત ધર્મ માટે અલગ. આ વ્યવસ્થા ગોઠવાઇ ગઇ. શું ધારેલુ ? શું થયું, અત્યારે તો તે કૃષ્ણથી અંજાયેલી હતી તેમનો સહવાસ, તેમની હાજરી બધું સારૃં સારૃં લાગતું હતું. પણ ભવિષ્ય અંધકારમય હતું. યાતના, દુઃખ, તિરસ્કૃત, શોષણ, શરમ આ બધું તેના નસીબમાં હતું શું આ બધામાંથી કૃષ્ણ તેને ઉગારી શકશે, તે જ્યારે બીજે દિવસ કૃષ્ણની છાવણીમાં હતી અને કૃષ્ણની વાત માની તેમને બદલે બીજાના વિચાર સ્વીકાર કર્યો ત્યારે કૃષ્ણે દ્રૌપદીનો હાથ પોતાના હાથમાં લઇ કહ્યું હતું કે સખી, મારી આ સલાહ છે. મેં તને ના પાડી છે પણ હું તારી જીંદગીમાં છું જ, તું જેને પરણીશ ત્યારે તારા દાંપત્ય સંબંધ વખતે તું કોઇ દીવસ મારો વિચાર ના કરતી. સ્ત્રીઓની એક આદત હોય છે હંમેશા આવા સંબંધો પોતાના આદર્શને યાદ કરતી હોય છે. સરખામણી કરતી હોય છે અને જીવ પામતી હોય છે. અને તેને લીધે તેનું દાંપત્ય જીવન અધુરૃં અને અસંતોષી રહેતું હોય છે. ભવિષ્યમાં આ શિખામણ દ્રૌપદી વારંવાર યાદ કરતી હતી.

ઇન્દ્રપ્રસ્થનો બનાવ બની ગયો પોતાનાથી ભૂલથી જે વાક્ય નીકળ્યા હતા તે ભારે પડવાના હતા તેને તે ખબર હતી. વેરનો પાયો નંખાઇ ગયો

હતો. મહેલના દાસ દાસીઓ અંદર અંદર વાત કરતા હતા, તે જ્યારથી આવી છે ત્યારથી મહેલમાં કંકાસ, કલેશ વધી ગયો છે. આજ સુધી પાંડવો કોઇ દિવસ પોતાનો હક્ક માંગતા નહોતા હું જુદા થવાની વાત કરતા નહોતા કે ભાગ માગતા નહોતા, તેના આવ્યા પછી આ વાત આવી. જો કે દ્રૌપદીએ આવી કોઇ વાત પાંચે પતિને કોઇ વખત કરી નહોતી પણ તે ચડાવતી હતી. તેનું રૂપ, તેનું શરીર તેનું દુશ્મન બનતું જતું હતું. પોતાના પાંચ કામુક પતિ અને કૌરવના પક્ષે ૧૦૦ યુવરાજ આવતા જતા બધા જ તેને કામુક નજરે જોતા, આરપાર જોતા. તેને મેળવવા, પામવા માટેના ગંદા વિચારો મોં પર રેલાઇ આવતા. આ પ્રકૃતિ અને દુધમતી હતી પણ તેનો શું વાંક, અને છેલ્લે રાજના ભાગલા પડયા, તેના ભાગે ઇન્દ્રપ્રસ્થ આવ્યું. ચાલો હવે શાંતિથી જીવાશે. ઇન્દ્રપ્રસ્થમાં આવે ૧૬ વર્ષ થઇ ગયા, સુખ-શાંતિ, વૈભવ, કૃષ્ણનો સાથ, હુંફ જિંદગી સરળતાથી જતી હતી. પણ આ નસીબને કબુલ નહોતું. માણસના મગજમાં વેર-વેણ કોઇ દિવસ નિકળતા નહોતા અને અચાનક એક દિવસ કાકા વિદુર જુગારનું આમંત્રણ લઇને આવી પહોંચ્યા. મારા પાંચે પતિમાં સૌથી નબળા, લાલચુ, લોભી, અવિચારી નિર્ણય, વ્યસની, તેવા ધર્મરાજ યુધિષ્ઠિર હતા, અને તેમણે જુગારનું આમંત્રણ કોઇને પૂછયા વગર સ્વીકારી લીધું અને અમે હાર્યા, બીજી વખત પણ હાર્યા, અને અમારી પનોતિ શરૂ થઇ. આ ૧૬ વર્ષમાં પાચ પુત્રની માતા બની ચૂકી હતી. અને અમારા ભાગે ૧૩ વર્ષનો વનવાસ આવ્યો, પણ એક વાત મને સુવા દેતી નહોતી અને કર્ણ માટે માન હતું પણ જ્યારે જુગારમાં મને મુકવામાં આવી ત્યારે તેમણે મને

બંધુકી (વૈશ્યા) કહી આ મારા ચારિત્ર્ય ઉપર ઘા હતો સ્ત્રીની આત્મા, સ્વમાન ઉપર ઘા હતો પણ અમે લાચાર હતા આના માટે હું કર્ણને જવાબદાર નહોતી ગણતી પણ ગુન્હેગાર હોય તો લાલચુ, લોભી યુધિષ્ઠિર હતા. જ્યારે તેમણે બધું મૂકવા લાગ્યા ત્યારે તેમના મનમાં કૌરવનું પણ બધું પડાવી લેવાની જ ભાવના હતી. કારણ કે જુગારમાં કોણ જીતે કોણ હારે તે નક્કી નહોતું અને તેમની વાતમાં બધા મૂક રહ્યા તેનો અર્થ એ પણ થાય કે પાંચે લોભિયા લાલચુ હતા. એક પક્ષી વાંક કાઢવો યોગ્ય નથી જ્યારે તમારા દુશ્મન બોલાવે ત્યારે આવવાની શું જરૂર ? અને આવ્યા તો તેને સાથે લાવવાની શું જરૂર હતી. પહેલી વખત દાવમાં મુકી, મુક્ત થયા પછી ફરી રમવા બેઠા ત્યારે પહેલી શરત કરવાની હતી કે આ વખતના દાવમાં મારા ભાઇઓ અને પત્નીને હું દાવ ઉપર નહીં લગાવું. પણ વિનાશ કાળે વિપરીત બુધ્ધિ, લાલચ, લોભ માણસને કેટલી નીચ અને અધર્મ કયાંયે પહોંચાડે છે.

ઇતિહાસમાં એક પત્ની પાંચ પતિ, જુગારમાં પત્ની સ્થૂળ મિલકત ગણી એક નહીં બબ્બે વખત દાવ પર મૂકવી અને દાવ પર મૂકતા જે શબ્દો યુધિષ્ઠિરે વાપર્યા તે નીચ અને હલકી કક્ષાના હતા. કોઇ પતિ પોતાની પત્ની માટે આવા શબ્દો વાપરે નહીં અને ત્યારથી જ મને તેમના તરફ નફરત, અણગમો થઇ ગયો, હું કૃષ્ણ અને વ્યાસજીનો અને મારા નસીબનો વાંક કાઢતી હતી. મેં શું કૃષ્ણની વાત માની ભૂલ કરી હતી. તેમણે પોતાના સ્વાર્થ સાધવા મને રમકડું બનાવ્યું હતું મને નિમિત બનાવી હતી મેં તો બધું તેમને આપ્યું હતું અને જુગારમાં મને દાવ પર

મૂકતા મારા જે રીતે વખાણ કર્યા તેમાં તેમને શરમ ના આવી કે ના બાકીના ભાઇઓએ તેનો વિરોધ કર્યો કે રોક્યા, એક પતિ પોતાની પત્ની સાથે શયનખંડમાં પત્નીને જે રીતે જુએ છે તે વખાણ જાહેરમાં ભરી સભામાં કરે તે નિર્લજ નહીં તો શું ગણાય, અને તેમને તે હદ પણ ઓળંગી નાખી હતી. અને ધર્મરાજ બોલ્યા, હું મારી અને અમારી પત્ની દ્રૌપદીને દાવ પર મુકું છું આ એવી દ્રૌપદી છે " જે ઉંચી નથી કે નથી નીચી, સપ્રમાણ છે. તે નથી કાળી કે નથી ગોરી તે ઘઉવર્ણી છે. તેના વાળ નાગણ જેટલા લાંબા અને નિતંબ સુધી પહોંચે તેવા કાળા છે. તેની ભ્રમર, તેની આંખો કામણગારી, મારકણી અને ગહન છે. તેના હોઠ પુષ્પની કળી જેવા છે. તે શરીરે ભરાવદાર પુષ્ઠ સાથળ, અને પુષ્ઠ નિતંબ ધરાવતી છે. તે ચાલે છે તો જાણે મૃગનયની માફક તેવી અમારી પ્રિય પત્નીને હું દાવ ઉપર લગાડું છું, મૂકું છું.

આ હતી નિર્લજતાની પરાકાષ્ઠા અને મને આજે લાગે છે કે કર્ણમાં મને વૈશ્યા કહેવાની જે હીંમત આવીને કદાચ આ વાત પછી જ આવી હશે.

****

બધું ગુમાવી અમે ૧૩ વર્ષ માટે જંગલમાં ગયા ૧૬ વર્ષ ઇન્દ્રપ્રસ્થનું સુખ ઘડીના છઠ્ઠા ભાગમાં છીનવાઇ ગયું. આજે મને મારા પાંચે પતિ ઉપર નફરત થઇ શું આ જ ધર્મરાજ, આજ ઇન્દ્રપ્રસ્થ ગાંડીવધારી અર્જુન, વાયુપુત્ર ભીમ, સહદેવ, નકુલ, ઘરની અંદર કે બહાર જતી આવતી વખતે કુંતીએ તેમને રોક્યા કેમ નહીં? જાણ વગર જ પાંચે ભાઇઓ વહેંચીને ભાગ પાડી લો, ખાલી બોલ્યા, બોલેલું પાછું પણ ખેંચી લેવાય ? કોઇ વખત

બોલવાથી જીભ કચડાઇ જાય, નવેસરથી કહી શક્યા હોત કે બોલેલું બધું પાછું એવા તો ઘણા દાખલા હતા કે મારા આવ્યા પછી ઘણા પ્રસંગ એવા બન્યા હતા કે કુંતીની વાતને લોકોએ અવગણી હતી. ખરેખર તો તેઓ પાંડુ પુત્ર નહોતા તેઓ તો ફક્ત કુંતી પુત્ર જ હતા.

જ્યારે ૧૩ વર્ષના વનવાસ જતી વખત વનમાં પ્રવેશ કર્યો ત્યારે ત્યાં સ્વાગત કરવા યજ્ઞાઋષિની કુટીર હતી, ત્યાં તેઓ પત્ની અને શિષ્યો સાથે રહેતા હતા, બટુકોને ભણાવતા હતા, સમાજ માટે તૈયાર કરતા હતા. તેમણે અમારી કથા જાણતા હતા. તેમના મને પણ યુધિષ્ઠિરનો જ વાંક હતો, અને બીજી વખત રમવાની તો બહુ મોટી ભૂલ કરી હતી. પણ નસીબની બલિહારી. થોડા દિવસ રોકાયા, ત્યાં સુધી ભીમ, સહદેવ, નકુલ, અર્જુન, યુધિષ્ઠિર નજીકમાં સુંદર તળાવ, ઝરણા પાસે સુરક્ષિત જગ્યા શોધી પર્ણકુટીર બાંધી દીધી અહીં એમ પાંચ કુટીર બાંધી હતી, તેણે યજ્ઞાઋષિ સાથે ઘણી વાત કરી હતી. આમ જોવા જઇએ તો ઋષિની તે માનસપુત્રી થાય તે યજ્ઞામાંથી જન્મી હતી. તેનું કોઇ જ નામ જ નહોતું દ્રુપદને ત્યાં જન્મી એટલે દ્રૌપદી, પાંચાલ દેશમાં જન્મી હતી એટલે પાંચાલી, થોડી કાળી ઘઉંવર્ણી હતી એટલે કૃષ્ણા, યજ્ઞામાંથી જન્મી એટલે યજ્ઞાાસેની, નામ વગરની હું આજે પણ નામ વગર નામ શોધતી ફરૃં છું. હવે મને પાંડુ પત્ની કહેવામાં પણ શરમ આવતી હતી.

ભૂતકાળની વાત કરતા કરતા એક પ્રસંગ ઋષિએ પૂછયો અને તારા પતિઓ સાથે ફાવે છે ને આ વ્યવસ્થા ગળે ઉતરે તેવી નથી. અને તેણે ઋષિપત્નીની હાજરીમાં આપવીતી કહી. બન્યું એવું કે અર્જુનને ૧૨ વર્ષ

વનમાં જવું પડયું. વનમાં બ્રહ્મચર્ય પાળવાનું હતું પણ તે પણ.... નિયમ પ્રમાણે ગયા તો ખરા પણ બ્રહ્માચારી રહ્યા નહીં, તેમણે તો વચનભંગ કર્યો અને મારા સાથે દ્રૌહ કર્યો, હા તે વખતે સ્ત્રીની કોઇ કીંમત નહોતી. માણસની પ્રકૃતિ પ્રમાણે તે તરત જ ઉલૂપી, ચિત્રગંદા અને સુભદ્રાના પ્રેમમાં પડી ગયા અને લગ્ન કરી લીધા હતા. પણ તે જ્યારે ૧૨ વર્ષ માટે વનમાં ગયા ત્યારે વ્યાસજી અમારા દાંપત્ય જીવન માટે જે વ્યવસ્થા ગોઠવી આપેલી તેમાં અર્જુનની ગેરહાજરીમાં ૨ મહીના ખાલી પડયા, ચાર મહિના માટે ચારે ભાઇઓ ખૂબ ઝઘડયા હતા. અને વઘેલા ૨ મહિના પણ મારે વચ્ચે પડીને ચાર ભાગમાં વહેંચી આપ્યા હતા. આ પ્રેમ હતો કે કામાંધપણુ, કે વાસના મને આજ સુધી સમજ પડી નથી અને હું મારા પતિના હાથે જ શોષિત થતી રહી.

મારે આ વાત તમને કહેવી ના જોઇએ પણ આજે મારે એક ધર્મનો પ્રશ્ન પૂછવો છે. તમે મારા માતા-પિતા સમાન છો.

હા પૂછ, પૂછ તું અમારી પુત્રી જ છે. વિધિએ આપણને વિપરીત સંજોગોમાં ભેગા કર્યા છે. આ તારૂં પિયર જ છે. તું આ વનવાસ દરમ્યાન કાયમ અહીં રહી શકે છે. તને કોઇ તકલીફ નહીં પડે, તું અહીં સુરક્ષિત છે.

આ બધા બટુકો તારા પુત્ર જેવા છે. તું તો તારા પાંચ પુત્રોને કુંતી પાસે મૂકી આવી છે તે સારૂં કર્યું. વનમાં તેઓ દુઃખી થાત અને તે પુત્રનો શું વાક, સારૂં છે કે ધર્મપુત્રએ કુંતી કે તારા પાંચ પુત્રને દાવ પર નહોતા લગાવ્યા. અને દ્રૌપદીની આંખમાં આંસુ આવી ગયા, બાળકો વગર તે દુઃખી હતી. બાળકો પણ મા-બાપ વગર ઝૂરતા હશે, ફરી તેને ધર્મપુત્ર

ઉપર ગુસ્સો આવ્યો પણ શું થાય ? શું કરે ? તે લાચાર હતી. ઋષિએ પૂછયું તું કોઇ પ્રશ્ન પૂછવા માંગતી હતી, હા પ્રશ્ન એવો છે કે મારા સ્વમાન, સ્વાભિમાન ઉપર કારમો ઘા પડયો છે. મારી પર આક્ષેપ થયો છે જુગાર સમયે કર્ણે મને વૈશ્યા કહી, તે વેણ મને સૂવા દેતા નથી.

કર્ણ જ્ઞાની, ધર્મનો જ્ઞાત માણસ છે. કદાચ મારા સ્વયંવરમાં મેં કરેલા અપમાનનો બદલો લેવા તે બોલ્યા હશે.

ઋષિ ચૂપ રહ્યા, ગહન વિચારમાં પડી ગયા. કશું બોલી ના શક્યા, ગુંચવાઇ ગયા હતા. શું બોલવું ધર્મની વાત કરવી કે પોતાના વિચાર કરવા, કે ર્ધાિમક દાખલા આપવા, અને યોગ્ય જવાબ આપવો.

હું એવું માનું છું ઋષિ બોલ્યા કદાચ હું ખોટો હોઉં પણ આ પ્રશ્ન પૂછીને મને તું ધર્મસંકટમાં મુકે છે જો હું જે જવાબ આપીશ તે મારી માનસપુત્રી તરીકે તને ગળે નહીં ઉતરે, અને ઉતરશે તો તને આઘાતી લાગશે. તું પણ એવી જગ્યાએ ઊભી છે કે એક બાજુ ખાણ છે. સામે વાઘ છે. હું તને જવાબ આપવાની ના પાડું છું. અને કર્ણના મનમાં શું હતું તે તો તે જ જાણે તેને કેવા સંદર્ભમાં આ વાત કરી છે તે મને ખબર નથી અને કેટલા પ્રશ્નના ખુલાસા ના હોય, સત્યને પણ કેટલી વખત ઢાંકી રાખવું પડે નહીં તો જીવન, દાંપત્ય જીવન, શંકા કુશંકામાં શેકાઇ જાય. માટે જ દાંપત્ય જીવનમાં સ્ત્રીની ભુગોળ કે ઇતિહાસ ના જોવાય, જોવા બેસો તો નિરાશા જ હાથ આવે પુરૃષ તો બધામાંથી છટકી શકે છે. તે તે અકંચન છે. સ્ત્રીએ પોતાનું ચારિત્ર પોતે જ સાચવવાનું છે. તેનાથી જો કોઇ ભૂલ થઇ જાય તો તે પણ તેને રંજ કર્યા વગર મૂક મન સાચવી લેવાની હોય છે. આ જ

દેવોનું વરદાન છે. દ્રૌપદી વિચારમાં પડી ગઇ, સ્વયંવરના આગળના બે દિવસ તેને યાદ આવી ગયા. શું તે અયોગ્ય હતું તેનું મન ના પાડતું હતું તે ઘટના બરાબર જ હતી. આ આખી પરિસ્થિતિના જવાબદાર કેશવ હતા. નહીં કે પોતે તે તો તેને સર્મિપત હતી. આજે પણ હતી તે તો તેમને દેવ ગણતી. કદાચ એટલે જ તેમની નિકટ રહેવા માટે જ પાંચ પતિની આ યાતના સહન કરતી હતી. તેમની એક ઝાંખીથી, એક દર્શનથી તેના દુઃખ દૂર થઇ જતા હતા, અને છેલ્લા મિલન વખતે તેમણે આપેલી સોનેરી સલાહ તેને હંમેશાં યાદ આવતી પણ સલાહનો અમલ કરી નહોતી શકતી, મન માકડું છે. અને કેશવે કદાચ જાણી જોઇને જ આ સલાહ આપી હશે તેવુંૃ તે માનતી હતી. જેથી તેવા દાંપત્ય સંબંધ સમયે સ્ત્રીનો આદર્શ પુરૂષ પોતાનો પહેલો પ્રેમ, પહેલો સંબંધ ભૂલી નથી શકાતો પોતાની આ દશા છે તો કદાચ તેમની પણ આ દશા નહીં હોય ને? પણ પાછો વિચાર આવતો કે ના, ના તેમને તો આઠ પત્ની છે. રાધા છે. ગોપીઓ છે તેમના માટે આ સંબંધો, પ્રેમ રોજીંદો છે. જીવનનો એક ભાગ છે. કદાચ યુગનિર્માણમાં આ ઘટના જરૂરી પણ હોય. તે તો અવતાર છે. કૃષ્ણ કરે તે લીલા જ કહેવાય, તેના વિચારોમાં ખલેલ પાડતાં ઋષિએ કહ્યું ચાલ આપણે જમી લઇએ ઋષિએ જવાબ ના આપ્યો, અને કહ્યું રાત્રે ફરી વિચારી જ જે જીંદગીમાં મનની કેટલીક ઘટનાનો કોઇ જવાબ ના હોય તેણે સ્વીકારી લેવી, ભૂલ ગણવી નહીં, રંજ રાખવો નહીં કોઇને કહેવું નહીં કે કોઇને પૂછવું નહીં, જો હૃદય પર બોજો હોય તો પણ તે મનમાં જ રાખવો, સ્ત્રી પતિત થાય પછી તેનું કોઇ હોતું નથી. તે એકલી પડી જાય

છે. તેનો કોઇ આશરો નથી હોતો, મા-બાપ, ભાઇ-બહેન, પુત્ર-પત્ની બધા જ સાથ છોડી દેતા હોય છે. માટે કાલે વધારે વાત કરીશું.

આખી રાત દ્રૌપદી પાસા ફેરવતી રહી, પારકા ઘરમાં હતી, તે ઋષિ પત્ની સાથે સૂતી હતી. કેટલી વખત ધ્રૂસકે ચડતી અને શાંત થતી, તેના ચારિત્ર ઉપર પ્રહાર થયો હતો, તેને આઘાત તો એ વાતનો લાગ્યો, કે પાંચે પતિ શાંત રહ્યા. તેને વૈશ્યા કહી પછી પણ તેમના મોં પર કોઇ ગ્લાનિ નહોતી, દુશાસન અને દુર્યોધનને મારવાની, લોહી પીવાની પ્રતિજ્ઞા લીધી પણ કર્ણની બાબતમાં તેમનો કોઇ આક્રોશ નહોતો, જાણે તે બોલ્યો તે તેમને સ્વીકારી ના લીધું હોય, એક તબક્કે તે દુર્યોધન કે દુશાસનને ભૂલી જાય પણ કર્ણને માફ ના કરી શકાય તેવા શબ્દો તેણે સાંભળ્યા હતા. અને સહન કર્યા હતા.

સવાર પડયું તેની તેને ખબર ના પડી, ઋષિ પત્નીને ખબર હતી આખી રાત તેણે પાસા ફેરવ્યા છે. ત્રિકાળ સંધ્યા કરી ઋષિ પાછા આવીને બટુકોને મંત્રોચ્ચાર કરાવતા હતા. કોઇ ગહન વિષય ઉપર પ્રવચન આપતા હતા તેમના શબ્દો કાનમાં અથડાતા હતા પણ તેનું મન તેમાં નહોતું તેને એક જ શબ્દ ખુંચ્યા કરતો હતો, વેશ્યા, વેશ્યા.

ઋષિ પોતાની શિક્ષાની જવાબદારીમાંથી મુક્ત થઇને તેની પાસે આવ્યા, છેલ્લો શબ્દ તેણે સાંભળ્યો હતો, "વિદ્યાથી જ મુક્તિ મળે છે." ક્ષમા વીરોનું આભુષણ છે. ઋષિના બંને વાક્યો મનમાં ગુંજ્યા કર્યા પહેલું તો ઠીક પણ બીજું વાક્ય તેને ગણકાર્યું નહીં તેને તો એવું લાગ્યું કે જો આ વાક્ય ધર્મરાજ સાંભળે તો તે કર્ણ, દુશાસન, દુર્યોધનને માફ કરી દે, તેને

તે થવા દેવું નહોતું, તેને તો બદલો લેવો હતો, ગોવિંદને તેની જરૂર હતી તેવી તેને પણ ગોવિંદની જરૂર હતી આ બાબતમાં તેણે જો ભોગ આપ્યો હતો તે ગોવિંદને ખબર હતી. તેણે ઋષિને વિનંતી કરી કે ગમે તેટલું કડવું સત્ય કહો તે પચાવી લેશે, સ્વીકારી લેશે, તેને દુઃખ નહીં લાગે કે બદલો નહીં લે હું કર્ણને પણ માફ કરી દઇશ, કદાચ અપમાનના બદલામાં તે આવેશમાં આવીને બોલી ગયા હશે અને ઋષિ અચાનક બોલ્યા સાંભળ, જો તારામાં સાંભળવાની હિંમત હોય તો હું માન્યતા અને પ્રણાલીને ધ્યાનમાં રાખી તને કહું છું તેનો કહેવાનો મતલબ તારૃં અભિમાન તોડવાનો, તારા અપમાનનો બદલો લેવાનો અને તેણે વિચારીને આ શબ્દો બોલ્યા છે અને તે સાચો છે.

દ્રૌપદીના માથે આભ પડયું તેમ મૂક થઇ ગઇ, શું કહો છે તમે ? હું વેશ્યા, હું પીંછુડી, શું હું વેશ્યા?

ના, ના, તું વૈશ્યા નથી પણ તેની પાછળનો ભાવાર્થ જુદો છે. કૃષ્ણ અને વેદવ્યાસે જે રીતે તારા દાંપત્યજીવનની વ્યવસ્થા કરી તેમાં તેમણે ઉતાવળ કરી, ભવિષ્યનો વિચાર નથી કર્યો અને આટલી જટીલ સમસ્યા થશે તેની કલ્પના પણ તેમને કરી નહીં હોય, હું તને પૂછું છું વિચારીને જવાબ આપજે, તેમાંથી જ તારા પ્રશ્નોનો જવાબ મળી જશે, સ્ત્રીઓને પોતાના દાંપત્યજીવન, અંગત પ્રશ્નો પ્રમુખ હોય છે. અને સ્ત્રીને જ આ પ્રશ્નો ખબર હોય છે. દર ૨ મહિને તારે તારા પતિ બદવાના હોય છે. તને આ વાતની ખબર પણ નહીં હોય તેં નોંધ પણ નહીં લીધી હોય, સ્ત્રીને માતા બનવાનો આનંદ અનેરો હોય છે. એક નવું બાળક પૃથ્વી ઉપર આવે છે તો

એવું સમજવું કે ભગવાનને આ માનવજાત ઉપર ભરોસો છે કે તે તેને પોષશે, માટે જ મોકલે છે મૂળ વાત ઉપર આવીએ તું જ્યારે ગર્ભધારણ કરતી હતી ત્યારે તને ખબર હતી કે પડતી હતી કે તે ગર્ભ કયા પતિનો છે ? તને ખબર પડે તે પહેલાં જ તારા પતિ બદલાઇ જતા હશે.

તું જેની સાથે રહી અને જેની સાથે પછી રહેતી બેમાંથી કોનાથી તને ગર્ભ રહ્યો તું તેનાથી તું જ્ઞાત હતી? ના નહીં હોય એટલે તારા પાંચે સંતાનનો પિતા કોણ છે તે કદાચ તને ખબર નહીં હોય.

અને દ્રૌપદી વિચારમાં પડી ગઇ આવું તો તેણે કોઇ દિવસ વિચાર્યું નહોતું, તેને ધ્યાન પણ નહોતું રાખ્યું, તેને આ વાતની ખબર જ નહોતી અને તેને ઋષિની વાત કદાચ સાચી પણ હોય તેવું માન્યું. આટલો બધો અનર્થ થશે તેણે કે તેમના પતિએ વિચાર્યુ જ નહોતું જે પહેલાં જન્મ્યો તે યુધિષ્ઠિરને ત્યાર પછી ભીમ, અર્જુન, સહદેવ, નકુલના ગણી લીધી, દરેક સાથે દાંપત્ય ગાળવાનો નિયમ પણ આ જ રીતે ગોઠવાયેલો હતો. તે ચોંકી ગઇ, જવાબ આપી ના શકી, શ્વાસ રૃંધાવા લાગ્યો, પણ ફરી ઋષિ બોલ્યા ચિંતા ના કર, તને ખબર નથી કે બાળકોના પિતા કોણ છે ? પણ તને તો ખબર છે ને કે તું તેમની જનેતા છે. તે તારાં બાળકો છે. માટે મેં કહેલ વાત ધ્યાનમાં જ રાખજે, અમુક વાત સત્ય હોય પણ તેને સંકેલી જ રાખવાની, નહીં તો અનર્થ સર્જાય.

અને હા, હજુ વધુ સાંભળ, કૃષ્ણ, વ્યાસજી એ તારી વ્યવસ્થામાં ઘણી વાતનો ખ્યાલ રાખ્યો નહોતો. કર્ણ સાચો છે. તેણે આવું બોલવું નહોતું જોઇતું અને વધુ આંચકો લાગે તેમ ઋષિએ કહ્યું, આપણે ત્યાં ધર્મની એક

વ્યાખ્યા છે. તું જ્યારે એક પુરૃષથી ગર્ભધારણ કરે તે પુરૃષનું પિંડ તારા ગર્ભમાં પોષાય છે. ત્યારે જ્યાં સુધી તે બાળકનો પ્રસવ ના થાય ત્યાં સુધી બીજા કોઇ પણ પુરૃષનો વિચાર, તેનો સંપર્ક, સંસર્ગ કે તેનું સ્ખલન તારે સ્વીકારવું ના જોઇએ, તેં તો પાંચમાંથી ગમે તે પતિનો ગર્ભધારણ કર્યો પણ પ્રસવ દરમ્યાન તેં બાકીના પતિ સાથે દાંપત્ય ભોગવ્યું. તેમનું સ્ખલન સ્વીકાર્યું ભલે તે નિરર્થક હોય પણ તે અયોગ્ય ગણાય, આ શુધ્ધ ધર્મની વ્યાખ્યા છે. જેમ કે ભીષ્મ એ નીયોગની વાત કરી તારા સામે પક્ષે સંસાર વધાર્યો તે જ પરીણામે તારા પાંચ પતિ છે. તે જ રીતે આ પણ ધર્મની એક વાત છે. મારા આ  જવાબ ઉપર તું વિચારજે. જો હું ખોટો હોઉં તો મને આનંદ થશે નહીં તો તું કર્ણને માફ કરી દેજે, તેણે તારો અભ્યાસ કરી તેણે આ શબ્દ ઉચ્ચાર્યા હશે એવું હું માનું છું. પણ આ પ્રશ્નથી તારે ચિંતા કરવાની જરૃર નથી, કારણ કે તું પતિત નથી. તું આજે પણ પવિત્ર છે અને સતી છે.

પણ તેને મનમાં એક વિચાર ઝળકી ગયો.

સ્વયંવરના આગલા બે દિવસ....

કોનો વાંક કાઢવો, પોતાનો કે ગોવિંદનો ? ના પોતાનો જ વાંક તે તો કેશવને માથે પડી હતી. પણ તે વિચાર તેને હડસેલી દીધો, સ્ત્રીના જીવનમાં આવું બનતું જ હોય તેને ભુલ ના કહેવાય તે આવેશ-આવેગ કહેવાય, આ તો મુગ્ધા અવસ્થાની જરૃરીયાત હોય છે તેમાંથી કોઇ બાકાત રહી શકતું નથી.

એક દિવસ પાંચ પાંડવો અને દ્રૌપદી વનવાસમાં બેઠા હતા.

દેશાટન  માટે નીકળેલા કૃષ્ણ અચાનક તેમને શોધતા શોધતા તેમના સ્થાને આવી પહોંચ્યા. છ એ જણ પોતાના નસીબને કોંસતા મૂંગા મોંઢે વિચારોમાં ખોવાયેલા બેઠા હતા, બધા આ દુઃખ પીડાથી સૂમ મારી ગયા હતા ૧૬ વર્ષ ઇન્દ્રપ્રસ્થ ઉપર રાજ કર્યા પછી અચાનક સામે ચાલીને ઉપાધિ નોતરી લીધી હતી. આવ પથરા પગમાં પડ તેવી દશા થઇ હતી. બધા જ એકબીજાને દોષતા હતા. બધો વાંક યુધિષ્ઠિરનો હતો. યુધિષ્ઠિર શેખી મારતા કહેતા મને કેમ રોક્યો નહીં, ટોક્યો નહીં, નહીં તો હું ના રમત, હું તો લાલચુ અને લોભિયો છું. હું તો ભાન ભૂલી કૌરવોનું બધું પડાવી લેવા માંગતો હતો અને પડાવી લીધો હોત તો આપણે બધા જ સુખી થાત ચક્રવર્તી થાત. આખા ભારત વર્ષમાં આપણી સત્તા હોત, આપણી આણ નીચે પ્રજા સુખી થાત, વગેરે વગેરે,

કૃષ્ણએ વારાફરતી બધાને ઢંઢોળ્યા, પણ કોઇ તંદ્રામાંથી બહાર નીકળ્યું નહીં, કૃષ્ણના આવવાની નોંધ પણ ના લીધી છેલ્લે દ્રૌપદી પાસે ગયા તેને પણ હચમચાવી પણ તે પણ ખોવાયેલી જ હતી. અને કૃષ્ણ જોરથી તેની પીઠ પર ધબાકો માર્યો ત્યારે તે સફાળી જાગી. સામે કૃષ્ણને જોયા ઊભી થઇ ગઇ, માનથી ચરણસ્પર્શ કર્યા. હજુ પાંડવો તો ખોવાયેલા જ હતા.

શું થઇ ગયું છે તને દ્રૌપદી, કૃષ્ણએ પુછયું કશું નહીં, ના તું કોઇ ગહન વિચારમાં ખોવાયેલી હતી. તેમણે સત્ય બોલવાનો આગ્રહ કર્યો તો દ્રૌપદી બોલી.

"તમે મારૃં માન્યું નહીં હું તો તમને જ વરી હતી આજે વિચારતી હતી કે કાશ, તમે મારા છઠ્ઠા પતિ હોત તો, હવે પાંડવોનો વારો કૃષ્ણનો હતો આ દ્રુપદ હત્યા હજુ પણ મને મનમાંથી કાઢી નથી શકી, શું મારી ભૂલ તો નથી થઇ ગઇ ને મારી ભૂલને લીધે જ આ યાતનામાં સળગતી હતી. ચાલ, બધું સરખું થઇ જશે, આશ્વાસન આપ્યું. દ્રૌપદીએ જ બાકીના પાંચેને ઢંઢોળ્યા, અને જાગૃત કર્યા બધાએ કૃષ્ણને આવકાર્યા, માન, આદર સાથે બેસાડયા.

દ્રૌપદીની આ અવદશા જોઇ કૃષ્ણ કંપી ગયા, શું આજ દ્રૌપદી છે ? જેણે તેમને પ્રેમ કર્યો હતો, વનનો ઘસારો, પોષણના અભાવે પીળી પડેલી, ભરાવદાર શરીરમાંથી આજે પાતળી, જર્જરિત શરીર, મોં પર નૂર નહીં, ચમક નહીં, તેજ નહીં, જિંદગીથી થાકી ગયેલી નારાજ, નિઃસાસા નાખતી મોં પર આનંદ ના કોઇ ભાવ નહીં, વેઠ લાગતી જીંદગી, સુકાઇ ગયેલી ભાવના, થનગનાટ કયાંય ગાયબ થઇ ગયો હતો, મરવાના વાંકે જીવતી હાલતી ચાલતી લાશ, શોષીત, અપમાનીત, પીડીત, દ્રૌપદી,

રાત પડી કૃષ્ણને ઊંઘ નહોતી આવતી, દ્રૌપદીના જ વિચાર, તે વિચારે તેમની ઊંઘ ઉડાડી દીધી હતી. તેમણે આ મુગ્ધાને જોઇ હતી, કૌમાર્યની સુગંધ, જુવાનીનો તરવરાટ, કામણગારી કાયા, આંખમાં પ્રેમનું ઊંડાણ, લાગણીશીલ, ઊર્મીઓથી ભરપૂર, આવેગ, આવેશની માલિક, અને આજે આ દશા કોઇ જવાબદાર, ફક્ત એક જ વ્યક્તિ પોતાને ધર્મરાજ કહેનારા, વનમાં ૧૩ વર્ષ તો પાંચ પાંડવોએ જવાનું હતું દ્રૌપદીને નહીં, તેને કુંતી પાસે મૂકીને આવ્યા હોત તો ચાલત, ક્યાં તો પાંચાલ મોકલી

હોત પણ પાંચે જણ પોતાના જરૂરિયાત, વાસના, ભૂખ માટે તેને સાથે લાવ્યા હતા. તેમને સ્ત્રી વગર ચાલતું નહોતું. તેમને તો એક સ્ત્રી જ જોઇતી હતી અને આ તેમની પાંચેની સંયુક્ત પત્ની હતી. બધાને ચાલે, કૃષ્ણની કુટીર બહાર અવાજ આવ્યો, કૃષ્ણ સફાળા બેઠા થઇ ગયા, અત્યારે કોણ ? બહાર આવીને જોયું તો ધ્રૂજતી દ્રૌપદી ઊભી હતી આંખમાં પાણી હતા સંકોચ, શરમ, ક્ષોભ સાથે ઊભી હતી. મને માફ કરો કેશવ. મેં તમને ખલેલ પહોંચાડી, પણ તમે જાગતા હતા તેવું લાગે છે. હું તમારા મોંની લાગણી વાંચી શકું છું. ગોવિંદ મારી જ ચિંતા કરતા હતા ને ? હા, તારી જ ચિંતા મને સુવા ના દીધો, કૃષ્ણ બોલ્યા, શું દશા તારી થઇ છે. મને વાંધો નથી કેટલી વખત મને મરવાના વિચાર આવે છે. પણ પુત્રોને લીધે હિંમત નથી કરતી. હું તો લાચારીમાં જીવું છું ત્યાર પછી તેમને પણ લાચારીમાં જ જીવવાનું.

‘કેશવ તમારા આગ્રહથી, તમારા કહેવાથી મેં પાંડવો સાથે લગ્ન કર્યા. આજે મને તમારી વાત માન્યાનો રંજ છે. તમારી વાત ના માની હોત તો હું વધારે સુખી હોત, મારી જિંદગીની મોટી ભૂલ કે તમારૃં માન્યું. જો કર્ણને વેધ કરવા દીધો હોત અને તે મને જીતી હોત તો અને હું તેને સાથે વધારે સુખી હોત, હું સલામત હોત, મારૃં માન સ્વમાન સચવાતા હોત, મારે જંગલ, જંગલ રખડવું ના પડયું હોત, મારૃં શીલ, મારૃં ચારિત્ર આજે સુરક્ષિત હોત, આજે આ પાંચે નપુંસક પતિથી હું અસલામતી ભોગવું છું. કોઇ પણ વ્યક્તિ મારી આબરૃ લઇ શકે તેવી સ્થિતિમાં હું આજે મૂકાયેલી છું’

કૃષ્ણ નજીક આવ્યા તેને છાતીસરસી ચાંપી ખભા પર હાથ ફેરવ્યો, આશ્વાસન આપ્યું, શું થયું ? દ્રૌપદી તે બોલી ના શકી, કૃષ્ણના ખભા પર માથું મૂકી રડવા લાગી. કૃષ્ણએ તેને રડવા દીધી. ક્યાં સુધી તે ધીમા ધ્રૂસકા સાથે કણસતી રહી. અને વિચારોમાં ખોવાઇ ગઇ.

તેને તેનો જન્મ પ્રસંગ યાદ આવ્યો, દ્રુપદ અને દ્રોણના ઝઘડો, વેર, બદલો લેવા માટે તેને જન્માવી હતી. દ્રૌપદ પોતે બાળકો પેદા કરવા અસમર્થ હતા. તેણે કર્ણ સામે વેર લેવું હતું. એક દિવસ સ્વપ્નામાં યજ્ઞાદેવતાએ આવીને કહ્યું કે યજ્ઞા કર બ્રાહ્મણ, ઋષિને દાન આપ, યજ્ઞા ને સફળ થયે તને યજ્ઞાદેવતા વરદાન આપશે. જેથી તારૃં વેર લઇ શકાશે, તેણે યજ્ઞા રચ્યો, યજમાન તરીકે તેણે સંકલ્પ લીધો હું દ્રોણનો વધ કરવા પુત્ર માંગીશ, યજ્ઞામાં આહુતિ આપતી પણ તેના મનમાં વિચારો ચાલતા હતા, પુત્ર, પુત્રી કે નાન્યતર કોઇ પણ પેદા થાય મારે તો બદલો લેવો છે. યજ્ઞાએ માન્યું તેણે ૩ સંતાન જોઇએ છે. અને યજ્ઞામાં ૩ પીંડ સ્થપાયા, એક પુત્ર, એક પુત્રી, એક નાન્યતર અનુક્રમે ધ્રષ્ટધુમ્ન, દ્રૌપદી, શીખંડી, યજ્ઞામાં ધ્યાન નહોતું પણ મનમાં ફક્ત વેર, બદલો, અપમાન, અપમાનનો બદલો.

દ્રૌપદીનું પીંડ થોડી ક્ષણ મોટું હતું. તેણે આ ગમ-ખુશીમાં સાંભળ્યું, અપમાન, બદલો, વેરનો બદલો, અને તે યજ્ઞામાં  જ મોટી થઇ, તેને કાનમાં તેના પીંડમાં તેના લોહીમાં આ શબ્દો ગુંચાઇ ગયા હતા. તેનો જન્મ તો ફક્ત વેર લેવા માટે જ થયો હતો, જિંદગીનું વિહંગાવલોકન કરતા જોયું કે તેને તો બધાએ ઉપયોગ કર્યો, નિમિત્ત બનાવી ઉપયોગ,

દુરુપયોગ જ કર્યો છે. પુત્રી પ્રેમ હોય, દાંપત્યજીવન હોય, દોસ્તી હોય, મિત્રતા હોય સંબંધ હોય કે વાત્સલ્ય હોય. ભાવિમાં શું હતું તેને ખબર નહોતી જેને ખબર હતી તેના ખભે તો તે માથું રાખીને સ્વપ્નાં જોતી હતી. તેનો પ્રેમ, તેનું સર્વસ્વ, તેની સર્મિપત થવાની તૈયારી. માટે જ તેને સથવારો હતો કે ગોવિંદ છે ને કેટલી વખત તેને ગોવિંદ ઉપર પણ શંકા જતી કે તે તો મારો દૂરુપયોગ કરીને મારી મારફતે પોતાનો સ્વાર્થ તો સાધતા નથી ને, તેને નિમિત બનાવી, યુગદ્દષ્ટા, યુગનિર્માણની વાતો તો કરતા નથીને. તે ધીરે ધીરે સભાન થતી ગઇ, તે કૃષ્ણથી અળગી થઇ દૂર ઊભી રહી. તે એક ઝાડના ઓટલા ઉપર બેઠી, કૃષ્ણ પણ ત્યાં આવીને બેઠા,

શું વિચારતી હતી દ્રૌપદી અને દ્રૌપદી બોલી, મારો જન્મ, અપમાન, વેર, બદલો, તેનો ઉપયોગ, નિયત, બધાની વાતો તેને કૃષ્ણને કરી, પણ તારા મનમાં શાનો અજંપો છે, તારે કોની સામે વેર, બદલો લેવો છે, તારૂં અપમાન કોણે કર્યું, અને દ્રૌપદીએ જયદ્રથની વાત કરી, કૃષ્ણ આ વાતથી અજાણ હતી, તેઓ પણ ડઘાઇ ગયા, શું જયદ્રથની આટલી હિંમત! અને આ પાંચ નમાલા પતિ, તેણે તો અર્જુન માટે પણ નફરત થઇ ગઇ હતી. અને યુધિષ્ઠિર માટે તો ખાસ ધર્મરાજ પોતાની નીતિ માટે પોતે મહાન બન્યા, પોતાની મહાનતા બતાવવા, આટલી બધી બેવકુફી, પોતાની પત્ની ઉપર બળાત્કારનો પ્રયાસ કરનારને જવા દીધો."દ્રૌપદી" કૃષ્ણ બોલ્યા તે બૂમો પાડીને મદદ નહોતી માંગી? માંગી હતી માટે જ અર્જુન અને ભીમ દોડી આવ્યા ને મને બચાવી, નહીં તો મારૂં શું થાત? હું તો ભોગ બનતા

રહી ગઇ. અને કૃષ્ણના મોં પર ભાવ બદલાયા, દ્રૌપદી તારાથી ભૂલ થઇ ગઇ તેં તારા ચીરહરણ વખતે મને યાદ કર્યા ને હું તારી લાજ બચાવવા આવી ગયો હતો ને, આ વખતે તે મને કેમ યાદ ના કર્યો, અને દ્રૌપદીને પોતાની ભૂલ સમજાઇ, કૃષ્ણએ તેને વચન આપ્યું હતું કે તે યાદ કરશે ને તે તેની લાજ બચાવવા આવી જશે કેશવ હજું મોડું નથી થયું તમારી દ્રૌપદીનો બદલો, તેના વધથી જ હોય, મારા કોઇ પતિની તાકાત નથી કે તેની સામે બદલો લઇ શકે, તું નિરાશ ના થા, જરૂર કંઇ રસ્તો નીકળશે, મારે રસ્તો નથી કાઢવો કેશવ મારે બદલો લેવો છે. હું તો તેના માટે જ જન્મી છું તમે મને વચન આપો કે તમે તેનો વધ કરશો, હા શાંતિ રાખ, તારૂં ગૌરવ સચવાય તેવું હું કરીશ, અને તારા પતિથી આટલી બધી નારાજ ના થા, તને નારાજ થવાનો, નફરત કરવાનો હક્ક છે. પણ હું તને વચન આપું છું કે અને ખૂબ ધીમા અવાજે બોલ્યા, જે ફક્ત દ્રૌપદી જ સાંભળી શકે કે કોઇ પાંડવ યોધ્ધો તેનો વધ કરશે પણ દ્રૌપદી તારે એક પાંડવ યોધ્ધો ગુમાવવા પડશે, છે તારી તૈયારી, તું સહન કરી શકીશ.

હા હું એકનો ભોગ સ્વીકારવા તૈયાર છું મારે તો બદલો લેવો છે અને ત્યારે જ મને શાંતિ થશે, અને ગોવિંદ તમે તો મારૂં ભાવિ કહ્યું છે. હું મહાવિનાશક છું વિનાશ માટે જ સર્જાઇ છું તો આ તો ફક્ત એકનો જ ભોગ છે. અને હવે લેવાનું કે આપવાનું શું બાકી છે. બધું તો બધાને આપી દીધું મને શું મળ્યું ફક્ત અપમાન જ ને, હું તૈયાર છું ભલે એક પાંડવ ઓછો થાય, અને હા તમે તો પાંડવ નથી એટલે મને શાંતિ છે, તમે છો તો પછી

મારે કોઇની કયાં જરૂર છે. હું તો તમારામાં જ સમાયેલી છું, મારૂં અસ્તિત્વ તો તમારી ઉપર જ ટક્યું છે.

કૃષ્ણ બોલ્યા, દ્રૌપદી તું મારી છે, હું તારો છું કયો પાંડવ તારા મગજમાં છે. મેં તો ભાવિ જોઇ લીધું છે. અત્યારે તને હું વચન આપું છું કે તું જે નામ વિચારતી હોઇશ, તે નામ કદી બહાર નહીં જાય, અને દ્રૌપદી વિચારમાં પડી ગઇ કયાં સુધી તે ચુપ રહી, મનમાં મોટી ગડમથલ ચાલતી રહી, કોઇક એક પાંડવ યોધ્ધાને ગુમાવવા, પણ આમાંથી કોણ તેના કોઇ કામમાં આવ્યા નથી. અર્જુન તેને પ્રિય હતો પણ જ્યારથી સુભદ્રા આવી છે ત્યારથી તે મારામાં રસ લેતો નથી, બીજા બધા તો લટકણીયા છે. બળજબરીથી લટકેલા છે. અને લાંબા વિચાર, મનોમંથન પછી ધીરે રહીને બોલી મેં વિચાર્યું કેશવ, નકુલ, સહદેવ ભલે મારા કહેવાતા પતિ હોય પણ મારી પાસે જ્યારે હોય છે ત્યારની વાત અલગ છે. બાકીનો સમય તો તે મા ના આજ્ઞાાકિંત પુત્ર, બાળકો જેવા છે. મારાથી ઉંમરમાં પણ નાના છે. મારા કહ્યાગરા પણ છે નાદાન બાળકો છે માટે તે નહીં રહ્યા હવે ત્રણ હું અર્જુનને તો કાયદેસર વરેલી છું. મને ઘણી વાર તેનામાં તમારા દર્શન થાય છે તે તમારો પડછાયો છે માટે તે નહીં જ ભલેને આજે મારો રહ્યો નથી. અને બીજું સુભદ્રા તમારી બહેન છે. તે વિધવા થાય તેવું તમે ને હું ના વિચારૂં હવે રહ્યા ભીમ, ધર્મરાજ આજ સુધી મારી કોઇએ પણ મારી લાજ બચાવવાનો પ્રયત્ન કર્યો હોય તો તે છે ભીમ, તે આજે પણ મને ખૂબ પ્રેમ કરે છે.

ભલે તે દુર્યોધનની પત્ની ભાનુમતીની બહેન કાશીનરેશ કન્યા જલાંધરાને પરણ્યો છે, પાંચ પાંડવોમાં હું સૌથી વધારે સલામતી ભીમ પાસે જ અનુભવુ.

હવે રહ્યા ધર્મરાજ, પોતાની જાતને ધર્મરાજ કહેતા મારા જયેષ્ઠ પતિનું શું કહેવુ દુનિયા તેમને શાના માટે ધર્મરાજ કહે છે તેની મને આજ સુધી સમજ પડી નથી. ડાહી ડાહી વાતો ધર્મના નામે કોઇ પણ પૂર્વા પર સબંધ વગર કહેલી. કેટલી વખત ગહન વિષય પર ના બોલવું તે તેમની મુત્સદીગીરીમાં ખપી જતું અનિર્ણાયક, અવઢવમાં રહેતા, કામી, લાલચુ, લોભીયા, સમય સૂચકતાનો અભાવ, ઉદારતા પણ ભયની જ એક પ્રકૃતિ હોય તે તેમને પાસેથી શીખવી જોઇએ, દુશ્મનને પણ જવા દેવાની ઉદારતા ને કાયરતા ગણાય, તેમનું જમા પાંસુ ફક્ત પાંચમાંથી તે સૌથી મોટા, હર્ષાળુ, તેમનો સ્વભાવ, બીજાના જિંદગીમાં હંમેશાં ડોકીયા કરનાર તેમને અને વિદુર કાકાને ખરૃ ફાવે બંનેની પ્રકૃત્તિ પ્રવૃત્તિ સરખી. માટે જ અનર્થો સર્જયા કરતા. જે રીતે એક નહીં બે વખત મને જુગારમાં મૂકી, જે રીતે હું સ્થુળ ચીજ હોઉ તે રીતે મારા વખાણ કરી મને જુગારમાં મૂકી હારી ગયા, મારી ઇજ્જત લેવાનો પ્રયત્ન થયો પણ તે ચૂપ રહ્યા, પોતાની પત્નીની ઇજ્જત જ્યારે લુંટાતી હોય ત્યારે કોઇ પણ નામર્દ માણસ પણ વચ્ચે કૂદીને ઇજ્જત બચાવે જ્યારે અહી બધા ચૂપ હતા. તેવું જ જયદ્રથના પ્રસંગમાં થયું.

અને હા કેશવ મારે મારા વેરનો બદલો, પ્રતિશોધ લેવાનો હોય અને તમારી મદદ હોય તો એક પાંડવો યોધ્ધો ગુમાવવા તૈયાર છું અને તે

મારા મનમાં ધર્મરાજ છે. મારો જયેષ્ઠ પતિ જે મારા કોઇ કામના નથી, અસમર્થ ક્ષત્રિય રહે કે ના રહે તેની મને કે સમાજને કોઇ જરૂર નથી. હા હું આ જ વિચારૂં છું અને સાથે તે નહીં હોય તો હું કંઇ વિધવા તો થવાની નથી, તમે છો અને બાકીના ૪ તો રહેશે તે અને હવે બોલવાનો વારો કૃષ્ણનો હતો શું આ સ્ત્રી વેર, બદલો, અપમાનના પ્રતિશોધમાં જીવતી બળતી હતી. નજીકથી અનુભવ્યું તેના શ્વાસ પણ ગરમ આવતા હતા, કેટલી તેજસ્વી, ઓજસ્વી, આ અગ્નિ કન્યા કૃષ્ણને તેમને પ્રિયતાથી ધ્રુજારી આવી ગઇ, અને બોલ્યા નારી તું નારાયણી છે. તું દ્રૌપદી હું નારાયણ, અને મનમાં બોલ્યા, તારૂં વેર લેવાશે, જીવશે કોઇને મરશે કોઇ પણ જયદ્રથ જશે, જશેને જશે જ.

તેમણે દ્રૌપદીને ગાઢ આલિંગનમાં લઇને માથા ઉપર એક ચુંબન કર્યું હા, હું તારો કેશવ તને વચન આપું છું તારૂં ધાર્યું થશે, ઉધ્વેગ ઓછો કર, શાંતિથી સૂઇ જા, કાલ તારી છે. તું દેવી છે તું મહાદેવી છે. અને કૃષ્ણ પોતાની કુટીર તરફ જતા રહ્યા દ્રૌપદી ક્યાં સુધી આલિંગનનો સ્પર્શ અનુભવતી ઊભી રહી.

****

કુરૂક્ષેત્રનું યુધ્ધ પૂરૂં થઇ ગયું, ૧૮ સશક્ત સેનાનો નાશ થયો, કુલ પાંડવ પાસે પાંચ પાંડવ છઠ્ઠા સાત્યકી, સાતમા કૃષ્ણ, કૌરવ પક્ષે, અશ્વત્થામા, કૃપાચાર્ય અને કૃતવર્મા આટલા મોટા યુધ્ધમાં એકલી દ્રૌપદી જ એવી હતી કે જે યુદ્ધ મેદાન ઉપર છાવણી નાખીને રહેતી હતી. અને જ્યારે કૌરવનો નાશ થતો ત્યારે ત્યારે પિશાચી આનંદ લેતી. કર્ણને તો

માફ કરી દીધો હતો. તેની ધર્મની પોતાની માટે વ્યાખ્યા તે પ્રભાવિત થઇ હતી તેના માટે તેને માન થયેલું. તે ઘણી વખત કર્ણને મળતી. પાંડવોથી અજાણ હતા. કલાકો સુધી બંને વાત કરતાં તેની ઉદારતા, કુટુંબ પ્રેમ, વફાદારી, શોર્ય, શુરવીરતા જાનની પરવા કર્યા વગર ધર્મની રક્ષાની ખેવના, ટંકીલો, તે વિચારતી કે બંનેનો જન્મ વિચિત્ર પરિસ્થિતમાં થયો, આખા જીવનકાળ દરમ્યાન તે બંને શોષિત રહ્યા. તે સમાજથી સૂતપુત્ર તરીકે અને તે સમાજથી તિરસ્કૃત રહી, પાંચ પાંડવને પરણીને. પાંડવો ફક્ત તેનું રૂપ જોઇને જ સાચવતા, ના તેઓ તેનો વફાદાર રહ્યા ના તે, તે હંમેશાં કૃષ્ણની સલાહ દાંપત્ય જીવનમાં સરખામણી કરતી રહી, તેને ધીરે ધીરે કર્ણ ગમવા લાગ્યો હતો, પણ બંનેમાંથી કોઇએ મર્યાદા ઓળંગી નહોતી. તે હંમેશા તેની સાથે માનથી આદરથી વાત કરતી.

બંને એક-બીજાની પોતાના શબ્દ ઉપર માફી માંગી હળવાશ અનુભવતા, અને કર્ણે જ્યારે યુધ્ધ શરૃ થતાં મને બે વાત કહી તેનાથી હું ચોંકી ગઇ, પાંડવો તરફ મારા પતિ તરફ મને નફરત થવા લાગી શું આવા નમાલા પતિ સાથે મેં જિંદગી વિતાવી.

કોઇ પણ માનવ ઉપર, સ્વમાન ઉપર આરોપ મૂકે તે કેવી રીતે ચલાવી શકાય. બન્યું એવું કે ૧૩ વર્ષના વનવાસ દરમ્યાન કૌરવના બનેવી, દુઃશાલાના પતિ જયદ્રથે તેની એકલતાનો લાભ લઇ તેનું અપહરણ કર્યું અને બળાત્કારની કોશિશ કરી, પણ તેટલામાં ભીમ આવી ગયા, નાનું યુધ્ધ થયું, જયદ્રથને પકડી લીધો, અને ધર્મરાજ યુધિષ્ઠિર બહેનનો પતિ થાય તેમ કહીને દંડ આપ્યા વગર છોડી દીધો. પોતાની

પત્નીની આબરૂનું કંઇ નહીં. ભીમ આવી ગયા, નહીં તો તે બળાત્કારમાં સફળ પણ થાત. આવા નીચ હલકટ માણસને તેમને પોતાના દુશ્મન કૌરવની બહેનના પતિ, એટલે પોતાના પણ બનેવી તેમ કહી છોડી દીધો, અને યુધ્ધ પુરૃં થયા પછી મેં જોયું તો અભિમન્યુના વધના માટે જયદ્રથને દોષી ગણી અર્જુન પ્રતિજ્ઞા લીધી આત્મહત્યાની,  કૃષ્ણે પણ મદદ કરી, તેનો વધ કર્યો. પોતાના પુત્રનો બદલો લીધો પણ મારી સાથે બળજબરી કરી ત્યારે જવા દીધો, અને પાંચે પતિમાંથી કોઇએ તેને દંડ ના દીધો, પત્નીની ઉપર અત્યાચાર ચાલવા દીધો તેમને મારી કોઇ કિંમત નહોતી તેમને તો મારૃં શરીર જ જોઇતું હતું મન નહીં મારી પર ગમે થાય ત્યારે ધર્મ વચ્ચે આવી જતો, ધર્મરાજ તો ધર્મનો આંચળો ઓઢીને ફરતા હતા. અને વાહ, વાહ કરાવતા તેની સરખામણીમાં કર્ણને જે રીતે ચુસ્ત ધર્મ સમજતા હતા તેનો જોટો નહોતો, તેણે મારી સાથે જે મર્યાદા રાખી હતી તેથી હું તેની તરફ ખેંચાઇ હતી, સ્ત્રી નાજુક, નમણી વેલ જેવી હોય છે. તેને હૂંફ, ટેકો જોઇએ તે તરત વીંટળાઇ જતી હોય છે.

****

બીજો બનાવ આના કરતાં પણ ભયંકર છે. શું હું કૃષ્ણને ઝંખતી હતી, પ્રેમ કરતી હતી. સર્મિપત હતી અને તેમણે આવી વાત કરવાની હિંમત કેમ કરી તે સમજાતું નથી. શું દરેક પુરૃષ સ્ત્રીને સ્થૂળ વસ્તુ જ ગણે છે. સ્ત્રીની કોઇ કિંમત જ નહીં તેના મારે કોઇ લાગણી નથી, હું તો તેમની હતી, તો આવી વાત તેમના મોંથી કેવી રીતે નીકળે?

યુધ્ધ પહેલાં સંધિ માટે કૃષ્ણ કુરૂસભામાં ગયા છેલ્લો પ્રયાસ હતો, મેં ના પાડેલી સંધિની જરૂર નથી યુધ્ધ જ વિકલ્પ છે. પણ યુધિષ્ઠિર ના માન્યા, રાજને બદલે પાંચ ગામ લઇને આપશો તો ચલાવી લઇશ. આ ધર્મરાજ હતા, મારા અપમાનની તેમની હાલાકીને લીધે પડેલી તકલીફની કોઇ ચિંતા નહોતી. તે શોર્ય વિનાના હતા. હતવીર્ય હતા, લડવાની હિંમત નહોતી, જીવ વહાલો હતો, સ્વમાન જેવું કશું હતું નહીં.

પણ ગોવિંદ અને મારા આગ્રહથી જ આ વાત શક્ય બની હતી.

કર્ણે મને કહ્યું કે કૃષ્ણ સંધિની વાત પછી કુરૂસભામાંથી બહાર નીકળ્યા ત્યારે તમે કર્ણને તમારી સાથે લેતા ગયા, હસ્તિનાપુરથી દૂર ગયા, રથ ઊભો રાખ્યો, અને કૃષ્ણે કર્ણને જે કહ્યું તે "કર્ણે મને .... કહ્યું, કૃષ્ણે મને કહ્યું તારૂં એક રહસ્ય હું જાણું છું. કર્ણએ જવાબ આપ્યો મને ખબર છે પણ કર્ણે તે રહસ્ય મને ના કહ્યું. મેં તેને બહુ કહ્યું પણ તેણે પ્રેમથી ના પાડી. કૃષ્ણએ કર્ણને દ્રૌપદી તારી તેમ કહી પ્રસ્તાવ મુક્યો, તું અને દ્રૌપદી મળો છો તે મને ખબર છે તમારા બંનેની મનોદશા સરખી છે. તે તેના પતિઓથી નારાજ છે. તું સમાજથી. તમને બંનેને એકબીજા માટે લાગણી થઇ છે તે હું જોઇ શકું છું. દ્રૌપદીને તેમાં વાંધો નહીં હોય. ફક્ત એક જ વાત મારી માન તું દુર્યોધનનો સાથ છોડી દે, તારો સાથ જતાં યુધ્ધ અટકી જશે.

દ્રૌપદી તારી થઇ જશે, એક રીતે તારા અપમાનનો બદલો પણ લેવાઇ જશે. કર્ણે કૃષ્ણને કહ્યું એક બાજુ તમે મને દ્રૌપદી આપવાનું કહો છો બીજી બાજુ હું તેની લાગણીની આદર કરૂં છું તો બદલો કેવો? તમે ધર્મ ભૂલો છો, ધર્મ વિરૂધ્ધની વાત કરો છે. મને પણ ખબર છે. તમારૂં નામ પડતાં

તેની આંખમાં જે ચમક આવે છે તે તમારી તરફનો પ્રેમ જ દેખાય છે. આખી ચમક જે તન-મનથી સર્મિપત હોય તેની આંખમાં જ હોય. બીજું ઉંમરમાં હું મોટો છું. મારી ઘેર પૌત્રની કંકોત્રી લખવાના સમય છે મારી થાય તે મને ગમે, પણ...અનૈતિક આડાસંબંધમાં હું માનતો નથી. તેની તકલીફમાં હું તેના મિત્ર તરીકે ઊભો રહું તે શોભે, તેનો ગેરફાયદો ના લેવાય, તેણે કૃષ્ણને ઝાટકો આપ્યો, સ્ત્રી દુઃખ હોય તો સાથે સહાનુભૂતિની જ જરૂર હોય છે. તે તમારી થઇ જાય. બીજા આ વાતનો લાભ લે પણ હું રાધાપુત્ર, સૂતપુત્ર આવો લાભ ના લઉં હા તેને મારી મદદની જરૂર હોય તો હું ઊભો છું. જો તેને દૂર્યોધન સામે વાંધો હોય તો તેને સાથે હું વચ્ચે પડીને સમાધાન કરાવી દેત. અને હે મિત્ર તમે જો કૃષ્ણની વાત માની હોત તો હું મારા નપુંસક પતિને છોડીને તમારી પાસે આવી જાત, અને લાંછન લાગત, માન-પાન જાત, પણ મારી સલામતી સુરક્ષા, મારા શીલનું રક્ષણ કરવા તમે સક્ષમ છો. આ પાંચે તો આ વાતમાં નિષ્ફળ છે. કૃષ્ણ વગર તે હમેશા મોટા નિર્ણયો લે છે. તેમની પોતાની કોઇ આવડત નથી. મને આ બધામાં થોડો અર્જુન માટે લાગણી-પ્રેમ હતો. પણ તે પણ જ્યારથી સુભદ્રાને પરણી લાવ્યો છે ત્યારથી તેને મારામાંથી રસ ઉડી ગયો છે. સુભદ્રાને લાવ્યા પછી હું જાણે તેની કશી છું જ નહીં તેવો તેનો વ્યવહાર છે.

મારી જિંદગીની દર્શન કરતાં લાગે છે કે હું તો દર વખતે બીજાનું રમકડું જ છું મારૂં કોઇ સ્વમાન અસ્તિત્વ જ નથી. હા તમને એક માહીતી આપું જિંદગીમાં એક વખત વનમાં રહેતા યજ્ઞાઋષિને જરૂર મળશો. તેમને

મારી આંખ ખોલી નાંખી છે. તમારી સામેની મારી ઉગ્રતા ઝેર તેમણે ધર્મનો સહારો લઇને મને સમજાવીને હું તેમની વાત સ્વીકારવા તૈયાર થઇ, તમારૃં ધર્મનું જ્ઞાાન, ઊંડાણથી પ્રભાવિત થઇને જ હું તમારી પ્રીત પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યો.

****

## કર્ણ મરાયો

દગાથી મરાયો મારવાની પ્રેરણા કૃષ્ણએ અર્જુનને આપી. ભલે કૃષ્ણ તેમના માટે સર્વોપરી હતા, કૃષ્ણની આ ચાલ માટે તેને દુઃખ થયું પણ શું કરે ? કૃષ્ણને તે સર્મિપત હતી. તે તન-મનથી તેમને વરેલી હતી. કર્ણ મરાયો, તેની જિંદગીમાં એક ખાલીપો આવી ગયો, કર્ણ હતા ત્યાં સુધી તેને મનમાં સલામતીની ભાવના હતી. તેને હવે પાંડવો ઉપર ભરોસો નહોતો રહ્યો. પોતાનો બદલો લેશે કે નહીં ? તેને એવું લાગ્યું કે કર્ણના જવાથી બે જણની આંખમાં આંસુ આવશે એક વૃશાલી કર્ણની પત્ની, અને બીજી પોતે, સ્ત્રી જ એક પુરૃષની ખોટ સમજી શકે, ધર્માત્મા કર્ણ. તેની પાછળ રડનારૃં પણ કોઇ નથી. આ વૃશકેતુ તેના નવ પુત્રમાંથી બચેલો એક માત્ર પુત્ર. અને રડવાવાળું પણ કોઇ કયાં બચ્યું હતું, દ્રૌપદીએ તેને એક વાત કહી હતી.

દુનિયામાં કેટલા કેટલા લોકોએ તેને દગો દીધો હતો તેને છેતર્યા હતા તેની વાત તેને કહી, ઇન્દ્ર આવીને અર્જુન માટે કવચ, કુંડળ માંગી ગયા, પોતાના દાનની પ્રણાલી તોડી, તે જાણતો હતો કે તે પોતાનું મોત આપી રહ્યો છે. પણ ઇન્દ્ર ખુદ યાચક બનીને આવ્યો પછી જોઇએ શું ? ઇન્દ્રને

ભીખ આપી દીધી દુનિયામાં તેના દાનનો જોટો જડે તેમ નથી. પોતાનો પ્રાણ આપી દીધો.

અધૂરામાં પૂરૂં કુંતી આવીને પાંચ પાંડવ માટે કર્ણ પાસે અભયદાન માંગી ગઇ, કર્ણ મરે તેમાં તેને કોઇ વાંધો નહોતો. તે પણ માંગી ગઇ કર્ણ આશીર્વાદ માટે પગે લાગ્યો તો કુંતીએ તેને અભયદાન પાંડવો તરફથી આપવાને બદલે ફક્ત "નીરોગી રહેજે" તેવા આશીર્વાદ આપ્યા, પાંડવો તો તેના કહ્યાગરા હતા. તે પાંડવોને કહી શકત કે કર્ણને ના મારતા, પણ કર્ણને લાગણીથી છેતર્યો, અને કર્ણને મોત આપ્યું.

વધુમાં સાંભળ્યું કે કર્ણ સામે લડતા હતા અને પોતાની અમૂલ્ય શક્તિથી અર્જુન સામે તીર છોડવાની તૈયારી કરી ત્યારે અર્જુનના દુશ્મન નાગરાજ તક્ષક તેના તીર ઉપર આવીને બેસી ગયા અને કર્ણને કહ્યું તીર છોડ, આ તીર નિષ્ફળ નહીં જાય, પણ  કૃષ્ણએ રથને નીચો નમાવીને અર્જુનને બચાવી લીધો.

દ્રૌપદીને પોતાના જીવનમાં ખાલીપો લાગતો હતો, જીવન નિરર્થક લાગતું, આપઘાત કરવાનું મન થતું પણ પાંચ પુત્ર અને કૃષ્ણ તરફની અને છેલ્લે કર્ણ તરફની લાગણી, હવે તો કર્ણ રહ્યો નથી, કૃષ્ણના ચારિત્ર બચે તે અપેક્ષા એકતરફી વિચારતી, તેને વિચાર આપતો તે જેટલી કૃષ્ણ તરફ સર્મિપત છે તેવી રીતે કૃષ્ણ તેને સર્મિપત છે ખરા ? તેમની હાજરીમાં તેને એવું લાગતું, સાથે તેમની ગેરહાજરીમાં મન ના પાડતું, શું આખી જિંદગી આ સંબંધ અધ્ધરતાલ જ રહેવાના હવે તો તેનામાં હિંમત

હતી ને કોઇની ચિંતા કર્યા વગર તેના ગોવિંદ સાથેના સંબંધ જાહેર કરવા તૈયાર હતી, પણ નિયતિ જુદી જ હતી.

તેમનું વેર લેવાઇ ગયું હતું કયા ભોગે, પોતાના પાંચ પુત્રનો ભોગ લેવાયો હતો, બાપ-ભાઇ ગયા,મિત્ર ગયો, પાંચે પતિને હવે કોઇ રસ નહોતો. તેની રાજ માટેની તરસ, સત્તા માટેની ભૂખ, પ્રસિધ્ધિની ભૂખ પુરી થઇ ગઇ હતી. એક રાજ માટે આટલી મોટી ખુવારી ભલે તે નિમિત્ત બની હતી. કૃષ્ણ એ તેને નિમિત બનાવી હતી. તેનો વેર-અગ્ની જવલંત રાખ્યો હતો.

પણ હવે શું? યુધ્ધ પુરૂં થયું, કૃષ્ણ દ્વારકા ગયા પછી કોઇ દિવસ હસ્તિનાપુર પાછા આવ્યા નથી, તેનાથી કોઇ દિવસ દ્વારકા જવાયું નહીં. જે પાંડવો માટે તેમણે ત્યાગ આપ્યો તે પાંડવોએ પણ યુધ્ધ પછી કોઇ દીવસ કૃષ્ણની દરકાર રાખી નહીં, તેમણે તો પોતાનો ધ્યેય કૃષ્ણ મારફતે સિધ્ધ કરી લીધો હતો. હવે મને લાગતું હતું કે કૃષ્ણ મારી નજીક રહેવા માટે મારી સાથેના સંબંધ તાજા રહે તે માટે તે પાંડવપક્ષે સાથે આપ્યો, વાતને ૩૬ વર્ષ વીતી ગયા, કૃષ્ણ પણ ગયા, હું અંતીમ સમયે તેમની પાસે નહોતી, શું તેઓ મને યાદ કરતા હશે? ઘણી વખત ઉંઘમાંથી જાગી જતી શું કૃષ્ણ મારી પાસે આવ્યા, મને પંપાળતા હોય તેવો અનુભવ થતો, પણ તે મારો ભ્રમ હતો.

આજે હું વિચારૂં છું કે ઘણી વખત મારા પતિ સાથે જ્યારે દાંપત્યજીવન ભોગવતી હોય ત્યાર સાથે કોઇ પતિ હોય પણ મારા વિચારોમાં ભાસ-આભાષમાં તો, સમીપ તો કૃષ્ણ જ હોય.

મેં મારી લાગણી, ઉર્મિ, આવેગ, આવેશ બધું જ કૃષ્ણ માટે સાચવી રાખ્યું હતું અને જ્યારે જ્યારે તક મળતી ત્યાર ત્યારે તેની અનુભૂતિ મેળવી લેતી, કૃષ્ણ મને કાયમ પૂછતા, તું હું આવું છું ત્યારે પગે કેમ લાગે છે અને પગે લાગતી વખતે તારી આંખમાંથી ગરમ આંસુ મારા પગ પર પડે છે. હું ચોંકી જઉં છું. તું તો યજ્ઞાસેની છે. તારૃ શરીર અગ્નિથી ભરેલું છે. તારામાં વેરની અગ્નિ, કામની અગ્નિ છે. આ આંસુ કયા પ્રકારના છે તે હું નક્કી નથી કરી શક્યો, જો આ આંસુ કામના હોય તો હું તેનો સ્વીકાર કરૃ પણ જો વેરના હોય તો મને કહેવા દે. બહુ થયું પાંચાલી હવે શાંત થા, અને હવે તારે કોની સામે વેર લેવાનું બાકી છે. તારી દ્રષ્ટિએ હવે પછીના ગુન્હેગાર પાંડવો છે. તેવું તે માને છે તે હું જોઇ શકું છું. પણ તે તારા પતિ છે. તું તેમના બાળકોની મા હતી. ના ના કૃષ્ણ મારો ગુસ્સો તેમની ઉપર તો છે જ પણ તેથી પણ વધારે ગુસ્સો તમારી ઉપર છે. હવે તો યુદ્ધ પૂરૃ થઇ ગયું. પરિણામો જોઇ લીધા મારી દૃષ્ટીએ સૌથી મોટા ગુન્હેગારોમાં તમે અને કુંતી છો, બીજા નંબર ભીષ્મ અને વિદુર કાકા છો ? મારી ઇચ્છા વિરૃધ્ધ કર્ણને તમે જે પ્રસ્તાવ આપ્યો તે જ વખતે તેના જન્મનું રહસ્ય મને કહ્યું હોત તો આજે મારો કર્ણ જીવતો હતો, મને તમારી જેટલી જરૃર છે, તેટલી કર્ણની પણ હોત મેં તો મારા પાંચે પતિને અજમાવી ચૂકી છે. સ્વયંવરમાં તમે મને તેમની સાથે પરણાવી તમે મોટી ભૂલ કરી બેઠા હતા.

એક સ્ત્રી જિંદગીમાં જેને પ્રથમવાર પ્રેમ કરે તન-મન અર્પણ કરે તે પાત્ર છેલ્લા શ્વાસ સુધી ભૂલાય નહીં, જ્યારે એકબીજાના શ્વાસ અથડાતા હોય, મન,તન મળતાં હોય તે ક્ષણ બંનેમાંથી કોઇ ભૂલી શકતું નથી.

દ્રૌપદી આ ઉંમરે પણ શરમાઇ ગઇ મોં લાલચોળ થઇ ગયું અને આજે જીવન સંધ્યાએ જ સંસ્મરણ વાગોળીને જીવવાનું હતું બંને માટે જીવે છે જ જીવાડતું હતું. ગાંધારીનો શ્રાપ સાચો પડયો, કૃષ્ણ ગયા, યદુવંશ પૂરો થઇ ગયો, હવે વારો તેમનો હતો. રાજ પાટ બધું પરીક્ષિતને આપીને હિમાલય ગાળવા નીકળ્યા, પાંચ પાંડવ અને પોતે અમુક અંતર સુધી રથમાં ગયા પછી ચાલતા નીકળ્યા, એક સાંજે દ્રૌપદી બઘાની સાથે જમવા ભેગા બેઠા ત્યારે તે બોલી તમને પાંચેને એક સવાલ પૂછવા માંગું છું. કંઇક કબૂલવા પણ માંગું છું. બધા અધીરા થઇ ગયા તે શું કહેવા માંગતી હતી તેની કોઇને ખબર નહોતી, પણ તેને બધાની દુઃખતી નસ ઉપર હાથ મૂક્યો. પતિરાજ, કુરૂક્ષેત્રના યુધ્ધ પછી કૃષ્ણ દ્વારકા ગયા પછી કોઇ દિવસ તેઓ પાછા હસ્તિનાપુર કેમ ના આવ્યા? અને તમે ત્યાં ગયા નથી ? આમ કેમ ? શું થયું છે ? મેં તો મર્યાદા સ્વીકારીને તમને પૂછયું નહીં ? પણ એવું તો છેલ્લે દિવસે શું થયું હતું જે તમે મને કહેતા નથી ? ન તો જતી વખતે મને મળવા આવ્યા ત્યારે તે બોલ્યા, મૂંગે મોં એ વિદાય લીધી તેઓ કોઇ ભાર લઇને ગયો, પણ હા, કૃષ્ણ મારા મિત્ર હતા. મેં તો મિત્રતા નિભાવી છે. એક રેખા કરતાં પણ અમારા સંબંધ મર્યાદાથી પણ પર હતા. તમારી સાથેના લગ્ન પહેલાં હું તેમની સાથે પરણવા માંગતી હતી, પણ તે શક્ય ના બન્યું. હું તો તેમની સાથે જતી રહેવા પણ તૈયાર હતી. તમારી નિરસતા, દુર્લક્ષતા, મને મોટાભાઇ કર્ણ તરફ પણ આકર્ષણ થયેલું તેઓ મર્યા ત્યારે હું રડેલી. પણ મારા સંબંધ ગંગા જેવા હતા. કૃષ્ણ જેવા નહીં.

હા, જતાં પહેલાં મેં કૃષ્ણને એક સવાલ જરૂર કર્યો હતો, હે ગોવિંદ, હે કેશવ, હું... હું તો તમારી છું હતી, પણ તમે જ મારી સાથે અન્યાય કર્યો તમે સ્વાર્થી પૂરવાર થયા, આજે મને લાગે છે કે તમે મારો ઉપયોગ, દુરુપયોગ કર્યો અને હું તમારો હાથો બની ગઇ મારા સમર્પણની કોઇ કિંમત તમે રાખી નહીં. હું તમને સર્મિપત હતી અને છેલ્લે છેલ્લે તમે મને પણ? તમને આશંકા હતી કે અમારી છાવણી ઉપર હુમલો થશે, હીંસક બનાવ બનશે, તમે અમને છ ને ખસેડી દીધા, પણ મારા પાંચ પુત્ર અને મારા ભાઇને તમે મરવા દીધા હું અનાથ થઇ ગઇ. મેં તો બધું ગુમાવ્યું યુધ્ધમાં યુધિષ્ઠિરનો એક પુત્ર...બચ્યો, ભીમના બધા ગયા, અર્જુનના ચારે ગયા, સહદેવ, નકુળના બધા ગયા, મારા બધા ગયા, મારા કુળનું નિકંદન નીકળ્યું ફક્ત બચ્યું, કહું કે બચાવ્યુ સુભદ્રાનો અંશ અને વંશ જે તમારો છે, જે પ્રતિજ્ઞાાથી પરીક્ષિતને જીવતો કર્યો તે પ્રતિજ્ઞાા મારા પુત્ર માટે ના કરી શક્યા હોત તો આજે હું નિરાધાર ન હોત, તમે તમારા ચમત્કારથી બ્રહ્મદર્શન કરાવી શકો, અંધ ધૃતરાષ્ટ્રને દેખતો થવાનું વરદાન આપી શકો, અને મારા પુત્રને જીવિત ના કરી શકો, હું વાસુદેવ મારા મિત્ર, મારા સખા, મારા બંધુ જ હોવા છતાં હું તમને માફ નથી કરી શકતી, આ રંજ મને આખી જિંદગી ડંખશે, અને હું તેમને પગે પડી પણ આજે મારી આંખમાંથી આંસુ ના નીકળ્યા, મારા આંસુ સુકાઇ ગયા હતા મારા પુત્ર પાછળ, હા હું આજે પણ તમારી છું મેં કોઇ દિવસ તમારા માટે કચાશ રાખી નથી, પણ તમે રાખી અને કૃષ્ણના પગ ભીના ના થયા પણ હથેળી ભીની થઇ ગઇ, તેમની આંખમાં પણ એક આંસુ આવી ગયું. મનમાં જ

બોલ્યા હું તારો ગુન્હેગાર છું, પણ નિયતિએ આજ નક્કી કર્યું હતું મારી પાસે આ જ કરાવવા માંગતી હતી. માટે હું કોઇ દિવસ દ્વારકા ના ગઇ પણ તમે કેમ ના ગયા? અને પાંચે એક સાથે બોલ્યા તારી અને કેશવની આ વાત અમે સાંભળતા હતા. તને તેની ખબર નહોતી. આખી જિંદગી અમે તને દુઃખી કરી પણ છેલ્લે તારા આકરા સમયમાં અમારા પણ પુત્ર તો ગયા જ છે તે અમે પણ નિરાધાર થયા છે તને ટેકો આપવા, તારી હિંમત વધારવા દ્વારકા ન ગયા.

સ્ત્રી કેવી રીતે પોતાની લાગણી વ્યકત કરી શકે છે. કબૂલાત કરી શકે છે. તેનો આ ઉત્તમ દાખલો.

****

દ્રૌપદી અને પાંચ પાંડવો સ્વર્ગે જવા નીકળ્યા દ્રૌપદી આજ સુધી આટલો વિશાળ હિમાલય કોઇ દિવસ જોયો નહોતો. ફક્ત સાંભળેલુ હિમાલયને ઋષિઓએ અને બ્રાહ્મણોએ નાથેલો છે. તેની લાખો ગુફાઓમાં ઋષિ અને બ્રાહ્મણો વસે છે અને તપ કરે છે પણ તેને કોઇ દેખાયું નહીં. હસ્તિનાપુરથી હરદ્વાર થઇને ઉપર જવા નીકળ્યા. ઠંડો બરફીલો પવન, હાડકાં ગાળી દેતી ઠંડી, ભયંકર સુસવાટા મારતો અવાજ. ફક્ત પહેરેલાં કપડાં અને થોડું ખાવાનું શું આ જ રસ્તે સ્વર્ગે જવાતું હશે. તે ધ્રૂજી ગઇ. તેણે આખી જિંદગી સંઘર્ષ કર્યો હતો. વનમાં મુશ્કેલીઓ ભોગવી હતી. કેટલીક વખત અન્ન-જળ પણ મળતાં ન હતાં. ફળ અને કંદમુળ ખાઇને જિંદગી જીવેલી હતી. તેને અઘરૂં નહોતું લાગતું. પણ છેલ્લા છત્રીસ વર્ષથી સુખ-સાહ્યબીમાં ટેવાઇ ગયેલી હતી. સ્વર્ગે જવાનો આનંદ હતો. તેને એવું

હતું કે સ્વર્ગ નજીક છે. પણ જેમ - જેમ આગળ વધતા ગયા તેમ તેમ પ્રશ્નો વિકટ થતા ગયા. ગંગા-જમના, અલકનંદા, મંદાકિની, સેંકડો નદીઓ ઓળંગતા ઓળંગતા આગળ વધતા ગયા. સાંકડી પગદંડી. ચારે બાજુ બરફના પહાડો પણ એક દ્રઢ સંકલ્પ જે મળે તે ખાઇ લેવાનું. શું પાર્વતીએ આ જ હિમાલયમાં મહાદેવને રીઝવેલા? શું આ જ હિમાલયમાં શંકર-પાર્વતી વસતા હતા? ઉપર આભ નીચે બરફ જ્યાં જ્યાં જુઓ ત્યાં સફેદ બરફની ચાદરો. અને સૂર્યના પહેલા કિરણે તેઓ જાગી જતા. આખો દિવસ ભૂતકાળના સંસ્મરણો વાગોળતા આગળ વધતા. એક-બીજાનો વાંક પણ કાઢતા બધા જ ઘરડા હતા. સહન-શક્તિનો અભાવ હતો. વાત-વાતમાં ઝઘડી પડતા. મારે વચમાં પડવું પડતું. એક દિવસ જ્યાં રાતવાસો કરેલો. ત્યાં સવારે ઉઠીને જોયું તો ચારે બાજુ લાખો-કરોડો રંગબેરંગી પતંગિયા શું આ જ સ્વર્ગ છે? શું સ્વર્ગ આવી ગયું? ના ના આ તો તેનું પ્રથમ ચરણ હતું. જેણે હિમાલય નથી જોયો. તેણે કશું નથી જોયું. આટલી ઊંચાઇએ પણ માંકડાં કે વાંદરા કૂદમ કૂદ કરે. હવે ભાગ્યે જે થોડા ઝાડ દેખાતાં હતાં. એક ટેકરી ચડો અને ઉતરો ત્યાં સુધી ટેકરી અલોપ થઇ ગયેલી હોય હવે કોઇ જીવ દેખાતો ન હતો. સપાટ મેદાનો આવ્યા. હવા પાતળી થતી ગઇ. નીચે બરફ પણ ભૂક્કો થઇને ચૂરો હતો. એક પગલું ઉપાડવામાં આખું શરીર નીચોવાઇ જતું હતું. અને માંડ માંડ ડગ ભરતા હતા. શ્વાસ રૂંધાતો એક-બીજાનો સાથ અને સહારો છૂટી ગયો. સૌથી પહેલા યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુલ અને સહદેવ અને તેની પાછળ છેલ્લે હું (દ્રૌપદી) મને લાગતું હતું કે હવે હું ચાલી નહિ શકું હું બરફમાં ઢસડાઇ

પડી. શ્વાસો રૂંધાવા માંડયા. બધા આગળ ચાલતા હતા. હું અને મારૂં મોત નજીક આવતું હતું. મારી આ દશા જોઇ નકુલ દોડતો મારી પાસે આવતો હતો થોડા અંતર સુધી તેને હું જોઇ શકી અને પછી તે મારી આંખો સામેથી ઓઝલ થઇ ગયો. હું બેભાન થઇ. અને તેઓ એ માની લીધું કે હું મરી ગઇ. નકુલે ચારે જણને નજીક બોલાવ્યા. બધાએ માની લીધું કે હું (દ્રૌપદી) મરી ગઇ. મને આ જ દશામાં મૂકીને તેઓ આગળ વધતા હતા. અને અચાનક હું થોડી ભાનમાં આવી. તેમનો ધીરો અવાજ મને સંભળાતો હતો. તેમને મારી કોઇ પડેલી નહોતી. હું જીવું છું કે મરી ગઇ છું. તેની ખાતરી પણ તેમણે નહોતી કરી. મને નિરાધાર છોડી દીધેલી. શું મેં આજ પાંચ પતિઓના પડખા સેવેલા? શું આખી મારી જિંદગી તેમની વાસના માટે સર્જાએલી હતી ? તે પાંચે મને જે રીતે ચૂંથેલી છે, તે મને અત્યારે યાદ આવતું હતું. જીવનનો ફેરો નિષ્ફળ લાગ્યો. શું મહાદેવ પાસે ભૂલથી મારાથી પાંચ વખત પતિ જોઇએ છે. તેવું બોલાઇ ગયું હતું. અને તેમણે 'તથાસ્તુ' કહી દીધેલું હતું. અને મારા નસીબમાં આ પાંચ પાંડવો લખાયા, હું તો કૃષ્ણને પ્રેમ કરતી હતી. તન-મનથી સર્મિપત હતી. હવે તો તેઓ પણ ક્યાં હતા. અને મને નકુળનો અવાજ સંભળાયો તે યુધિષ્ઠિરને પુછતો હતો કે આપણા બધામાંથી દ્રૌપદી પહેલી કેમ ગઇ અને યુધિષ્ઠિરે હલકટ જવાબ આપ્યો કે તે આપણા બધામાં અર્જુનને સૌથી વધારે પ્રેમ કરતી હતી. દ્રૌપદી વિચારવા લાગી હા, હું અર્જુનને પ્રેમ કરતી હતી. કારણ કે તેણે મને જિતેલી હતી. અને બાકીના ચાર તો મારા માથે પડેલા હતા. દ્રૌપદી રૂંધાતા અવાજે બુમો પાડતી તેમ બોલી ના યુધિષ્ઠિર તમે ખોટા

છો. કોઇએ અવાજ સાંભળ્યો નહીં. મારો પહેલો પ્રેમ તો કૃષ્ણ-વાસુદેવ અને બીજો પ્રેમ તે કર્ણ આટલું વિચારતા તે થાકી ગઇ.

ગળે શોષ પડતો હતો. બાજુમાં ગંગા વહેતી હતી. ધસડાતી ત્યાં જવાનો પ્રયત્ન કર્યો. પણ જઇ ના શકી. આંખોમાં બે ચિત્ર તરી આવ્યા એક કૃષ્ણનું મોહક મોહિની સ્વરૂપ અને બીજું અજાણવાડુ, દાનવીર, શુરવીર, કવચ-કુંડળ ધારી કર્ણ આજ તેના પ્રેમની સાબિતી હતી. કર્ણ તો ધીરે ધીરે ઓઝલ થઇ ગયો. પણ કૃષ્ણ તરતા જ રહ્યા. મોંએથી બોલાતું નહોતું. ગળામાં અને ગળામાં બોલતી રહી. હે કૃષ્ણ વંદે હરે મુરારી, વારે ઘડીએ આ શબ્દો બોલતી ગઇ અને કૃષ્ણનું મોહક સ્મિત ધીરે ધીરે દૂર થતું ગયું અને છેલ્લો શબ્દ બોલી કૃષ્ણ તમે તમારી પાસે બોલાવી લ્યો. હું તમારા વગર નહીં જીવી શકું. અને દ્રૌપદીનો પ્રાણ ઉડી ગયો.

આટલા મોટા વિશાલ હિમાલયમાં આર્યવર્તની મહારાણી કૃષ્ણની સખી, કર્ણ મિત્ર, પાંચ પાંડવોની પત્ની યજ્ઞમાંથી પેદા થયેલી યાજ્ઞસેની ગંગા કિનારે પણ પાણી વગર તડપતી ગઇ

****